વિ. સં.
૨૦૦૦

"ગુજરાતી"
પ્રજાની
ભેટ

ઇ. સ.
૧૯૪૪

ઘરની આગ

લેખક :

રમણીક અ. મહેતા




"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
મુંબઈ

કિં. રૂ. ૩ કિં. રૂ. ૩॥

"ગુજરાતી" પત્રની ૬૨ મી ભેટ

ઘરની આગ



કર્તા:

રમણીક અ. મહેતા

પ્રકાશકો
'ગુજરાતી' પત્રના માલિકો
મુંબઈ

કિંમત રૂ. ૩   પાકુ પુઠું રૂ. ૩॥

વિક્રમાબ્દ ૨૦૦૦ ખ્રિસ્તાબ્દ ૧૯૪૪

પ્રાપ્તિસ્થાન :

ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ

સાસુન બિલ્ડિંગ, કોટ

મુંબઇ

'ગુજરાતી' પત્રે આપેલી ૬૧ ઐતિહાસિક વાર્તાની ભેટો

	નામ	સન	કિંમત.
અ.	પુનર્વિવાહ શાસ્ત્રસંમત છે.	(૧૮૮૬)	નથી
બ.	ગૃહધર્મ	(૧૮૮૬)	નથી
૧	રાસેલાસ અથવા એબિસિનિયાનો રાજપુત્ર...	(૧૮૮૬)	નથી
	દીનાર્બસ અથવા ઉત્તર રાસેલાસ... ...		૦– ૮
૨	હિન્દ ને બ્રિટાનિયા (રાજભક્તિવિડંબણ—એક ભાણ સહિત)	(૧૮૮૭)	૨– ૦
૩	ગંગાગોવિંદસિંહ અથવા વૉરન હેસ્ટિંગ્સનો જમણો હાથ	(૧૮૮૮)	૧– ૮
૪	મહારાણી વિક્ટોરીયાનું જીવનચરિત... ...	(૧૮૮૮)	૧– ૮
૫	સવિતા સુંદરી અથવા ઘરડા વરનો ફજેતો...	(૧૮૮૯)	૦– ૪
૬	ટીપુ સુલ્તાન અથવા શ્રીરંગપટ્ટણનો ઘેરો (પ્રથમ ભાગ)	(૧૮૯૦)	નથી
૭	દિલ્લીપર હલ્લો અથવા ભરતખંડના પરવશપણાનો પ્રારંભ	(૧૮૯૫)	૨– ૦
૮	અરાઢમી સદીનું હિન્દુસ્તાન	(૧૮૯૬)	૨– ૦
૯	ઓરંગઝેબ અને રાજપૂતો	(૧૮૯૭)	નથી
૧૦	શાહજાદો અને ભીખારી	(૧૮૯૮)	૧– ૮
૧૧	હેસ્ટિંગ્સની સોટી અથવા પ્લાસીના યુદ્ધ પછીનું બંગાળ	(૧૮૯૯)	૨– ૦
૧૨	પાણીપતનું યુદ્ધ અથવા નાના ફડનવીસ...	(૧૯૦૦)	નથી
૧૩	બેગમ સાહેબ અથવા અયોધ્યાનું પતન ...	(૧૯૦૧)	નથી
૧૪	નૂરજહાન અથવા સૌન્દર્યવિજય	(૧૯૦૨)	નથી
૧૫	બાજીરાવ બલ્લાળ અથવા પેશ્વાઇનો ઉદયકાળ	(૧૯૦૩)	નથી
૧૬	રૂપનગરની રાજકુંવરી અથવા મહારાણા રાજસિંહ	(૧૯૦૪)	નથી
૧૭	ઇન્દુકુમારી અથવા બંગાળમાં મરેઠાની દોડ	(૧૯૦૪)	નથી
૧૮	પ્લાસીનું યુદ્ધ અથવા લૉર્ડ ક્લાઈવનું કપટતંત્ર	(૧૯૦૫)	નથી
૧૯	શિવાજીનો વાઘનખ અથવા અફઝુલખાનનું ખૂન	(૧૯૦૬)	૦–૧૨
૨૦	હળદીઘાટનું યુદ્ધ અથવા અકબરનો પરાજય	(૧૯૦૬)	૦–૧૨
૨૧	નંદનવનનો નાશ અથવા આ તે રામની અયોધ્યા !	(૧૯૦૭)	૩– ૦
૨૨	પેશ્વાઇની પડતીનો પ્રસ્તાવ અથવા લાલણ વેરાગણ	(૧૯૦૮)	નથી
૨૩	ઓરંગઝેબનો ઉદય અથવા આ તે મહાન્ મોગલ !	(૧૯૦૯)	૨– ૦
૨૪	પદ્મિની અથવા ભસ્મીભૂત ચિત્તોડ... ...	(૧૯૧૦)	નથી
૨૫	કત્લેઆમ અથવા દિલ્લીનો ડગમગતો રાજમુકુટ	(૧૯૧૧)	૨– ૦
૨૬	પુરાતન દિલ્હી: ૪૦ ચિત્રો સાથે... ...	(૧૯૧૧)	૨– ૦
૨૭	ચુંબનમીમાંસા...	(૧૯૧૧)	નથી
૨૮	ભદ્રકાળી અથવા પાવાગઢનો પ્રલય ...	(૧૯૧૨)	૨– ૦
૨૯	જગન્નાથની મૂર્તિ અથવા ભારતનું ભવિષ્ય ...	(૧૯૧૩)	નથી
૩૦	હમીર હઠ અથવા રણથંભોરનો ઘેરો ...	(૧૯૧૪)	નથી
૩૧	ભુજબળથી ભાગ્યપરીક્ષા...	(૧૯૧૫)	૨– ૦
૩૨	પાટણની પ્રભુતા	(૧૯૧૬)	૩– ૦
૩૩	ચાણુક્યનંદિની અથવા ચન્દ્ર અને સુંઘધી...	(૧૯૧૭)	નથી

"ગુજરાતી" પત્રે આપેલી ૬૧ ઐતિહાસિક વાર્તાની ભેટો

	નામ	સન	કિંમત.
૩૪	અનંગભદ્રા અથવા વલ્લભીપુરનો વિનાશ ...	(૧૯૧૮)	૨-૦
૩૫	રૈનક મહેલની રાજખટપટ	(૧૯૧૯)	૨-૦
૩૬	બાદશાહ બાબર અથવા નૂરે ઈસલામ ...	(૧૯૨૦)	૨-૦
૩૭	ચક્રવર્તી હમ્મીર અથવા ચિત્તોડનો પુનરુદ્ધાર	(૧૯૨૧)	૨-૦
૩૮	કચ્છનો કાર્તિકેય અથવા જાડેજા વીર ખેંગાર	(૧૯૨૨)	૨-૦
૩૯	અનારકલી અથવા અપરાધી અકબર... ...	(૧૯૨૩)	૨-૦
૪૦	મહારાણી મયણલ્લા અથવા ગુજરાતની માતા	(૧૯૨૪)	૪-૦
૪૧	પરાધીન ગુજરાત અથવા ચાવડા વંશનો ઉદય	(૧૯૨૫)	૩-૦
*	પ્રતાપી પ્રતાપ	(૧૯૨૫)	૨-૦
૪૨	નાનાસાહેબ અથવા સ્વધર્મ માટે પ્રાણાર્પણ	(૧૯૨૬)	૨-૦
૪૩	મુરીદે શયતાન અથવા મલબારનો મોપલા અત્યાચાર	(૧૯૨૭)	૨-૦
૪૪	સિતમગર સુલ્તાન અથવા તલ્વાર અને કુરાન	(૧૯૨૮)	૩-૦
૪૫	કચ્છનો કેસરી અથવા ધોધો અને અનેસર...	(૧૯૨૯)	૩-૦
૪૬	અમરગર્જના અથવા સુષુપ્તિ અને જાગરણ...	(૧૯૩૦)	૨-૦
૪૭	અમરેશરી કટારી...	(૧૯૩૧)	૨-૦
૪૮	તોગારી તલવાર અને રાયસિંહજીરી હથેલી...	(૧૯૩૧)	
૪૯	શત્રુંજયનો શ્યામ અને જોગણીનું ખપ્પર...	(૧૯૩૨)	૩-૦
૫૦	પાટણની પ્રતિષ્ઠા	(૧૯૩૩)	૩-૦
૫૧	મહારાણી લક્ષ્મીબાઈ અથવા ખાલસાનું ખપ્પર	(૧૯૩૪)	૩-૦
૫૨	મહારાજાધિરાજ	(૧૯૩૫)	૩-૦
૫૩	ગુજરાતનો બુઝાતો દીપક ને ઇસ્લામી સત્તાનો ઉદય	(૧૯૩૬)	૩-૦
૫૪	ગુજરાતના વેરની વસુલાત	(૧૯૩૭)	૩-૦
૫૫	રક્તપિપાસુ રાજકુમારી...	(૧૯૩૮)	૩-૦
૫૬	જળસમાધિ	(૧૯૩૯)	૩-૦
૫૭	ડગમગતી શાહેનશાહત	(૧૯૪૦)	૩-૦
૫૮	સોલંકીનો સૂર્યાસ્ત	(૧૯૪૧)	૩-૦
૫૯	પિતૃહત્યા	(૧૯૪૨)	૩-૦
૬૦	જીત કોની?	(૧૯૪૩)	૩-૦
૬૧	ઘરની આગ	(૧૯૪૪)	૩-૦

દરેકનું ટપાલ ખર્ચ જુદું.

'ગુજરાતી'ના ગ્રાહકોને વટાવ આપવામાં આવશે.

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ

સાસુન બીલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ

જેણે

પોતાના પ્રયત્નથી પોતાની ઉન્નતિ સાધી

દેશ અને દેશબંધુઓની ઉન્નતિ માટે

જે

સતત યત્નશીલ રહે છે

તે

સૌજન્યમૂર્તિ શ્રી. રતિલાલ ગોરધનદાસ પારેખને

ઉત્સર્ગ કરૂં છું.

રમણીક અ. મહેતા

રમણીક અ. મહેતાકૃત પુસ્તકો

૧ સમ્રાટ્ જ્યોર્જ
૨ દિનાર્બસ*
૩ નવો જમાનો*
૪ ભુજબળથી ભાગ્યપરીક્ષા*
૫ રૈનક મહેલની રાજખટપટ*
૬ ભદ્રપુરની ભદ્રશ્યામા
૭ ભાગીરથીની ભૂલ્ય
૮ દશ લાખનો દલ્લો
૯ દિલેર ડાકુ
૧૦ શરચ્ચંદ્ર
૧૧ પ્રવાહનાં પૂર
૧૨ ભાનુમતીનો પ્રેમ

ધર્મ

૧૩ ઈશાવાસ્યોપનિષદ
૧૪ તત્ત્વ બોધ
૧૫ કૈલાસપતિ
૧૬ ઉપનિષદમાં બ્રહ્મ, (નારદ અને સનત્કુમાર) *
૧૭ નિરાલંબોપનિષદ* (વાદાર્થક)
૧૮ ધર્માચાર્યનો વિખવાદ
૧૯ બ્રાહ્મણોને પ્રશ્ન
૨૦ આજકાલ્યનાં નાટકો

---

* "ગુજરાતી" પ્રેસમાંથી વેચાતી મળે છે.

પ્રસ્તાવના

બંગાળના વિદ્વાન્ અને યશઃપ્રથિત લેખક, સ્વ. શ્રીયુત ભૂદેવ મુખોપાધ્યાયને એક સમયે એક જણે પ્રશ્ન કર્યો કે; 'આપે ગ્રીસ, રોમ અને ઇંગ્લાંડના ઇતિહાસ લખ્યા છે; પરંતુ, ભારતવર્ષનો ઇતિહાસ આપે લખ્યો નથી, તેનું કારણ શું?' ભૂદેવ બાબુએ પ્રત્યુત્તર આપ્યો કે, **'ભારત વર્ષનો પાછલા વખતનો રાજનૈતિક ઇતિહાસ એ માત્ર પ્રાયાશ્ચત્તનો ઇતિહાસ છે.'**

શૌર્ય, વીરત્વ, સાહસ અને ઔદાર્યમાં અજોડ, એવા ક્ષત્રિયો, જેના ભ્રુક્ષેપમાં ભૂકંપ, ક્રોધમાં અગ્નિની જવાળા, અસિપ્રહારમાં પ્રલય, રણમાં રૌદ્રકોપ હતાં, તેઓનો હ્રાસ એ આર્યાવર્તના ઇતિહાસનું કલંકિત પૃષ્ઠ છે; જેનાં યશોગાન ગાતાં કવિઓએ કહ્યું છે કે:

બલહટબંકા દેવડા, કિરતબબંકા ગોડ,
હાડા ગાયડ બંકડા, રણબંકા રાઠોડ.

એવા ક્ષત્રિયોના ક્ષાત્રતેજના નાશનું કારણ આપણો આંતર કલહ હતો. એ સમયનો ઇતિહાસ વાંચતાં આપણાં હૈયાં કમકમી ઊઠે છે. **ઘરની આગે**-પરસ્પર ઐક્યના અભાવે, જાતિવિદ્વેષે, અને આપણી સંકુચિત દૃષ્ટિએ ભારતવર્ષના નંદનવનનો નાશ કરી, આપણે આપણા પગમાં કુહાડો મારી, પરાધીનતાને વ્હોરી છે. આપણા આ અનર્થનું મૂળ **ઘરની આગજ** છે અને તે હજી સુધી હોલવાઇ નથી. આથીજ ભારતવર્ષ ઉન્નતિને માર્ગે ક્રમણ કરી, અન્ય પ્રજાની હરોળમાં ઊભું રહી શક્યું નથી.

સ્વધર્મદ્વેષ અને સ્વદેશીવિદ્વેષ એટલી હદે પહોંચ્યો હતો કે, પોતે હિંદુ અને બ્રાહ્મણ હોવા છતાં, મરાઠા સરદારો, શ્રીશિવાજીના ઉચ્ચ આદર્શની અવહેલના કરી, હિંદુઓ અને હિંદુઓના ધાર્મિક સ્થાનોને લૂંટવા અને આગ લગાડવામાં મણા રાખતા નહીં. સુપ્રસિદ્ધ 'કેસરી'ના એક સમયના દક્ષ સંપાદક શ્રીયુત મહાદેવ રાજારામ બોડસ, એમ. એ. એલ.એલ. બી. લખે છે કે:—

'આ નાશનું કારણ મરાઠા અને વિશેષ કરીને પેશ્વાના બ્રાહ્મણ સરદાર થયા, એ વાત અતિ દુ:ખની છે, છતાં, જણાવવી આવશ્યક છે. શ્રી શંકરાચાર્યના મઠોનો વિધ્વંસ પેશ્વાના સરદારોએ કર્યો, એ વિષયના ઐતિહાસિક પુરાવા, હવે વાસુદેવ શાસ્ત્રી ખરે એમના ઐતિહાસિક લેખસંગ્રહમાં પ્રસિદ્ધ થયા છે. હરિપંત ફડકેના સૈન્યે દ્વારકાનો મઠ ઇ. સ. ૧૭૭૫ ની સાલમાં લૂંટયો, અને કાન્હેરરાવ પટવર્ધને કરવીર મઠ ઇ. સ. ૧૭૭૬ માં બાળી નાંખ્યો; પરશુરામ ભાઉએ ઇ. સ. ૧૭૯૧ માં ટીપુ પરની સ્વારીમાં મહીસુર-માંના કુડલગી મઠનો નાશ કર્યો, અને તેજ સમયે રઘુનાથરાવ પટ-વર્ધનના લમાણાએ શૃંગેરી મઠનો વિધ્વંસ કર્યો; જે શૃંગેરી મઠને ટીપુ સુલ્તાને સુદ્ધાં ભેટ અને જાગીર આપ્યાં હતાં, તે મઠનું સર્વસ્વ–હરણ બ્રાહ્મણ પટવર્ધન સરદારોએ કરવું એ ઉદ્વેગજનક છે.'

રિયાસતકાર શ્રી સર દેસાઇ સ્વીકાર કરે છે કે:–

'મરાઠાઓ સ્વાર્થમાં કેવા પ્રવૃત્ત હતા તેનાં ઉદાહરણો અનેક છે.' (મ. રિ. ઉતરાર્ધ પૃ. ૨૪૮):

'રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રની વ્યવસ્થા એ બન્ને ગુણો આપણે ત્યાં પહે-લેથી નથી.' (મ. રિ. ઉત્તરાર્ધ. પૃ. ૨૭૪). આ દોષ ન્યૂનાધિક પ્રમા-ણમાં હિંદુજાતિમાં છે.

ગુર્જર પ્રજામાં ઇતિહાસના જ્ઞાનના ફેલાવા માટે, 'ગુજરાતી' પત્રના સંસ્થાપક અને ઉત્પાદક સ્વ. સાક્ષર શ્રી ઇચ્છારામ દેસાઇ 'ગુજરાતી'ના ભેટના પુસ્તક માટે ઐતિહાસિક નવલકથા તેના ગ્રાહકોને આપતા હતા. તેના

કેટલાં ય ભેટ પુસ્તકોએ સાહિત્યમાં ઊચ્ચ સ્થાન ગ્રહણ કર્યું છે. પોતાના પૂજ્ય પિતાશ્રીના ચરણનું અનુસરણ કરતા 'ગુજરાતી' પત્રના સાંપ્રત સંપાદક શ્રીયુત નટવરલાલ ઇચ્છારામ દેસાઇએ 'ગુજરાતી'ની ભેટ લખી આપવા મને આગ્રહ કર્યો. ભેટનું પુસ્તક લખી આપવું એ એક રીતે મારૂં કર્તવ્ય પણ હતું. આ નવલકથા એ તેમના આગ્રહનું પરિણામ છે.

આ નવલકથામાં તત્કાલીન રાજપૂતાનાનું ચિત્ર આંકવા યથાસાધ્ય યત્ન કર્યો છે. ઇ. સ. ૧૭૮૬–૮૭ ના સમયની રાજપૂતાનાની સ્થિતિ, તે સમયના પ્રધાન પાત્રો, ઇતિહાસને અવલંબીને–દૃઢતાથી અવલંબીને આલેખવામાં આવ્યાં છે. ઐતિહાસિક નવલકથા એ ઇતિહાસ નથી, અને તે બન્ને વચ્ચે જે ભેદ છે, તે 'સાહિત્યમાં નવલકથાનું સ્થાન' નામના 'ગુજરાતી'ના પ્રથમ દીપોત્સવી અંકમાં મેં દાખવ્યું છે.

આ નવલકથા લખવામાં શ્રીયુત બાણુભાઇ ઇચ્છારામ દેસાઇએ મને પ્રોત્સાહન આપ્યું છે. ચારણી સાહિત્યના પરિચય માટે મારા પરમ સુહૃદ, કોટાના રાજકવિ અને દેશભક્ત, સ્વ. શ્રી કેસરીસીંગ બારહટનો હું ઋણી છું. મારા પ્રિય સુહૃદ્ સ્વ. શિવપ્રસાદ દલપતરામ પંડિતને ત્યાં હું પ્રતિ વર્ષ કોટા જતો હતો અને ત્યાં કેટલોક સમય વ્યતીત કરતો હતો; તે સમયે સ્વ. ઠાકોર કેસરીસીંગજી, ડિંગલ અને ચારણી સાહિત્યની ઉત્તમ કૃતિઓ સંભળાવતા હતા.

અંતમાં પરિશિષ્ટમાં કેટલાક ઉતારા ઐતિહાસિક ગ્રંથોમાંથી અને ફુટનોટમાંથી આપ્યા છે; તે દ્વેષબુદ્ધિથી નહીં પણ નવલકથામાં કરેલાં વિધાનની પુષ્ટિ અર્થે છે.

આશા છે કે આ કૃતિ 'ઘરની આગ' ને હોલવવા અને ભારતવાસીઓને ઐક્યના સૂત્રમાં ગ્રથિત કરવા પ્રેરણા અર્પે. અને મ્હારી અન્ય કૃતિઓની માફક આ કૃતિ પણ ગુજરાતીઓના આદરને પાત્ર થાય.

વિ. સં. ૨૦૦૦ રંગપંચમી.
મુંબઇ, તા૦ ૧૪–૩–૧૯૪૪

રમણીક અ. મહેતા

આ નવલકથા રચવામાં નીચેના ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે:—

અંગ્રેજી

* Annals and Antiquities of Rajasthan.
2. vols. by Col. James Todd.

* Political History of the State of Jeypore
by Col. J. E. Brooke

* A Brief History of Jaipur.
by Fatehsingh Champawat,
Prime Minister of Jaipur State.

* European Military Adventures
of Hindusthan. by. H. Compton.

* Madhavrao Sindhia.
by H. G. Keene. M.A., C.I.E.
(Rulers of India Series)

* A Free Lance in Far Land.
by H. Compton.

* Thirty Decisive Battles of Jaipur.
by Rai Bahadur Narendra Singh.

* Pre—Historic Ancient and Hindu India.
by. R. D. Banerji. M. A.

* History of the Jats. by K. Quanungo. M. A.
Siyar—ul—Mutakhkhrin.

ગુજરાતી

* રાજસ્થાનનો ઇતિહાસ–બે ભાગ–ટોડકૃત (સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય.)

હિંદી

* રાજપુતાનેકા ઇતિહાસ–ગૌરીશંકર ઓઝા.
* વાકિયા એ રાજસ્થાન–મુન્સી દેવીપ્રસાદ.
* મારવાડકા ઇતિહાસ–બે ભાગ. પંડિત વિશ્વેશ્વરનાથ રેઉ.
* ઇતિહાસ રાજસ્થાન-કર્ત્તા રામનારાયણ.
* મારવાડકા મૂલ ઇતિહાસ–કર્ત્તા પં. રામકૃષ્ણ.

ચારણી

* વંશ ભાસ્કર–કર્ત્તા કવિ મિશ્રણ શ્રી સૂર્યમલજી
* વીર વિનોદ–કર્ત્તા કવિ શામલદાનજી.

મરાઠી

* મહાદજી શિંદે યાંચી પત્રેં. સ. ગ. સર દેશાઈ
* મરાઠી રિયાસત ,, ,,
* સંશોધક (માસિક) વર્ષ ૧૨ અં. ૧૩
* ભાઉ સાહેબાંચી બખર

અનુક્રમણિકા

ઘરની આગ

ઉપક્રમણિકા

આપણી વાર્તાનો સમય ઈ. સ. ૧૭૮૬–૮૭ નો છે. એ સમયે ભારતની રાજકીય અવસ્થા ઘણી જ શોચનીય હતી. મોગલ સામ્રાજ્યનો ગૌરવસૂર્ય અસ્તપ્રાય હતો. મોગલ સલ્તનતનાં અંગ છિન્નભિન્ન થઇ ગયાં હતાં. બંગાળમાં અંગ્રેજ વણિકોએ સારો અડ્ડો જમાવ્યો હતો. દક્ષિણમાં ફ્રેન્ચ સત્તાની સ્હામે કંપની સત્તા સરસાઇ ભોગવતી હતી. રાજપુતાનાનાં રાજ્યો પરસ્પર કુસંપથી નબળાં પડી ગયાં હતાં. *પાણીપતના મેદાનમાં પરાસ્ત થયેલી મરાઠા સત્તાનો

ઉત્કર્ષ થયો હતો. પરંતુ, મરાઠા સરદારો મોગલ સલ્તનતના સરદારોનું અનુકરણ કરી, પેશ્વાઇની સત્તાની ધુંસરી યોગ્ય પ્રસંગે કાઢી નાખવા ઇચ્છતા હતા. કુસંપના મૂળે જડ ઘાલી હતી, અને પ્રજા પાસેથી સૌમ્ય રીતે મહેસુલ ઉઘરાવવાની રીતથી અજ્ઞાત હોવાના કારણે પેશ્વાઇ કરજના ખાડામાં ડુબવા લાગી હતી. હિંદુપદ પાદશાહીની ગૌરવભરી ગાથા વિસારે પડી હતી. મહારાષ્ટ્ર સામ્રાજ્યના સંસ્થાપક મહાન્ શિવાજીએ જે ઉચ્ચ આદર્શ આપ્યો હતો, તેને પેશ્વા અને પેશ્વા સરદારો વિસરી ગયા હતા. મરાઠા સરદારો, જેમણે સ્વતંત્ર અધિકાર પ્રાપ્ત કર્યો હતો, તેઓ પોતા સિવાય અન્ય હિંદુ રાજ્યોના રક્ષક કે સહાયક બનવાને બદલે, ભક્ષક બન્યા હતા. તેમને હાથે હિંદુઓનાં પવિત્ર દેવસ્થાનો પણ વિધ્વસ્ત થતાં હતાં. અને તેમને વિધર્મી પ્રજા Maratha marauders ખૂની લૂટારૂ મરાઠાઓ તરીકે ઇતિહાસ આલેખતાં ઓળખતી અને ઓળખાવતી હતી. તેમના નામથી પ્રજા કાંપતી હતી; કારણ કે, તેઓ હિન્દુ થઇને પણ હિંદુ રાજા અને પ્રજાનું ધન લૂંટવામાં કચાશ રાખતા નહતા. રાજપુતાનાનાં રાજ્યોમાં પરસ્પર કુસંપનો લાભ લઇ દક્ષ મરાઠા સરદાર મહાદજી સિંધિયાએ પોતાનો ધાક જમાવ્યો હતો. તે ચતુર સેનાધિપતિ, દક્ષ રાજનીતિજ્ઞ અને મહત્વાકાંક્ષી હોવાથી તેણે પોતાના સૈન્યને યૂરોપિયન અમલદારને હાથે કેળવ્યું હતું. આમ હિંદુસ્તાનમાં ચોમેર અંધાધૂંધી થઇ હતી. રાજપુતાનાનાં રાજ્યોમાં ઇર્ષ્યાની આગ પ્રબળ સળગી ઉઠી હતી અને તેઓ એકમેકની સ્હામે વરૂની માફક ઘુરકતા હતા. તે સમયની સ્થિતિ એક ઉર્દુ કવિની ઉક્તિનું સ્મરણ આપે છે કે,

દિલકે ફફોલે જલ ઉઠે સીનેકે દાગસે,
ઇસ ઘરકો આગ લગ ગઇ, ઘરકે ચિરાગસે.

ઘરની આગ

પ્રકરણ ૧ લું

ઝપાઝપી

સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો. આકાશમાં ભાતભાતના રંગ પથરાયા હતા. પક્ષીઓ કલ્લોલ કરતાં પોતાના માળા ભણી ઉડતાં હતાં અને કોઇ ઝાડ પર એકઠાં થઇ મીઠો કોલાહલ મચાવતાં હતાં. આવે સમયે એક ઘોડેસ્વાર જયપુરથી પશ્ચિમ તરફ વેગથી આગળ વધતો હતો. માર્ગમાં એક ન્હાની નદી આવી. આપણા ઘોડેસ્વારે ઘોડાને ત્યાં અટકાવ્યો. ઘોડાને પાણી પાઇ, થોડી ચંદી આપી, થોડીવાર તે ત્યાં થોભ્યો. પોતે પણ શીતળ પાણીમાં મુખમાર્જન કર્યું અને આસપાસની શોભા નીરખવા લાગ્યો. આમ થોડીવાર પોતાના અશ્વને વિશ્રાંતિ આપી પુનઃ તે તેનાપર સ્વાર થયો અને માર્ગક્રમણ કરવા લાગ્યો. તે તરુણ ઘોડેસ્વાર રસ્તાથી વાકેફ હતો અને તેને આશા હતી કે રાત પડયા પછી થોડા પ્રહરમાં તે પોતાના નિર્દિષ્ટ સ્થાને પહોંચી જશે.

ભય શું તે આ રજપુત યુવાન સમજતો ન હતો. એક રજપુત સૈનિકને છાજે તેવો તેનો પોશાક હતો. તેની આછી મૂછ, અને હડપચી પર વિભકત કરેલી દાઢી તેની હિંદુ હોવાની પ્રતીતિ આપતી હતી. તેની કમરમાં એક પાણીદાર સમશેર લટકતી હતી. તેનું વિશાળ લલાટ, પાણીદાર ઝીણી આંખો, તે દૃઢ નિશ્ચયી હોવો જોઇએ, એમ તે જોનારના મનમાં ખાત્રી આપતી હતી. માથાપર જયપુરી પાગ હતો. કમ્મરપર શેલું વીંટાળ્યું હતું, ઘડીમાં કંઇ વિચાર કરતો, ઘડીમાં આસપાસ નજર કરતો તે પોતાના ઘોડાને આગળ ધપાવતો હતો. એટલામાં તેને કાને પાછળથી ઘોડાના ટપ્પાનો અવાજ આવ્યો. તેણે પોતાના ઘોડાની ચાલ મંદ કરી.

થોડીવારમાં ત્રણ ઘોડેસ્વાર ત્યાં આવી લાગ્યા. તેઓએ પણ પોતાના ઘોડાની લગામ ઢીલી કરી. તેઓ જાણે રસ્તે જનાર સ્વારની સાથે વાતચીતનો પ્રસંગ શોધતા હોય એમ જણાતું હતું. ત્રણમાંથી એક જણે આપણા યુવકને પૂછ્યું:-

"આપ રજપુત છો?"

"મારો પહેરવેશ અને દેખાવ તે સ્પષ્ટ કહી આપે છે." યુવકે કહ્યું.

"બરાબર છે, આપનો પોશાક જયપુરના ઉચ્ચ રજપુત વંશને છાજે તેવો છે."

યુવકે જવાબ આપ્યો નહીં, પણ સ્હેજ હસ્યો.

"આપ કયાં પધારો છો?" તે ઘોડેસ્વારે પુનઃ પ્રશ્ન કર્યો.

"સીમા."

"હા, એ તો જયપુર રિયાસતનું ગામ છે. કિશનગઢની સીમા પર!"

"આપનું કહેવું બરાબર છે." યુવકે જવાબ આપ્યો.

"આપ કંઇ જરૂરના કામે જતા લાગો છો?"

"જરૂરનું એવું કંઇ નથી. સ્હેજ એકને મળવા જઉં છું."

"સરદાર! આપ વાત છુપાવો છો. જરૂરી કામ ન હોય તો રાત પડે મુસાફરી કોણ કરે?" પેલા ઘોડેસ્વારે પ્રશ્ન કર્યો.

"રાતે મુસાફરી કરવામાં ભય શે। છે! મારી પાસે કંઇ જોખમ કે કિંમતી અવેજ નથી અને હોય તે। પણ મારૂં બાહુબળ અને મારી હંમેશની સોબતણ પર મને વિશ્વાસ છે." યુવકે કહ્યું.

"આપની સોબતણ ?" તે ઘોડેસ્વારે આશ્ચર્ય દાખવતા સ્વરે પૂછ્યું.

"જી, હા." યુવકે જવાબ આપ્યો.

"પણ તરૂણ સરદાર! તમારી સાથે તો કોઇ સોબતણ જણાતી નથી."

"જણાતી નથી તો બરાબર જુવો એટલે જણાશે." યુવક બોલ્યો.

"તરૂણ! આપ મારી મશ્કરી કરો છો ?"

"લેશ માત્ર નહીં: હું સત્ય જ કહું છું." યુવકે કહ્યું.

"ત્યારે કદાચ મને આંખ્યો નહીં હોય!"

"એવું મારી જીભે કયેમ કહેવાય ?" યુવક બોલ્યો.

"ત્યારે આપની સોબતણ બતાવશો ?" પેલા ઘોડેસ્વારે પૂછ્યું

"બતાવવાની જરૂર નથી. તેને મેં છુપાવી નથી. આપ જાણો છો ને કે, खड्गाल्लक्ष्मीस्तथा राज्यं यशः खड्गादवाप्यते।"

"સમજ્યો, સરદાર! પણ ખડ્ગ એ સખી શી રીતે કહેવાય ?"

"આપણી ભાષામાં એને 'તલવાર' કહીએ છીએ અને તેનું બીજું નામ ખડ્ગ કે ખડ્ગા પણ છે." યુવકે કહ્યું.

"યથાર્થ છે. પણ શૂર અને કવિ બે સાથે હોઇ શકતા નથી. આપ શૂર પણ જણાવ છો અને રસિક પણ છો!"

"મહાકવિ ચંદ એક સુભટ હતા. માનસિંહજી અને પીથલની કવિતા તો રાજપુતોમાં જાણીતી છે. એઓ સમર્થ વીર હતા." યુવકે જવાબ આપ્યો.

તે ઘોડેસ્વારે જવાબ આપ્યો નહીં. થોડીવાર પછી આપણા તરૂણ રજપુતે પ્રશ્ન કર્યો.

"આપ કેણી મેર પધારો છો ?"

"અમારે કિશનગઢ તરફ જવું છે."

"કંઇ જરૂરી કામ લાગે છે." યુવકે કહ્યું.

"હા જી, અતિ જરૂરી છે."

"શું આપ કોઇને મળવા પધારો છો?" યુવકે પુનઃ પૂછ્યું.

"ના, જી! અમે એક માણસની તપાસમાં જઇએ છીએ."

"તપાસમાં?" યુવકે આશ્ચર્ય દાખવી કહ્યું.

"સરદાર! એક માણસ જે રાજ્યની સ્હામેના કાવાદાવામાં સામેલ છે તેને પકડવાનો ઇરાદો છે!"

"રાજની રહામે કાવાદાવામાં સામેલ છે? ત્યારે તો આપ રાજ્યના કામે નીકળ્યા છો!"

"હા, અત્યારના સમયમાં રાજ્યની સ્થિતિ શી છે તે આપનાથી ક્યાં અજાણી છે? રાજ્યવિરૂદ્ધ અનેક પ્રકારનાં તર્કટો રચાવા માંડ્યાં છે. જૂના અને સ્વામિભક્ત માણસોની સલાહની ઉપેક્ષા કરવામાં આવે છે. આપણા અન્નદાતાના કાન ભંભેરવામાં આવે છે. જૂના, અનુભવી, રાજ્યભક્ત અમાત્યોને તેમના પદપરથી ચ્યુત કરવામાં આવે છે. તેમના અનુભવની, તેમની રાજનીતિપટુતાની, તેમણે કરેલી સેવાની અવગણના થાય છે. આવી સ્થિતિમાં કાલે શું થશે? રાજ્યપર કેવી અણધારી આફત આવશે, એનો કોઇને ખ્યાલ નથી. આવા એક જરૂરી કામને માટે અમારે જવું પડે છે."

આપણો તરૂણ સમજી ગયો કે આ લોકો તેનો પાર લેવા ઇચ્છે છે. વળી તેના મનમાં એક પ્રકારની શંકા પણ ઉત્પન્ન થઇ. એમ તેને મનમાં લાગતાંની વાર તે કંઇ બોલ્યો નહીં પણ તેણે વિવેકની ખાતર એટલું જ કહ્યું કેઃ—

"આપનું કહેવું યથાર્થ છે. રાજ્યનું હિત ઇચ્છવું એ પ્રત્યેકનું પરમ કર્તવ્ય છે."

આમ કેટલીક વાર સુધી તેમણે ચાલ્યાં કર્યું. એટલામાં એક નાનો પાણીનો ઝરો આવ્યો. તેની આસપાસ ઘીચ ઝાડી હતી. આ સ્થળે આવતાંની વાર આપણા તરૂણની સાથે ચાલનાર અને તેની

સાથે વાતચીત કરનારે પોતાના સાથીદારોને ઇશારત કરી. તેમાંના એક જણે તેના ઘોડાને આપણા તરૂણના ઘોડા આગળ લાવી ભીડાવ્યો અને કહ્યું:

"તરૂણ ! અમને હંફાવવા પ્રયત્ન કરવો નકામો છે. અમે જાણીએ છીએ કે તું કોણ છે? તું મહત્વના કાગળ લઇ કિશનગઢ જાય છે. તારી કમરમાં કાગળ છે તે અમને સોંપી દે." આપણો તરૂણ મામલો કંઇ પામી ગયો હતો. તેણે ઝટ પોતાની કમરે હાથ નાંખી તરવાર કાઢી અને કહ્યું:

"તમારો કંઇ ભ્રમ છે. તમો કહો છો તેવા પ્રકારનો કોઇ કાગળ કે ખરિતો મારી પાસે નથી. હું તો મારા એક સ્નેહીને જરૂરના કાર્યસર મળવા જાઉં છું."

"તો પછી તારા શરીરની ઝડતી અમને લેવા દે."

"તમે જાણો છો કે રાજપુતના શરીરની ઝડતી લેવી, એ તેની આબ્રુ લેવા બરાબર છે, અને રાજપુત પોતાના વચન ને આબ્રુની રક્ષા પ્રાણાંત સુધી કરે છે."

"તરૂણ ! તારૂં કહેવું સત્ય હોય તો ઝડતી લેવા દેવામાં વાંધો શો છે?"

"કહ્યું કે એક રાજપુતની ઝડતી લેવી એ તેનું અપમાન કર્યા બરાબર છે. નામર્દ હોય તે આવી માગણી કબૂલ કરે."

"તો પછી અમારે બળજબરીથી તેમ કરવું પડશે."

"તેને માટે હું તૈયાર છું." એમ કહી તે તરૂણે પોતાની તરવાર ઉગામી.

સ્હામા માણસે પણ ચપળતાથી પ્હાર કર્યો. તરૂણે તેના પ્હારને ચુકાવ્યો અને બીજો પ્હાર કરવા હાથ ઉગામ્યો, ત્યાં સામો એવો પ્રહાર કર્યો કે તે માણસનો જમણો હાથ કપાઇ જમીન પર પડયો. મામલો ગંભીર થતો જાણી જે માણસે યુવક સાથે વાતચીત છેડી હતી તે આગળ આવ્યો અને બોલ્યો:–

"વીર તરૂણ ! તું નાહક, શા માટે તારા કિંમતી પ્રાણને જોખમમાં નાંખે છે. મારી પાસે પક્કી બાતમી છે કે તું કોઇ કિંમતી કાગળ લઇ કિશનગઢ જાય છે."

"મારી પાસે કોઇ કિંમતી કાગળ તો શું પણ કાગળનો ટૂકડો પણ નથી." યુવકે જવાબ આપ્યો.

"તરૂણ ! કાં તો તું અસત્ય બોલે છે કે અમારી બાતમી ખોટી છે. પણ અમારી બાતમી ખોટી હોવાનો સંભવ નથી. ગંભીર જાસુસે પક્કી બાતમી આપી છે કે, રાજગઢમાંથી એક તરૂણ કિશનગઢ જનાર છે. તું રાજગઢમાંથી નીકળ્યો, એ વાત અમારાથી છાની નથી. વીર તરૂણ ! નાહકનો જીવ શા માટે જોખમમાં નાંખે છે ? અમારે તારા પ્રાણ લેવાની કંઇ જરૂર નથી. માત્ર તે કાગળ અમને સુપરત કર !" તે બળવાન ઘોડેસ્વારે કહ્યું.

"તમારી શંકા ખોટી છે. મેં એક વાર કહ્યું કે મારી પાસે કોઇ કિંમતી કાગળ નથી. અને જો હોત તો હું તમારી સાથે યુદ્ધ કર્યા વગર આપત પણ નહીં. તમારે માનવું હોય તો માનો. બાકી તમારી મરજી."

"તો શું ? તું તારા કિંમતી પ્રાણ ગુમાવવા ઇચ્છે છે ?"

"પોતાના કર્તવ્ય આગળ રાજપુત પોતાના પ્રાણને તુચ્છ લેખે છે." તે વીર તરૂણે કહ્યું.

"લે ત્યારે જો આ સપાટો," કહી તે ઘોડેસ્વારે તે વીર તરૂણ પર વ્હાર કર્યો.

તેણે તેના વ્હારને તરવારથી અટકાવ્યો. બન્ને તરવારોના ઘા કરવા લાગ્યા. આમ બન્ને વચ્ચે અસિનું યુદ્ધ ચાલ્યું. તે બળવાન ઘોડેસ્વારે એક મજબૂત વ્હાર તરૂણ પર કર્યો પણ તેને ન લાગતાં તે તેના ઘોડાને લાગ્યો. તરૂણ ઘોડા પરથી કુદી પડયો અને તે પોતાની તરવાર ઉગામે ત્યાર પહેલાં ત્રીજા ઘોડાસ્વારે તે તરૂણના માથા પર ડાંગનો એવો તો સખ્ત પ્રહાર કર્યો કે, તેના માથા પરથી લોહીની ધાર છૂટી અને તે બેશુદ્ધ થઇ જમીન પર પડયો.

તે બળવાન ઘોડેસ્વારે પોતાના સાથીદારને શાબાસી આપી અને જેનો હાથ ધવાયલો હતો તેને પટ્ટો બાંધવા કહ્યું. બાદમાં જમીન પર પડેલા તરૂણ રાજપુતનો કમરબંધ અને કપડાં ખોલી જોયાં. પણ કાગળ કંઇ મળ્યો નહીં. તેણે પોતાના માણસને પૂછ્યું કે, "સાથીદારને પાટો બંધાયો કે નહીં?"

"જી! પાટો બંધાયો છે."

"ઠીક, આપણું કામ તો સફળ થયું નહીં. કપડાં તપાસતાં કાગળ મળ્યો નહીં. તે ખરૂં કહેતો હતો."

"તો નાહકની જીદ શા માટે કરી?"

"મૂર્ખ, આટલો રકતપાત અને શ્રમ કરવાની તેને જરૂર નહતી."

"માલક! ત્યારે હવે શી આજ્ઞા છે?" તે નોકર જેણે પોતાના સ્વામીના ઇશારાથી તરૂણ રાજપુતને ફટકો માર્યો હતો તેણે પૂછ્યું.

"જો તું ઘોડા પર બેસ અને કિશોરસિંહને તારી સાથે ઘોડા પર લઇ લે."

"જેવી આજ્ઞા." તે નોકર ઘોડા પર બેઠો. તે ધીટ સ્વારે, હાથ કપાયલા માણસને ઉંચકી ઘોડા પર બેસાડયો. અને પોતે તે તરૂણને બાંધી લઇ સાથે લઇ જવો કે નહીં એમ વિચાર કરે છે ત્યાં દૂરથી અજવાળાનો પ્રકાશ અને ઘોડાના ટપ્પાનો અવાજ સંભળાયો.

"ચોથી! જલદી કર. ભાગ. મને કોઇ ટોળી આ તરફ આવતી જણાય છે," એટલું કહી તેણે પોતાનો ઘોડો પલાણ્યો અને બંને જણ તે તરૂણને ત્યાં છોડી જયપુર તરફ પૂરવેગે પાછા ફર્યા.

આ ત્રણ ઘોડેસ્વારો ખુશાલીરામ બોહરાના માણસો હતાં. જૂના અમાત્યને ખબર મળ્યા હતા કે કોઇ એક વિશ્વાસુ માણસને કંઇ અગત્યના રાજમસલતના કાગળ લઈ કિશનગઢ મોકલવામાં આવનાર છે. આથી તેણે જોરાવરસિંગ જે ખાનગી જાસુસ હતો તેને તે કાગળ મેળવવા મોકલ્યો હતો. ખુશાલીરામ બોહરા એક ઘણો જ મુત્સદી માણસ હતો. અને રાજખટપટમાં પાવરધો હતો. પોતાનો હરીફ ફિરોજ, જે અંબ-

રની રાણીનો માનીતો હતો તેને વિશ્વાસમાં લઇ ઝેરથી મારી નાંખ્યો હતો. બાદમાં રાજ્યની કુલ સત્તા તેના હાથમાં હતી. પણ અંબરાધિપતિ પ્રતાપસિંહે રાજકાજમાં લક્ષ આપવા પછી તેની મહત્તા ઓછી થઇ હતી. આથી તે મરાઠાઓને મળી પોતાની સત્તા જમાવવા ઇચ્છતો હતો. આ વાતનો ઇતિહાસમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. જે તરૂણ રજપુત બેશુદ્ધ થઇને પડયો હતો તેનું નામ શૂરસિંહ હતું. તે અંબરના પ્રધાન સરદારોમાંના બલુજીનો ભત્રીજો હતો. તેનું શૌર્ય, કાર્યદક્ષતા, અને હિંમત જોઇ તેને કંઇ અગત્યના કામ સારૂ મોકલ્યો હતો. ખુશાલીરામને એક બાંદી માર્ફત જે સમાચાર મળ્યા હતા તે સર્વાંશે ખોટા ન હતા. કારણ કે શૂરસિંહ પાસે કંઇ કિંમતી કાગળ નહતો, પણ મૌખિક સંદેશો હતો. આણી તરફ જોરાવરનું અનુમાન પણ ખોટું નહતું. એ રસ્તે થઇને આઠદશ સ્વારો અને એક વ્હેલ જતી હતી. રાતના અંધારમાં રસ્તો જણાવા માટે મશાલો પણ હતી. આ પ્રકાશને દૂરથી જોઇ જોરાવર ડચકાયો હતો.

થોડા સમયમાં તે પ્રવાસે નીકળેલી ટુકડી જે સ્થાને શૂરસિંહ પડયો હતો ત્યાં આવી પહોંચી.

મશાલના પ્રકાશથી તે ટુકડીમાંના એકે મરેલો ઘોડો જોયો અને સાથીદારોને કહ્યું કે, "અહીં કંઇ હમણાંજ મારામારી થઇ હોય એમ જણાય છે!"

તે ટુકડી પળવાર થોભી ગઇ. માણસો શું બન્યું છે તેની તપાસ કરવા લાગ્યા. કારણ કે રસ્તે આગળ જતાં કંઇ ખતરો ન થાય તેને માટે સાવધાની રાખવી જરૂરની હતી. તે ટુકડીના નાયકે જોયું કે, ઘોડો હજી હતપ્રાણ થયો નથી. રકતપાત થયેલ છે, એટલું જ નહીં પણ એક માણસ બેશુદ્ધ હાલતમાં જમીન પર પડેલ છે. વ્હેલમાં બેઠલ સ્રીએ અધિકારના સ્વરે પૂછ્યું કે:

"શો મામલો છે?"

તે ટોળીના નાયકે કહ્યું કે: "અહીં કંઇ તોફાન થઇ ગયું હોય એમ લાગે છે. એક માણસ ઘવાયેલ પડેલ છે, કારણ કે લોહી હજી સુકાયું નથી. અને ઘવાયેલ ઘોડાએ પણ પોતાના પ્રાણ હજી છોડયા નથી."

"તે માણસ કોણ છે એ જાણી શકાય છે કે નહીં? તપાસ કરો."

નાયકે શૂરસિંહના શરીરને તપાસી જોયું. તેના શ્વાસોચ્છ્વાસ ચાલતા હતા. તેના શરીર પર કંઇ ઝખ્મ નહતો. માત્ર માથા પર ઘા લાગેલ હતો. પગના જોડા કાઢી જોતાં જણાયું કે તે યુવકના પગના અંગુઠા પર સોનાની વીંટી હતી. આમ તપાસ કર્યા પછી કુંવરીને કહ્યું:

"કુંવરીઆ! કોઇ ઉચ્ચ શ્રેણીનો સામંત કે સરદાર ઘરાણાનો યુવક જણાય છે, કારણ કે પગમાં સોનાની વીંટી છે. શરીર પર ઘા નથી. માત્ર માથા પર ઘા છે, અને તે પણ તરવારનો નથી. તે બેશુદ્ધ પડેલ છે."

"ઘા સાફ કરી પાટો બાંધો. અને તેને આપણી સાથે બીજી ગાડીમાં લઇ લ્યો. આમ રસ્તામાં તેને મૂકી જવું ઠીક નથી. આપણે ગામ પહોંચ્યા પછી તેનો ઉપચાર કરીશું."

શૂરસિંહનું માથું ધોઇ નાંખી, તેમાં કંઇ દવા નાંખી તેને પાટો બાંધ્યો. પછી તેને એક ગાડીમાં સુવાડી તે ટુકડી માર્ગ ક્રમણ કરવા લાગી.

પ્રકરણ ૨ જું

પરોણાગત

તે નાનો કાફલો શૂરસિંહને લઇ પાલગઢ આવી પહોંચ્યો. મોરી નદીના કિનારા પર આ સ્થાન છે. આ ગઢનો સ્વામી ઉદયમલ કુચ્છવાહની એક શાખાનો રાજપુત હતો. તે પણ અંબર રાજ્યના અગ્રગણ્ય સામંતોમાંનો એક હતો. રાજ્યમાં તેનું સારૂં માન હતું. ઉદયમલની કુંવરી રૂપાં કિશનગઢ તરફથી પાછી ફરતી હતી. કંઇ કાર્ય નિમિત્ત પોતાને મોસાળ ગઇ હતી. ત્યાંથી પાછી ફરતાં તે ઘવાયલા તરૂણ રજપુતને સાથે લઇ આવી. તેની સારવાર માટે એક નિપુણ વૈદ્યને બોલાવવામાં આવ્યો. તેના માથાપર મલમપટો બાંધવામાં આવ્યો હતો તથા તેને વૈદ્યની માત્રા આપવામાં આવી હતી અને તેને એક પલંગપર પોઢાડવામાં આવ્યો હતો. શુશ્રૂષા માટે એક દાસી હતી. પ્રાતઃકાલ થતાં પૂર્વે શૂરસિંહ તંદ્રામાંથી જાગૃત થયો અને બોલી ઉઠયો:-

'હું કયાં છું? અહીં કયાંથી?'

'કુંવરજી! આપને વૈદ્યે આરામ લેવા કહ્યું છે. આપ કંઇ શ્રમ લેતા ના! આપને માટે યોગ્ય બંદોબસ્ત કરવામાં આવ્યો છે. થોડીવાર આરામ કરો. કુંવરીબા પોતે વૈદ્ય સાથે અહીં આવશે.'

'પણ હું કયાં છું? અહીં કયાંથી?' પુનઃ શૂરસિંહે પૂછયું.

'જી! આપ જરા શાંત ચિત્તે પડયા રહો. આપના સર્વ પ્રશ્ન અને શંકાનો જવાબ કુંવરીબા આપશે.'

શૂરસિંહ વધુ બોલ્યા વગર આંખ્યો મીચી પડયો રહ્યો. તેના મસ્તકમાં હજી ચક્કર આવતાં હતાં, અને વિશ્રાંતિ લેવી એ જ તેને યોગ્ય લાગ્યું.

પ્રભાત થતાં વૈદ્ય અને રૂપકુંવરી તે કક્ષામાં આવ્યાં. દાસીને વૈદ્યે પૂછ્યું:-

'રાતમાં તેમણે બૂમ મારી હતી કે ? વેદનાના પોકાર કર્યા હતા ?'

'નાજી ! માત્ર પ્રભાત પૂર્વે ઉઠતાં તેમણે ચોંકીને મને પૂછ્યું હતું, કે.

'હું કયાં છું ? અહીં કયાંથી ?'

શૂર વૈદ્યના સ્હામું જોઇ રહ્યો. રૂપાં થોડે દૂર શૂર પર નજર આરોપી ઉભી હતી. વૈદ્યે શૂરસિંહની નાડ જોઇ. માથા પરના જખ્મ પરથી પાટો છોડવા નોકરને કહ્યું. જખ્મમાં પરૂ જેવું કંઇ ન હતું. શરીરના બીજા ભાગોને હાથ દબાવી પૂછ્યું: "અહીં કંઇ દુ:ખાવો તો નથી ને ?"

"નાજી ! કંઇ દુ:ખાવો નથી." શૂરે કહ્યું.

"આપની તબિયત તો ઠીક છે. નાડ બરાબર છે. માથા પર સખ્ત આઘાતથી આપને મૂર્છા આવી હતી, પણ સદ્‌ભાગ્યે ફેંટાને લઇને આપના મગજને નુકશાન થયું નથી. હું આપના મસ્તક પર લગાડવા માટે એક લેપ મોકલું છું અને આ માત્રા આપું છું, જે લેવાથી આપને તરત આરામ થશે." એટલું કહી વૈદ્યરાજે પોતાનો બટવો ખોલ્યો. તેમાંથી રૂપાની ડબ્બીઓમાથી થોડી થોડી દવા કાઢી, તેને એકત્ર કરી મધમાં આપવા નોકરને કહ્યું. પછી જખ્મ છોડી ફરી મલમપટો બાંધ્યો. અને ઘેર જઇ લેપ મોકલાવવા તેણે કહ્યું.

'ખાનપાનને માટે કંઇ સૂચના છે ?' કુંવરીએ પૂછ્યું.

'ના, કંઇ ખાસ સૂચના નથી. પણ રક્તસ્રાવ થયો હોવાથી તેમને ખટાઇ આપતા ના. જલ્દીથી આરામ થઇ જશે. હાં, જે લેપ મોકલું તેમાં પાણી ભેળવી, દેવતા પર ખદબદાવી સહેજ લગાડજો.'

શૂર ચૂપચાપ પલંગ પર પડયો, તેની દૃષ્ટિ ઘડીકમાં વૈદ્યરાજ તરફ તો બીજી ઘડીએ કુંવરી તરફ નાચતી હતી. વૈદ્યના ગયા પછી શૂરે કુંવરી તરફ જોઇ કહ્યું:

"આવી અપૂર્વ મમતાને માટે હું કોનો ઋણી છું ?"

"આપ કોઇના પણ ઋણી નથી. યોગવશાત્ આપોઆપ સર્વ પ્રાપ્ત થાય છે." કુંવરીએ કહ્યું.

"વાસ્તવિક છે; પરંતુ, વિપદ્ગ્રસ્ત અવસ્થામાં મને સહાય કરનારનું નામ હું જાણવા ઉત્સુક છું."

"કુંવરજી! આપ કોઇ શત્રુના હાથમાં નથી. આપ કોઈ પણ પ્રકારની શંકાને સ્થાન આપતા ના." રૂપાં બોલી.

"તે તો મારી ખાત્રી જ છે. આવો મીઠો મમતાભર્યો વ્યવહાર કરનાર શત્રુ ભાગ્યે જ સંભવે. પરંતુ, હું અહીં શી રીતે આવ્યો, તે જો આપને વાંધો ન હોય તો જણાવવા કૃપા કરશો?"

તે તરૂણાએ દાસીને મુખમાર્જનની સામગ્રી મોકલાવવા આજ્ઞા કરી, પછી શૂરને ઉદ્દેશી કહ્યું.

'ગઇ કાલ્યે હું મારા મોસાળથી પાછી ફરતી હતી. રસ્તામાં સંરક્ષણને માટે મારી સાથે થોડાં માણસોની ટુકડી હતી. રસ્તામાં આવતાં આપને બેશુદ્ધ હાલતમાં પડેલા, મારા માણસોએ જોયા અને એક ઘાયલ થયેલો ઘોડો જોયો. મેં મારા માણસોને આપને સાથે લઇ આવવા આજ્ઞા કરી. આપને માટે ઉપચારની વ્યવસ્થા કરી અને આપ મારા પિતાના મકાનમાં છો. આપ આરોગ્ય પ્રાપ્ત કરો ત્યાંસુધી આ મકાન આપનું જ સમજજો."

'આપના પુનીત પિતાનું નામ ?'

'તેમને ઉદયમલ કહે છે." કુંવરીએ કહ્યું,

"તો શું હું પાલગઢમાં છું ?" શૂરસિંહે પૂછ્યું.

"જી, હા. આપ મારા પિતાશ્રીને ઓળખો છો ?"

"આપના પિતાના નામથી કોણ અજાણ છે ?" શૂરસિંહે કહ્યું.

"ત્યારે આપ એમનાથી પરિચિત છો?"

"સંભવિત છે; હું એમને પિછાણું છું, કદાચ તેઓ મને ન પિછાણતા હોય. ગમે તેમ પણ આપની યોગ્ય અવસરે યોગ્ય મદદથી હું આપ સર્વનો મહાન્ ઋણી છું."

"એમાં ઋણ જેવું શું છે? મનુષ્યે મનુષ્યને વિપદવસ્થામાં સહાય કરવી એ ધર્મ છે." કુંવરીએ કહ્યું.

"માટે જ કહ્યું છે કે:

ઘર કારજ સીલાવણા, પર કારજ સમરત્થ,
જાંને રાખે સાંઇયા, આડા દે દે હત્થ."

એટલામાં નોકર મુખમાર્જન માટે, સામગ્રી લઇ આવ્યો. કુંવરીએ કહ્યું. "આપ મુખમાર્જનાદિ કરી લ્યો. આપ બહુ શ્રમિત છો. હું થોડી વારમાં આપની દવા લઇને આવું છું." એટલું કહી તે ત્યાંથી ચાલી ગઇ.

શૂર શૌચાદિ જઇ, મુખમાર્જન કરી પોતાના પલંગપર બેઠો હતો. તેના મનમાં અનેક જાતના તર્ક વિતર્ક થતા હતા. 'કયાં કિશનગઢ તરફ પ્રયાણ અને કયાં આ રસ્તામાં અપઘાત! કયાં આ રમણીનું ત્યાંથી જવું અને અણધારી મદદ! ખરેખર, ધારીએ છીએ કંઇ ને બને છે કંઇ. વાસ્તવિક કહ્યું છે કે मनसा चिन्तितं कार्यं दैवमन्यत्तु चिन्तयेत्.' આમ વિચાર કરતો તે પ્રાતઃકાળની શૌચવિધિમાં ગુંથાયો.

નોકરે ગરમ પાણી વગેરે લાવી રાખ્યું હતું. તેણે તેનું મોં ધોવરાવ્યું. બાદ તે પલંગ પર પડયો. ત્યાર બાદ થોડીવારે રૂપાં તે ઓરડામાં એક નોકર સાથે હાજર થઇ. તેને જોતાંની વાર શૂર સ્હેજ હસ્યો. તેના એ હાસ્યમાં અને આંખ્યમાં ઉપકારની લાગણી વ્યકત થતી હતી.

'આપને માટે આ દવા તૈયાર છે, તે લઇ લ્યો.' એમ કહી તેણે પોતાના સેવક સ્હામું જોયું. નોકરે પ્યાલીમાંના મધમાં દવા નાંખી, પ્યાલો શૂરની સ્હામે ધર્યો અને લોટો લઇ ઉભો રહ્યો. શૂરસિંહે તે દવા પ્રાશન કરી અને થોડું જળ પીધું.

'આપ જો તેલથી શરીરને માલિશ કરાવશો તો આપનું બદન હલકું લાગશે, એમ વૈદ્યરાજે કહાવ્યું છે.' રૂપાં બોલી

'જરૂર, એમ કરવામાં મને વાંધો નથી.' શૂરે જવાબ આપ્યો.

'આપ એક અપરિચિતને માટે બહુ શ્રમ લ્યો છો?'

'એમાં કંઇ મને શ્રમ નથી. કામ તો સેવકો કરે છે.'

'પણ આપ જાતે શ્રમ લ્યો છો. આપના ઉપકારનો બદલો શી રીતે વાળી શકાશે?" શૂર બોલ્યો.

'બદલાની આશાથી હું કંઇ આ કરતી નથી.'

'એ તો હું સમજું છું. પણ આપની મમતા એવા પ્રકારની છે કે તેનો બદલો વાળી શકાય એમ નથી."

'કુંવરશ્રી! આ આપને વાંધો ન હોય તો આપનું નામ જણાવી મને ઉપકૃત કરશો.' વાતનો વિષય બદલાતાં રૂપાંએ કહ્યું.

'જી! સેવકને બધા શૂરસિંહ કહે છે.'

'આમ એકલા ક્યાં પધારતા હતા.?'

'કિશનગઢની તરફ જતો હતો."

'આપના ઉપર હુમલો કરનાર કોઇ ચોર કે લૂંટારૂ હતા?'

'ચોર હોવાનો સંભવ નથી. પણ એમ માનવાને મને કારણ છે કે કોઇએ તેમને મારી પાછળ મોકલ્યા હોય.'

'એમ કરવાનું કંઇ કારણ? આપનો એવો કોણ વેરી છે કે જે આપના પ્રાણને એટલા કિંમતી લેખે છે?'

'મારે કોઇ એવો દુસ્મન નથી. મેં કોઇ દહાડો કોઇનું કંઈ બગાડ્યું નથી."

'તો પછી આપના પર હુમલો કરવાનું કારણ?' રૂપાંએ પૂછ્યું.

'રાજદ્વારી ખટપટ. બીજું શું?'

'અહો! આપ રાજદ્વારી ખટપટ સાથે સંબંધ ધરાવો છો? ત્યારે તો આપ કોઇ મહાન માણુસ હોવા જોઇએ.'

'ના–રે–ના. એવું કંઇ નથી. હું કંઇ એવો માણુસ નથી કે, રાજ્યનો કોઇ અધિકારી પુરૂષ નથી.'

'તો પછી આપનો જીવ લેવાની કોશિશ તેમણે શા માટે કરી?

'તેમના મનની વાત હું શી રીતે જાણી શકું?' શૂરે કહ્યું.

'તેમના મનની વાત તો ન જાણી શકો. પણ એ હુમલો કરનાર કોણ હતા અને શા માટે તેમણે આપના પર હુમલો કર્યો?'

'કોણ હતા તે પણ હું જાણતો નથી અને શા માટે હુમલો કર્યો તેની પણ મને ખબર નથી.'

'આપ વાત ઉડાવો છો. કદાચ આપને તે જણાવવાની ઇચ્છા નથી. સરદાર! તે બાબત મારો આપને આગ્રહ નથી. મારી નકામી જિજ્ઞાસા માટે મને ક્ષમા કરશો."

શૂરસિંહ સમજ્યો કે કુંવરીને માઠું લાગ્યું છે; તેના મનને દુભવ્યું છું. વળી તેને એમ પણ થઇ આવ્યું કે, આ કુલીન રજપુત રમણીને ખરી હકિકત કહેવામાં શું વાંધો છે? આથી તેણે કહ્યું:–

'આપ મારા કહેવાનો મર્મ સમજ્યાં નહીં. તે કોણ હતા અને શા માટે તેમણે મારા પર હુમલો કર્યો, તેનો ખાત્રીલાયક પુરાવો મારી પાસે નથી. પણ હું તે બાબતનું અનુમાન કરી શકું છું.'

'આપનું અનુમાન શું કહે છે?' રૂપાંએ પૂછ્યું.

'સત્ય હકિકત એ છે કે અમુક બાબતની ભાળ કાઢવા રાજ્ય તરફથી હું કિશનગઢ તરફ જતો હતો. તેની ખબર સ્હામા પક્ષને પડી હોવી જોઇએ. આપ રાજ્યના પ્રધાન સરદારનાં કુંવરી છો એટલે આપને અવગત હશે કે, અંબર રાજ્ય પર અત્યારે વિપત્તિના વાદળ ઘેરાઇ રહ્યાં છે. રાજ્યખટપટમાંના પ્રવીણ અને રાજનીતિકુશળ પણ માની અમાત્ય મરાઠાને આ રાજ્યમાં દખલ કરવા આમંત્રી રહ્યા છે. બીજો પક્ષ મોગલ સેનાની સહાય માટે અને રાજ્યનો અધિકાર માનસિંહને સોંપવા બાજી રચી રહ્યો છે. રાજગાદી પર પુતળું બેસાડી તેમને ખરી સત્તા પોતાના હાથમાં લેવી છે. આપણા પ્રજાવત્સલ રાજા આગળ તેમનું કંઇ ચાલતું નથી, એટલે આ બધા પ્રપંચો સહુ કોઇ પોતપોતાનો સ્વાર્થ સાધવા રચી રહ્યા છે. તેમાં પ્રજાની હાડમારીનો કોઇને ખ્યાલ

આવતો નથી. એ મરાઠાઓએ ઉદયપુરનું રક્ત શોષી લીધું,* અને અહીં તેઓ શું કરશે તેની કલ્પના કરવી કઠિન નથી. રાજ્યપરની આ આફત ટળવી જોઇએ–કોઇ પણ પ્રકારે ટળવી જોઇએ. એમ ન થાય તો રાજ્યની અને પ્રજાની બન્નેની પાયમાલી છે. સદ્દભાગ્ય એટલાં છે કે આપણા વડિલોનું હજી પુણ્ય પરવાર્યું નથી. તેથી આપણા દક્ષ અન્નદાતાની નજરની બ્હાર આ બધી વાત નથી.

---

* રાજસ્થાનનો ઇતિહાસકાર લખે છે કે:—

આ દીર્ઘ કાળમાં નિષ્ઠુર મહારાષ્ટ્રીઓએ પાશવ સ્વાર્થપરતાથી ઉત્તેજિત થઈ, મેવાડની જેટલી ભૂમિ પોતાના અધિકારમાં લઈ લીધી તથા મેવાડનું જેટલું દ્રવ્ય લઇ લીધું, તે સર્વનો જો હિસાબ ગણવામાં આવે તો–તે સર્વનું જો વર્ણન કરવામાં આવે તો પોથાંના પોથાં ભરાય, માટે તેને અત્રે અપ્રસ્તુત ગણી છોડી દેવામાં આવે છે. આ ચાલીશ વર્ષના અરસામાં મહારાષ્ટ્રીઓએ મેવાડની અત્યંત દુર્દશા કરી નાંખી. મેવાડની આ દશા કદિ પણ નિવૃત્ત કરી શકાય નહીં. મોગલ પાદશાહ પણ સ્વાર્થી અને પ્રજાપીડક હતા. તેઓ હિંદુઓના સુખદુ:ખનો કદિ પણ વિચાર કરતા નહોતા; પરંતુ તેમનું રાજ્ય દૃઢ પાયાપર સ્થિત હતું, તેઓ ભારતવાસીઓને પોતાની પ્રજા ગણતા હતા. તેથી તેઓ હિંદુ પ્રજાપર મહારાષ્ટ્રીઓના જેવો કઠોર અત્યાચાર કરતા નહોતા. * * * * * * * * મહારાષ્ટ્રીઓ રૂધિરના તરસ્યા બની પિશાચ સમુદાયની પેઠે ચારે તરફ ઘુમતા હતા. તેમને જ્યાંથી પણ જરા દ્રવ્યની ગંધ આવે ત્યાં તેઓ દોડી જઈ તેને લૂંટી લેતા. આ પ્રમાણે તેઓ સમસ્ત ભારતવર્ષનું રૂધિર ચુસતા હતા. માત્ર ત્રણ ખંડણીઓનો જ હિસાબ અમે ગણ્યો તો તેમાં મેવાડના એક કરોડ એકાશી લાખ રૂપૈઆ તણાઈ ગયેલા જણાયા. તે સિવાય રાણા કુટુંબીઓ અને સરદારોનું દ્રવ્ય ખેંચાઈ ગયું તે જુદું. મહારાષ્ટ્રીઓના પૈશાચિક પીડનથી મેવાડની આજે જે શોચનીય દશા થઈ છે, તેનો વિચાર કરવાથી આપણું હૃદય ભગ્ન થઈ જાય છે. આજે ચિત્તોડના ભગ્ન દુર્ગના શિખર પરથી પ્રકૃતિદેવી કરૂણામય સ્વરે રૂદન કરતી, ગૌરવગરિમાની અનિત્યતા, મનુષ્યની સ્વાર્થપરતા, વિશ્વાસઘાતકતા અને કૃતઘ્નતાનું વર્ણન કરી રહી છે.*

* ટાડપ્રણીત 'રાજસ્થાનનો ઇતિહાસ ભા. ૧ પૃષ્ઠ ૨૮૫–૨૮૬.

આવી કંઈ બાતમીનો સુગ મેળવવા મને રાજ્ય તરફથી કિશનગઢ તરફ રવાના કરવામાં આવ્યો હતો. ત્યાં રાજ્યની સીમા પર એક માણસ મળનાર હતો. હું રસ્તો કાપતો હતો, ત્યાં પાછળથી ત્રણ સ્વાર મારી પાછળ આવતા જણાયા. મેં મારા ઘોડાની ચાલ મંદ કરી. તેઓ મારી પાસે આવી લાગ્યા. મારી સાથે વાતે વળગ્યા અને જ્યાં પેલી ઝાડી આવી ત્યાં મને કહ્યું કે, 'તમે જે ખરિતો લઇને જાવો છો તે અમને આપી દો.' મેં કહ્યું કે, 'મારી પાસે કંઇ કિંમતી કે સાદો કાગળ નથી.' તો કહે કે, 'મને તમારા શરીરની ઝડતી લેવા દો.' મેં કહ્યું કે, 'રાજપુતના અંગને હાથ અરાડવો એ રમત વાત નથી.' આ પરથી એકે મારા પર હુમલો કરવા માંડયો. અમારે બંનેને ઝપાઝપી શરૂ થઇ. એક વ્હારથી મેં મારા પ્રતિસ્પર્ધીનો જમણો હાથ શરીરથી અળગો કર્યો. આમ થતાંની વાર મારી સાથે વાતચીત કરતો હતો તે મારી સાથે ઝઘડવા આવ્યો. અમારા બંને વચ્ચે તરવારબાજી શરૂ થઇ. હું તેના વ્હારને ચુકવતો હતો ત્યાં મારો ઘોડો પાછલા પગે ઉભો થતાં વ્હાર તેને લાગ્યો. હું ઘોડા પરથી નીચે ઠેકયો. ત્યાં પાછળથી કોઇએ મારા માથાપર એવો સખ્ત પ્રહાર કર્યો કે હું બેશુદ્ધ થઇ જમીન પર પડયો. ત્યારબાદ એવું બન્યું કે જાણે હું સ્વપ્નમાંથી જાગૃત થયો છું. કોઇ એક આગારમાં પલંગપર છું. મારી સ્હામે કોઇ દયાની દેવી સાક્ષાત ઉભી છે.'

'દયાની દેવી!' મંદ હસતાં રૂપાં બોલી.

'હા, પ્રથમ તો મને એમજ લાગ્યું કે હું સ્વપ્ન તો નથી જોઇ રહ્યો. હું જંગલની ઘીચ ઝાડીમાં બે જણની સાથે લડાઇમાં ઉતર્યો હતો; ત્યાંથી એકાએક આ પ્રાસાદમાં કયાંથી આવ્યો? અને મારી સમક્ષ આ અપૂર્વ રમણીરત્ન કયાંથી?'

'આપને પ્રથમ કંઇ અશુભ કલ્પના થઇ હશે.' રૂપાંએ કહ્યું.

'પ્રથમ તો મને એમ સંશય લાગ્યો કે મારી બેભાન અવસ્થાનો લાભ લઇ દુશ્મનો મને પકડી પોતાની સાથે લઇ આવ્યા છે. અને

ખરી વસ્તુસ્થિતિ જાણવા માટે આ ત્રાગડો રચ્યો છે. પરંતુ, આપનું સૌમ્ય મુખ, દયાર્દ્ર વર્તન અને દિલના નિખાલસપણાએ મારો સંશય દૂર કર્યો; અને આપની મારા પ્રત્યે અનુકમ્પાએ; આપની અતિશય કાળજીએ મારી તે શંકાને દૂર કરી. ઉપરાંત જ્યારે હું આપનો પરિચય જાણવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરી શક્યો ત્યારે મને દૃઢ વિશ્વાસ બેઠો કે, હું કોઇ દુશ્મનના ગૃહમાં નથી, પરંતુ, એક સ્નેહવત્સલ કુટુંબમાં આવી પડયો છું. આપની મમતાએ, આપની ખરા અંતરની લાગણીએ, મારા જખ્મ પર અમૃતસિંચન કર્યું છે.'

'આપ નાહક મારી સ્તુતિ કરી રહ્યા છો? મારા હાથે કંઇ બન્યું નથી?'

આપને એમ લાગે. મને તેથી વિપરીત લાગે, તેમાં આશ્ચર્ય શું છે?'

'વારૂ. આપ શ્રમિત છો.' રૂપાંએ કહ્યું; 'આ માણસ આપને તેલમાલિશ કરશે. બાદ આપ સ્નાન કરી, ભોજન કરી લ્યો. હું ભોજનને માટે તૈયારી કરાવું છું.' એટલું કહી રૂપાં ત્યાંથી ચાલી ગઇ.

કુસ્તીના અખાડાનો માણસ શૂરના અંગને માલિશ કરવા લાગ્યો. તેને લાગ્યું કે શરીરના સાંધા સફાઇથી છૂટા કરે છે. બદનનું માલિશ થયા પછી તેણે સ્નાન કરી ભોજન લીધું. પછી તે આરામ કરવા લાગ્યો. પણ બપોરની આછી તંદ્રા આવે ત્યાર પહેલાં તેના મનમાં અનેક પ્રકારના વિચાર પ્રવાહ છૂટવા લાગ્યા.

પ્રકરણ ૩ જું

રાજ્યપર વિપત્તિ

જયપુરના એક પ્રશસ્ત મકાનમાં કેટલાક પુરૂષો એકઠા થયા હતા. તેઓ એ મકાનના અંદરના ભાગમાં બેઠા હતા. તેઓ કાંઇ અગત્યની બાબતપર મંત્રણા કરી રહ્યા હતા, અને ત્યાં કોઇ પરાયું કે બ્હારનું માણસ ન આવે તેને માટે પૂરતી સાવધગિરિ રાખી હતી. જેના મકાનમાં આ સર્વ ભેગા થયા હતા તેનું નામ બલુજી હતું. બલુજી જયપુરના પ્રમુખ સરદારોમાંના એક હતા. તેમના પૂર્વજોએ રાજ્યની સારી સેવા બજાવી હતી, અને જયપુરનું હિત તેમને હૈયે વસેલું હતું. જે માણસો મહત્વની ખાનગી મંત્રણાને માટે મળ્યા હતા તેઓ પણ રાજ્યની બગડતી સ્થિતિમાં સુધારો કરવા ઇચ્છતા હતા. રાજ્યના અત્યારે બે પક્ષ હતા. એક પક્ષનો નેતા ખૂશાલીરામ વ્હોરા હતો. ખૂશાલીરામ વ્હોરા માચેરીના સામંતનો દિવાન હતો અને બુદ્ધિબળથી આગળ વધી જયપુરનો પ્રધાન બન્યો હતો.

આ સમયે વાંચકોએ થોડી ઐતિહાસિક ઘટના પર દૃષ્ટિપાત કરવાની જરૂર છે. અંબરાધિપતિ માધોસિંહ સત્તર વર્ષ રાજ્ય કરી અતિસારના રોગથી મરણ પામ્યા. તેમની પછી તેમનો ન્હાનો કુમાર પૃથ્વીસિંહ અંબરના સિંહાસન પર અભિષિક્ત થયો. સ્વર્ગસ્થ રાજાને બે રાણીઓ હતી. પૃથ્વીસિંહ જેમને ગાદીનો અધિકાર પ્રાપ્ત થયો હતો, તેમની માતા ન્હાની હતી. વળી તે પટરાણી પણ ન હતી. જે પટરાણી હતી તેને એક કુમાર જન્મ્યો હતો પણ પૃથ્વીસિંહનો

જન્મ પ્રથમ થવાથી ગાદીનો હક્ક પાટવી કુંવર તરીકે તેનો જ હતો. બીજા કુમારનું નામ પ્રતાપસિંહ હતું. પૃથ્વીસિંહની વય નાની હોવાથી રાજકારભાર સામંતોની સલાહથી પ્રતાપની માતા ચલાવતી હતી. રાણી ઘણી બુદ્ધિશાળી હતી અને રાજકારભાર ચલાવવામાં ઘણી કુશળ હતી છતાં તેને હાથે એક ગંભીર ભૂલ થઇ. ફિરોજ નામના એક મહાવત સાથે તેને પ્રીતિ બંધાઈ અને ફિરોજ રાણીપર સંપૂર્ણ આધિપત્ય ભોગવતો હતો. રાણીએ તેને ભારે પદ્વી આપી હતી. આથી ઘણા સામંતો અને ખૂશાલીરામને આ વાત કંટક સમાન લાગતી હતી. ખટપટમાં ખૂશાલીરામ પૂરો હતો. કૂટ રાજનીતિ તેને સિદ્ધ હતી. તે ફિરોજનો ઘાટ ઘડવાને પ્રયત્ન કરી રહ્યો હતો. એટલામાં પૃથ્વીસિંહ મરણ પામ્યા. અંબરની ગાદી પર પ્રતાપસિંહ આરોહિત થયા. ખૂશાલીરામે આ કાર્યમાં સારી મહેનત કરી હતી તેથી તેમને રાજાની ઉપાધિ મળી અને અંબર રાજ્યના અમાત્ય બન્યા. થોડા સમયમાં ફિરોજનું કંટક તેમણે યુક્તિથી દૂર કર્યું પણ એટલામાં પટરાણીનું મરણ થયું. અંબરાધિપતિ પ્રતાપસિંહની વય પણ કંઇ વિશેષ મોટી ન હતી તેથી રાજશાસનનો ભાર માચેરીના સામંત અને ખૂશાલીરામ વ્હોરા ચલાવતા હતા. અમાત્ય ખૂશાલીરામ મહત્વાકાંક્ષી હોવાથી તે અને માચેરીના સામંત પરસ્પર લઢી પડયા. અમાત્ય તેમજ સામંત પોતાની સત્તા ગુમાવવા ઇચ્છતા નહતા. પ્રતાપે વયમાં આવતાં રાજલગામ પોતાના હાથમાં લીધી. આથી ખૂશાલીરામની આશા પર પાણી ફરી વળ્યું. જો કે તેઓ અમાત્યપદે ન હતા પણ તેથી તેમની માન પ્રતિષ્ઠા ઓછી નહતી. સત્તાના લોભથી તેમણે અનેક પ્રકારના કાવતરાં રચવા માંડયાં. કેટલીક વાર મોગલોની સહાયથી તો કેટલીક વાર મહારાષ્ટ્રીઓની મદદથી પોતાનો પહેલાનો દોરદમામ પ્રાપ્ત કરવા ઇચ્છતા હતા. રાજ્યના કેટલાક સામંતોનો તેમને પક્ષ હતો પણ ઘણા તેમની વિરુદ્ધમાં હતા. આ પ્રમાણે અંબર રાજ્યમાં બે પ્રબળ વિરોધી પક્ષો હતા અને તેમની મારામારીમાં 'પાડે પાડા લઢે તેમાં ઝાડનો ખોડો થાય' તે પ્રમાણે પ્રજાને વિપત્ત વેઠવી પડતી હતી.

અત્રે ઉપર ઉલ્લેખ કરી ગયા છે, તે ખાનગી મંત્રણા દેશના ઉદ્ધારને માટે હતી.

એકઠા થયેલા માણુસો પર નજરપાત કરતાં એક વૃદ્ધ બોલ્યો. "હજી સુધી મેઘવાનજી કયેમ પધાર્યા નથી?"

"કંઇ જરૂરના કામે રોકાઇ રહ્યા હશે. નહિ તો આવ્યા વગર ન રહે." બીજાએ ઉત્તર આપ્યો.

"ત્યારે આપણે કામ શરૂ કરીશું કે કયેમ?"

'મેઘવાનજીની થોડી રાહ જોવાય તો ઠીક. કારણ કવિરાજ કંઇ નવીન ખબર લાવ્યા વગર નહીં રહે?'

'ખરી વાત છે. કવિરાજને બધેય છૂટ છે. એ પણ એક ખૂબી છે ને કે બધાય પક્ષ એમને પોતાના માને છે.'

આમ વાતચીત થતી હતી એટલામાં એક દાસીએ આવીને ખબર આપી કે, 'મેઘવાનજી પધારે છે.'

તે વૃદ્ધ પુરૂષે 'આવવા દો' એમ ઇશારાથી જણાવ્યું.

મેઘવાનજી આવતાંની વાર તેમને સત્કારપૂર્વક યોગ્ય આસન પર બેસાડયા. વૃદ્ધ સરદાર બલુજીએ કહ્યું:

'કવિરાજ! આજ આપને આવતાં વાર લાગી!'

'શું કરૂં? કંઇ વાતનો સુગાવો લેવો હતો એટલે વાર થાયજ ને.'

'બરાબર છે કવિરાજ! કહ્યું છે કે 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ?' બલુજીએ કહ્યું.

'હા, બાપુ! એમનો તો પવનના જેવો સર્વત્ર સંચાર.'

'પવનના જેવો એટલે?' એકે વિનોદમાં પ્રશ્ન કર્યો.

'સ્ફુરે પોતે ન દેખાય, છતાં એ ગંધ લઇ જાય.'

'વાહ! વાહ! શાબાશ. ખરી વાત છે.'

'બોલો કવિરાજ! શું નવીન છે?' બલુજીએ પૂછ્યું.

'નવીન તો પછી પણ પહેલાં આપ જ કહો કે શું કરવું છે?'

'કરવાનું શું હોય! દિવાન જયપુરને આંગણે મરાઠા લુટેરૂને નોતરે છે, એવા ખબર છે. જો એમ થયું તો કછવાહોનું પાણી નહીં રહે. અને દેશની પાયમાલી થશે.' બલુજીએ કહ્યું.

'પણ એમ કરવાનું કારણ?' એકે પૂછ્યું.

'એમાં કારણ સ્પષ્ટ છે. સત્તાનો મદ એવો છે કે એક વાર ચાખ્યા પછી તે છોડવો મુશ્કેલ છે. વળી બીજી વાત એ છે કે, અમાત્યનું ખરૂં કામ તો હળદિયાજી સંભાળે છે, એ ખમાતું નથી.'

'ન ખમાય તો ભલે, પણ દેશને ઉજ્જડ અને લૂટારૂઓનો શિકાર બનાવવાથી શો લાભ?'

'લાભ! લાભ તો એ કે ખરી સત્તા પાછી તેમના હાથમાં આવે. તેમનો દોરદમામ વધે. રાજા અને પ્રજા તેમના હાથનું રમકડું બને.' મોગલો સાથે મસલત કરી હમદાનીને એમણે જ અંબરને આંગણે નોતર્યો હતો ને?

'પણ તમને કંઇ ખબર છે?' કવિરાજે કહ્યું, 'મહાદજી સિંધિયાને કાગળ મોકલ્યો છે કે 'રાજા પ્રતાપ ગાદીને લાયક નથી. તેઓ ઘુઘરૂ પ્હેરી નાચે છે. માટે ગાદી પરથી તેમને ઉઠાડી બીજા હકદારને ગાદી સોંપવી. પોતાને અમાત્ય બનાવવા.'* પણ કદાચ સિંધિયા ન સધાય તો બીજી યુક્તિ પણ તેમણે સાધી છે.'

---

*जैपुरांत राजा विद्यमान आहे. त्याचा व माचेडीकर रावराजा याचा द्वेष आहे. तोही सरदार पटाईत जैपुरवाल्याचा होय. परंतु भारी पडला. त्यानें बाबांस सांगितलें कीं, जैपुरकर राजा स्त्रीचा वेष घेऊन अंतःपुरांत पाई घुंगरू बांधून नाचत असतो. त्यानें राज्य काय करावयाचें आहे ? स्वारी करून त्यास हस्तगत करून कैद करावा. त्याचे भाऊबंद दुसरे आहेत त्यांची स्थापना जैपुरांत करावी. यासी मी अनुकूल आहे ।

महादजी शिंदे यांची कागदपत्रें
पत्र नं. ४११. पृ. ५८४

'બીજી યુક્તિ શી?' બલુજીએ પુછ્યું.

'જો મહાદજી મરાઠાની મદદ ન મળે તો મોગલોની મદદ લેવી. એમ સાંભળ્યું છે કે નજફકુલીખાનની મદદ માચેરીના રાવ લેવા ધારછે છે.'

'ત્યારે વાત સ્પષ્ટ છે કે સત્તા એમને જોઇએ છે. એ સત્તાને માટે ભલે રાજાનું અહિત થાય કે પ્રજાનું અકલ્યાણ થાય, તેમની તેમને પરવા નથી.' બલુજી બોલ્યા.

'પરવા શાની હોય? સત્તાના જોરે ફાવે તેમ તેઓ કરી શકશે. ખંડણી કે મૂલક લખી આપશે. અને તે સર્વ પૈસા પ્રજા પાસેથી વસુલ કરશે. રાજા મરશે કે પ્રજા મરશે એમની એઓને શી પરવા છે? તેઓની મુરાદ બર આવશે. હકુમત કરશે. નવા રાજાને હાથનું પુતળું બનાવશે.' મેઘવાનજીએ કહ્યું.

પણ આપણે ખૂશાલીરામને દૂર કરીએ તો તેમાં વાંધા જેવું શું છે? એક સામંતે પૂછ્યું.

'વાંધા જેવું કયેમ નથી? ખુશાલીરામની લાગવગ રાજ્યમાં તો શું પણ રાજ્યની બ્હાર પણ પ્રબળ છે. મરાઠાઓ તો તેમને પોતાના પક્ષમાંનો માણસ માને છે, એટલું જ નહીં પણ મોગલોમાં પણ તેમનો પ્રભાવ છે. માચેરી આખર તો અંબરનું એક અંગ. બીજા ભાગો જેવા છે તેવો અંબરનો એક ભાગ. પણ ખૂશાલીરામ તે વખતે માચેરીના સામંતના પ્રધાન હોવાથી મોગલ શાહનશાહે જ્યારે હમદાનીને જાટોને દબાવવા મોકલ્યો ત્યારે પોતાના સ્વામી માચેરીના સામંતને હમદાની સાથે લશ્કર લઇ મદદે મોકલ્યો. માચેરીના સામંતને બાદશાહે 'રાવરાજા' ઉપાધિ આપી. માચેરી અંબરથી અલગ થયું અને મોગલ રાજ્યનું માંડલિક બન્યું.' બલુજીએ જવાબ આપ્યો.

'આવા દુશ્મનને ભેદથી વશ કરવા જોઇએ. ભલેને તેઓ અંબર રાજ્યમાં છૂટથી ફરે, એથી આપણને નુકશાન નથી, પણ તેમના પર જાપ્તો મુકવા જતાં આપણું કામ કથળી જશે, માટે તેમની હાલચાલ

પર બારીક નજર રાખવી, પણ તેમને છેડવા નહીં. સાપનાં દાંત કાઢી નાંખવા પણ તેનો પ્રાણ લેવો નહીં, આથી તે ફુંફાડા કરે તો પણ નકામા.' મેઘવાનજીએ બલુજીના કથનને પુષ્ટિ આપી.

'કહે છે કે કંપની સરકાર જોડે તેઓ સંધાણ સાધે છે?' સામંતસિંહ બોલ્યો.

'કંપની સરકાર સાથે! કંપની સરકાર સાથે એ શાનો સંબંધ સાધે? મોગલો અને મરાઠાઓ જોડે ધાલમેલ કરે. બહુ થાય તો જાટોને પોતાના પક્ષમાં ભેળવે. પણ કંપની સરકાર કાચી નથી. મીંદડીની પેઠે તકને માટે તપશ્ચર્યા કરી રહી છે. હા, એમ સાંભળ્યું છે કે, મહાદજી કંઇ કરી રહ્યા હતા. પણ તેમની કંઇ ત્યાં દાળ સીજી નથી. હષ્ટિણાની (હેસ્ટીંગ્ઝની) બદલી થઈ છે અને કોર્નવાલી કોઇ નવો હાકેમ આવ્યો છે, તે કંઈ દાદ આપતો નથી. દક્ષિણની લડાઇમાં અંગ્રેજોએ કંઈ મદદ મોકલી નથી.' માધોજીએ કહ્યું.

'એમ તો લકનૌના શાહજાદાને દીલ્હી તેડાવી કંઇ નવો ત્રાગડો રચ્યો હતો તેમાં પણ અંગ્રેજોએ શાહજાદાને વશમાં લઇ ફાવવા દીધો નહીં.' ગુમાનસિંહ બોલ્યો.

'પણ અત્યારે તો આપણા પર આવતી આફતનો વિચાર કરવાનો છે. તે પર આપણે ધ્યાન આપી, શું કરવું તેનો વિચાર પ્રથમ કરવાનો છે, માટે સરદારો બલુજી શું કહે છે તે પર ધ્યાન આપો, પછી ચર્ચા કરીશું.' મેઘવાનજીએ સર્વને ઠેકાણે આણતાં કહ્યું.

'અંબર રાજ્યના હિતેચ્છુઓ, સરદારો! આજે આપણે જે સાંભળ્યું તે પરથી સ્પષ્ટ લાગે છે કે, થોડા જ સમયમાં અંબર પર અણધારી આફત ઉતરશે. જયપુર રોળાશે. તેની પ્રજાની હાલહવાલી થશે. બંધુઓ! તમે જાણો છો કે, મરાઠામાં હિંદુત્વનું અભિમાન રહ્યું નથી. હિંદુઓને, રજપુતોને તેઓ પોતાના જાતિબંધુ માનતા નથી. જ્યાં ત્યાં હુમલા કરી ચોથ કે રોકડ રકમ લઇ પોતાનો સ્વાર્થ સાધે

છે. પ્રજાને રંજાડે છે. શ્રીમંતોને લૂંટે છે.* જે રાજ્ય પર તેમનો હુમલો થયો તે રાજ્યની લાચારી, પ્રજાની હાલત દિલને વલોવી નાંખે તેવી છે. મુસલમાનો જો દેવમંદિર લૂંટે છે અને મૂર્તિઓને તોડે છે, તો આ મરાઠા પણ તેમનાથી પાછા હઠે એવા નથી. તેઓ પણ દ્રવ્યની પિશાચી લાલસાને લીધે પવિત્ર દેવસ્થાનનો વિધ્વંસ કરવામાં કચ્ચાશ રાખતા નથી.† અંબર પર આવી આફત ન આવે, અંબરની પ્રજાનું રક્ત ન ચુસાય તેને માટે આપણે અત્યારથી જ તૈયાર થવું જોઇએ. આપણે આ મરાઠા લૂંટારૂઓને અંબર પર આવે ત્યાર પહેલાં અટકાવવા જોઇએ. રાજા ખૂશાલીરામ અને માચેરીના રાવની કપટજાળને તોડી નાંખવી જોઇએ. તેઓનો ઇરાદો શું છે, તે હું જાણું છું. સ્વ. પૃથ્વીસિંહના પુત્રને મરાઠા કે મોગલોની મદદથી ગાદી પર બેસાડી રાજ્યની સત્તા પોતાના હાથમાં લેવા ઇચ્છે છે. એક તરફ તો મરાઠાની મદદ ઇચ્છે છે જ્યારે તેમાં પાસા પોબાર ન પડે તો માંચેરીના રાવ મારફત મોગલોની સહાય સાધવા કોશિશ કરે છે. ગમે તેમ હો પણ એટલી વાત નિશ્ચિત છે કે અંબરના ભાગ્યાકાશમાં વિપત્તિના વાદળ ઘેરાશે. પણ આપણે ત્યાર પહેલાં જ તેને માટે તત્પર થવું જોઇએ. તેમની બાજી ધૂળમાં મેળવવી જોઇએ. કછવાહોએ પોતાનું ગૌરવ જાળવવું જોઇએ. લૂંટારાના દમનને આવતાં પહેલાં અટકાવવું જોઇએ. સદ્ભાગ્યે આપણા સ્વામી પ્રતાપસિંહ શૂર છે,

---

* વાંચો સ્વ. ઈ. સૂ. દેસાઈ કૃત 'શિવાજીની સુરતની લૂંટ.'

† હરિપંત ફડકેના સૈન્યે ઇ. સ. ૧૭૭૫ માં દ્વારકાનો મઠ લૂંટયો. કોન્હેરરાવ પટવર્ધને કરવીરમઠ ઇ. સ. ૧૭૭૩ માં બાળ્યો. પરશુરામ ભાઉએ ઇ. સ. ૧૭૯૧ માં કુડલગી મઠનો નાશ કર્યો, અને તે જ વર્ષમાં રઘુનાથરાવ પટવર્ધન લમાણુએ શૃંગેરી મઠનો નાશ—જે મઠને ટિપુ સુલ્તાને પાલખી, છત્ર ચામર અને હાથી ભેટ આપ્યા હતા તેનો નાશ, બ્રાહ્મણ સરદારને હાથે થયો તો પછી આ સરદારોમાં હિંદુત્વની ભાવના કેવી હશે? આ ઐતિહાસિક સત્ય લખતાં અમને દુઃખ થાય છે.

બુદ્ધિશાળી છે. તેમની આગળ ખરી હકિકતો જવા જોઇએ. બોલો! આપ સર્વે આ કામમાં સંમત છો?"

સર્વ જણે ખૂશી સૂચક ધ્વનિથી પોતાની સંમત્તિ દર્શાવી.

"આપની માતૃભૂમિ માટે લાગણી, રાજા પ્રત્યે સ્વામિભક્તિ જોઇ મને ખરેખર હર્ષ થાય છે. મેં અત્યારથી જ તેને માટે તૈયારી કરી રાખી છે. એક દાસી માર્ફત તેમનો ભેદ જાણવા પેરવી કરી છે. મને ખાત્રી છે કે આજ રાતે તે ભેદ મારી પાસે આવી જશે. અને આપણે શું કરવું તે માટે ફરીથી મળીશું? આપણા અન્નદાતા પણ આપણે ધારીએ તેવા ગાફેલ નથી. આજ રાત્રે મને પણ દરબારમાં આમંત્રણ છે. ત્યાંથી પણ કંઇક સુગાવો મળશે, માટે આજથી આપણે ત્રીજે દિવસે સર્વે એકત્ર થવું અને ભવિષ્યના કામને માટે શું કરવું તેનો વિચાર કરવો.'

'આપણે ક્યાં મળવાનું અને ક્યારે?' એકે પૂછ્યું.

'અહીં જ મળવાનું રાતના પહેલા પ્રહરના સુમારે. હાં શૂરાઓ! એ તો જાણો છોને કે સિદ્ધિ માટે મંત્ર ગુપ્ત રહેવો જોઇએ. આપ સર્વ દેશહિતેચ્છુ છો, એથી આપણી મંત્રણા વિરોધીને કાને ન જાય. બ્હીવાનું કંઇ કારણ નથી પણ તેમ થાય તો આપણા કાર્યમાં અડચણ આવે.'

સર્વે જણે શિર ડોલાવી સંમતિ સૂચવી. જતાં જતાં મેઘવાનજી ગુંજ્યા કેઃ—

'શૂરા સોહી પિછાણિયે, લડે ધરમ કે હેત,
પુરજા પુરજા કટ પડે, કબહુ ન છોડે ખેત.'

હર્ષનો ધ્વનિ કરી સર્વ ત્યાંથી વિખેરાયા.

પ્રકરણ ૪ થું

મસલત

સરદારોના ગયા પછી બલુજી પોતાના ઓરડામાં બેસી વિચાર કરવા લાગ્યા. કેટલીક વાર સુધી આંખ્યો મીંચી તંદ્રામાં હોય તેમ ત્યાં બેસી રહ્યા. વાચકોને સ્વાભાવિક જ પ્રશ્ન થશે કે એ બલુજી કોણ હશે? અંબર રાજ્યના પ્રધાન બાર સામંતો ગણાતા હતા. તેમાં ખાંગરોત શાખાનો તે વંશ જ હતો. અર્થાત્ કે અંબરના રાજવંશમાંથી તે ઉતરી આવેલ હતો. તે મોટી જાગીરનો અધિકારી હતો. તેનામાં રાજભકિત વંશપરંપરાથી ચાલી આવી હતી. અત્યારના અંધાધૂંધીના સમયમાં જયપુરની શકિત એકત્રિત કરી, અંબર રાજ્યને ટકાવવું; તે છિન્નભિન્ન ન થાય અને મરાઠા લૂંટેરાનો શિકાર ન બને તેને માટે તે પ્રયત્ન કરી રહ્યો હતો. અંબરાધિપતિ પ્રતાપસિંહની મમતાને તે પાત્ર હતો. આ સમયે રાજ્ય પર બહારની આફતને ટાળવા માટે જે પ્રયત્નો થઇ રહ્યા હતા, તેમાં તે મુખ્ય ભાગ ભજવતો હતો. રાજા ખૂશાલીરામ અને માચેરીના સામંતની બાજી ઉંધી વાળવા તેણે કમર કસી હતી. રાજા પ્રતાપસિંહનો તે મસલતગાર હતો. તેનું નામ બળવંતસિંહ હતું, પણ ટૂંકમાં તેઓ બલુજીના નામથી ઓળખાતા હતા.

આમ તેઓ વિચારમગ્ન હતાં ત્યાં એક બાંદીએ આવી કહ્યું. 'હજુર, આજ દરબારમાં પધારવાના છો?'

બલુજીએ 'હા' કહી. તરત ત્યાંથી ઉઠી સ્નાનગૃહમાં જઇ સ્નાન કીધું. નોકરે કપડાં આપ્યાં. બાદ તેઓએ દરબારમાં જવા માટે

યોગ્ય વસ્ત્રો પરિધાન કર્યાં, માથે પાગ બાંધ્યો. સેવકને વાહન માટે આજ્ઞા કરી–વાહન આવતાં તેમાં બેસી રાજમહેલ તરફ ગયા.

જયપુરના વિશાળ રાજભવનમાં આજે દરબાર ભરાવાનો હતો. મહેલને સુસજ્જિત કરવામાં કચાશ રાખી ન હતી. સામંતો, સરદારો એક પછી એક આવવા લાગ્યા. રાજસિંહાસનની જમણી અને ડાબી બાજુએ પોતપોતાના અધિકાર અને સ્થાન પ્રમાણે તેઓ ગોઠવાવા લાગ્યા. કેટલાક પોતાની નજીકના માણસો સાથે વાર્તા કરવા લાગ્યા. કેટલાક આજની ટાપટીપ જોવામાં મશગુલ બન્યા. કોઇ કોઇ ઉચ્ચ શ્રેણીનો સામંત આવતો તો તેનું અભિવાદન કરતા. રાજ્યસેવકો આમ તેમ ફરતા, પોતાના કામમાં ધ્યાન આપતા હતા. સભાગૃહમાં સિંહાસનની સ્હામે દૂર મધ્યભાગમાં ગાવાવાળીઓ અને નાચનારીઓ બેઠી હતી. દરબાર લગભગ ભરાઇ ચૂકયો હતો. રાજાની રાહ જોવાતી હતી. એટલામાં ચોપદારે 'નિગાહ રખો મહેરબાન...'ની બૂમ મારી. સઘળા ઉભા થયા અને મહારાજાનું અભિવાદન કર્યું. સુસ્મિતથી પ્રતાપસિંહે તેમનાં અભિવાદનનો સ્વીકાર કર્યો.

સાજંદા સારંગીના સૂર મેળવવા લાગ્યા. તબલચીએ તબલા પર થાપ મારી. સૂર મળતાં જ ગાવાવાળી ઉભી થઇ. પ્રથમ તેણે જમીન સુધી નમીને સલામ કરી, દરબારીઓ તરફ નજર કરી ગીત છોડયું.

તનમનકી શુદ્ધ વિસર ગઇ રે,
કૈસી બજાઇ બાંસરિયા રે—તનમન૦
જબસેં ભનક પરિ કાનનમેં રે,
નિંદ નહીં મોરે નેનનમેં રે,
કહે પિયા મનકી મનમેં રહી
ભૂલ ગઇ શુદ્ધ સારી રે—તનમન૦

સભાગૃહમાં અપૂર્વ શાંતિ છવાઇ હતી. ગાનારીએ મિશ્ર રાગ છેડયો હતો–પહાડી–ઝીંઝોટી. બંને રાગના અંગ તે અલગ કરી બતાવતી હતી ત્યારે સંગીતના ગુણજ્ઞોને અપૂર્વ આનંદ થતો હતો. પહાડીમાં

કોમળ તેમજ તીવ્ર નિષાદની ઝલક સ્પષ્ટ કરી બતાવતી હતી. જ્યારે તે ઝીંઝોટીનું અંગ વ્યક્ત કરતી હતી ત્યારે કોમળ ધૈવત અને તે પણ અવરોહમાં પંચમ સાથે વક્ર કરતી ત્યારે તો માધુર્યમાં ઓર વધારો થતો હતો; અને શ્રોતાઓના દિલપર અમૃત વૃષ્ટિ થતી હતી. અસ્તાઇ અંતરો પૂરો કર્યા પછી પ્રથમ સંચાર, દ્વિતીય સંચાર ને સફાઇદાર તાનો અને કોકિલ કંઠના માધુર્યે સભાને આનંદમાં તરબોળ કરી. રાજાએ એક ખોબો ભરી મુદ્રા ગાનારીને અર્પી, જે તેણે અતિ વિનયથી ઘુંટણે પડી મુજરો કરી ગ્રહણ કરી.

બાદમાં નર્તકીએ નાચમાં પોતાની કુશળતા દાખવી પ્રથમ સલામીનો નાચ બતાવ્યો. તે ઘુઘરનો અવાજ, ત્રણે લયમાં ફરવું, સાથે ભાવ પ્રદર્શને પ્રેક્ષકોના, મુગ્ધ શ્રોતાઓના હૈયાને વીંધી નાંખ્યા. રાજા પોતે નૃત્યવિદ્યામાં પારંગત હોવાથી નૃત્યનો આદર ત્યાં હતો, એટલું જ નહીં પણ પ્રથમ પંકિતની નાચવાવાળીઓ જયપૂરમાં તે સમયે હતી. નાચ પૂરો થયો. નાચનારીઓને ઇનામ અપાયાં. બાદ દરબાર બરખાસ્ત થયો. સરદારો અને અધિકારીઓ પોતપોતાને ઘેર જવા લાગ્યાં.

દરબાર વિખરાયા બાદ કેટલાક જણ ત્યાં રાજમહેલમાંથી ચાલી ગયા નહતા. તેમાં આપણા બલુજી પણ એક હતા.

એક ન્હાના સુશોભિત ખંડમાં પ્રતાપે બેઠક લીધી; તેની આસપાસ થોડે છેટે થોડા સરદારો ગોઠવાયા. તરત જ એક નોકર સુરાની સુરાઇ અને પ્યાલા લઇ આવ્યો. રાજાએ સ્વહસ્તે પ્યાલો ભરી બલુજીને આપ્યો. બલુજીએ તે સ્વીકારતાં કહ્યું:

'અન્નદાતા! આપને એ શ્રમ લેવાની જરૂર નથી.' એટલું કહી સુરાઇમાંથી બીજા પ્યાલામાં મદિરા ભરી તેણે વિનયપૂર્વક રાજાને તે પ્યાલો આપ્યો.

ઇશારો થતાં નોકરે અન્યની આગળ પ્યાલા રજૂ કર્યા.

બાદમાં પ્યાલો પ્રાશન કર્યા પછી પ્રતાપે પૂછયું:

'કેમ કોટવાલજી? નવી શું બાતમી છે?'

'નવીનમાં એ છે કે બાલાનંદ વેરાગીએ પણ ખૂશાલીરામને સાથ આપ્યો છે?'

'તે તો ઠીક, પણ બીજો કંઇ ભરમ જણાયો ?'

'ભરમમાં એ છે કે બન્નેએ એક માણસને મહાદજી પાસે મોકલ્યો છે. તેમાં મહાદજી જો સહાય આપે તો બદલામાં શું આપવું તે અને બીજી શરતો છે.'

'કાગળ કોની સાથે મોકલ્યો છે ?'

'ખૂશાલીરામનો ખાનગી કારભારી રણમલ અને ચાર માણસો અહીંથી રવાના થયાં છે. જયપુરથી ત્રણ કોશ પર મેં મારા માણસોને તપાસ કરવા રાખ્યાં હતાં."

'તેઓ કયાં જાય છે તે શા પરથી જાણ્યું?' બલુજીએ પૂછ્યું.

'વાતવાતમાં મારા છૂપા દૂતોએ તે બાતમી મેળવી હતી.' માધોસિંહે કહ્યું—કોટવાલનું નામ માધોસિંહ હતું.

'એ તો ઠીક પણ કાગળની હકિકત શી રીતે જાણી ? ઉડતી વાત છે કે મુદ્દાની બાતમી છે?' રાજાએ પૂછ્યું.

'અન્નદાતા! આપની આગળ ભરમ ખોલવામાં વાંધો નથી. ખરી હકિકત એ છે કે આપણા પ્રધાનજીને ત્યાં મેં એક બાંદીને નોકરાણી તરીકે ઠેસવી છે. તે કામકાજમાં ચતુર હોવાથી તેના માલેકનો વિશ્વાસ તેણે મેળવી લીધો છે. તેની માર્ફત બધી હકિકત મળે છે.'

'માધોસિંહ! કામ તો ઠીક બજાવ્યું છે.'

'અન્નદાતા, એમાં મેં શું કર્યું છે? મારો વિચાર તો એ રુક્કો પડાવવાનો હતો. પણ અડધેથી જ કામ કથળી જાત. માટે જવાબ લઇ આવતાં જણાશે કે, શું કામગિરિ એ લોકો કરી આવ્યા છે.'

'બોલો, મારા વ્હાલા સરદાર! તમારે કાને શી વાત આવી છે?' બલુજીની પ્રત્યે જોઇ રાજા પ્રતાપે સવાલ કર્યો.

'અન્નદાતાજી! માચોરીના રાવનો ઇરાદો નજફકુલીખાનને તેડવાનો છે. એણે એને માટે પ્રબંધ કર્યો છે, એમ જાણવામાં આવ્યું છે."

'ત્યારે એમ જ કહોને કે બને તો એકીસામટા બે દુશ્મનોને અંબર રાજ્યમાં નોતરવા છે.'

'લાગે છે તો એમ, અન્નદાતા!'

રાજાએ નોકર પ્રત્યે જોયું. તેણે દરેકની ઠલવાયલી પ્યાલીમાં પુનઃ મદિરા ભરી. પ્રતાપ પળભર વિચારમગ્ન રહ્યો. પછી બલુજી તરફ દૃષ્ટિપાત કરી કહ્યું:

'બલુજી! તમે અંબર રાજ્યના સ્તંભ છો. આ ખરો કટોકટીનો મામલો છે. આજે આપણી આ ક્ષાત્રભૂમિમાંથી ક્ષાત્રત્વ નાશ પામતું જાય છે, રાજાઓમાં પરસ્પર સંપ નથી. આજ જો જોધપુર, મેવાડ અને બુંદિના હાડાઓમાં સંપ હોત તો કોની મગદૂર છે કે રાજપુત પ્રદેશ પર કોઇ નજર કરી શકે? મોગલ શહેનશાહત ડગમગી છે, તે વખતે આપણે એકત્ર થઇ મરાઠા ધાડપાડુઓના દમનને દૂર કરવાને બદલે એકમેકની સાથે પરસ્પર લઢીએ છીએ! કયાં ગયા એ શાૈર્યના દિવસો? ક્ષત્રિયકુળભાણુ પ્રતાપે એકલાએ મોગલ સત્તાને હંફાવી હતી. આજ મેવાડનું ગૌરવ પણ ઘટી ગયું છે. આ બધો શાનો પ્રતાપ છે? આપણા જ કુસંપનો. અત્યારનો સમય એવો છે કે જો આપણે પરસ્પર સંપના સૂત્રથી બંધાઇએ તો આપણું અહિત કરવા કોઇની શક્તિ નથી. પણ અત્યારે એનો અફસોસ કરવાનો વખત નથી. અત્યારે તો અંબર સ્હામે જે ભય ડોળા કાઢી ઘૂરકી રહ્યો છે, તેને સમૂળ નષ્ટ કરવા શું કરવું તેની જ મંત્રણા કરવી જરૂરની છે. બોલો મારા સ્વામિભક્ત સરદાર! તમારી શી સલાહ છે?"

"અન્નદાતા!" બલુજીએ કહ્યું, 'જૂની રાજનીતિનો બોધ એ છે કે જ્યારે બે દુશ્મન એકે સામટા ચઢી આવતા હોય તો બેમાંથી એકનો પહેલાં પરાભવ કરવો અથવા તો એકને કંઇ પ્રલોભન આપી મનાવી લેવો. આમ કરવાથી એકની સ્હામે ઝઝુમવામાં હરકત આવે નહીં.'

'નીતિ તો બરાબર છે. અંબર પર બે તરફથી એકત્ર કે એકી વખતે છૂટાં આક્રમણનો ભય છે. માટે માચેરીના રાવના કાવાદાવા

પહેલા દૂર કરવા. અથવા તો નજફકુલીખાનને ફોડવો એ ઠીક થઇ પડશે.' એક હાજર રહેલા સરદારે કહ્યું.

"માધો! માચેરીનો કંઇ ભેદ માલમ પડયો કે?"

"અન્નદાતા! એમની મીટ કિશનગઢ તરફ મંડાઇ છે."

"ત્યારે મારી વિરુદ્ધ મારા ભાઇને જ ઉભો કરવાનો તેમનો વિચાર છે."

"બરાબર, એમાં કંઇ શંકા નથી." બલુજીએ કહ્યું.

"તો પછી ત્યાંની હિલચાલ પણ જાણવી જરૂરની છે."

"નામદાર! તેને માટે મેં પૂરતો બંદોબસ્ત કર્યો છે. કિશનગઢમાં જઇ તે શું કરી રહ્યા છે, તેનો પૂરો વૃત્તાંત આજકાલમાં આવી જશે, એટલું જ નહીં પણ ત્યાંના દરબારમાં જે મસલત થઇ છે તેની વિગતવાર હકિકત પણ મળી જશે."

'મને લાગે છે કે એ વરૂ કંઇ બહાનું કાઢશે અથવા તો પૈસાની રકમ એવી માંગશે કે આપણાથી તે પૂરી જ ન થાય!' એક સામંતે કહ્યું.

'અહીંથી રામચંદ્ર તુકદેવ પણ ગયેલ છે.' માધોસિંહે કહ્યું.

'મામલો ગંભીર બનતો જાય છે. આપણે જગા જગાની ખબર રાખવાની અગત્ય છે. પહેલું તો એ કે માચેરીના રાવનો અને નજફ કુલીખાનનો ભેદ શું છે? બીજું આપણા અમાત્ય ખૂશાલીરામ શા દાવપેચ રમી રહ્યા છે? ત્રીજું કિશનગઢમાં કોઇ ખરો જાસુસ રોકી ત્યાંના સમાચાર પણ જાણવા વગર છૂટકો નથી. અને ચોથું તો એ કે મહાદજીના થાણાની બારીક હકિકત મેળવવાની અગત્ય છે અને આ બધી હકિકત મેળવી આપણે તાબડતોબ શું કરવું, તથા કોની મદદ મેળવવી એ પણ નિર્ણય કરવાની જરૂર છે. વારૂ માધો! તેં કિશનગઢ માટે શું બંદોબસ્ત કર્યો છે?' માધોસિંહને ફરી પ્રતાપે પ્રશ્ન કર્યો.

'અન્નદાતા! હું અર્જ કરી ચૂકયો છું કે ત્યાંના સમાચાર આવી જશે. ત્યાંની સેનાભાગમાં એક આપણો માણસ કામ કરી રહ્યો છે. તે સિવાય અંદરનો ભેદ મેળવવાને પણ પાકે પાયે ગોઠવણ થઇ ચૂકી છે. આજકાલમાં સાંઢણી આવી પહોંચશે.'

'એ બરાબર છે. પણ બલોજી! આપનો જમાઇ તો કિશનગઢમાં છે ને?'

'કૃપાનાથ! આપનું કહેવું બરાબર છે. મારી માન્યતા એટલી જ છે કે ત્યાંની વિગત આપના ચરણમાં રજુ થઇ જશે. એ બાબત માટે મેં પહેલેથી પુરતી સાવધાની રાખી છે. એટલુંજ નહીં પણ, બીજી મહત્વની કામગિરિ પણ આપને વિદિત કરવામાં આવશે.'

અમારા વાંચકો સરદાર બલુજીની આ વાત પરથી સમજી ગયા હશે કે પ્રથમ પ્રકરણમાં કિશનગઢ જતાં જે તરૂણ જખ્મી થયો હતો તે બીજો કોઇ નહીં પણ બલુજીએ કિશનગઢના સમાચાર મેળવવા મોકલેલ, વીર શૂરસિંહ હતો. તેમ કરવા જતાં શૂરને કેવા અકસ્માતનો ભોગ થવું પડયું તે આપણે પ્રથમ પ્રકરણમાં જોઇ ગયા છીએ.

'એક વાત મારા મનમાં સ્પષ્ટ જણાય છે કે આ મરાઠા લૂંટારાના પૂરને જો નહીં અટકાવીએ તો દિવસે દિવસ તેમની માગણી વધતી જશે અને લોહી ચુસવામાં બાકી નહીં રાખે. આ વખતે મારો દૃઢ નિશ્ચય છે કે એમનો બરાબર પ્રતિરોધ કરવો. બોલો તમારો શો વિચાર છે?'

'અન્નદાતા! આપનું આયુષ્ય હજાર વર્ષનું હો. આપનો નિર્ણય ન્યાય્ય અને સત્ય છે.' બલુજી બોલી ઉઠયા.

બીજા એકત્ર થયેલાઓએ પણ તે નિર્ણયને ઉત્સાહથી વધાવી લીધો.

'ત્યારે આપનો સહકાર છે એમ હું માનું છું.' પ્રતાપે કહ્યું.

'એમાં શંકાને કંઇ સ્થાન નથી.'

આટલી મસલત પછી સરદારો ત્યાંથી વિખરાયા. જતાં જતાં પ્રતાપે માધોસિંહને તેના કામ માટે શાબાશી આપી, અને બલુજીને ફરીથી એકલા મળવા કહ્યું. બીજા સરદારોની પણ સ્વામિભકિતનાં રાજાએ વખાણ કર્યાં.

પ્રતાપ થોડીકવાર ચિંતામગ્ન ત્યાં બેસી રહ્યો. પછી જાગૃત થઇ રાણીના આવાસમાં ગયો.

પ્રકરણ ૫ મું

દયાની દેવી

વાંચનાર! તેં શૂરસિંહને પાલગઢમાં ઘવાયેલી હાલતમાં આવેલ જોયો. તેનો રૂપાં સાથે પરિચય થયો. તે રૂપાં કોણ હતી? અંબર રાજ્યના પ્રધાન સરદારોમાંના ઉદયમલની તે એકની એક પુત્રી હતી. ઉદયમલ પોતાની ઉત્તર વયને કારણે રાજકાર્યમાં સક્રિય ભાગ લેતો ન હતો, પરંતુ તેનો અનુભવ, કુળ અને તેના પૂર્વજોની સેવા અનુપમ હતી. ઉપર કહ્યું તેમ જો કે તે આગળ પડતો ભાગ લેતો જણાતો ન હતો, પરંતુ અંબરાધિપતિ મહત્ત્વના કામમાં તેની સલાહ લેતા હતા. આવા જ કંઇ કામસર તેઓ પાલગઢ છોડી અન્યત્ર ગયા હતા; અને આતિથ્યસત્કારનો ભાર રૂપાં પર આવી પડયો હતો.

રૂપાં રૂપનો અંબાર હતી. તેણે યૌવનમાં પગલાં ભરવાં માંડયાં હતાં. તે નવ પ્રસ્ફુટિત ગુલાબની કળી સમાન શોભતી હતી. પ્રશસ્ત લલાટ, સુંદર ઘાટિલી નાસિકા, ઝીણી મદીલી આંખ્યો, રકતાક્ષ કપોલ, મૃણાલ દંડ સમાન ગ્રીવા, લંબગોળ મુખ હતું. તે જ્યારે કોઇના સાથે વાત કરતી ત્યારે હાસ્ય તેના મુખ પર ખેલતું હતું. જોનારને તે મંત્ર-મુગ્ધ કરી મૂકતી હતી. તે ભાગ્યે જ અલંકાર ધારણ કરતી હતી પણ તે તેની સાદી સજાવટમાં તેનું સૌંદર્ય ઓર ખીલી ઉઠતું હતું અને ઉર્દુ કવિની ઉકિતને સ્મરણ આપતું હતું કેઃ–

"નહીં મોહતાજ જેવરકા જીસે ખૂબી ખૂદા દે દે;
કિ અખિર બદનૂમાં લગતા હૈ, દેખો ચાંદકો ગહના."*

સ્હાંજનો સમય હતો. સૂર્યનાં નમતાં કિરણો શૂરના ઓરડામાં ખેલી રહ્યાં હતાં. બારીમાં દૂરનો દેખાવ, સૂર્ય તેજમાં સ્નાન કરતો નજરે પડતો હતો. શૂર પડયો પડયો મનમાં કંઇ અનેક પ્રકારના તર્ક વિતર્ક કરી રહ્યો હતો. ક્ષણમાં તેને સોંપાયલા કામનું સ્મરણ થતું હતું તો ક્ષણમાં મૂર્તિમંત સૌંદર્ય, મૂર્તિમંત યૌવન, મૂર્તિમંત આનંદની પૂતળી રૂપાં તેની નજર આગળ ખેલતી હતી. 'દૈવે આવો યોગ શાથી આણ્યો? જે વસ્તુ પ્રાપ્ત થવી સ્હેલ નથી, તેને માટે અંતરમાં લાલસા પોષવી એ શું ઇષ્ટ છે? હું કયાં એક સામાન્ય સૈનિક અને કયાં આ ઉચ્ચ કુળની સમૃદ્ધિશાળી ઉમરાવની કન્યા? નહીં નહીં તે રમણીરત્ન મારા જેવાનાં ભાગ્યમાં કયાંથી હોય?'

વળી પળમાં તેના વિચાર પલટાવા લાગ્યા. આશા તેના કાનમાં મીઠું કથવા લાગી કે, 'એ આકસ્મિક યોગમાં કંઇ હેતુ છે. શા માટે તે પ્રાપ્ત ન થાય? શું હું રાજપુત નથી? અને રાજપુતને ઉચિત ગુણો શું મારામાં નથી! છે. પણ તેનું પ્રયોજન શું? રૂપાંનો મારા પર પ્રેમ હોય તેથી પણ શું? શું તે પોતાની ઇચ્છાનુસાર વર્તી શકે ખરી? શી રીતે વર્તે? તેના પિતાનો વિચાર તો કોઇ મહાન કુલવાન અને સમૃદ્ધિવાનને ચરણે એને અર્પવાનો હશે. ધારો કે હું રૂપાંને અંતરના ઉંડાણથી ચ્હાઉં છું કે તે મને ચ્હાય છે તો પણ તે તેની મરજી પ્રમાણે વર્તવા સ્વતંત્ર નથી. અને હું—હું શાના પ્રતાપે તેની

---

* જેને ઇશ્વર સૌંદર્ય અર્પે છે તેને અલંકારની હીનતા સેવવી પડતી નથી. જુઓ ચંદ્રને ઘરેણું—અલંકાર કેવું કદરૂપું લાગે છે! અર્થાત્ કે અલંકાર વગર તેની શોભા છે. અહીં 'ગહના' શબ્દ પર શ્લેષ છે. 'ગહના—ઘરેણાં અલંકાર અને 'ગહના'. ગ્રહણ—ગ્રહણથી પણ ચંદ્ર બેડોળ દેખાય છે. કવિકુલચૂડામણિ કાલીદાસે પણ કહ્યું છે કે—

किमिव हि मधुराणां मण्डनं नाकृतीनाम् ॥

માગણી કરી શકું ? અત્યાર સુધી હું ન્હોતો જાણતો કે રમણી ! તારા દર્શનમાં આટલો પ્રભાવ છે.'

આમ વિચાર કરતો તે પડયો હતો ત્યાં તે ખંડમાં રૂપાં આવી. સાથે તેની દાસી પણ હતી. શૂરસિંહ પોતાના વિચારમાં એવો તો લીન હતો કે રૂપાંનાં આવવાનું તેને ભાન થયું નહીં.

'કયેમ, આજ આપની તબિયત શું કહે છે ?'

શૂર એકાએક ચોંકયો. જાણે સ્વપ્નમાંથી ઝબકી ઉઠયો હોય ત્યેમ તે તરત બેઠો થયો અને રૂપાં તરફ જોઇ બોલી ઉઠયો:

'તબિયત શું કહે ? જ્યાં આપ સરખાં શુશ્રૂષા માટે આટલી કાળજી રાખો ત્યાં આરોગ્ય પુનઃ પ્રાપ્ત થાય એમાં કંઇ આશ્ચર્ય છે ? આપના હાથનો એ સર્વ પ્રભાવ છે.'

'શું કહો છો ? મારા હાથનો પ્રભાવ ! સરદાર ! આપ મારી ખાલી પ્રશંસા કરો છો.'

'આપને લાગે, હું તો સત્ય જ કહું છું.' શૂર બોલ્યો.

'રાજનીતિજ્ઞ પુરૂષો મિષ્ટભાષી હોય છે.'

'હશે, પણ હું કંઇ રાજનીતિજ્ઞ નથી.'

'કદાચ નહીં હો, પણ આપની ભાષા તો તેવી છે.' રૂપાં બોલી.

'હશે, પણ હવે મારે આપની રજા લઇ અહીંથી ચાલી જવું પડશે.' વાત ફેરવતો શૂર બોલ્યો.

'મારી રજાથી ! આપ તે વૈદ્યને પૂછો. આપના સ્વાસ્થ્યની જવાબદારી તેમને શિર છે.'

રૂપાંએ દાસીને ઔષધી આણવા આજ્ઞા કરી. ચતુર દાસી ત્યાંથી ચાલી ગઇ.

'પણ વૈદ્યરાજની જવાબદારી આપને શિરે છેને ?' શૂરે કહ્યું.

'કોણે કહ્યું ? વૈદ્યની જવાબદારી મેં કંઇ લીધી નથી, કુંવરશ્રી !'

શૂર સમજ્યો કે આ વાગ્વિદગ્ધા જોડે વાતોમાં તે ફાવે ત્યેમ નથી છતાં તેણે કહ્યું:

'પણ આપે જ વૈદ્યને તેડાવી મારા ઉપચાર કરવાની આજ્ઞા કરી ને?'

'તેથી શું? તેના ઉપચારની જવાબદારી મારે શિર શી રીતે આવી?'

શૂર સમજ્યો કે ચતુર રાજકુમારીએ તેને વાતમાં સ્હે આપી છે. કયી ચાલ ચાલવી તેની તેને એકદમ સુઝ પડી નહીં. તેણે કહ્યું:

'આપ જાણો છો કે મેં કંઇ જરૂરી કાર્યનો ભાર ગ્રહણ કર્યો છે અને આપ હવે મને રજા આપો તો ઠીક. કારણ કે—'

'આપ મારી રજા લઇને અહીં પધાર્યા હતા?'

શૂર તાડી ગયો કે વાકચાતુર્યમાં તેને જીતવી સ્હેલ નથી. તેણે પ્રશ્નની દરેક બાજુને ઘેરી લીધી હતી.

'અહો! આપ જ મને અહીં લઇ આવ્યાં છો ને?'

'કબૂલ,' રૂપાંએ કહ્યું.

'તો આપ જ મને રજા આપો.'

'જો હું આપને અહીં લઇ આવી હોઉં તો હું કહું ત્યારે આપ અહીંથી પ્રયાણ કરો.'

શૂર ચેતી ગયો કે વાક્યુદ્ધમાં આ વાક્પ્રગલ્ભા સાથે જય મેળવવો મુશ્કેલ છે. શૂરે તેને નમ્રતાથી કહ્યું:

'આપની ઇચ્છાને આજ્ઞા લેખી તે પ્રમાણે વર્તવા હું તત્પર છું. પરંતુ, જે કાર્ય મને સોંપવામાં આવ્યું છે તેની ક્ષતિ થવાનો સંભવ છે. આપ તે સમજી શકો તેમ છો.'

'કુંવરશ્રી! આજ્ઞા કોને કહી શકાય? આપ સમજો છો?' રૂપાં બોલી.

'હા, પોતાના સેવકને કે પોતાનાથી કનિષ્ઠ દરજ્જાના માણસને.'

'તો પછી આપ આજ્ઞા કયેમ કહો છો?'

'હું કયારે કહું છું કે આપ આજ્ઞા કરો છો. હું તો એમ કહું છું કે, આપની ન્હાનીશી ઇચ્છા મારે મન આજ્ઞા સમાન છે.' પહેલી જ વાર રૂપાંએ વાક્દાવમાં ભૂલ કરી.

એટલામાં દાસી દવા લઇને આવી. પ્યાલીમાં દવા મેળવી દાસીએ શૂરને તે આપી. શૂર દવા પ્રાશન કરી ગયો. બાદમાં રૂપાંએ કહ્યું:

'સરદાર ! આપ ક્યાં જવા નીકળ્યા હતા અને ક્યાં આવી લાગ્યાં?'

શૂરે અર્થસૂચક મૌન ધારણ કર્યું.

'ત્યારે આપણી ઇચ્છાથી અવાય છે કે જવાય છે, એમ કહી શકાય ખરૂં ?'

'નહીંજ,' શૂરે જવાબ આપ્યો.

આમ વાતચીત ચાલતી હતી ત્યાં વૈદ્યરાજ આવવાના સમાચાર નોકરે કહ્યા. રૂપાંએ તેને અંદર તેડી લાવવા આજ્ઞા કરી. થોડીવારમાં વૈદ્યરાજ અંદર આવતાં શૂરને ઉદ્દેશી કહ્યું;–

'હવે તો આપની તબિયતમાં આરામ થવાનું સ્પષ્ટ જણાય છે. કહો સરદાર ! આપની પ્રકૃતિ કેવી છે ?'

'આપના જેવા દક્ષ અને અનુભવી વૈદ્ય દવા આપે ને પ્રકૃતિમાં ફેર ન પડે એ બનવું શું શક્ય છે ?'

વૈદ્યે પ્રસન્ન મુદ્રાએ શૂરનો હાથ લઇ તેની નાડની પરીક્ષા કરવા માંડી. થોડીવાર નાડ તપાસી કહ્યું.

'આપની પ્રકૃતિમાં ઘણો જ સુધારો છે. પણ આપના મસ્તકની ઇજા કયેમ છે ?'

એક નોકરે મસ્તક પરનો પાટો છોડ્યો. વૈદ્યે ઘા તપાસી કહ્યું:

'સદ્દભાગ્યે, મસ્તકની ચામડીમાં જ ઘા લાગ્યો હતો. જો કે પ્રહાર સખ્ત હતો પણ ઇશ્વર કૃપાથી આપ સ્હેજમાં બચી ગયા. ઘા તો લગભગ તદ્દન રૂઝાઇ જવા આવ્યો છે."

'ત્યારે અહીંથી જવાને માટે, આપનો હવે વાંધો નથી,' શૂરે કહ્યું.

'હજી અલ્પ સમય જો અહીં થોભી જાવ અને વિશ્રાંતિ લ્યો તો સંપૂર્ણ આરામ થઇ જશે. વળી અહીંનાં હવાપાણી પણ સ્વાસ્થ્યકર છે.'

'વૈદ્યરાજ ! આપનું કહેવું યથાર્થ છે. મારા હિતનું છે; પરંતુ અતિ આવશ્યક કામનો બોજો મારા પર હોવાથી, હું વધારે સમય અહીં રોકાઇ શકું એમ નથી.'

'એમ જ હોય તો મારે કંઇ કહેવાનું નથી; પરંતુ, જો આપ અલ્પ સમયને માટે અહીં રોકાઇ જાવ તો આપની પ્રકૃતિમાં ઘણો જ ફરક પડશે. આપ સંપૂર્ણ આરોગ્ય પ્રાપ્ત કરી શકશો અને નવશકિત પ્રાપ્ત થશે.'

'સરદાર! વૈદ્યરાજ કહે છે તે આપના આરોગ્યની દૃષ્ટિએ કહે છે, હું કંઇ કહેતી નથી. આપ તેમની યોગ્ય સલાહ માન્ય કરો એ જ શ્રેયસ્કર છે.' રૂપાં બોલી.

'વૈદ્યરાજનું કહેવું યથાર્થ છે. અને મને પોતાને પણ એમ લાગે છે કે જો હું અહીં થોડું વધુ વખત રહું તો મને નવશકિત પ્રાપ્ત થાય, પણ જે કાર્ય મને સોંપવામાં આવ્યું છે, તેમાં વધારે વિલંબ થાય તો તેથી હાનિનો સંભવ છે.'

'નીતિવચન તો એવું છે કે आत्मानं सततं रक्षेत्' વૈદ્યરાજે ઉમેર્યું.

'આપ સર્વે જણનું કહેવું વાસ્તવિક છે. એમાં લેશ પણ શંકા કરવા જેવું નથી. ઉપરાંત મારા હિતનું છે; પરંતુ, કર્તવ્યને હું ઠેલી શકતો નથી, તે માટે હું લાચાર છું.'

'આપનું પ્રધાન કર્તવ્ય તો આપનું આરોગ્ય છે.' રૂપાં બોલી.

'કંઇક અંશે તે સત્ય છે, પરંતુ મનુષ્યના જીવનમાં એવા પ્રસંગો આવે છે કે, જ્યારે આરોગ્ય તો શું પણ પોતાના જીવનને તેની આગળ તુચ્છ લેખવું પડે છે.'

'તો આપનું કર્તવ્ય વિલંબને સહન કરે તેમ નથી ?'

'મારૂં તો એમ માનવું છે કે, મને અહીં વધારે વખત રોકાવું પડશે તો મને સોંપેલું કામ કથળી જશે, એટલું જ નહીં, પણ એવા કામને માટે મારી યોગ્યતા પણ ઓછી લેખવામાં આવશે.'

'જો એમ જ છે તો આપને મુસાફરી કરવામાં કંઇ વાંધો નહીં આવે.' વૈદ્યરાજે કહ્યું: 'પણ હા, હું આપું તે તેલ અને ખાવાની દવા લેશો તો સંપૂર્ણ આરામ જલદી થઇ જશે. તેલને એમ કરજો કે સામાન્ય તેલમાં મેળવી શરીરે માલિસ કરાવજો અને પડીકાં આપીશ

તે સ્હવાર સ્હાંજ મધમાં લેજો. આ સિવાય થોડી ગોળીઓ પણ આપીશ જેથી ત્વરિત શકિત આવશે.'

રૂપાં સમજી ગઇ કે વૈદ્યરાજના કહેવાથી શૂર અહીં થોભશે નહીં. વળી તે ચતુર હતી અને શૂરના કાર્યની અગત્ય તે સમજતી હતી એટલે ઝાઝો આગ્રહ કરવો તેને પોતાને ઠીક લાગતો ન હતો, છતાં તેણે એકાદ બે રોજ થોભે એવા ઇરાદાથી કહ્યું:

'સરદાર ! આપના કાર્યને હાનિ પહોંચે કે આપની યોગ્યતા ઓછી લેખાય એમ કરવા આપને આગ્રહ કરવો, એ કોઇપણ રીતે ઠીક નથી. પણ એક જ વાતનો ખેદ થાય છે કે, આપ જો થોડો સમય અહીં થોભી ગયા હોત તો પિતાશ્રી તેટલામાં આવી પહોંચત. તેઓ આપનો પરિચય મેળવી પરમ ખૂશી થાત; પરંતુ, આપનું કાર્ય જરૂરી હોય તો આપને આપની મરજી વિરૂદ્ધ રોકવા એ વ્યર્થ છે.'

'આપ સર્વનો મારા જેવા એક અજ્ઞાત માણસ પર સદય વ્યવહાર, મમતા, મારા અંન્તઃકરણને ગળગળું બનાવે છે; અને તેની ઉપેક્ષા ન થવી જોઇએ, એમ મારી વિવેકબુદ્ધિ કહે છે; છતાં, આપનાથી એ વાત મેં છાની નથી રાખી કે, રાજ્યનું એક મહત્વનું કામ મને સોંપવામાં આવ્યું છે અને તેમાં વિલંબ થવાથી નુકસાન થવાનો સંભવ છે.'

'તો પછી અમે આપની ઇચ્છાને આડે નહીં આવીએ.' રૂપાં બોલી અને વૈદ્યરાજને ઉદ્દેશી ઉમેર્યું: 'તો વૈદ્યરાજ ! આપ જે કહો છો તે સર્વ દવા આજે જ મોકલી આપવા કૃપા કરશો. હું મારા નોકરને આપની સાથે મોકલી આપું છું.'

વૈદ્યરાજે શૂરના ઘા પર ફરીથી પાટો બાંધ્યો. પછી એક પડીકું બાટવામાંથી કાઢી નોકરને ઉદ્દેશી કહ્યું:—

'આ દવા તેલમાં મેળવી એમના શરીરે માલીશ કરજો. બે એક કલાક પછી ગરમ પાણીએ સ્નાન કરાવજો એટલે શરીરમાં સ્ફૂર્તિ આવશે.'

વૈદ્યરાજ દવા આપી ચાલી ગયા. એક નોકર તેમની સાથે ગયો. વૈદ્યરાજના ગયા પછી રૂપાંએ શૂરને કહ્યું:

'ત્યારે આપ અહીંથી જવાના જ ?'

'તેમ કર્યા વગર છૂટકો નથી.'

'વારૂ, તો આપ કયારે જવાનો ઇરાદો રાખો છો ?'

'આપ રજા આપો ત્યારે ?'

'મેં કયાં આપને કેદ કરી રાખ્યા છે ?'

રૂપાં હાથ વીંઝવા જતાં તેના હાથની આંગળી પરની વીંટી સરકી દૂર પડી. શૂરે તે ઝટ ઉંચકી લીધી. ક્ષણુ વાર તે મુદ્રિકા જોઇ રહ્યો અને દૂરથી પાછી આપતાં બોલ્યો:

'આપે નહીં તો આપના સદય વ્યવહારે, આપની અનુકમ્પાએ, આપના ઉદાર ભાવોએ મને કેદી જ બનાવ્યો છે.'

'તો તેનું બંધન આપ તોડવા સમર્થ છો.'

શૂર રૂપાંના મનનો ભાવ કળી ગયો. તેના બોલવામાં એક પ્રકારનો તીક્ષ્ણ આઘાત અને ઠપકો તે માપી ગયો. તેણે ગળગળા સ્વરે કહ્યું:

'આપના કહેવાનો આશય હું સમજું છું, પણ મારે અહીંથી ગયા વગર છૂટકો નથી. આપના ઉદાર અને મમતાભર્યા વ્યવહારે મારા મન પર જે અસર કરી છે તે કદિ વિસરાય તેમ નથી. હું સ્મરણ તો અહોનીશ કરતો રહીશ. આપની મૂર્તિ હૃદય મંદિરમાં સ્થાપીશ—તેનું પૂજન કરતો રહીશ. જે ક્ષણો આ આવાસમાં મેં ગાળી છે તે ક્ષણો મારા આયુષ્યની પુનિત ક્ષણો છે. આ સ્થાન, આ પ્રસંગ, આપની મમતા મારા હૃદય પરથી કદિ ભુસાવાનાં નથી. આપના સૌજન્યની પ્રશંસા કરવી શકય નથી. મારા કોઇ આપ્તજનને પણ મારા પર એટલી દયા દાખવી હોત કે નહીં તે શંકા છે. આ સર્વનું ઋણ મારાથી ફેડાય એમ નથી. ઇશ્વર મને પણ ઉપકાર ફેડવાની તક આપે એ જ ઇચ્છું છું. આપના પિતાશ્રીનો પરિચય થયો હું પરમ ભાગ્-

શાળી થાત, પરંતુ, મને સોંપેલું મહત્વનું કાર્ય મારે કર્યા વગર છૂટકો નથી. હું જતો નથી પણ કર્તવ્ય મને અહીંથી લઇ જાય છે.'

રૂપાં એક ટશે તેના તરફ જોઇ રહી હતી. ઘડીકમાં તે નીચું જોતી તો પાછી બીજીજ ઘડીએ તે પોતાની દષ્ટિ તેના પર સ્થાપતી હતી. તે પણ ગળગળી થઇ ગઇ હતી. બન્ને એકમેકનાં હ્રદયના ભાવને પારખી ગયાં હતાં, પણ ખુલ્લી રીતે વ્યકત કરવા સમર્થ નહતાં. આખરે રૂપાંએ પૂછ્યું:-

'આપ કાલ્યે ક્યારે પ્રયાણ કરવા ઇરાદો રાખો છો ?'

'બને તો સ્હવારના.'

'તો આપને માટે સાંઢણી તૈયાર રખાવીશ, કારણ કે તેથી આપ જલ્દીથી પહોંચી શકશો. આપનો નિવાસ જયપુરમાં કયાં હોય છે તે જણાવવામાં વાંધો ન હોય તો જણાવશો.'

'શ્રી બલુજીને ત્યાં મારો નિવાસ છે.'

રૂપાં ત્યાંથી ચાલી ગઇ. નોકરે આવી દવા શૂર પાસે મૂકી. વૈદ્યના કહેવા પ્રમાણે તેણે શરીરને માલિશ કરાવ્યું. પછી સ્નાન કરી વાળુ કરી સૂઇ ગયો.

પ્રાતઃકાળ થયા પછી, પ્રભાત વિધિ પૂરી કરી શૂરસિંહ જવાને માટે તૈયાર થયો. પ્રસ્થાન વખતે બ્રાહ્મણે શૂરના લલાટમાં તિલક કર્યું, આશિષ આપ્યા. રૂપાં દૂર ઉભી તેને જોઇ રહી હતી. શૂરની પણ નજર તેના પર હતી. બન્નેની આંખ એકમેકને કહેતી કે;

"નિગાહોંમેં યકરાર સારે હુએ હૈં
હમ કિસકે હુએ વહ હમારે હુએ હૈં"

પ્રકરણ ૬ ઠું.

પ્રયાણ

શેર સાંઢણી પર સ્વાર થઇ પોતાનો માર્ગક્રમણ કરવા લાગ્યો. રસ્તે જતાં તેનું લક્ષ પ્રાકૃતિક સૌંદર્ય તરફ ન હતું. તેના મનમાં કંઇ અન્ય જ વિચાર એક પછી એક આવતા હતા. તેના મનમાં રૂપાંની મૂર્તિ રમતી હતી. ક્ષણમાં તેના રૂપનું ધ્યાન ધરતો, ક્ષણમાં તેની મીઠી વાણીનું સ્મરણ કરતો. તેનું આવવું, તેની ચાલ, તેનો વ્યવહાર, તેના મનમાં એક પછી એક આવ્યા કરતાં હતાં. આમ રસ્તો કાપતાં કાપતાં તેને કવિમણિ ભવભૂતિની પંક્તિનું સ્મરણ થયું કે:—

म्लानस्य जीवकुसुमस्य विकासनानि
संतर्पणानि सकलेन्द्रियमोहनानि ।
एतानि ते सुवचनानि सरोरुहाक्षि
कर्णामृतानि मनसश्च रसायनानि ॥*

તેનું મન જ્યાં તે ઘવાઇ પડયો હતો ત્યાં જ તે ઓરડામાં રમતું હતું. એકેક બનાવ સમુદ્રના તરંગોની પેઠે તેના મનમાં ઉત્પન્ન થતા હતા. ક્ષણમાં વળી વિચારનો પ્રવાહ બદલાતો, પણ વિષય તેનો તે જ રહેતો. તેનું મન તેની દયા ને ઉપકારનું સ્મરણ કરતું હતું. ક્યાં

---

* સુકાયલા જીવરૂપી ફુલને ખિલાવે :
તૃપ્તિ કરે મનની શુદ્ધિ બધી ભુલાવે :
જે કર્ણ અમૃત રસાયન ચિત્ત કેરાં :
આ આ મીઠાં વચન તે કમલાક્ષિ કેરાં. (ઉ. રા. ચ. મ. ન. દ્વિવેદી.)

તેનું ધવાવું અને કયાં તેનું ત્યાંથી પસાર થવું! તેને એમ થતું હતું કે આ માટે તેણે મારા જેવા એક ક્ષુદ્ર સૈનિક પર એટલી દયા દાખવી? ખરેખર આમાં કંઇ વિધિનો ઉંડા ભેદ હોવો જોઇએ.

રસ્તે એક બેલગાડી જતી હતી. તેમાં કેટલીક સ્ત્રીઓ હતી. એક મોટા અવાજે ગાતી હતીઃ

માકા મોહનજી રે, થારે બેગાને આજો
કંઇ લાજોરે ગુજરાતી ચૂડો,
કે સંગે સોહે રૂડો,
ચૂડો લાજો ચીપ ઘડાજો
ઝાંઝરિયા ઝમકાજો.
મુજ મૃગનેણીરી ગરજ પડે તો
મોંઘાં મોતી લાજો—માકા મોહનજીરે
થારે બેગાને આજો.

શૂરના વિચાર ભંગ થયા. તે કંઇ મનમાં હસ્યો. સ્ત્રીઓની વાંછના અલંકાર આભૂષણની હોય છે, તેથી કે બીજા કશાથી તેને મંદ હાસ્ય સ્ફૂર્યું. તેને એમ થયું કે જે કામને માટે મને મોકલ્યો હતો તેમાં મને સિદ્ધિ પ્રાપ્ત થઇ નહીં, મારે માટે તેઓ શું ધારશે? ધારવાનું શું હતું? એમાં મારી ક્ષતિ થોડી હતી? કોણે ધાર્યું હતું કે એકે સામટા બંને જણુ મારા પર હુમલો કરશે? ગમે તેમ પણુ કામ તો સિદ્ધ ન કરી શક્યો. દૈવે ધાર્યું હોય તે થાય. આમ વિચાર કરતો તે સાંઢણી પર માર્ગ કાપતો હતો.

આખરે જયપુર આવી પહોંચ્યું. તેણે સાંઢણીવાળાને અમુક રસ્તે સાંઢણી લેવા કહ્યું. થોડીવારમાં એક પ્રશસ્ત મકાન આગળ સાંઢણી આવીને ઉભી રહી. શૂરે ઇશારો કરતાં સાંઢણીને ઝોકાવી, ઝુકાવી શૂર ઉતર્યો. દેવડીપરના નોકરે તેને પ્રણામ કર્યા. શૂરે તે નોકરને સાંઢણીવાળાને પૈસા આપી દેવા સૂચના કરી. બાદમાં તે અંદર ગયો. અંદર જઇ પોતાના ઓરડામાં જઇ કપડાં બદલ્યાં અને બહુજીની ખબર

પૂછી, જવાબમાં માલૂમ પડ્યું કે તેઓ દરબારમાં ગયા છે. નોકરે ઉમેર્યું કે, આપને પણ પધારો તો ત્યાં જવાનું કહેવામાં આવ્યું છે.

પ્રથમ તો શૂરે સ્નાન કર્યું. પછી ભોજન કરી તે બિછાના પર આડો પડ્યો અને થોડીવારમાં તે ઘસઘસાટ ઉંઘી ગયો. બાદમાં ઉઠી મોં ધોઇ દરબારી પોશાક ધારણ કરી રાજમહેલમાં ગયો. પ્રહરીએ તેને અંદર જવા દીધો. આમ કેટલાક ખંડ પસાર કર્યા પછી ત્યાં બીજા પ્રહરીએ શૂરના આવવાની સૂચના આપી. તરત જ પછી તેને અંદર પ્રવેશ કરવા દેવામાં આવ્યો.

× × × ×

અંબરાધિપતિ પ્રતાપ પોતાના ખાસ માણસો સાથે મંત્રણા માટે બેઠો હતો. આ ખાસ માણસોનો અમારા વાચકોને પરિચય છે. બલુજી, કવિરાજ, માધોસિંહ વગેરે હતા. શૂરે દાખલ થતાંની વાર નીચા નમી સર્વને પ્રણામ કર્યા. બલુજીએ તેની સ્હામું જોયું. શૂર ઇશારો સમજી ગયો અને તેણે પોતાનો વૃત્તાંત કહી સંભળાવ્યો.

અંબરાધિપતિએ પૂછ્યું: 'આ બનાવના મૂળમાં શું ધારો છો?'

'એ જ કે, સ્હામા પક્ષને આપણો સુગાવો છે. તે દરેક હીલચાલ પર બારીક નજર રાખતા જણાય છે.'

'પણ એ હુમલો કરનારને કોણે મોકલ્યા હશે?' કવિરાજ બોલી ઉઠ્યા.

'એ તો સ્પષ્ટ છે કે દુશ્મનના માણસોએ.'

'એ કબૂલ કરીએ કે દુશ્મનોના માણસોએ હુમલો કર્યો. એમાં કંઇ સંશય જેવું નથી, પણ આપણો તરુણ કિશનગઢ તરફ જાય છે એ વાતની ખબર ક્યાંથી પડી?'

'એટલું તો ચોક્કસ જણાય છે કે આપણી મંત્રણાનો કંઇક ભેદ દુશ્મનને કાને જાય છે.' પ્રતાપે કહ્યું.

'અન્નદાતા! મારે તેમની સાથે દ્વંદ્વમાં ઉતરવું પડ્યું. ત્યાર પહેલાં તેના નાયકે મને કહ્યું હતું કે, 'તમો જે પત્ર લઇને જાવ છો તે

અમને આપી દો.' મેં તેનો ઇન્કાર કર્યો. તેના જવાબમાં તેમણે કહ્યું કે, 'અમને પક્કે પાયે ખબર મળી છે કે, તમે એક અગત્યનો ખરિતો લઇ કિશનગઢ તરફ જાવ છો.' આ શબ્દો જ બતાવી આપે છે કે તેઓને આપણી મંત્રણાની કંઇક ખબર પડી હોવી જોઇએ.'

'હા, આ પરથી એમ જણાય છે.'

'અન્નદાતા ! ખૂશાલીરામજીએ ત્રણ માણસોને તે તરફ મોકલ્યા હતા.'

'શા પરથી જાણ્યું ?' વૃદ્ધ સરદારે વચ્ચે જ પૂછ્યું.

'અન્નદાતા ! આપ જ અંદાજ કરી શકો છો કે, જો તેમણે આપણા ઘરમાં ભેદુ રાખ્યા છે, તો આપનો સેવક તે કામમાં પાછો પડે તેમ નથી. એમને સખ્ત તાકીદ હતી કે ત્યાં જનારને પકડી ગમે તે પ્રકારે તે કાગળ પ્રાપ્ત કરવો. પણ તેમાં તેઓ ફાવ્યા નહીં અને એક આદમીનો જમણો હાથ સદાને માટે ગયો.' માધોસિંહે કહ્યું.

'બરાબર છે !' શૂરે કહ્યું.

'બીજું એ કે તપાસ કરતાં મારા માણસોને જણાયું છે કે આપણા અમાત્યે ત્રણ માણસોને કિશનગઢની સરહદ તરફ રવાના કર્યા હતા. તેમાંથી ગંભીર નામનો માણસ હાથ કપાવીને પાછો ફર્યો છે. એની સાથેના બે માણસો હતા તેમાંથી એકનો પત્તો નથી. જેને ઇજા થઇ છે તે મલમપટ્ટો કરાવવા ગુરૂસિંગને ત્યાં ગયો હતો. તેના સાથીદારોને આરોપ ઘડી પકડવા નકામા છે. શા માટે ગયા હતા તે બધી હકિકત આપણી આગળ રજુ થશે.' માધોસિંહે કહ્યું.

'વારૂ, આ તો થઇ વોરાની હકીકત. પણ માધજી સિંધિયાને મળવા ગયા છે, તેમના સમાચાર કંઇ સાંપડયા છે ખરા ?' હાજર રહેલામાંના એક જણે પ્રશ્ન કર્યો.

'રામચંદ્ર તુકદેવ હજી પાછા ફરેલ નથી. ખંડણી કેટલી માંગવી વગેરે બાબત પર ગડમથલ થાય છે. કેટલાકનો મત એવો છે કે માગણી એવી કરવી કે પહોંચી ન વળાય. જ્યારે બીજા કેટલાકનું

કહેવું તેથી વિરૂદ્ધ છે. માગણી નક્કી થતાં તેઓ અહીં આવી પહોંચશે.' બલુજી બોલ્યા.

'વખત ત્વરાનો છે માટે આપણે પણ આપણી ફોજનો અને પૈસાનો પૂરતો પ્રબંધ કરવાની અગત્ય છે. આ વખતે સિસોદિયાની સહાયની અપેક્ષા રાખવી નકામી છે. મરાઠાઓએ તેમનું લોહી સુદ્ધાં રહેવા દીધું નથી. અત્યારે તો એક જ વીર આપણી કુમકે આવી ચઢે એમ છે અને મારો વિચાર એમ થાય છે કે તેમને આપણા પક્ષમાં મેળવી લઇએ.' અંબરપતિએ કહ્યું.

'વાહ અન્નદાતા ! વાહ ! આપનું રાજ્ય અખંડ તપો. આપે જે અનુમાન કર્યું છે તે બરાબર છે. આ સમયે જો મારૂપતિ આપણને સાથ દે તો વિજયલક્ષ્મી રજપુતોને વરે, એમાં કંઇ શંકા નથી. મારૂરાજને હૈયે રજપુતોનું હિત વસે છે અને મરાઠા લૂંટેરૂને દમન કરવા તથા સમસ્ત રાજપુત પ્રદેશનું કંટક કાઢવા તેઓ જરૂર સહાય કરવા ના નહીં પાડે. અત્યારે તો સર્વની મીટ એ વીર પર મંડાઇ છે. વાહ ! અન્નદાતા ! વાહ ! આપની બુદ્ધિને ધન્ય છે. જય ભગવતી ! જય !' કવિરાજ પોકારી ઉઠ્યા.

'મારો વિચાર એવો છે કે હું હળદિયાજીને જાતે જ જોધપુર મોકલું, અને મારવાડની રાઠોડી સેના આપણી કુમકે ઉભી રહે તેને માટે શ્રી વિજયસિંહને મળી બંદોબસ્ત કરી આવે !' પ્રતાપે કહ્યું.

'અન્નદાતા ! આપની યોજના ઉત્તમ છે. શ્રી વિજયસિંહને રજપુતોનું પૂર્ણ અભિમાન છે અને તે અવશ્ય મદદ આપશે. જો વિજયસિંહ જેવા નરેશ થોડાઘણા હોય તો કોની માએ શેર સુંઠ ખાધી છે કે રાજપુતાના તરફ આંખ ઉંચી કરે ?' બલુજી બોલ્યા.

'કૃપાનાથ !' એક વૃદ્ધ બોલ્યો, 'મને એમ ભાસે છે કે આપણે પણ જો હમદાનીની મદદ લઇએ તો કેમ ? સાંભળવા પ્રમાણે નજફકુલીખાન માચેરીના રાવની સાથે મળી ગયેલ છે. તે સીધી રીતે યા આડકતરી રીતે સિંધિયાને સહાય આપશે. સિંધિયાને સહાય ન આપે તો પણ

તે આપણા પક્ષમાં નથી. રાવની દાનત બૂરી છે. એ તો બે પક્ષમાંથી કોઈનો પણ પક્ષ ન કરતાં પોતાનું હિત સાધવા માગે છે. આપણે પણ હમદાનીને આપણા પક્ષમાં સાધીએ તો ?'

'વાહ, યુક્તિ તો ઉત્તમ છે અને વળી હાલના સંજોગો જોતાં તે આપણને સાથ અવશ્ય આપશે'. પ્રતાપે કહ્યું.

'નિઃસંશય આ લાભ લેવા જેવો છે અને મારી પણ ખાત્રી છે કે તે જરૂર આપણને સાથ આપશે. હમણાંજ મને સમાચાર સાંપડયા છે કે દિલ્હીના શહેનશાહે પણ માધજી પર દબાણ કર્યું છે કે તે તેમના હિતની અવગણના કરે છે. આવી સુસંધી કોઈ પણ રીતે ગુમાવવી ઉચિત નથી.' બલુજી બોલ્યા.

'તો એને માટે પણ આપણે કંઈ બંદોબસ્ત કરીએ. મને લાગે છે કે આપણે તેને માટે નાથજીની યોજના કરીએ.' પ્રતાપે કહ્યું.

'ઠીક છે.' બલુજીએ કહ્યું.

'પણ તેમની મદદ માંગવામાં તેમને કંઈ સંતોષવા પડશે ને ?'

'બરાબર છે. આપણે પ્રથમ એ જાણી લઈએ કે શી શરતે તે મદદ કરવા તૈયાર છે. ગમે તેમ પણ આ વરૂઓ કરતાં તે મોગલ ઉદાર હૃદયનો છે.'

અંબરપતિ થોડી પળ વિચારમગ્ન થયા. તરત જ તેમણે અનુચરને આજ્ઞા કરી કે: "જરૂરનું કામ છે માટે સેનાપતિને અહીં આવવા કહો."

તરત જ એક માણસ ત્યાંથી ચાલી નીકળ્યો. અમાત્યની કચેરીમાં પહોંચી તેણે રાજાનો સંદેશો જણાવ્યો. કોઈ પણ પ્રકારનો વિલંબ કર્યા વગર દોલતરામ હલદિયા ઘોડા પર બેસી રાજમહેલમાં આવ્યો અને જ્યાં મસલત થતી હતી ત્યાં હાજર થયો. માનપૂર્વક રાજાને નમન કર્યું. સરદારોએ તેને માટે અંબરપતિ પાસે સ્થાન આપ્યું.

દોલતરામ હળદિયા અત્યારે અંબર રાજ્યના મંત્રિપદે હતો. તે પણ રાજનીતિપટુ મનુષ્ય હતો. જો કે માજી દિવાન ખુશાલીરામ બ્હોરાના જેવો કૂટનીતિજ્ઞ ન હતો; પરંતુ, તે સમયની પરિસ્થિતિથી પુરતો

ચાહક હતો અને અંબર રાજ્યની ડગમગતી લક્ષ્મીને સ્થિર કરવા તેના પ્રયત્નો જાણીતા હતા.

અમાત્ય આવતાંની વાર અંબરપતિએ તેને ઉદ્દેશી કહ્યું;

'મંત્રિવર! અમે સહુ એવા વિચાર પર સંમત થયા છીએ કે અત્યારના આ કટોકટીના વખતે રાઠોડની સહાય આપણને મળે તો ઠીક. અને તેને માટે આપણે પેરવી કરવી.'

'વિચાર તો ઉત્તમ છે, પણ–' હલદિયાએ કહ્યું.

'પણ શું પ્રધાનજી ? તમને કંઇ આમાં શંકા જેવું લાગે છે કે શું ?" બલુજીએ પૂછ્યું.

'કદાચ, આપણી માગણીનો અસ્વીકાર કરે તો?"

'શા માટે અસ્વીકાર કરે ?' બલુજીએ પૂછ્યું.

'આપ જ વિચાર કરોને. એમ શું બનવાજોગ નથી કે તેઓ ના પાડે.'

બલુજી વિચારમાં પડી ગયા. તેઓ સમજ્યા કે હલદિયા શી બાબતનો ઇશારો કરે છે. જયપુરના ઇતિહાસમાં એક ઘટના એવી બની હતી. અંબર નરેશ ઇશ્વરસિંહજી એટલે શ્રી પ્રતાપના પિતામહ જોધાણરાજ વિજયસિંહનો પ્રાણ લેવા ઉત્સુક થયા હતા. આ ઉપરાંત બીજી ખેદજનક બીના એ હતી કે જોધપુરના આ વિજયસિંહના પિતાનું મૃત્યુ પણ અંબરના રાણીને આભારી હતું.

બલુજી ચૂપ રહ્યા. તેમણે કવિરાજના સ્હામું જોયું. વિજયસિંહના પિતાનો નાશ અંબરની રાણીએ કરાવ્યો હતો એ બિના સર્વને માલમ હતી. કવિરાજ પણ આ ઘટનાઓ જાણતા હતા. તે બલુજીનો મર્મ સમજી જઇ બોલ્યા:

'પ્રધાનજી ! આપનો કહેવાનો મર્મ વ્યાજબી છે. અંબર રાજ્યના હાથે વિજયસિંહપ્રતિ અન્યાય થયેલ છે. પણ મારવાડના અધિપતિ ઘણા જ ઉદાર મનના છે. આજકાલ આપણા રાજપુત પ્રદેશમાં સ્વદેશને માટે, રાજપુતો માટે, રાજપુત રાજ્યોને માટે જો કોઇ રાજવીને પ્રેમ

હોય તો તે માત્ર વિજયસિંહજીમાં જ છે. રાણા પ્રતાપની દેશભક્તિ અને રક્ત તેમની નસોમાં વહે છે. શાક્તસિંહનો ભ્રાતૃપ્રેમ અને ત્યાગ તેમના અંતરમાં છે. ભલે મેડતાના યુદ્ધમાં રૂપનગરના પદભ્રષ્ટ રાજાના યુવરાજ અને રામસિંહ* ની કપટ કળાથી વિજયલક્ષ્મી વરી નહીં; પણ તેમનું શૌર્ય, તેમનો પ્રતાપ, અતુલ છે. તેઓ જેવા વીર છે તેવાજ સુજ્ઞ રાજનીતિકુશળ છે. સમસ્ત રજપુત જાતિનું તે ગૌરવ છે. હું નથી ધારતો કે રાજપુતોનું શલ્ય દૂર કરવાના પ્રયાસમાં તેઓ કદાપિ ના ભણે.'

'મને પણ, કવિરાજનું કહેવું યથાર્થ લાગે છે. તે ચતુર રાજવી પોતાના રાજ્યના હિતને માટે અજમેર પુનઃ પ્રાપ્ત કરવાની તક ભાગ્યેજ ગુમાવે. રાજપુતોને માથે ઝઝુમતો ભય સદૈવ ટાળવા માટે

* મારવાડના રાજા અભયસિંહ એક અદ્વિતીય વીર પુરૂષ હતા. દિલ્હીના પાદશાહની આજ્ઞાથી ગુજરાતમાં સ્વતંત્ર થઈ બેઠેલ વિદ્રોહી સરબુલંદખાનને એમણે હરાવ્યો હતો. શ્રી અભયસિંહના ભ્રાતા પણ વખ્તસિંહજી તેવા જ વીર હતા. નાગોરનો પ્રદેશ તેમના અધિકાર નીચે હતો. અભયસિંહના મરણ પછી તેમનો પુત્ર રામસિંહ મારવાડની ગાદી પર બેઠો. પરંતુ, સામંતોને પોતાના ખરાબ વર્તનથી તેણે ખિન્ન કર્યા અને ગાદી ત્યજવી પડી. મારવાડની ગાદી પર વખ્તસિંહના પુત્ર વિજયસિંહનો અભિષેક થયો. રામસિંહ ગાદી પુનઃ પ્રાપ્ત કરવા માટે મરાઠાને તેડી લાવ્યો. રામસિંહના પક્ષમાં રૂપનગરનો કુમાર હતો. જયઅપ્પાની સેનાને વિજયસિંહે છિન્નભિન્ન કરી નાંખી અને તેમણે પલાયનનો વિચાર કર્યો; પણ, રૂપનગરના કુમારે, જ્યાં માહનોત શાખાના નેતા નીચે રાઠોડ સેના પ્રબલ યુદ્ધ કરી રહી હતી, ત્યાં ઘોડાપર બેસીને પહોંચી જઇ, બૂમ મારી કે, 'શા માટે વૃથા યુદ્ધ કરો છો? વિજયસિંહ તો ગોળીથી વિંધાઈ મરણ પામ્યા છે.' આ સમાચાર સાંભળી વિજય મેળવવાની અણી પર રાઠોડ સેના યુદ્ધભૂમિપરથી ન્હાસવા લાગી. જો રૂપનગરના રાજકુમારે આવું કપટ ન કર્યું હોત તો વિજય રાઠોડ વીરોનો હતો. આ હાર થવાથી અજમેર પ્રાંત સિંધિયાને આપવો પડયો હતો.

(જુવો ટોડ રાજસ્થાન ભાગ ૨. પૃ. ૧૪૯.)

તેઓ જરૂર તૈયાર થશે અને જો રાઠોડોની સહાય મળે તો આપણે ઘણી સ્હેલાઇથી આપણો હાથ દુશ્મનોને દાખવીશું.' બલુજી બોલ્યા.

'પૃથ્વીનાથ! જો આપની આજ્ઞા હોય તો હું જોધાણપતિ પાસે પહોંચું. મારો વિશ્વાસ છે કે વિજયસિંહજી સમસ્ત રાજપુતાનાનું હિત લક્ષમાં લઇ આપણી વ્હારે ધાશે. શ્રી ભવાનીની કૃપાથી આ કામ આપનો કિંકર સિદ્ધ કરી શકશે.' કવિરાજે ઉત્સાહમાં આવી કહ્યું.

'કવિરાજ! આપને તસ્દી આપવા હું ઇચ્છતો નથી.' પ્રતાપે કહ્યું, 'આપને માટે બીજાં યોગ્ય કામ છે. હું ચતુર હળદિયાજીને પત્ર લખી આપી મોકલું છું અને મારી ખાત્રી છે કે મારો પ્રધાન આ કાર્યમાં વિજય મેળવીને આવશે.'

'જેવી અન્નદાતાની આજ્ઞા.' હળદિયાજીએ કહ્યું.

તરત જ કાગળ લખવાને માટે આજ્ઞા થઇ. મુત્સદ્દીએ કાગળ ખરડો વાંચી સંભળાવ્યો. બધાને પસંદ આવ્યો. કાગળ લખાયા બાદ રાજાએ તે પર પોતાની મુદ્રા અંકિત કરી. તે કાગળ દોલતરામ હળદિયાને સોંપી સુઅવસરે જોધપુર પ્રયાણ કરવા તેમણે આજ્ઞા કરી.

આમ વાતચીત થતી હતી ત્યાં એક નોકરે અંદર પ્રવેશ કર્યો અને બોલ્યોઃ 'અન્નદાતા! અતિ મહત્વની ખબર આપવા માટે એક અનુચર અંદર આવવાની આજ્ઞા માગે છે.'

પ્રતાપે આવવા દેવાની ઇચ્છા પ્રદર્શિત કરી.

તે અનુચરે ભોંય સુધી નીચે નમી સલામ કરી વિદિત કર્યું કે 'સીકરમાં વિદ્રોહનો અગ્નિ ફેલાયો છે. આ બંડની આગ સર્વત્ર ફેલાવાનો સંભવ છે.'

રાજાએ આજ્ઞા કરી કે, 'નંદરામ હળદિયા, ઉદયમલ અને શૂરને ત્યાં સેના સહિત મોકલી આપો!'

પ્રકરણ ૭ મું

અપહરણ

શૂરના પ્રયાણ પછી રૂપાંના દિલને કંઇ રૂચતું ન હતું. રોજના કામકાજમાં પણ તેનું પહેલાંનાં જેવું ચિત્ત ન હતું. તે મ્લાન રહેતી હતી. તેની ચતુર દાસીથી આ સર્વ અજાણ્યું ન હતું. તે તેના મનની ખરી સ્થિતિ પામી ગઇ હતી. તે જાણતી હતી કે જે દિવસે શૂર તેને નજરે પડયો હતો તે દિવસથી તેણે પોતાનું દિલ ગુમાવી દીધું હતું.

યૌવને આવીને રૂપાંને આલિંગન આપ્યું હતું. તેની શરીરસંપદે નવમલ્લિકાની મંજરીની માફક શોભા ધારણ કરી હતી. નયનમાં અલસ મદિરાભાવ, ચરણમાં સવિલાસ ગતિ, સર્વાંગમાં સ્મરસંકોચ જાગૃત થયો હતો. મનોભવ માનસ ક્ષેત્રમાં તાંડવ નૃત્ય કરતો હતો. તેના મનમાં પ્રણયાકાંક્ષાજ જાગી ઉઠી હતી. રૂપાં રજપુત રમણીમાં એક રત્ન હતી. ટૂંકમાં.

> નૈન છકે, બૈના છકે, છકે અધર મુસ્કાય,
> છકી દૃષ્ટિ જા પર પડે, રોમરોમ છક જાય.

એવી રૂપાં હતી, પણ અત્યારે તેનામાં વિલક્ષણ ફેરફાર થયો હતો. તેના દિલમાં કંઇ ઓરજ વિચાર આવતા હતા. તેના હૈયામાં શૂરની મૂર્તિ ખેલ્યા કરતી હતી. ઘરમાં શૂરના આવ્યા પછીના પ્રત્યેક બનાવ તેના મનમાં રમતા હતા. તેનું બેસવું, તેનું ઉઠવું, તેની ચલન-વલનવૃત્તિ એ સર્વમાં, તેને કંઇ અપૂર્વતા ભાસતી હતી. તેના મનમાં એમ

પણ થતું હતું કે આ તરૂણ રજપુતની ફરી મુલાકાત થશે ખરી? અને જો ત્યેમ થાય તો પિતાજી તેની સાથે પાણિગ્રહણને માટે પરવાનગી આપશે ખરા? શા માટે નહીં આપે? મારી પ્રત્યેક ઇચ્છા પૂરી કરવા એ પ્રયત્ન કરે છે તો મારી માગણીને તેઓ નકારશે નહીં. પણ ખાત્રી શી? પિતાજીને કુળનું એટલું અભિમાન છે કે ન પૂછો વાત! એક સામાન્ય રજપૂતને મારો હાથ અર્પવા સંમત નહીં થાય. પણ તેઓ ક્યાં સામાન્ય રજપુત છે? ઉચ્ચ ગુણોથી વિભૂષિત છે. તેઓ સામાન્ય નથી. તેમની કુલીનતા તો તેમના વદન પરથી જણાઇ આવે છે. પણ પિતાજી તો કુળનો આગ્રહ કરશે. તેમનું કુળ પૂછવું ભૂલી ગઇ. હું કેવી મૂરખી?' વળી તેના વિચારે પલટો ખાધો કે, 'તે જરૂર અહીં આવશે. આવ્યા વગર નહીં રહે. તે વખતે તેમના કુળની વાત જાણી લઇશ.'

આમ વિચાર તરંગમાં તે ઝોલા ખાતી હતી. ત્યાં તેની દાસી રામદઇ આવી. દાસી પાછળથી આવી તેનું તેને ભાન રહ્યું નહીં. દાસીએ કહ્યું :—

'કેમ કુંવરીબા! શાનું ધ્યાન ધરી રહ્યા છો?'

રૂપાં ચોંકી. દાસીના અવાજનો તેણે જવાબ આપતાં કહ્યું :

'શાનું ધ્યાન? કોણ કહે છે કે હું ધ્યાન ધરૂં છું?'

'ત્યારે આપ શું પૂજા કરતાં હતાં?'

'પૂજાનું સાહિત્ય તારી આંખે તને જણાય છે?'

'તેથી તો કહું છું કે તમે ધ્યાન ધરતાં હતાં?'

'જો પૂજા ન કરતું તો ધ્યાન ધરતું હોય, એવી તારી સમજ છે?'

'બા સાહેબ! તમે ધ્યાનમાં એવા મશગુલ હતાં કે હું આવી તેની પણ તમને ખબર પડી નહીં. તમે ધ્યાન પણ એકાગ્ર ચિત્તે ધરતાં હતાં.'

'જુઠ્ઠી, કોઇનું હું ધ્યાન ધરતી નહોતી. હું તો કંઇ વિચાર કરતી હતી.'

'ત્યારે આપ કોઇનું રાજપાટ લેવા ઇચ્છો છો કે ઊંડા વિચાર કરતાં હતાં?'

'હું રાજ લઇને શું કરવાની છું?' રૂપાં બોલી.

'જે બધા કરે તે આપ કરવાનાં. મેળવેલા પ્રદેશપર હકુમત કરવાનાં.'

'મારે કીયો પ્રદેશ મેળવવો છે?'

'કયેમ કિયો પ્રદેશ? આપના દિલને પૂછોને. શું આપ જીતની ઇચ્છા રાખતાં નથી?' દાસીએ કહ્યું.

'મારે કંઇ રાજ્યાધિકાર પણ મેળવવો નથી અને જીત પણ મેળવવી નથી.'

'શું આપ તે તરૂણના હૃદય પ્રદેશપર અધિકાર મેળવવા ઇચ્છતા નથી?'

રૂપાં દાસીનું કહેવું સમજી પણ કૃત્રિમતા ધારણ કરી બોલી:

'હું કંઇ એવા વિચાર કરતી નહતી.'

'તમે વિચાર કરતાં ન્હોતાં, બા સાહેબ?'

'ના—ના—ના' રૂપાંએ પ્રત્યુત્તર આપ્યો.

'ત્યારે કુંવરીજી! તમે બરાબર ધ્યાન ધરતાં હતાં.'

'કોનું ધ્યાન! ચીબાવલાવેડા શાના કરે છે?'

'હું ચીબાવલાવેડા કરૂં છું કે ખરી વાત કહું છું? આપે જ કબૂલ કર્યું કે 'હું વિચાર કરતી નહતી' તો પછી આપ ધ્યાન ધરતાં હતાં.'

'કોનું ધ્યાન? મારે શાં ધ્યાન ધરવાં છે?'

'ધ્યાન તો જેનું ધરવાનું હોય તેનું સ્તો.'

'તું તારી જીભને બેલગામ વાપરે છે હોં.'

'કુંવરીબા! અમો રાંક જે કંઇ કહીએ તે બેલગામ.'

રૂપાં ચૂપ રહી. તેણે કંઇ જવાબ આપ્યો નહીં. તેની આંખમાંથી આંસું ટપકવા લાગ્યાં. દાસી તેના મનની સ્થિતિ પામી ગઇ. તે નમ્ર સ્વરે બોલી:-

'કુંવરીબા! આપના દિલને માઠું લાગ્યું?'

રૂપાંએ ડોકું ધૂણાવી 'ના' કહી અને આંસુ પાલવથી લ્હોવા લાગી.

'આપને ચિંતા કરવાની કંઇ જરૂર નથી. ઇશ્વર સહુ સારાં વાનાં કરશે. બાપુજી આપની ઇચ્છાની આડે નહીં આવે. તેઓ આપનો

પડતો બોલ ઝીલે છે. તમે તેમનાં એકના એક કુંવરી છો. કુંવરથી પણ અધિક વ્હાલાં છો.'

'પણ કુળની વાત આવશે ત્યાં પિતાજી હા નહીં ભણે.'

'હેં, હવે કબૂલ કર્યું' ને કોનું ધ્યાન ધરતાં હતાં?'

'રામદઇ! તું બડી ચબરાક છે જો.' રૂપાંએ કહ્યું.

'હોઇએજને! તમારા જેવાંની ચાકરી કરવાની છે ને!'

રૂપાં હસી. તેણે કંઇ જવાબ આપ્યો નહીં. દાસીએ પોતાનું કહેવું શરૂ કર્યું.

'બા સાહેબ! એમ ચિંતા કરવાની જરૂર નથી. કુળની વાત પહેલી છે પણ કયેમ જાણ્યું કે તેમનું કુળ હલકું છે. તમે જ જોયું ને કે તે કોઇ રાજવી જેવા હતા. સામાન્ય માણસ જેવા ન્હોતા. તેમની વાતચીત અને ઠાઠમાઠ ઉપરાંત તેમનું વર્તન એ સહુ તેમના ઉચ્ચ-વંશની ખાત્રી આપે છે. હું તો ધારૂં છું ત્યાંસુધી તેઓ કોઇ ઉચ્ચ કુળના છે, છતાં તેમના કુળની ખબર મેળવી શકાશે.'

'પણ ઉચ્ચવંશના નહીં હોય તો?' રૂપાંએ શંકા કાઢી.

'તેમ બનવું શકય નથી. કારણ કે તેઓ કેવા કામે બ્હાર નીકળ્યા હતા? કોણે મોકલ્યા હતા? કેવું મહાન કાર્ય તેમને સોંપવામાં આવ્યું હતું? આવું કામ કોઈ હલકા માણસને સોંપે ખરાં?'

'રામદઇ! તું મારા હૈયા પર અમીસીંચન કરે છે.'

'કુંવરીબા! આપનું કલ્યાણ ઇચ્છવું એ મારૂં કર્તવ્ય છે. આપના કલ્યાણમાં મારૂં પણ કલ્યાણ છે.'

'તારૂં કલ્યાણ શી રીતે?'

'જો આપ સુખી હશો તો મને પણ સુખ મળવાનું. અને કદાચ ન મળે તો પણ આપને સુખી જોઇ મને સુખ શું ન થાય? હું જ આ જ ઘરમાં પળાઇ મોટી થઇ છું અને આપનાં માતા મરી ગયાં ત્યારથી આપની સંભાળનો ભાર મારાપર છે.'

'રામદઇ! તું મારાપર બહુ દયા રાખે છે.'

'બા સાહેબ! એવું બોલી મને લજવો ના.'

'વારૂ, બાપુ ક્યારે પાછા પધારશે, તેનો તું અંદાજ કરી શકે છે?'

'કુંવરીબા! તેઓ રાજકાજના માનવી! શું કહી શકાય? પણ મને લાગે છે કે જલદીથી પાછા પધારવા જોઇએ.'

'અત્યારના સમયે શું કહેવાય? કયી ઘડીએ શું કામ આવી પડે.'

'એ ખરૂં છે, પણ ઠાકોરને તેમની સલાહ સિવાય બીજું કામ ભાગ્યે જ સોંપવામાં આવે છે.'

'મને પણ લાગે છે કે ઘણાખરા જલદી પાછા ફરશે. પછી તો પ્રભુની ઇચ્છા.'

'પણ બા સાહેબ! આજે ઋણમુકતેશ્વર મહાદેવનાં દર્શને જવાનું છે માટે આપ જલ્દી પરવારી લ્યો.'

'હું તો એ ભૂલીજ ગઇ હતી. સારૂં થયું કે તેં યાદ આપી.'

આમ વાતચીત કર્યા પછી દાસી પોતાને કામે લાગી. કુંવરી પણ સ્નાન વિધિ વગેરે આટોપી લઇ, ભોજન કરી લીધા પછી એક કક્ષામાં જરા આડી પડી. થોડી વારમાં તે નિદ્રાને સ્વાધીન થઇ. એમ કેટલોક સમય વ્યતીત થયા પછી એક નોકરાણી તે કક્ષામાં દાખલ થઇ. તેણે જોયું કે કુંવરી અર્ધ મિલિત નેત્રોથી શય્યા પર પડી છે. તેણે કહ્યું:—

'કુંવરીબા! દર્શને જવાની તૈયારી કરાવું?'

રૂપાં ઝટ બેઠી થઇ, અને જવાબ આપ્યો કે:—

'હા, તૈયારી કરાવ.'

'સાથે કેટલા માણસો આવશે?'

'આજે કંઇ બહુ સેવકોની જરૂર નથી. કારણ કે આજે પિતાજી છે નહીં. બે ગાડી જોડાવ. એકમાં હું અને દાસી બેસીશું. બીજામાં બેચાર સિપાઇઓ હશે તો બસ છે.'

દાસી ત્યાંથી ચાલી ગઇ. રૂપાંએ આવી મુખમાર્જન કરી વસ્ત્રો પહેરી તૈયાર થવા તજવિજ કરી. રૂપાં ઉભી થઇ બીજી કક્ષામાં ગઇ. એક દાસી ગરમ જળની ઝારી લઇ આવી. રૂપાંનું મુખ ધોવરાવ્યું. બાદમાં બીજીએ આવી સુવાસિક તેલ અને આરનો આપ્યો. એક

જણી તેના કેશ વિન્યસ્ત કરી હોળવા લાગી. પછી તેણે યોગ્ય અલંકાર ધારણ કર્યા. તેણે ગુલાબી ફુલવેલદાર ઘાઘરો અને તે પર આસ્માની ઓઢણું ઓઢ્યું હતું. જ્યારે તે ઓઢણું સરકતું ત્યારે વાદળામાંથી ચંદ્રકોર પ્રકાશે તેવું તેનું મોં દેખાતું હતું અથવા તો જ્યારે તે તીરછી નજર ફેરવતી ત્યારે તેનાં નયન જાણે કાલિંદીના નીરમાંથી મીનની જોડી ઉછળતી હોય એમ ભાસતું હતું. થોડી વારમાં રામદઇ ત્યાં આવી. રૂપાંને નીરખી તે કહેવા લાગી.

'કુંવરીજી ! કોઇની–ચોટ–નજર લાગશે. જરા લુણ ઉતારવા દો.'

'જા–જા ચિબાવલી કહીંની.'

'વારૂ, ત્યારે કાજળનું માલુ કરવા દો, કે નજર ન લાગે.'

'ઘેલી કહીંની. ખબર નથી કે,

'સોનેકો રંગ કસોટી લગે. પે કસોટી કો રંગ લગે નહીં સોને.'

બે ગાડીઓ તૈયાર થઇ. એકમાં રૂપાં, રામદઇ અને એક દાસી બેઠાં. બીજી સાધારણ ગાડીમાં અનુચરો બેસી ગયા. ગાડીઓ મંદ વેગથી નિયત સ્થાન પ્રત્યે ચાલવા લાગી. એમ કરતાં તેઓ ઋણમુકતેશ્વર મહાદેવના મંદિર આગળ આવી પહોંચ્યાં.

માશી નદીને કિનારે ઋણમુકતેશ્વર મહાદેવનું મંદિર હતું. એક ઉંચી પત્થરના તટ પર તે મંદિર બાંધ્યું હતું. મંદિરને ફરતો કોટ હતો અને મંદિરના પાછલા ભાગ પર પગથિયાં ઉતરી નદીમાં સ્નાનને માટે જવાની વ્યવસ્થા હતી. આ મંદિર ચંપાવતસિંહે બંધાવ્યું હતું. તેઓ અંબર રાજ્યના મોટા સામંત હતા અને ઉદયમલના પૂર્વજ હતા. મંદિરની વ્યવસ્થા અને પૂજાનો ખર્ચ ઉદયમલજી તરફથી થતો હતો.

થોડીવાર પછી બે ગાડીઓ મંદિરની સમીપ આવી પહોંચી. બીજી ગાડીમાંથી અનુચરો ઉતરી પડયા. પહેલી ગાડીમાંથી રૂપાં, રામદઇ વગેરે ઉતર્યાં. તેઓ મંદિરમાં પ્રવેશ્યાં. પૂજારીએ આવકાર આપ્યો. થોડીવારમાં આરતી શરૂ થઇ. રૂપાં અને દાસી [illegible] નોકરો મંદિરના

અંતર્ભાગમાં ઉભાં રહ્યાં. ઘંટ નગારાનો ધ્વનિ ગાજી ઉઠયો. આશુતોષની આરતી પૂરી થયા પછી પૂજારીએ રૂપાં વગેરે નમણુ આપ્યું. તેણે તે લઇને આંખે લગાડયું. કુંવરીએ પુજારીને પાંચ રૂપિયા દક્ષિણા આપી. તેણે આશીર્વાદ આપ્યો.

રૂપાંએ કહ્યું; 'રામદઇ! આપણે થોડીવાર મંદિરની પાછળ નદી કિનારે બેસીએ.'

રામદઇએ નોકરોને કહ્યું: 'તમો અહીં બેસો. હું અને કુંવરીબા જરા નદી કિનારે થોડી વાર બેસી વિશ્રાંતિ લઇશું.'

નોકરો મહાદેવના મંદિરની બહાર જઇ બેઠા. કોઇ ચલમ પીવા લાગ્યા, તો કોઇ તડાકા મારવા લાગ્યા. રૂપાં અને રામદઇ પગથીઆં ઉતરી નદી કિનારે આવ્યાં. કિનારે કિનારે થોડે દૂર જઇ રૂપાં એક પત્થરની શિલાપર બેઠી. પાસે જ રામદઇ પણ બેઠી. જયેમ કોઇ પિંજરબદ્ધ પક્ષિણીને મુકત કરવાથી જેટલો આનંદ થાય એટલો આનંદ આજ રૂપાંને થતો હતો.

સંધ્યાએ આકાશમાં જાતજાતના રંગ છાંટણાં કર્યાં હતાં. પક્ષીઓ કિલકિલાટ કરી રહ્યાં હતાં. દૂર ખેતરમાં એક ગાય ભાંભરતી હતી. એક ઝાડ પર પંખીએ કિલકિલ કર્યું.

'રામદઇ! આ પક્ષીના કંઠમાં પણ કેટલું સ્વરમાધુર્ય ભર્યું છે.'

'ઇશ્વરે તેની અનંત સમૃદ્ધિ અનંત પદાર્થોમાં વેરી છે. કોઇને કંઇ તો કોઇને કંઇ આપ્યું છે. જુવો આ સંધ્યાદેવીએ સાથિયા પૂર્યા છે, તે કેવા રળિયામણા લાગે છે! આ ફૂલોનો રંગ કેવો નયનરંજક છે! તેનો પમરાટ નાકને કેમો આનંદ આપે છે? આ નદીના ઉપર પવન-લહરી કેવી ભાત પાડે છે? વૃક્ષની ડાળીઓ પવનથી કેવી નાચે છે!'

'રામદઇ! તું તો મોટા કવિરાજને પણ હરાવે તેવી છે.'

'કુંવરીબા! એમાં કવિરાજને હરાવવા જેવું શું છે? આંખો હોય તો જગતમાં ઠેરઠેર સૌંદર્ય ભરેલું છે.'

'તો બધાંને કેમ જણાતું નથી?' રૂપાંએ પૂછ્યું.

'બા સાહેબ! કહું કેની, જેને આંખ્યો હોય તેને જણાય.'

'ત્યારે બધાં શું આંધળાં છે?' રૂપાં બોલી.

'ના, કુંવરીજી! જોવાની શક્તિ જોઇએ ને.'

'આ બધું તું ક્યાંથી શીખી?'

'હું ક્યાં નિશાળમાં શીખવા ગઇ હતી? એ તો ઇશ્વરી બક્ષીસ છે.'

એટલામાં કોઇનો ગીત અવાજ તેમને કાને અથડાયો કે,

'રામ કરે કહું નૈના ન ઉલઝેં,
ઇસ નૈનની લાગ બૂરી હૈ......

બંનેની વાતચીત થંભી ગઇ. સૂર્યાસ્ત થઇ ગયો હતો. અંધકાર પડવા માંડયું હતું. તેઓ મંદિરમાં જઇ ઘેર પાછા ફરવાનો વિચાર કરતાં હતાં, એટલામાં બે ભીમકાય પુરૂષો ત્યાં આવી લાગ્યા અને તેઓ બૂમ કે ચિચિયારી મારે ત્યાર પહેલાં તેમના માથા પર વસ્ત્ર નાંખી મોં બંધ કરી તેમને ઉંચકી ત્યાંથી પસાર થયા.

આમ કેટલીક વાર થઇ ત્યારે અનુચરોને ભીતિ પેદા થઇ કે કુંવરીબા હજી સુધી મંદિરમાં કેમ પાછાં ફર્યાં નથી? તેઓ મંદિરને પાછલે દરવાજેથી નદી કિનારે આવ્યાં. કુંવરીબા કે રામદઇ જણાયાં નહીં.

તેમણે પ્રથમ રામદઇને મોટેથી બૂમ મારી પણ અવાજનો જવાબ આવ્યો નહીં. તેઓ નદી કિનારે આમ તેમ શોધ કરવા લાગ્યા પણ બન્નેનો પત્તો મળ્યો નહીં. પૂજારીને બોલાવી પૂછ્યું કે: 'અહીં કોઇ માણસોનો કે ચોરોનો અવરજવર છે ખરો?'

તેણે કહ્યું કે 'અહીં ચોર કેવા?'

મંદિરની આસપાસના ભાગમાં બે નોકરોએ તપાસ કરી પણ કંઇ ભાળ લાગી નહીં. તેમનાં મ્હોં ઉતરી ગયાં. તેમને લાગ્યું કે ઠાકોર આવતાં આપણી પૂરેપૂરી ખબર લેશે? શું કરવું? તેનો વિચાર કરવા લાગ્યા. આખરે નાસીપાસ થઇ ઘેર પાછા ફર્યા, પણ તેમના મન ઉદ્વિગ્ન હતાં.

'આમ કુંવરીબાને એકાએક કોણ ઉપાડી જાય? શું તેઓ ભૂલાં તો નહીં પડયાં હોયં? ભૂલાં શી રીતે પડે? અહીંથી બહુ દૂર જાય એમ બને નહીં. તો પછી કોઇ તેમને ઉપાડી ગયું કે શું? પણ ત્યેમ બનવું પણ શકય નહતું; કારણ કે કુંવરીબા કે રામદઇ એ બેમાંથી એક જણ તો બૂમ પાડયા વગર રહે નહીં. આ બન્યું શી રીતે? બન્ને જણ એક સામટાં અદૃશ્ય!'

શું કરવું તેની તેઓ મુઝવણમાં પડયા. ખિન્ન ચ્હેરે ઘેર પાછા ફર્યાં પછી તેઓએ થોડાક માણસો નદી પાસેના પ્રદેશમાં અને ત્યાંથી જે વાટ જતી હોય તે વાટે મોકલી તપાસ કરવાનો નિશ્ચય કર્યો અને જો ઠાકોર ન પધારે તો તેમને ખેપિયો મોકલી ખબર આપવા નિશ્ચય કર્યો.

પ્રકરણ ૮ મું

આંતરકલહ

ખંડેલાનું રાજ્ય બે ભાગમાં વિભકત હતું અને તે અંબરને આધીન હતાં; પરંતુ, માચેરીનો દાખલો લઇ અંબરના અંતર્ગત રાજ્યો પણ સ્વતંત્ર થવા પ્રયાસ કરતાં હતાં. અમે જે સમયનું વર્ણન કરીએ છીએ તે સમયે શ્રી પ્રતાપસિંહ અંબરના અધીશ્વર હતા. તેમના સ્વ. પિતા માધવસિંહને વૃંદાવનદાસે પ્રાર્થના કરી હતી કે, ખંડેલાના બે ભાગોમાં પરસ્પર વૈમનસ્ય ચાલે છે અને વારંવાર ઝઘડા ઉત્પન્ન થાય છે, આથી ખંડેલાના રાજ્યનો અધિકાર એકના જ હાથમાં સોંપવાથી હંમેશને માટે આ કજીયા દૂર થઇ જશે. એ તો ઇતિહાસની જાણીતી ઘટના છે કે અંબરપતિએ વૃંદાવનદાસની ઇચ્છા પૂર્ણ કરવા એક સેના આપી. આ સેનાનું ખર્ચ વૃંદાવનદાસને ભોગવવાનું હતું, પણ તે તેમ કરી શક્યો નહીં. સેનાના ખર્ચ માટે તેણે બ્રાહ્મણ પૂજારીઓ પર જોર જુલ્મ કરવા માંડ્યો. બ્રાહ્મણોએ ઘણા પ્રકારે તેમની વિનંતિ કરી, પણ તેમણે તેમની વાત માન્ય કરી નહીં. આથી તેઓ આત્મબલિદાન કરી બ્રહ્મહત્યાનું પાપ તેમને શિર નાખવા લાગ્યા. આ કારણથી અને તે ઉપરાંત ખંડેલાના એક ભાગના અધીશ્વરે અંબર સેનાને માચેરીના રાવ વિરૂદ્ધ મદદ કરી. આવા કારણોથી ઇંદ્રસિંહને ખંડેલાનો અધિકાર પ્રાપ્ત થયો હતો; પણ વૃંદાવનદાસ સાથે શત્રુતા ચાલતી જ હતી. વૃંદાવનદાસ પાસે પ્રચંડ સેના હતી.

ઇન્દ્રસિંહ પોતાની ફોજ લઇ વૃંદાવનદાસ પર ચઢાઇ કરવા ચાલ્યો. દુર્દૈવી બનાવ એવો બન્યો કે વૃંદાવનનો કનિષ્ઠ પુત્ર ઇન્દ્રસિંહની સાથે મળી ગયો અને તેણે પોતાના જન્મદાતા વિરૂદ્ધ માથું ઉંચક્યું. આ બીનાએ ગંભીર રૂપ પકડયું હતું અને જો તે તુરતમાં દાબી દેવામાં ન આવે તો અંબર રાજ્યને જે સમયે દુશ્મન સાથે લઢવાનું હતું તે વખતે ભારે ક્ષતિ થવાનો સંભવ હતો. જો કે આ બંડ સમાવી દેવા અને શાંતિ સ્થાપવા ઉદયમલ અને નંદરામ હળદિયા જવાના હતા. પણ છેલ્લી ઘડીએ ફક્ત ઉદયમલ અને શૂરસિંહને જ તે કાર્ય માટે મોકલવામાં આવ્યા, કારણ કે નંદરામ હળદિયાની હાજરી જયપુરમાં કંઇક કારણસર આવશ્યક હતી.

ઉદયમલે સૈન્ય લઇ કુચ કરવા માંડી. તેમણે બળવાની પરિસ્થિતિ જાણવા કેટલાક માણસો મોકલ્યા હતા. જાસુસે આવી ખબર આપી કે કુચોરી પર હુમલો કરવા વૃંદાવનસિંહ ગયા હતા, પણ રઘુનાથસિંહના માણસોએ તેનો એવો સુંદર રીતે બચાવ કર્યો હતો કે વૃંદાવનદાસને પોતાનો હેતુ સફળ કરવાની તક મળી નહીં અને ત્યાંથી પાછાં ફરવું પડયું.

ઉદયમલે લશ્કરને આગળ વધવા આજ્ઞા કરી. સ્હાંજના પ્હોરે તેઓએ એક પહાડી તળેટીમાં મુકામ કર્યો. સંધ્યાકાળ થતાં ત્યાંથી એક લશ્કરની ટુકડી પસાર થતી હતી. આ ટુકડીએ ઉદયમલની ટુકડીને દુશ્મનની લેખી આક્રમણ કરવા શરૂઆત કરી. જોતજોતામાં લશ્કરને ચેતવણી અપાઇ. ઉદયમલના માણસો તે ટુકડીની સાથે લઢવા લાગ્યા. ઉદયમલના સૈન્યની સંખ્યા વધારે હતી. તેઓ સ્હામા પક્ષના માણસોને હંફાવવા લાગ્યા. વૃદ્ધ ઉદયમલ ઘોડા પર બેસી જાતે સૈન્યમાં કુદી પડયા હતા. આ ઘમસાણમાં એક એકની સ્હામે ભાલાના અને તરવારના પ્રહાર થવા લાગ્યા. અંધારામાં કોના માણસો છે તે ચોક્કસ કહેવું શક્ય ન હતું. જે ભાગ પર ધસારો જબ્બર હતો ત્યાં આગળ ઉદયમલ પહોચી ગયા. શૂર પણ તેમની સાથે ઘોડા પર સજ્જ થઇ લડતો હતો.

એક તરુણ રજપુતે ઉદયમલની સામે પોતાનો ઘોડો બીડયો. બન્ને વચ્ચે સમશેરો ઉછળી. તરુણ બળવાન હતો, તેણે જ્યાં વ્હાર કર્યો કે ઉદયમલના હાથમાંની તરવારનું પાનું તુટી પડયું. અને તે તરુણ વિજળીના વેગથી બીજો પ્રહાર કરે તેટલામાં તેની છાતીમાં એક મજબૂત ભાલાનો એવો જબ્બર આઘાત થયો કે તે ઘાવ ખભા પર લાગતાં તે ઘોડા પરથી ઉછળી પડયો. ઉદયમલે જોયું કે એના મોકા પર મદદ કરનાર શૂરો શૂરસિંહજ હતો. શૂરે તે તરૂણ રજપુતને પકડી લેવા આજ્ઞા કરી. અને તેને પકડી લેવામાં આવ્યો.

આણી તરફ હુમલો કરનારને પોતાની ભૂલ સમજાઇ કે તે દુશ્મન-ના એટલે ઇંદ્રસિંહના માણુસો ન હતાં. આથી લડાઇ પડતી મુકાઇ. આગળ વધવાની આજ્ઞા થઇ. શેખાવતો યુદ્ધ છોડીને ભાગવા લાગ્યા.

× × × ×

અત્રે અમારા વાંચકોને જણાવવાની આવશ્યક્તા છે કે, જયપુરની નાની ફોજ પર હુમલો કરનાર કોણ હતું. વૃંદાવનદાસને બે પુત્રો હતા. જેમાં નાના પુત્રે પોતાના બાપની વિરૂદ્ધ થઇ ઇંદ્રસિંહને સાથ આપ્યો હતો. ઇંદ્રસિંહે અને રઘુનાથે વૃંદાવનદાસને એવા તો હંફાવ્યા કે તેમના પુત્રને આપેલું કુચોર તેઓ લઇ શકયા નહીં, એટલું જ નહીં, પણ જ્યારે તેઓ કુચોરથી પાછા ફરતા હતા. ત્યારે તેમને રસ્તામાં ઘેરી લીધા અને ખંડાલાનું નગર દ્વાર બંધ કરી દીધું કે અંદર પ્રવેશ થાય નહીં. આ ઉપરાંત તેમણે ઉદયગઢ જે વૃંદાવનદાસના હસ્તક હતું તેના પર હુમલો કરવાનો નિશ્ચય કર્યો. એક દુશ્મનને બે બાજુથી સતાવવો કે તેનાપર બે બાજુથી હુમલો લઇ જવો એ જૂની રીત છે. આ રીત ઇંદ્રસિંહે વાપરવા માંડી. ઉદયગઢનું રક્ષણ કરવા વૃંદાવનદાસનો મ્હોટો પુત્ર ગોવિંદદાસ જતો હતો. તેને જયપુરના સૈન્યની ખબર પડી નહીં અને દુશ્મન ધારી હુમલો કર્યો. ગોવિંદ-દાસનું પ્રધાન લક્ષ ઉદયગઢના બચાવનું હતું. તેથી તે પોતાના બચેલાં માણુસોને લઇ શીઘ્ર ગતિથી તે પ્રતિ પ્રયાણ કરવા લાગ્યો.

× × × ×

આ તરફ જયપુરના સૈન્યમાં પણ શાંતિ ફેલાઇ. લઢાઇ બંધ થતાં ઘાયલોને મલમપટા બાધવામાં આવ્યા. જે તરૂણે ઉદયમલ પર વ્હાર કર્યો હતો, તેને તેના ઘાવ પર મલમપટ્ટો કરી એક તંબુમાં કેદ કરવામાં આવ્યો હતો.

બીજે દિવસે સ્હવારે, ઉદયમલ અને શૂરસિંહ એક ભવ્ય તંબુમાં બેઠા હતા. થોડા સૈનિકો અને અંગરક્ષકો તેમની પાછળ હતા. ઉદયમલે તે તરૂણ રજપુતને પોતાની પાસે હાજર કરવા આજ્ઞા કરી.

થોડી વારમાં એક તરૂણ રજપુત ત્યાં હાજર થયો. તેનો ભવ્ય ચ્હેરો, મ્હોટી આંખ્યો, કસાયલું બદન તેના બળની ખાતરી આપતાં હતાં. તેનો પહેરવેશ સામાન્ય સિપાઇ જેવો નહતો. તેનું અણિયાળું નાક અને પ્રશસ્ત લલાટ તેના દઢ સ્વભાવનો પરિચય આપતાં હતાં. તેના હાથના સ્નાયુ તેના વ્યાયામના શોખની સાબિતી આપતાં હતાં. તરૂણે હાજર થતાંની વાર વૃદ્ધ સરદારને નમન કર્યું. ઉદયમલ પામી ગયો હતો કે આ સામાન્ય સૈનિક નહીં, પરંતુ, કોઇ સરદાર કે ઠકરાતનો માલિક છે. તરતજ તેણે તેના બંધન દૂર કરવાની આજ્ઞા કરી. તરતજ તેને બંધનમુકત કરવામાં આવ્યો. તેણે મ્હોંએથી કંઇ કહ્યું નહીં પણ તેની આંખ્યોમાંથી કૃતજ્ઞતા વર્ષવા લાગી. ઉદયમલ તેની સ્હામું જોઇ રહ્યો. પળ વાર પછી તેણે કહ્યું:–

'યુવાન ! આસન ગ્રહણ કરો,'

તે તરૂણ ગાલીચા પર બેસી ગયો.

'આપનું નામ શું છે ?' ઉદયમલે પ્રશ્ન કર્યો.

'જી ! મ્હને અરિદમનસિંહ કહે છે.'

'આપને અમારા સૈન્ય પર આક્રમણ કરવાની ઇચ્છા શાથી થઇ ?'

'જી ! આપને તો તે બીના અવગત થઇ ગઇ હશે, પરંતુ, આપ જ્યારે પૂછો છો ત્યારે તેનો પ્રત્યુત્તર આપવો ઉચિત છે. અમે અહીંથી શીઘ્ર ઉદયગઢ તરફ જતા હતા. રસ્તામાં આપનું સૈન્ય જોઇ અંધારામાં કંઇ પૂછપાછ કર્યા વગર દુસ્મનનું સૈન્ય ધારી એકાએક આક્રમણ કર્યું. પછી થોડી વારમાં અમારી ભૂલ્ય અમને જણાઇ.'

'હું એમ પૂછું છું કે આપની સાથે કોણ હતું?'

'જી! ગોવિંદદાસજી.' તરૂણે જવાબ આપ્યો.

'શ્રી વૃંદાવનદાસજીના ટિકા કુમાર?"

'જી! હા.'

'આમ ઉદયગઢપર એકાએક જવાનું કારણ?'

'ઉદયગઢ પર ઇંદ્રસિંહજી ઘેરો ઘાલનાર છે.'

'અત્યારે ત્યારે વૃંદાવનદાસજી ક્યાં છે?'

'ખંડાલા પાસે!'

'ત્યારે ત્યાં કોણ લઢશે?'

'તેઓ પોતે. બીજું કોણ? ત્યાં દુર્ભાગ્યે રઘુનાથે પણ ઇંદ્રસિંહને સાથ આપ્યો છે.'

'તો તમારૂં જોર પણ છિન્નભિન્ન થઇ જશે.'

'અમારૂં તો થશે પણ ઉદયગઢ બચાવ કરી શકશે. જ્યારે ખંડેલા પરથી તેમનાથી પણ આક્રમણ નહીં ઉઠાવી શકાય.'

ઉદયમલ પામી ગયો કે તરૂણ રણનીતિનિપુણ છે. તેણે પૂછ્યું:

'પણ રઘુનાથે પોતાના પિતાની વિરૂદ્ધ પોતાના પિતાના દુશ્મનને શા માટે સાથ આપ્યો?'

'ઠાકોરશા! તે અનુમાનવું મુશ્કેલ નથી. કુચોર ઉપરાંત બીજા મુલ્કની પ્રાપ્તિ માટે.' તરૂણે કહ્યું.

'ખરેખર, લોભ કેવો બૂરો છે! પોતાના બાપના વિરૂદ્ધમાં છોકરો બંડ ઉઠાવે છે!'

'ઇતિહાસમાં આવા બનાવ કંઇ ઓછા નથી.'

'પણ રજપુતોમાં, આ ખરેખર શોચનીય છે.' ઉદયમલે કહ્યું.

'રજપુતોમાં શા માટે? સર્વત્ર લોભ ત્યાજ્ય છે. આ લોભનું પરિણામ શું આવ્યું છે અને આવે છે! શેખાવતો પરસ્પર લઢે છે, અને રાજ્યની હાનિ કરે છે. ક્ષત્રિય વંશજો એક બીજાના મુલ્ક પર ચિત્તાની માફક ત્રાપ મારે છે. આથી તેઓ પરસ્પર લઢીને પોતાનું

સામર્થ્ય એવું તો નષ્ટ કરી નાખ્યે છે કે તેઓમાંથી એક પણ રાજા પરદેશી દુશ્મનની સ્હામે ઉભો રહી શકતો નથી. પોતાનો અને પ્રજાનો નાશ થાય છે, શાથી? ક્ષત્રિયોમાં સંપના અભાવે.'

'તરૂણ ! આપનું કહેવું યથાર્થ છે.' ઉદયમલે કહ્યું.

'આપ તો અનુભવી છો, રાજનીતિ ચતુર છો. આપણે આપણી પુરાતન નીતિ વિસારે મુકી છે. આપણે આપણા ઇતિહાસ કે ધર્મનું પરિશીલન કરતા નથી તેનું આ પરિણામ છે. મહાભારતનો બોધદાયક પ્રસંગ આપણને કેટલું ડહાપણ શિખવે છે? એ પ્રસંગ આપને તો સ્મરણમાં હશે. દુર્યોધન આદિ કૌરવો અને વીરકર્ણ રાજ્યનું પશુધન ગણવાના નિમિત્તે પાંડવોની દુઃખી અવસ્થા જોઇ આનંદ માણવા જાય છે. પાંડવો જે વનમાં હતા ત્યાં થોડે છેટે ચિત્રસેન ગંધર્વ જળવિહાર માટે આવી ચઢયો હતો. કૌરવોએ તેને ખસી દૂર જવા આજ્ઞા કરી; પણ, તેણે તે માની નહીં. પરિણામે કૌરવો વચ્ચે અને તે ગંધર્વરાજ વચ્ચે યુદ્ધ થયું. કૌરવોનો પરાજય થયો. દુર્યોધન, કર્ણ વગેરે કેદ પકડાયા. આ સમાચાર એક પ્રધાને જઇ શ્રી યુધિષ્ઠિર મહારાજને જણાવ્યા. આ સમાચાર સાંભળી ભીમ ઘણો પ્રસન્ન થયો અને કહ્યું કે, 'અમને રંજાડનારને તેના અભિમાનનો યોગ્ય બદલો મળ્યો છે" આ પરથી ધર્મરાજે કહ્યું કેઃ વીર વૃકોદર ! તું કહે છે તે યોગ્ય નથી. ભાઇ ! આપણે સો કૌરવોની સ્હામે પાંચ છીએ. પણ આપણા બન્નેના દુશ્મનોની સ્હામે ૧૦૫ છીએ. એમ કહી અર્જુનને યુદ્ધ કરવા મોકલી આપ્યો. અને તેણે દુર્યોધન કર્ણ વગેરેને છોડાવ્યા. આ આપણી સનાતન નીતિ છે.'

'આપનું કહેવું યથાર્થ છે. માચેરી અંબરનું અંગ થઇ છૂટું પડવા પ્રયત્ન કરે, ઘડીકમાં મુગલોનો તો ઘડીક જાટનો આશ્રય ગ્રહણ કરે અને તેનું પરિણામ તેને પોતાને જ ભારે પડે છે. અંબરનું નુકશાન થતાં થાય પણ પોતાના પગમાં જ તેઓ કુહાડો મારે છે. શેખાવતોને પરસ્પર લઢી મરી ખુવાર થવામાં શો લાભ છે? અત્યારે જ્યારે મોગ-

આમો ગૌરવરવિ અસ્ત થયો છે, ત્યારે ક્ષત્રિયો એકસંપીથી એકમેકને સહાય કરે તો રાજપુત રાજવી પુનઃ બળવાન થાય, સશક્ત થાય અને દેશને સમૃદ્ધશાલી કરે. આપણે આપણા કુસંપના ફળ ભોગવીએ છીએ. પણ તરૂણ! આપને પૂરો પરિચય?'

'હું નારોલીનો એક ક્ષુદ્ર સામંત છું. ગોવિંદદાસજીને સહાય કરવા તેમની સાથે જતો હતો; ત્યાં રસ્તામાં ભ્રમવશાત આ શોચનીય પ્રસંગ બન્યો.'

'યુવાન! તમારી વાણી જેટલી મીઠી છે, એટલી જ તમારી વીરતા પણ ખરેખર પ્રશંસનીય છે. કાલ્યે તમે મારી સાથે જે ચાતુર્ય કર્યું હતું તે તમારી અસિચાલનની નિપુણતાની સાક્ષી આપે છે.'

'એવી તે શી મેં વીરતા દાખવી છે? તરવાર તો રજપુતની સોબતણ છે. શૂરતા તો તે માતાના દૂધની સાથે પાન કરે છે. પણ કાલ્યે ઈશ્વરકૃપાથી એક ઘટના સારી બની!'

'શી?' ઉદયમલે પૂછ્યું?

'એ કે મારા ઘોડાનો પગ સ્હેજ લથડયો, નહિ તો મારો વ્હાર બરાબર આવત અને મારે હાથે આપ જેવા એક વૃદ્ધ, પૂજ્ય અને નીતિજ્ઞ વીરને ઇજા કર્યાનો ખેદ થાત; પણ સદ્‌ભાગ્યે આ ઉભેલા યુવકે ભાલાનો ઘા આબાદ કર્યો. મને એ ઘા થયો તેને માટે હું દુઃખી નથી; પણ આપશ્રીને હાનિ ન પહોંચી એ પરમ સદ્‌ભાગ્ય છે.'

'વ્હાર કરવા અને વ્હાર ઝીલવા રાજપુતોની કાયા ઘડાઇ છે. જાણો છો ને, રાણાજી સાંગને શરીરે બોત્તેર ઘા સ્પષ્ટ જણાતા હતા?'

'ક્યાં એ રાણાજીની વીરતા! એવા ભડદીપકનું નામ લેવામાં પણ પુણ્ય છે. કોઇ કવિએ સત્ય કહ્યું છે કે, 'બધે ન ઊંમર કાયરાં, ઘટે ન જૂઝારાંહ.' આપને એક પ્રશ્ન પૂછવાનું મનમાં આવે છે:—'

'આપ ખુશીથી પૂછી શકો છો!' ઉદયમલે કહ્યું.

'સરદાર! આપનું આ ફોજ સાથે આવાગમન આ બાજુએ ક્યાંથી થયું?'

'તમારા આ આંતરિક કલહનો અંત લાવવા મને અંબરાધિપતિએ આજ્ઞા કરી છે.'

'અંબરાધિપતિનું ડહાપણ, તેમની દેશ માટે પ્રીતિ જાણીતાં છે. તેમણે જે પગલું ભર્યું છે તે ખરેખર વ્યાજબી છે અને તેમાં પણ આપ જેવા એક અનુભવી, રાજનીતિકુશળ સામંતની યોજના પણ તેટલી જ તારીફ લાયક છે. આપ કીયા પક્ષને સહાય કરનાર છો તે પૂછવાનો મારો અધિકાર નથી, ત્યેમ ઇચ્છા પણ નથી. પણ આપને મારી એક નમ્ર વિનંતિ છે કે, આપ જેવા જ્યારે આ કાર્ય માટે અહીં પધાર્યા છો તો ખંડેલાના બન્ને પક્ષ વચ્ચે હંમેશને માટે સમાધાન થાય, શેખાવતોનો તો પરસ્પરનો અગ્નિ હોલવાય અને તેઓ સંપના એક સૂત્રથી બંધાય તે માટે આપ જો પ્રયત્ન કરશો તો આપનો આ ભુમિ પર મહાન ઉપકાર લેખાશે.'

'વારૂ, આપણે તે વિચાર ભોજન પછી કરીશું. અત્યારે આપ આપનું અન્ય કાર્ય કરી લ્યો. આપને જો અહીંથી પધારવું હોય તો છૂટ છે, પણ ભોજન બાદ તે સર્વનો પ્રબંધ થશે.'

અરિદમનસિંહ પ્રણામ કરી તંબુમાંથી ચાલી ગયો. તેને હવે બંધન ન હતું, કારણ કે તેનો પરિચય પામ્યા પછી ઉદયમલે તેની સાથે એક સરદારના જેવી સન્માનભરી રીતભાત રાખવા અનુચરોને આજ્ઞા કરી હતી. અરિદમનસિંહ પોતાનો વિધિ પૂરો કરી તંબુમાં બેઠો હતો. તે શું કરવું તેના વિચારમાં હતો. તેને એમ લાગ્યું કે હાથમાં આવેલી આ સુંદર તક જવા ન દેવી. તે આમ વિચાર કરતો હતો એટલામાં એક સેવકે આવી કહ્યું કે:-

'આપને ભોજન માટે બોલાવે છે.'

અરિદમનસિંહ ઉઠી તરત ભોજન માટે ગયો. ઉદયમલ, શૂરસિંહ અને બીજા સરદાર શ્રેણીના માણસો ભોજન માટે બેઠા હતા. અરિદમનસિંહનું પણ સ્થાન રાખ્યું હતું. તે સ્થાન પર તે બેઠો. ભોજન થતાં પ્રકીર્ણ વાતો ચાલી. બાદમાં ઉદયમલે પૂછ્યું:

'આપે પછી શો વિચાર કર્યો ?'

'શું વિચાર કરવાનો છે ? આપ જે સલાહ આપો તે પ્રમાણે. આપની સલાહનો લાભ લેવા ગોવિંદદાસજીને કહીશ.' અરિદમને કહ્યું:

'ત્યારે આપે જવાનો વિચાર કર્યો છે?'

'આપ જાણો છો કે તે સિવાય છૂટકો નથી.'

'તો આપ તેમ કરવા મુકત છો.' ઉદયમલે કહ્યું:

'પણ આપને મારી એક પ્રાર્થના છે. આપ ખંડેલા શેખાવતો વચ્ચે કોઇ પણ પ્રકારે સુલેહ કરાવો તો ઉત્તમ કાર્ય થશે. આપ જાણો છો કે પરસ્પરની લડાઇમાં સામંતો ખુવાર થાય છે, સામર્થ્ય નષ્ટ કરે છે અને તેથી રજપુતાનાના બ્હારના દુશ્મનો સામે ટકાવ ધરી શકતા નથી.'

'હું ધારૂં છું કે સુલેહ ટકશે ભાગ્યે જ. જો કે આ કાર્ય માટે જ હું જયપુરથી આવ્યો છું. વળી ઇંદ્રસિંહે એક વખતે અંબર રાજ્યની સેનાને સહાય કરી હતી એટલે અંબર રાજ્યનો સદ્ભાવ તેની તરફ સ્વાભાવિક હોય. પરંતુ હું કહું તે સલાહ વૃંદાવનદાસજીને જણાવજો. એમાં એમનું હિત છે.'

ભોજન બાદ કેટલોક સમય અરિદમને ઉદયમલ સાથે વાતચીત કરી મુદ્દા સમજાવ્યો. શૂર પણ સાથે હતો. આખરે એમ ઠર્યું કે 'બે દિવસ બાદ જે ગામ આગળ હું છાવણી નાખવાનો છું, ત્યાં તમે એક વિશ્વાસુ માણસ જોડે સમાચાર મોકલાવજો. જો વૃંદાવનદાસજી કબૂલ કરશે તો સુલેહ કરવામાં વિલંબ નહીં થાય.'

ત્રીજે દિવસે એક માણસ ઉદયમલની છાવણીમાં હાજર થયો અને તેણે એક પત્ર તેમની આગળ રજુ કર્યો. તે પત્રમાં તેમણે ઉદયમલની સલાહ માન્ય કરી હતી, એમ જણાવ્યું હતું.

ઉદયમલનું સૈન્ય ઇંદ્રસિંહને મળ્યું. તેમને બધી વસ્તુસ્થિતિની સમજ પાડી. વૃંદાવનદાસે કેટલોક મુલ્ક જતો કર્યો, આથી ઇંદ્રસિંહને આનંદ થયો અને ખંડેલામાં પુનઃ શાંતિ સ્થપાઇ. અંબર રાજ્યને ભાવિ યુદ્ધમાં સૈન્યની મદદ આપવાની વાત પણ નક્કી થઇ. આમ અંબર રાજ્યનું કામ ફતેહથી સાધી ઉદયમલ અને તેમનું સૈન્ય જયપુર તરફ પાછું ફરવા લાગ્યું.

પ્રકરણ ૯ મું

સફળ યત્ન

ઉદયમલ અને તેમનું ન્હાનું સૈન્ય જયપૂર પાછું ફર્યું. પ્રથમ બલુજીની મૂલાકાત લીધી. બલુજીએ આવકાર આપતાં કહ્યું:

'પધારો, અંબર રાજ્યના સ્થંભ. આપ તો શીઘ્ર સમયમાં કામ ફતેહ કરી પાછા ફર્યા.'

'કામ એવું કઠિન ક્યાં હતું?' ઉદયમલે જવાબ આપ્યો.

'કઠિન તો ન્હોતું, પણ રાજપુત હઠે ચઢ્યો, સ્હેજમાં માને નહીં.'

'એ ખરી વાત છે. પણ, ઈશ્વરની કૃપા કે સ્હેજમાં પતી ગયું.'

'એ તો આપના ડહાપણ અને રાજનીતિપટુતાને લઈને એટલું જલ્દી પતી ગયું'.

'એવી કંઈ ઉંડી બુદ્ધિનો ખેલ નહતો. પરંતુ, વાત એ છે કે આ તમારા તરૂણ યુવકે એના મોકા વખતે મારી જીંદગી બચાવી છે. જ્યારે અરિદમને વ્હાર કર્યો, ત્યારે મારી શિરોહી* નું પાનું તૂટી ગયું, પણ જ્યાં સ્હામાની તરવારનો વ્હાર મારા પર આવે છે ત્યાં તો આ તરૂણ શૂરે તેને ઘોડા પરથી ઉખેડી નાંખ્યો અને ભાલાનો જબ્બર ઘા કર્યો.'

શૂર ત્યાં ઉભો હતો તેણે કહ્યું. 'ઠાકોરશ્રી મારી અમસ્તી પ્રશંસા કરે છે.'

'વારૂ બલુજી! આ તરૂણ કોણ છે? આગળ જતાં નામ કાઢશે એવી મારી ખાત્રી છે.'

---

* શિરોહીની તરવાર ઘણી પાણીદાર અને વજનમાં હલકી બનતી હતી. પણ તે ઘણી પાતળી હોવાથી જલ્દી તૂટી જતી હતી. કહેવત છે કે 'શિરોહી રખ્ખ તો દો રખ્ખ, ચકેલા અકેલા.'

'એ તો મ્હારો ભત્રિજો થાય. મારા નાનાભાઈ અર્જુનજી હતા. તેમનો છોકરો છે. અહીં હમણાં મારે ત્યાં છે. થોડું રાજકાજ સમજી લે, એમ મારી ઇચ્છા છે. છોકરો ચાલાક છે. ધીરે ધીરે બધું સમજશે.'

'લાયક છે, શૂર છે, વિનયી છે' ઉદયમલે કહ્યું. 'પણ હા, આજ સ્હાંજે દરબારમાં આપ હાજર થશો ને?'

'શા માટે નહીં? આજ તો કેટલાંક જરૂરી કામની મંત્રણા થવાની છે.'

ઉદયમલ ત્યાંથી વિદાય થયા. સ્હાંજના ખાનગી દરબાર હતો. તેમાં તેમણે હાજરી આપી. માત્ર થોડા સામંતો અને રાજ્યના હિતેચ્છુઓ હાજર હતાં. શ્રી પ્રતાપસિંહ રાજ આસને વિરાજ્યા હતા. નાની મંડળી કંઇ બીજી મંત્રણા કરી રહી હતી. બાંદીએ ઉદયમલના આવવાના સમાચાર આપ્યા. પ્રતાપે શિર હલાવી આવવા દેવા માટે સંમતિ દર્શાવી.

થોડી પળમાં ઉદયમલે આવી રાજાને નમન કરી, પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. ઉદયમલનો ચ્હેરો ઘણો પ્રસન્ન હતો. પ્રતાપ પામી ગયો કે કાર્ય ફતેહ કરી આવેલ છે. પ્રતાપે કહ્યું:

'મારા વ્હાલા સરદાર! આપનો ચ્હેરો પ્રફુલ્લ જણાય છે.'

'અન્નદાતા! આપની સમક્ષ ક્યારે કોઇનો ચ્હેરો અપ્રફુલ્લ હોય છે? આપનાં દર્શનથી જ હૃદયરૂપી કમળ વિકસી ઉઠે છે.'

'પણ મને જણાય છે કે આપ કામ સફળ કરી પાછા ફર્યા લાગો છો.'

'એ સર્વ આપનો પ્રતાપ છે.'

'સામંતજી! વધુ મિષ્ટતા મ્હોંને ભાંગી નાંખે છે.'

'કૃપાનાથ! હું આપની ખાલી પ્રશંસા કરતો નથી. માત્ર હૃદયના જ ઉદ્ગાર છે.'

'સામંતજી! આપે જે કાર્ય સાધ્યું તે રાજાજી જાણવા ઇચ્છે કે શી રીતે અલ્પ સમયમાં સિદ્ધિ મેળવી?' બાપુજી બોલ્યા.

'હું આપની આજ્ઞા લઇ, થોડા સૈન્ય સાથે ખંડેલા તરફ ચાલ્યો. ત્યાં રસ્તામાં એક ઠેકાણે છાવણી નાંખી હતી. ત્યાં ગોવિંદદાસની મદદે ટુકડી જતી હતી તેણે આપણી ફોજ પર હલ્લો કર્યો. તેઓને ખબર ન્હોતી કે, આ અંબર રાજ્યની સેના છે, પરંતુ, તે ટુકડીનો સરદાર ઘવાયો અને પકડાયો. બાકીનું સૈન્ય ભૂલ્ય સમજાતાં ઉદયગઢ તરફ વળ્યું. ત્યાં ગોવિંદદાસ તે દુર્ગની રક્ષા કરતા હતા. હું પણ સખ્ત વ્હારથી પટકાવાની અણી પર હતો પણ સદ્‌ભાગ્યે તરૂણ શૂરે જ તે નાયકને ભાલાના પ્રહારથી અશ્વપરથી જમીન પર ફેંકી દીધો. તે નાયક નારોલીનો ઠાકોર હતો. તે પણ બહુ જ દક્ષ અને વીર છે. તેણે ખંડેલાની હાલની સ્થિતિ બરાબર સમજાવી. વૃંદાવનદાસનો પુત્ર ઇંદ્રસિંહને મળી ગયો છે, આથી તેમને ભારે ક્રોધ વ્યાપ્યો હતો. વૃંદાવને કુચોર પર હલ્લો કર્યો, પણ ફાવ્યા નહીં. ઇંદ્રસિંહનો ઇરાદો ઉદયગઢ લેવાનો હતો. તેનો બચાવ ગોવિંદદાસ કરતા હતા. આ ફાટફુટનો લાભ લઇ હું ઇંદ્રસિંહને મળ્યો. આપની આજ્ઞા તેમને જણાવી દીધી અને સ્પષ્ટ કહ્યું કે, જે વખતે અંબર રાજ્યને માથે ભય ઝઝુમે છે, તે વખતે સામંતોનો આંતરકલહ ઇચ્છવા યોગ્ય નથી, માટે ઝઘડાનો અંત આણો. નહીં તો વૃંદાવનદાસનું સૈન્ય અંબરની મદદે આપવા તેઓ કબૂલ કરે છે. તેથી ખંડેલા પરથી તમારો હક્ક જશે. ઇંદ્રસિંહ સમજી ગયો. આણી તરફ વૃંદાવનદાસજી પણ મનમાં હતાશ થયેલા હતા. પુત્રના આચરણથી ખેદ પામ્યા હતા. તેઓ પણ માનજનક સંધિ કરવા તૈયાર હતા. આથી બન્ને પક્ષના ઝઘડાનો સરળતાથી આપના પ્રતાપથી અંત આવ્યો. ઇંદ્રસિંહ પાસે તેમનો મુલક રહેશે. વૃંદાવનદાસજી પાસે તેમનો. કોઇ કોઇના પર આક્રમણ કરે નહીં, અને દરેક સામંત પોતાના સ્વામીને સૈન્યની સહાય આપી યુદ્ધમાં હાજર રહે. આ પ્રમાણે કોલકરાર પર સહી દસ્તક થઇ ગયા છે.'

'વૃંદાવનદાસ ભલા ઝટ માની ગયા !' પ્રતાપે આશ્ચર્ય બતાવ્યું.

'તેમની સ્થિતિ અત્યારે બહુ દયાજનક છે. જો કે તેઓ માની છે, છતાં પૂર્વાવસ્થામાં બાલાણોએ તેમની સખ્તાઇને અંગે કરેલી આત્મ-

હત્યાથી તેમનું મન પોચું પડી ગયું છે. પોતાના કનિષ્ઠ પુત્રની કૃતઘ્નતા તેમને સાલે છે. તેઓ વીર રજપુત છે. પણ અંતઃકરણ ઘણું ઘવાયલું છે.'

'બલુજી! આપનો ભત્રીજો ભડદીપક છે. આગળ જતાં નામના મેળવશે." પ્રતાપે ઉદ્દગાર કાઢયા.

'અન્નદાતા! આપની કૃપાનો એ પ્રતાપ છે.' બલુજીએ કહ્યું.

'કૃપાનાથ! સિંહનાં બચ્ચાં સિંહજ હોય છે.' મેઘવાન બોલી ઉઠયા.

'હા, અન્નદાતા! એક વાતની અરજ કરવાની છે. મેં તે ઠાકોરને બન્ને સામંતો પર નિગાહ રાખવાનું કામ સોંપ્યું છે. અને જો કે ફરીથી બખેડો થવાનો સંભવ નથી; પણ, આ યોગ્ય તરૂણને એ કામ સોંપ્યું છે.' ઉદયમલે કહ્યું.

'આપે વ્યાજબી કર્યું છે. યોગ્ય વ્યક્તિને યોગ્ય કામ સોંપ્યું છે.' પ્રતાપ બોલ્યો.

આમ વાતચીત થઇ રહી હતી, ત્યાં હલદિયાજી પધારે છે, એવા સમાચાર દાસીએ કહ્યા, અને થોડી વારમાં તો તેઓ ત્યાં ઉપસ્થિત થયા. હાજર રહેલાઓએ તેમનો સત્કાર કર્યો. રાજાએ સ્મિત કરી પોતાના નજીકના આસન પર બેસવા સૂચવ્યું. હલદિયાજીના મુખ-પર પ્રસન્નતા છવાઇ હતી.

'અમાત્યજીના ચ્હેરા પર પ્રસન્નતા જણાય છે.' મેઘવાન બોલી ઉઠયા.

'અન્નદાતા! આપના પ્રતાપે કાર્યમાં યશ મેળવી આવ્યો છું.' હલદિયાજી બોલ્યા.

'મારૂં તો ધારવું જ હતું કે આપ સફળતા પ્રાપ્ત કરી પાછા ફરશો.' બલુજીએ કહ્યું. 'આપના જેવા ચતુર નર ધારેલા કામમાં ભાગ્યેજ નિષ્ફળ નીવડે.'

'આપ સર્વ સામંતોની મારા પર મહેરનજર છે, એ અતિ આનંદની વાત છે. પણ ધારેલા કામમાં હરકતની મને ધાસ્તી હતી?'

'કોની તરફથી?' પ્રતાપે પ્રશ્ન કર્યો.

'મને પ્રથમથીજ સંદેહ હતો કે આ કામમાં વધો નાંખે તો એકજ જણ અને તે મારૂ રાજ્યના અમાત્ય. માટે પ્રથમ તેમની સાથે

પણ ખાનગી મસલત કરી લીધી. તેમનું મન મેળવી લીધું.' બલ-ભિણજીએ કહ્યું.

'વાંધો શો હતો? નિમિત્ત શું કાઢ્યું?' બલુજી બોલ્યા.

'વાંધો તો જૂનો છે. જયપુર રાજ્ય વિજયસિંહજીના હિતની આડે અનેક રીતે આવેલ છે, એ કોઇથી ના પડાય ત્યેમ નથી. આથી તેમનું કહેવું એવું હતું કે, આ કાર્યમાં મારવાડને લાભ નથી, પણ હાનિનો સંભવ છે.'

'શી રીતે?' બલુજીએ પ્રશ્ન કર્યો.

'શી રીતે કયેમ? એ લૂટેરાની વિરૂદ્ધમાં મદદ કરવી, એ તેમનો ખોફ વ્હોરી લેવા બરાબર છે, અને જયપુર તો મિત્ર પક્ષમાં ગણી શકાતું નથી.'

'પછી?' પ્રતાપે પૂછ્યું.

'અત્યારની બધી પરિસ્થિતિનો વિચાર મેં તેમની આગળ રજુ કર્યો. ભૂતકાળના બનાવ પર પડદો નાંખવા સૂચવ્યું. જો રાજપુતાનાના એ પ્રધાન રાજ્યો ઐકયના સૂત્રે સંધાય તો દુશ્મનો સ્હામે ઉભા રહેવાય. અત્યારે તો દુશ્મનો આપણી સાથે એ માંજર અને વાંદરાના ન્યાયની નીતિ ધારણ કરે છે. બે જણના બખેડામાં માથું મારી પોતાનો સ્વાર્થ સાધે છે. અથવા તો ઘરના જ કોઇ ભેદુને હાથમાં લઇ, તે બ્હાને આપણા પ્રદેશની હાનિ કરે છે. આ શોચનીય ઘટના જો દૂર કરવામાં આવે, તો રાજપુતાના પુનઃ પગભર થાય. શત્રુનું કંટક દૂર કરાય.'

'તે પછી અમાત્યે શું કહ્યું?' મેઘવાનજીએ પૂછ્યું.

'એમનો વાંધો એ હતો કે અવસર વીત્યા પછી ઉપકારને ભૂલી જવામાં આવે છે. ગરજ સરી કે વૈદ્ય વેરીનો ન્યાય રજપુતોમાં હમણાં છે.'

'કહેવું કંઇ જોવું નથી. અત્યારે ઘણીય બાબતોમાં આપણે આપણા પૂર્વજોના ગુણ અને નીતિને વીસર્યા છીએ.' ઉદયભાણે કહ્યું.

'અને અતિશય સ્વાર્થપરાયણુતાએ પણુ નુકશાન થોડું વ્હોર્યું નથી. અંદર અંદર આપણે કપાઇ મરીએ છીએ તેનું પણુ આ એક કારણુ છે.' બલુજીએ ઉમેર્યું.

'પણુ હા, પછી અમાત્યે શું કર્યું? તેજ અત્રે મુદ્દાની વાત છે.' પ્રતાપે મૂળ વિષય પર આવવા સૂચના કરી.

'અમાત્યને આખરે મારા મતને અનુકૂળ કરી દીધા. તેમણે મારા વિચારને પુષ્ટિ આપવા કબૂલ કર્યું. બાદમાં હું જોધાણુપતિને મળ્યો. આપનો પત્ર આપ્યો. વાંચી તેઓ અત્યંત પ્રસન્ન થયા, એટલુંજ નહીં, પણુ પૂરતો સાથ આપવા સ્વીકાર્યું. રાઠોડો કછવાહની કુમકે ઉભા રહેશે. ભાઇભાઇની સાથે મળી એક પ્રાણુથી લઢશે. તેમણે પોતાનો અભિપ્રાય સ્પષ્ટ વ્યક્ત કર્યો કે એવો સુદિન ક્યાંથી કે એક રજપુત બીજાની મદદે દોડી જાય. જો આવી એકદિલી રાજપુત સજ્યોમાં સ્થપાય તો રાજપુતોના બળને કોઇ છિન્ન કરે એવી શક્તિ નથી. રાજપુતોએ પોતાની વીરતાને હજી તિલાંજલિ આપી નથી. તેઓ રણુમાં ભડવીર માફક લઢે છે, પણુ પોતાની શક્તિનો ઉપયોગ ભાઇભાઇની સ્હામે કરે છે. એકએકનું નિકંદન કાઢે છે; એકની ભૂમિ પચાવવા બીજો ઉદ્યત થાય છે, અને ત્યેમ કરવામાં તેઓ ત્રીજાને બારણે નોતરી આણે છે. આંગણે આણેલા મદદનો દેખાડ માત્ર કરે છે, પણુ તક મળતાં પાછા ત્રીજાને મળે છે કે વધારે દ્રવ્યની આશા જો બીજો દેખાડે છે તો તેઓ તેનો પક્ષ ગ્રહણુ કરે છે. આ બધું આપણે રાજવંશીઓને શોભતું નથી. આપણે આપણા અંગત સ્વાર્થ અને ઝઘડાને દાટી દઇ આપણા દેશની અને આપણી રજપુત જાતિ માટે કમર કસવી ઘટે છે. આમ કરીશું તો જ આપણે જગતમાં ઉભા રહી શકીશું, નહીં તો ક્ષત્રિયજાતિ પોતાના પૂર્વજોની કીર્તિને ગુમાવશે. અંબરપતિનો વિચાર મને માન્ય છે, એમ જણાવજો અને તેમણે પણુ અવસર પડે તેની સેવા બજાવવા તત્પર રહેવું, એવો નિર્ણય કરી નાંખજો.'

'વાહ! જોધાણુપતિ વાહ! રંગ છે રાજવી તને!' મેઘવાનજીએ શબ્દો ઉદ્દગાર્યા.

'ખરા ક્ષત્રિયનો સાચો કોલ છે. એઓ તેમાં રતિભાર પાછા નહીં પડે. રાજપુત જાતિના તેઓ મુકુટમોર છે.' બલુજી બોલી ઉઠ્યા.

'સમય પીછાનવો એ ઘણું મુશ્કેલ કામ છે. તેઓ વખતને સમજનાર છે. અત્યારના સમયના રાજપુતોની અવસ્થા, તેમના ગુણ અને દોષ તેઓ યથાર્થ સમજ્યા છે. પ્રધાનજી ! કાલ્યેજ તમો મારા તરફથી આભારનો પત્ર મોકલો અને સંધિના કોલકરારની શરતો ઘડી કાઢો. તેપર હું મ્હોર કરી આપીશ.'

'અન્નદાતા ! તેમણે વાતવાતમાં જણાવ્યું હતું કે, અંબરાધિપતિ પરિસ્થિતિ સમજે છે, એ સદ્ભાગ્ય છે. જ્યારે બીજા પ્રદેશોના રાજવીઓમાં તે જોવામાં આવતું નથી. જો બીજાં રાજ્યો આપનો દાખલો લે તો ઉજવલ ભાવિની આશા છે.'

'એ એ રાજવીના ઉદાર અંતઃકરણની પ્રતીતિ છે. હું તેમના ગૌરવને સમજું છું. અને વખત આવે બતાવી આપીશ કે કછવાહ પણ તેમના પ્રયત્નમાં સંપૂર્ણ સહાય આપે છે. અંબરાધિપતિએ કહ્યું.'

'પ્રભુ ! આપને એક કહેવું રહી ગયું.' બલુજી બોલ્યા.

'શું ?' પ્રતાપે પૂછ્યું.

'માચેરીના રાવ હાલમાં પોતાનો દાવ અજમાવવા રાજી નથી. એ તકની રાહ જુવે છે. માનસિંહજીને માટે આશા લાગતી નથી.' બલુજીએ કહ્યું.

'સમાચાર પાકે પાયે આવ્યા છે ને ?'

'જી અન્નદાતા ! ખૂદ રાજમહેલના સમાચાર છે.' બલુજીએ કહ્યું.

'ત્યારે એમ લાગે છે કે માચેરી અને નજફકુલીખાન મહાદજીના જય કે પરાજયની રાહ જુવે છે. ત્યાર પછી નિર્ણય કરવો કે, જય પક્ષમાં ભળવું, એમ જણાય છે.'

'એમ હોય, કાં તો ત્યારપછી ત્રીજો પક્ષ ઉભો કરવો હોય, પણ એ વાત નિશ્ચિત છે કે હાલ તુરત તેઓ શાંત છે.'

'વારૂ, પણ આપણા માજી અમાત્યના પ્રયત્ન કયાં સુધી પહોંચ્યા છે ? માધોસિંહ ! તમોએ શું કર્યું છે ?' પ્રતાપે માધવસિંહ તરફ જોઇ કહ્યું.

'અન્નદાતા! નજફકુલીખાન સિંધિયાની છાવણીમાં જઈ આવ્યા હતા. પણ કંઈ શરતમાં વાંધો પડયો હોય કે બીજું કંઈ કારણ હોય તે સ્પષ્ટ થયું નથી.'

'મારી હકીકત કૃષ્ણગઢની છે. તેઓ પાછા ફર્યા પછીની જે મસલત થઈ અને છેવટે નિકાલ થયો તે મેં જણાવ્યો. બલુજીએ કહ્યું.

'મારી કહેવાની મતલબ કે આપનું કહેવું ખોટું છે કે આપને મળેલી માહિતી બરાબર નથી, એમ કહેવાની નથી. પણ તેઓ ત્યાં જઈ પાછા ફર્યા તેનું કારણ તેઓને અમુક શરતો માન્ય નથી. મને લાગે છે કે સિંધિયાએ રાજ્યનો મ્હોટો હિસ્સો માગ્યો હતો.' માધોસિંહે કહ્યું.

'તે બનવાજોગ છે. મરાઠાની પિપાસા પૂરી પડે તેવી નથી.' ઉદયમલે કહ્યું.

'બીજું એ વાત આવી છે કે માચેરીના રાવ સાથે ખુશાલી રામજી પુનઃ સંધાણ કરવા માગે છે. પણ તે બન્નેનો મેળ મળતો નથી.'

'શાથી? કારણ શું?' પ્રતાપે પ્રશ્ન કર્યો.

'કારણ તો એ છે કે, રાવ રાજાને બીજો પક્ષ સબળ લાગે છે. ખૂશાલીરામની ધૂંસરી વેઠવી ગમતી નથી. અને વળી બ્હીક પણ રહે છે કે તેઓ સત્તા તેમના હાથમાં નહીં રહેવા દે.'

'નજફકુલી ખાન અને રાવ રાજાનો મેળ જામશે.'* બલુજીએ કહ્યું.

---

* नजफकुली, माचेडीवालाराव व आबुजी इंगळे यांचे बंधु जैपुरप्रांतांत गेले आहेत. त्यांनीं माधोसींग राजा जैपुरकर यांचा ज्येष्ठपुत्र पृथ्वीसिंग ज्यानें राज्य करून मृत्यु पावला. नंतर धाकटा बंधु प्रतापसिंग प्रस्तुत जैपुरांत गादीवर आहे. पृथ्वीसिंगाचा पुत्र कृष्ण गढांत होता तो टिकाईत असतां प्रतापसिंगानें गादी घेतली हें गेरसाल झालें आहे. त्यास गादीवर बसवावें हा मनसबा माचेडी-वालाराव यांनीं पाटिल बावांसी करून, नजफकुली व इंगळे यांसहवर्तमान गेला. त्यानें कृष्णगडाहून पृथ्वीसिंगाचा पुत्र चार हजार फौजेनसीं आपणा जवळ आणुन बावांस लेहून पाठविलें कीं, आपण येऊन याजला गादीवर बसवावें।

महादजी शिंदे यांचीं पत्रें पत्र नं. ४३२ पृ ६१०

'પણ હાલ તુરતમાં તો એ ઠેકાણેથી ભયની આશા નથી. તેઓ પરિણામની રાહ જોતા બેસશે.' ઉદયમલે કહ્યું.

"મહાદજીની સાથે ખૂશાલીરામે જઇ શું કર્યું ?" પ્રતાપે પુનઃ પ્રશ્ન કર્યો.

'ત્યાં જઇ રામચંદ્ર તુકદેવે અને ખૂશાલીરામે એમ સૂચવ્યું છે કે ભારે રકમની માગણી કરવી. કરોડની માગણી કરવાના છે અને તેની માગણી લઇ આજ કાલમાં તેમનો દૂત આવી પહોંચશે.'

'અમાત્ય ત્યારે અંબરની સારી સેવા બજાવે છે!' પ્રતાપે કટાક્ષ કર્યો.

'તેમના પર અંકુશ મુકીએ તો ?' એક સરદારે પ્રશ્ન કર્યો.

'અત્યારે અંકુશ મુકવા જેવું નથી. એથી કામ વધારે બગડવાનો ભય છે. તેઓ શું કરી રહ્યા છે, તેની માહિતી બરાબર મળતી રહે તેજ અત્યારે લાભકારક છે.' બલુજીએ પોતાનો અભિપ્રાય જણાવ્યો.

'કોઇ વખત કાંટાથી કાંટો કાઢવો પડે છે. ત્યારે એમનો ઉપયોગ થઇ શકે છે.' ઉદયમલે ઉમેર્યું.

'હલદિયાજી!' પ્રતાપે કહ્યું, 'આપણે એક બીજી પણ યુક્તિ અજમાવીએ તો ?'

'શી અન્નદાતા ?' હલદિયાજીએ કહ્યું.

'ઇસ્માઇલબેગ હમદાનીને આપણા પક્ષમાં ભેળવીએ તો ?'

'ઉત્તમ, તો પછી આપણે માટે, બંદોબસ્ત એવો થશે કે સિંધિયા પણ જીંદગીભર યાદ કરશે.' હલદિયાએ કહ્યું.

'રાઠોડોની ઉમદા સેના, આપણું લશ્કર અને તે સાથે હમદાનીની ફોજ સાથ આવે તો પૂછવું શું ? આપણું એકત્ર બળ દુસ્મનને ભારે પડી જાય, ઉદયમલે કહ્યું.

'અન્નદાતાનું આયુષ્ય હજાર વર્ષનું હો–વાહ અંબરરાજ! બુદ્ધિ તો આપની જ છે!' કવિ ઉદ્દગાર્યા!

'વારૂ તો બલુજી ! કાલ્યે વેળાસર આપ મને મળજો. હું તેને માટે શું કરવું, તે આપને જણાવીશ. હલદિયાજી તમો પણ તેને માટે વિચાર કરજો. હું ધારૂં છું કે હમદાનીને આપણે મેળવી શકીશું. એમાં કંઇ પ્રત્યવાય નહીં આવે. બાકી ઈશ્વરની મરજી.'

'જી ! હું આપની સેવામાં કાલ્યે બપોરે હાજર થઇશ.' બલુજીએ કહ્યું. બાદમાં સર્વ મંડળી વેરાઇ.

પ્રકરણ ૧૦ મું

મહાદજીની છાવણી

મહાદજી સિંધિયા ઉર્ફે માધવરાવ સિંધિયા તે સમયનો એક મહાન્ શૂરવીર અને દક્ષ લડવૈયો હતો. તે મહત્ત્વાકાંક્ષી હતો અને રણનીતિમાં દીર્ઘદૃષ્ટિવાળો હતો. તેણે પુના રાજ્યનો* માળવાનો કેટલોક પ્રદેશ હસ્તગત કર્યો હતો અને રાજ્યની સીમાનો વિસ્તાર કર્યો હતો. તેણે એક ફ્રેન્ચ સાહસિક (De Boigne) દ બ્વાન્યના હાથ તળે પોતાના લશ્કરને યુરોપિયન ઢબે કેળવ્યું હતું. તેનામાં રણનીતિમાં જેવી દક્ષતા અને દીર્ઘદૃષ્ટિ હતી, તેવી રાજનીતિમાં ન હતી. જો તેણે રાજકીય ડહાપણ વાપરી રાજપુત રાજ્યો પર આક્રમણ ન કરતાં એક સૂત્રમાં ગ્રથિત કરી સહાયક બનાવ્યાં હોત તો વિદેશી સત્તા સામે તે અને પેશ્વાઇ સારૂં બળ બતાવી દાખી દેત. અસ્તુ.

મહાદજી સિંધિયા કરોલી રાજ્યની હદ વટાવી અંબરના રાજ્યમાં દાખલ થયો. તેની સાથે આબાજી ઇંગળે, રાણેખાન, દ બ્વાન્ય, શિવાજી વિઠ્ઠલ, ચિમણાજી ખંડેરાવ વગેરે હતા.

---

* ......by a train of successful operations was enabled to appropriate to himself a considerable part of the province of Mālvā belonging to the government of Puna, as well as to extend his domain over a greater part of Hindustan.

Oriental Biographical Dictionary P. 228.

સિંધિયાની છાવણી એટલે એક વસેલું નાનું નગર. તેમાં જાતજાતના માણસો લશ્કરની સાથે રહેતા કે ફરતા હતા. માલ વેચનાર વેપારી, ઓજાર બનાવનાર, તેને ધાર કરનાર, રસદ લઇ જવાને વાહનો, ઘોડા, ખચ્ચર, હાથીઓ, ઊંટ, તે ઉપરાંત કપડાં સીવનાર, ધોનાર, ઉપરાંત લશ્કરના લોકોને પોતાની કળાથી રીઝવનાર, ગાનારીઓ, નાચનારીઓ પણ સાથે જતી હતી. છૂટક બે પૈસા મેળવી સૈનિકોના થાકને વિશ્રાંતિ માટે તમાશા કે ખેલ કરી બતાવનાર, ભીસ્તીઓ, ભીખારીઓ, નાળબંધા, સુથારો પણ સૈન્ય સાથે રહેતા. નદી, તળાવ કે પાણીની સગવડ હોય ત્યાં રસ્તામાં છાવણી નંખાતી હતી. રાતના છાવણીમાં જુદે જુદે સ્થળે વિનોદ થતો હતો. આ છાવણીનું શબ્દચિત્ર અને રંગીન ચિત્ર અસ્તિત્વમાં છે, પણ તે વિસ્તારથી વર્ણવવાની અત્રે અગત્ય નથી.

મહાદજીનો તંબુ એક વિશાળ કોટવાળા નગરનો ન્હાનો નમૂનો હતો. તેના તંબુની ચોતરફ કનાતથી કિલ્લો બાંધવામાં આવતો હતો. ચારે તરફ લશ્કરીનો પહેરો રહેતો હતો. પ્રવેશદ્વારથી અંદર જતાં એક તંબુમાં દરબાર ભરવાનું સ્થાન હતું. પાછલા ભાગમાં ખાનગી કામકાજ થતું. તેની પાછળ બીજા તંબુમાં થોડે દૂર રણવાસ હતો અને જુદા જુદા કામ કરનારના તંબુની વ્યવસ્થા પણ તેની અંદર હતી. ભોજનને માટે પણ અલગ વ્યવસ્થા હતી.

મહાદજી પોતાના તંબુના પાછલા ભાગમાં મસલતગારો સાથે બેઠેલ હતો. અંબર રાજ્યમાં પ્રવેશ્યા પછી એ રાજ્યના તેના મળતીઆઓ આવી તેને મળી ગયા હતા, આ મળનારમાં ખુશાલીરામ વ્હોરા, સાધુ બાલાનંદ, મળી ગયા હતા. રામચંદ્ર તુકદેવે જયપૂરની સ્થિતિ વર્ણવી બતાવી હતી. નજફકુલીખાન અને બાલાનંદે પોતાના કુટુંબના માણસોને જયપુર બ્હાર કાઢી લીધાં હતાં. માચેરીના સામંતનો સંદેશો મળી ચૂક્યો હતો. કૃષ્ણગઢથી માનસિંહને પણ બોલાવવા માટે તજવીજ થઇ હતી. આમ જયપુરમાં બીજા મુકામે પહોંચતાં તેને વિવિધ બાબતોનો વિચાર કરવાનો હતો.

મહાદજીએ પોતાના સલાહકાર સમક્ષ મુદ્દો રજુ કર્યો કેઃ

‘આપણી પાસે જાત જાતનાં કહેણુ આવી પહોંચ્યાં છે. પ્રથમ તો ખૂશાલીરામ વ્હોરાનું. તેનું કહેવું એવું છે કે, જયપુર પર ચઢાઇ કરી હાલના રાજાને સખ્ત દબાવી દેવો. તેના પર ભારે ખંડણી નાંખવી અને પ્રધાનગીરિ તેમને સોંપવી. અને બાકી ભેટની નાની બાબતો છે.’

‘પણ માચેરીવાળા શું કહે છે?’ શિવાજીએ પ્રશ્ન કર્યો.

‘માચેરીવાળાનું કહેવું છે કે હાલના અંબરના રાજાને પદભ્રષ્ટ કરવો. અને અંબરની ગાદી પર તેના ભાઇ માનસિંહનો હક્ક કબૂલ કરી તેને ગાદી પર બેસાડવો. નજફકુલીખાન માચેરીના પક્ષનું સમર્થન કરે છે.’

‘લાભ આપણને કીયા પક્ષનું સમર્થન કરવામાં છે?’ ઇંગળેએ કહ્યું.

‘આપણે પ્રથમ લાભાલાભના બળનો વિચાર કરવો જોઇએ.’ ચિમણાજીએ કહ્યું.

‘જો માનસિંહનો હક્ક કબૂલ કરી તેને ગાદી પર સ્થાપીએ તો હાલ તુરત નજરાણા ભેટ વધારે મળે એ નક્કી છે. પણ ખંડણીની રકમ આગળ જતાં એ આપી શકશે કે નહીં એ શંકાસ્પદ છે. બીજું એ પણ છે કે રાજના સામંતો માનસિંહના પક્ષમાં નથી.’

‘તેથી આપણને શું? આપણને તો આપણો લાભ પ્રથમ જોવાનો છે.’ એકે સ્પષ્ટ વચન કહી દીધું.

‘એક બીજી વાત પણ લક્ષમાં રાખવાની છે કે જો માનસિંહને ગાદી પર સ્થાપીએ, તો માચેરીનું વર્ચસ્વ વધે અને ખૂશાલીરામનું ઘટે. પછી ખૂશાલીરામ બીજો પક્ષ ઉભો કર્યા વગર નહીં રહે.’

‘એ બીજો પક્ષ ઉભો કરે તો તેથી આપણને શું નુકશાન થવાનું છે?’ રાણેખાને કહ્યું.

‘આથી નુકશાન તો એ થશે કે, પ્રતાપ ચૂપ થોડો બેસી રહેશે? તે બીજાની મદદ લઇ ગાદી માટે લડવા તૈયારી કરશે અને આપણે બીજા યુદ્ધની તૈયારી કરવી પડશે.’ ચીમણાજી બોલ્યો.

'પણ તેથી આપણને શું નુકસાન થવાનું છે?' રાણેખાને પૂછયું અને ઉમેર્યું કે 'આપણે કયાં યુદ્ધથી ડરીએ છીએ?'

'યુદ્ધથી ડરતા નથી, એ સત્ય છે, પણ, લાભ વગર નાહક લઢાઈની ખાતર લઢાઈ લઢતા નથી.' ચિમણાજીએ જવાબ આપ્યો.

'આપણે માનસિંહને મદદ કરવા લઢવું પડશે, એટલે એની પાસેથી બીજી કશી આશા નહીં રખાય.'

'પણ કદાચ એથી પ્રતાપ વધારે રકમ આપવા કબૂલ થાય એ શું બનવા જોગ નથી?' રાણેખાને કહ્યું.

'પણ પ્રતાપ વધારે પ્રલોભન આપે તોપણ આપણાથી માનસિંહના હકનો ઇન્કાર ન થાય.' શિવાજીએ કહ્યું.

'શા માટે ન થાય?'

'એ એક જાતનો વિશ્વાસઘાત થયો કહેવાય. આપણે જ માનસિંહને ગાદી પર બેસાડીએ અને આપણે જ તેના દુશ્મનને વગર કારણે સહાય કરીએ, એ કેવી રીતે બને?' શિવાજીએ પ્રત્યુત્તર આપ્યો.

'માનસિંહના પક્ષમાં રાજ્યના સામંત નથી, એટલે આપણે જ્યાં અંબર રાજ્ય પર તેને બેસાડી દૂર ગયા કે ફરી બખેડો જાગવાનો. પ્રતાપનો પક્ષ પ્રબળ થવાનો. અને આપણે ફરીથી અંબર રાજ્યના માલેકના હિતની ખાતર આપણું બીજું હિત જતું કરી યુદ્ધમાં ઉતરવાનું થવાનું. માનસિંહને સામંતો ગાદીપર ટકવા નહીં દે. નજફકુલીખાન કંઇ નહીં કરી શકે. ખૂશાલીરામ પણ પ્રતાપના પક્ષમાં ભળવાનો એટલે આપણને માનસિંહને ગાદી અપાવવામાં તુરત ભલે લાભ હોય પણ પુનઃ લડાઇ ખેડવાની રહેશે અને તે પણ લાભ વગર.' સિંધિયાએ કહ્યું.

'તો પછી ખૂશાલીરામના પક્ષનું સમર્થન કરવામાં શી હરકત છે?' રાણેખાને પૂછયું.

'ખૂશાલીરામનો કોઇ પક્ષ જ નથી.' ચિમણાજીએ કહ્યું.

'એમ કયેમ બને? એમનો પક્ષ પણ સમર્થ છે.' શિવાજીએ જવાબ આપ્યો.

'આખર એ માત્ર અમાત્ય છે. અમાત્યની સત્તા પણ તેમના હાથમાં નથી.' ચિમણાજીએ જણાવ્યું.

'પણ તે પ્રબળ રાજનીતિકુશળ છે. બીજાં રાજ્યો સાથે તેણે પોતાનો સંબંધ રાખ્યો છે. તેની સલાહ ભલભલા લે છે. પડતી અવસ્થામાં મોગલ બાદશાહનો સેનાપતિ પણ તેની સલાહ લે છે.' શિવાજીએ કહ્યું.

'એ ખરૂં પણ એને આપણા પક્ષમાં લેવાથી લાભ શો ?'

'એને આપણા પક્ષમાં નહીં, પણ આપણે એનો પક્ષ લેવાનો પ્રસ્તાવ છે.' શિવાજીએ ભૂલ સુધારતાં કહ્યું.

'તો પછી ખૂશાલીરામનો પક્ષ લેવામાં શો વાંધો છે?' ઇંગળેએ પૂછ્યું.

'વાંધો કંઇ નથી, પણ લાભ પણ શા છે ?' શિવાજીએ કહ્યું.

'કયેમ નહીં ?' રાણેખાને પ્રશ્ન કર્યો.

'શો લાભ ?' શિવાજીએ સવાલ પૂછ્યો.

'પ્રતાપસિંહનું દમન કરવાથી અને ખૂશાલીરામને પ્રધાન બનાવવાથી એ આપણું હિત જોશે !' રાણેખાને કહ્યું.

'આપણું હિત એ શું જોનાર છે? એના હિતને ખાતર એને એમ કરવું પડશે.' શિવાજીએ કહ્યું.

'એમના હિતની ખાતર કરીશું તોએ પણ આપણો લાભ તો છેજને ?' ઇંગળે બોલી ઉઠયો.

'નહીં, એમ નથી,' શિવાજીએ કહ્યું.

'ત્યારે શું છે ?' રાણેખાન બોલી ઉઠયો.

'તો આપણે જો ખૂશાલીરામને બદલે બીજો અમાત્ય રાખીએ તો નહીં ચાલે ?'

'ચાલે, શા માટે નહીં ? પણ ખૂશાલીરામનું વજન છે અને તે બહુ પ્રવીણ છે.' ચિમણાજીએ કહ્યું.

'તેને માટે મારી ના નથી, એમ તો નજફકુલીખાનનું પણ વજન છે. માચેરીનો રાવ નજફકુલીખાનનો પક્ષ લે છે. જો માનસિંહ ગાદીપર આવે તો કૃષ્ણગઢને પણ સંતોષ થાય તેમ છે, છતાં આપણને તે કરવું ઇષ્ટ નથી.' શિવાજી બોલ્યો.

'તમારા કહેવાનો મર્મ સ્પષ્ટ સમજાતો નથી.' ઈંગળેએ કહ્યું.

'સ્પષ્ટ વાત તો એ છે કે અંબર રાજ્યના અધિપતિના પતનમાં એટલે પ્રતાપના દમનમાં બે પક્ષ છે. માચેરીના રાવનો અને નજફકુલીખાનનો પક્ષ. બીજો પક્ષ ખૂશાલીરામ વ્હોરા અને બાલાનંદ ગોસ્વામીનો. આમ બન્ને પક્ષને જે ઈષ્ટ છે, તે પ્રતાપને પ્રથમ પરાસ્ત કરીએ. પછી જે પક્ષમાં આપણું હિત વિશેષ ભાસે, તે પક્ષનો અંગીકાર કરીએ. અત્યારથી ખૂશાલીરામનો પક્ષ ઇષ્ટ છે કે માચેરીના રાવનો ઇષ્ટ છે, તેનો સ્વીકાર કરવાની જરૂર શી છે? બન્ને પક્ષ ભલે એમ માની લે કે આપણે એમને માટેજ યુદ્ધમાં ઉતર્યા છીએ. પ્રતાપનું પતન થતાં બન્ને પક્ષ પોતપોતાની મુરાદ આપણી આગળ રજુ કરશે.' શિવાજીએ પોતાનું કથન સ્પષ્ટ કરી બતાવ્યું. સર્વે જણ વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે શિવાજી વિઠ્ઠલના કહેવામાં તથ્ય છે.

'તમારો વિચાર મને તો અતિ ઉત્તમ લાગે છે.' ઇંગળેએ કહ્યું.

'આ વધારે લાભકારક રસ્તો છે.' રાણેખાને કહ્યું.

ચિમણાજીએ પણ આ વિચારને પુષ્ટિ આપી. ખુદ મહાદજીને પણ તે પસંદ પડયો. તેણે પૂછ્યું:–

'ત્યારે આપણે જયપુર નરેશ આગળ નિમિત્ત કંઇ દેખાડવું પડશે.'

'નિમિત્ત તો ઘણાં મળશે.' ચિમણાજી બોલ્યો.

'રકમ હજી સુધી ભરપાઇ થઇ નથી.' રાણેખાને કહ્યું.

'ખંડણીની રકમ તો ભરપાઇ થયેલ છે. તે તો રામચંદ્રે કહ્યું અને આપણે જાણીએ છીએ.' મહાદજીએ કહ્યું.

'પણ આપણે ખંડણીની રકમ વધારી માંગીએ તો?' ઇંગળેએ પૂછ્યું.

'તે પણ જો અંબર રાજ્ય કબૂલ કરે તો આપણી અત્યારની બાજી ધૂળમાં મળી જાય.' શિવાજીએ કહ્યું.

'પણ આપણે માંગણી જ એવી કરીએ કે તેનાથી પૂરી ન પડાય.' ઇંગળેએ ઉદ્ગાર કાઢ્યા.

'આ રસ્તો બરાબર છે.' રાણેખાને કહ્યું.

'તો પછી માગણી કેટલી કરવી?' મહાદજીએ સલાહકારોને પૂછ્યું.

'જરા વિચાર કરવા જેવી વાત છે.' શિવાજી બોલ્યો.

'એમાં શું મોટો વિચાર કરવાનો છે?' રાણેખાને કહ્યું.

'એવી મ્હોટી તો ન હોવી જોઇએ કે તેને કેવળ અયોગ્ય કે અશક્ય લેખવામાં આવે.' શિવાજી બોલ્યો.

આમ પરસ્પર મસલત કરતાં કોઇએ કેટલાક લાખની તો કોઇએ વધારે ઓછી રકમો સૂચવી. અંતે એમ નક્કી કરવામાં આવ્યું કે, એક કરોડની માંગણી કરવી.

તરત જ શેણવી બ્રાહ્મણ-પંડિતને જયપુર મોકલાવવાનો મુસદ્દો ઘડવાનું ફરમાવવામાં આવ્યું.

આ ખરીતો કોના સાથે મોકલવો, તે સંબંધી પણ ચર્ચા ચાલી. એકે સૂચવ્યું કે,

'આપણા વકીલ રામચંદ્ર તુકદેવ પાસે માગણી કરાવવી.'

'રાણેખાને આ વાતનો વિરોધ કર્યો. આવા પ્રસંગે આપણે આપણા ખાસ પ્રતિનિધિ માર્ફત એ માગણી કરવી યોગ્ય છે. કેટલીક વાર આ ચર્ચા ચાલ્યા પછી રાયજી સિંધેને માગણી કરવા મોકલવાનું નક્કી કર્યું. આ કામ પતી ગયા પછી બીજી બાબત હાથમાં ધરવામાં આવી. મહાદજીએ પૂછ્યું કે,

'જયપુરકરે મદદને માટે માગણી કરી છે?'

'જોધપુર અને ઉદયપુરની ગુપ્ત મંત્રણા ચાલી રહી છે.'

'એ સમાચાર તો રાધોધડમાં જ આપણને મળ્યા હતા.'

'ત્યાર પછી આપણા ગુપ્તચરો શું ખબર લાવ્યા છે?'

'વ્યંકોજીને બોલાવો.' ચિમણાજીએ સૂચવ્યું.

એક સેવક વ્યંકોજીને બોલાવવા ગયો. થોડી વારમાં વ્યંકોજી ત્યાં હાજર થયો. પરરાજ્યોના સમાચારનો ભાર તેને શિર હતો. તેણે આવતાં જ સર્વને નમન કર્યું અને બધાની બાજુમાં થોડે દૂર બેઠો.

ચિમણાજીએ પૂછ્યું કે,

'વ્યંકોજી! રાજપુતાનાના બીજા રાજ્યોના શા સમાચાર છે તે સરકાર જાણવા ઇચ્છે છે?'

'જોધપુરવાળાની અને ઉદયપુરવાળાની મંત્રણા ભાગી પડી છે. ઉદયપુરની કેડ એવી ભાંગી ગઇ છે કે તે બીજા કોઇને સાથ આપવાની શકિત ધરાવતું નથી. તેને આપણી રકમ જ ભરપાઈ કરવી ભારે પડે છે. ઉદયપુરના નારસિંહ માર્ફત સમાચાર સાંપડયા છે કે રાણાજીએ સાંપ્રત સમયમાં સહકાર આપવા સ્પષ્ટ ના પાડી છે.'

'તો પછી જોધપુરનું શું?' રાણેખાને પૂછયું.

'જોધુપુરને અને જયપુરને વેર છે. કારણ કે જોધપુર નરેશને જયપુરે કનડવામાં બાકી રાખ્યું નથી.'

'એ તો ઠીક પણ જયપુર તરફથી મદદની માગણી થઇ છે ખરી?'

'જયપુરના દિવાન હલદિયા જોધપુરની સીમાપર પહોંચ્યા હતા. રાજાની મુલાકાત થઇ કે નહીં એ હજી જણાયું નથી. કહે છે કે, સીમા પરના બખેડાને માટે જવું થયું હતું. પાકા સમાચાર થોડા સમયમાં આવશે.'

'સીમા પર બખેડો થયો હતો શું?' ઇંગળેએ પૂછયું.

'શેખાવતો રાજ્યની વિરૂદ્ધ નહીં પણ પરસ્પર આથડયા છે. આને માટે કંઇ હલદિયાજી જાય નહીં. પણ બખેડાની વાત સાચી છે. માચેરીને મનાવી લેવામાં ફાવ્યા નથી. જોધપુરના સમાચાર તો આપણે બીજે મુકામ કરીશું ત્યાર પહેલાં આવી પહોંચશે. કિશનગઢ આ કામમાં સામેલ થશે નહીં. કારણ કે માનસિંહનું તો એ મોસાળ છે. અંબર નરેશને મદદનો સંભવ બહુ ઓછો છે.'

'તો આપણો બીજો મુકામ હવે કયાં કરવા વિચાર છે?' આબાજી ઇંગળેએ પૂછયું.

'મને લાગે છે કે આપણે હવે લાલસોટની નજીક પહોંચી જઇએ. ત્યાં પાસે મેદાન, પાણીની સગવડ, પહાડની તળેટી એ બધું આપણને અનુકૂળ છે.' મહાદજીએ કહ્યું.

'તો કાલે કુચ કરવાની આજ્ઞા કરૂં?' ઇંગળેએ પૂછયું.

'હા જરૂર.'

બાદ સૈન્યની વ્યવસ્થાની વાત કરી સર્વ છૂટા પડયા.

પ્રકરણ ૧૧ મું

રૂપાં ક્યાં?

તે ભીમકાય પુરૂષો રૂપાં અને રામદઇને લઇ ઝપાટાભેર નક્કી કરેલે સ્થાને આવી પહોંચ્યા; ત્યાં એક મેનો તૈયાર હતો. તે બન્ને પુરૂષોએ રૂપાંને અને રામદઇને મેનામાં બેસવા કહ્યું. રામદઇએ વિરોધ દાખવવા શરૂઆત કરી, પણ પેલો મજબૂત માણસ જ્યાં આવી પહોંચ્યો ત્યારે જે બીજા માણસો હતાં તેમાંના એકે સાફ સંભળાવી દીધું કે;

'અમારો ઇરાદો લૂંટનો નથી કે તમારા પર અત્યાચાર કરવાનો નથી.'

'અમને અમારા સ્થાનથી ચોરની માફક પકડી લાવ્યા અને કહો છો કે અમારો વિચાર અત્યાચાર કરવાનો નથી!' રામદઇ બોલી.

'અમને અમારા માલિકનો હુકમ છે કે આપને સુખરૂપ લઇ આવવાં.'

'તમારો માલિક કોણ છે?' રામદઇએ પૂછ્યું.

'તે હું જણાવી શકતો નથી. તમો પોતે જ તે સારી રીતે ત્યાં પહોંચ્યા પછી જાણી શકશો.'

'પણ અમે નહીં આવીએ તો?' રામદઇ બોલી.

'તો તમારૂં કંઇ વળે એમ નથી. અમે બળજબરીથી લઇ જઇશું.'

'અમે અમારો પ્રાણ આપીશું.'

'તેમ કરવાની કંઇ જરૂર નથી. આપને કોઇ પણ પ્રકારની હરકત કે આપના પ્રત્યે અનુચિત વર્તાવ થવાનો નથી; અમને સખ્ત તાકીદ છે કે, આપને સુખરૂપ લઇ આવવાં. ઉપરાંત જ્યાં આપને લઇ જવામાં આવે છે ત્યાં પણ આપના શરીરને, આપની આબરૂને, લેશ પણ બટ્ટો ન લાગે એવી રીતે રાખવામાં આવશે. આપ આપના મનમાં કોઇ

પણ પ્રકારની કુશંકા રાખશો નહીં. ત્યાં પણ કુંવરીબાને ઉચિત સન્માન અવશ્ય આપવામાં આવશે. એટલું જણાવવાની મને આજ્ઞા છે.'

'તો પછી આમ કરવાનું શું કારણ? એનું પરિણામ શું આવશે, તે તમારો માલેક જાણે છે?' રામદઇ બોલી.

'તેમણે બરાબર વિચાર કરીને જ કામ કર્યું હશે. પણ અત્યારે વખત નકામો જાય છે. આપણે લાંબું જવાનું છે માટે આપ મેનામાં બિરાજો.'

રામદઇ સમજી ગઇ. આ રાતના વખતે, આ લોકોની સાથે રકઝક કરવી નકામી છે. તે અને રૂપાં ચુપચાપ મેનામાં બેસી ગયાં. અંદર બેઠા પછી રામદઇએ રૂપાંને આશ્વાસન આપ્યું કે:

'કુંવરીબા! જરા પણ ગભરાતાં નહીં.'

'તું સાથે છે તો પછી ગભરાવાનું શું છે? તું તો કેટલાય પુરૂષોને પણ ભારે પડે એવી છે અને કદાચ પ્રસંગ આવે તો આ કટારી સાથે છે.' રૂપાં બોલી.

તે નાનો કાફલો આ પ્રમાણે રસ્તો કાપતાં એક નિર્જન સ્થાનમાં એક શિવાલય પાસે આવી પહોંચ્યો. ત્યાં તેમણે વિશ્રાંતિ લેવાનો પ્રબંધ કરી રાખ્યો હતો. ભોઇઓ થંભી ગયા. બે ઘોડેસ્વાર હતા તે પણ ઘોડા પરથી નીચે ઉતર્યા. પેલો માણસ જે તે નાની ટોળીનો નાયક હતો, તેણે કહ્યું કે 'મશાલ સળગાવો.' મશાલ સળગાવવામાં આવી. તેઓ સર્વ તે શિવાલયની અંદર ગયાં. મુખ્ય દ્વારની આસપાસ નાનો કોટ હતો અને અંદર મંદિરના જમણા ભાગમાં ઉતારૂઓ માટે કેટલીક ઓરડીઓ હતી અને ખુલ્લી જગા હતી; જેમાં એકલડોકલ ઉતારૂ, કે સાધુઓ ઉતારા લેતા હતા. પેલા નાયકે બે માણસોને ઓરડી સાફ કરવા આજ્ઞા કરી. ઓરડી સાફ થઇ ગયા પછી તેણે પ્રવાસમાં પથારી જેવો સામાન હતો તે કઢાવી તે ઓરડીમાં પથારી કરાવી રૂપાં અને રામદઇને આરામ કરવા કહ્યું. ત્યારબાદ તેણે જોયું કે ઓરડીમાં અજવાળા ને હવા માટે વ્યવસ્થા છે, પણ કોઇ અંદર પ્રવેશ કરી શકે એમ નથી, એવી ખાત્રી કરી લીધી. બધી વ્યવસ્થા આમ થયા પછી તેણે રૂપાં અને રામદઇને ઉદ્દેશી કહ્યું.

'કુંવરીબાને અને આપને માટે અલ્પાહારની વ્યવસ્થા છે. અમે સાથે ભોજન સામગ્રી અને ફળાદિ રાખ્યાં છે. આપ પ્રથમ થોડું ભોજન કરી પછી સુખથી શયન કરજો.'

'અમને કંઇ ભોજન કરવાની ઇચ્છા નથી.' રામદઇએ કહ્યું.

'તો જેવી આપની મરજી, પણ મારી પ્રાર્થના છે કે આપ થોડાં ફળ અને પુરી તો લ્યો.'

રામદઇ વિચારમાં પડી. તેને લાગ્યું કે કઠોર કે કર્કશ વર્તન રાખવામાં લાભ નથી. આ માણસની સાથે જરા મમતાળુ વ્યવહાર રાખવાથી તે કદાચ ઉપયોગી થઇ પડવાનો સંભવ છે. આથી તેણે કહ્યું.

'વારૂ તો કુંવરીબા થોડો નાસ્તો કરી લઇએ.'

તે નાયક રામદઇના આ વ્યવહારથી ખુશ થયો. તેણે નોકરને બે થાળીઓ લાવવા આજ્ઞા કરી. તે નોકર થાળી લઇને આવ્યો. થાળીઓમાં પૂરી, પકોડી અને ફળ હતાં. જળના બે લોટા મૂકવામાં આવ્યા. બાદમાં એક કપડું પાથરી તેમને નાસ્તો પાણી કરવા કહ્યું.

રામદઇ બડી ચતુર હતી તેણે તે નાયકને પૂછ્યું:

'આપ રજપૂત છો?'

'જી, હું રજપૂત જાતિનો છું.' નાયક બોલ્યો.

'તો પછી આપ પણ થોડો આહાર ગ્રહણ કરો." રામદઇ બોલી.

'ગમે તેવો પણ હું એક સેવક છું અને આપ સામંતના પુત્રી છો.'

'તેથી શું? રજપૂતો પંકિતભેદ કરતા નથી. વળી તમારે અમારી સાથે એક પાત્રમાં કયાં ઓછું જમવાનું છે?'

તે નાયક શરમાઇ ગયો. તેના મનમાં રામદઇને માટે માન ઉત્પન્ન થયું. તેણે તરત જ એક ત્રીજી થાળી મંગાવી અને થોડે છેટે તે પણ વાળુ કરવા લાગ્યો. વાળુ થઇ રહ્યા પછી હાથ મ્હોં ધોવાયા. બાદ તે નાયકે કહ્યું:

'આ ઓરડામાં આપને રાત્રિ પસાર કરવી પડશે. પ્રવાસ છે એટલે મહેલના સુખસાધનો નથી, પરંતુ પ્રવાસમાં આપને કષ્ટ ન પડે તેની સંભાળ રાખવામાં આવી છે. ઓરડામાં બે પથારીઓ છે. એક

દીવો પણ છે. અંદર મોરી છે. આપ સુખેથી આરામ કરો. બારણું અંદરથી બંધ કરજો. કોઈ અંદર પ્રવેશ કરનાર નથી અને બ્હારથી પહેરાનો બંદોબસ્ત છે આપને કંઈ અગત્ય પડે તો હાક મારજો.'

રૂપાં અને રામદઈ ઓરડામાં ગયાં. તેમણે અંદરથી કડી દઈ દીધી અને થોડી વાર ચૂપચાપ બેઠાં.

રૂપાંનું મન ભાંગી ગયું હતું. આમ અચાનક તેમને પકડી જનાર કોણ હશે? તેની કલ્પના તેનાથી થઈ શકતી નહતી. આવો અત્યાચાર શા માટે કર્યો હશે? તેની મુરાદ શી હશે? બળાત્કારે હરણ કરી પરણવાનો વિચાર તો નહીં હોય! આવા વિચાર તેના મનમાં થતા હતા. રામદઈ તેને આશ્વાસન આપતી કહેતી હતી કે 'ભયનું કંઈ કારણ જે હશે તે જોઈ લેવાશે. આ માણસદ્વારા કદાચ આપણને ભેદની ખબર પડશે. તમે કોઈપણ રીતે ગભરાતાં ના.'

'તું છે એટલે ગભરાવાનું શું છે! પણ એકલી હોત તો કદાચ હું શું કરત, તેની કલ્પના થઈ શકતી નથી.'

'એમાં કલ્પના શું કરવાની છે. સમય પારખી લેવો એટલે થયું.'

'પણ રામદઈ! તું આ બધું ક્યાંથી શીખી?' રૂપાં બોલી. પછી ઉમેર્યું કે—

'બળ્યું, પણ આ લોકો અહીંથી આપણને ક્યાં લઈ જશે?'

'જ્યાં લઈ જવાના હોય ત્યાં લઈ જાય. પણ આપણે આપણો છૂટકારો કરી લઈશું.'

'શી રીતે? રામદઈ!'

'શી રીતે કયેમ? કળાથી, કપટથી કે ફોસલાવીને.'

'રામદઈ! તું કોઈ રાજ્યની પ્રધાન થવા લાયક છે.'

'હું તો તમારા રાજ્યની પ્રધાન છું જને.' રામદઈએ જવાબ આપ્યો. એટલામાં બ્હાર કંઈ વાતો કરતું હોય એમ લાગ્યું. રામદઈએ કહ્યું: 'ચૂપ રહો, બ્હાર કોણ વાત કરે છે તે જરા સાંભળવા દો.' રૂપાં ચૂપ બેઠી.

બ્હાર ચોકીદારમાંનો એક કહેતો હતો કે: 'મારી અમલની દાબડી કંઈ આડી મૂકાઈ ગઈ છે. રામસિંહ! તારી પાસે અફીણ છે કે?'

'છે.' રામસિંહ બોલ્યો.

'તો લાવને અમલ પાણી કરીએ. હાથ પગ તોડાવા લાગ્યા.'

'પણ ઠુંગો શાનો કરીશું?' પેલાએ પ્રશ્ન કર્યો.

બ્હાર એક સાધુ હતો. મંદ અગ્નિ પાસે બેસી ચલમ ભરી પીતો હતો. ચલમ ભરી તે આ સિપાઇઓ પાસે ગયો અને કહ્યું:

'આપ ચલમ પીશો?'

તેઓએ હા કહી. બાવાજીએ ચલમ ધરી. તેઓ ચલમ પીવા લાગ્યા. જ્યાં એકે ચલમનો દમ માર્યો કે ચલમ પર જ્વાળા ઉઠી. જ્વાળામાં તે માણસનું મુખ જોઇ સાધુએ કહ્યું:

'કોણ વીરસીંગ?'

તેણે મોટેથી ન બોલવા ઇશારત કરી. સાધુરામ ચૂપ રહ્યા. સાધુરામે કહ્યું:

'થોડો પરસાદ લેવાની ઇચ્છા છે?'

ફરીથી સાધુરામ ચલમના દમ મારવા લાગ્યા. તેના ઉપર પુનઃ પ્રકાશ થતાં તેનો ચ્હેરો જોઇ, વીરસીંગ બોલ્યો.

'કોણ, સરયૂદાસજી?'

સાધુરામે ડોકું ધૂણાવ્યું. વીરસીંગે રામસિંહને કહ્યું:

'થોડો પરસાદ સરયૂદાસજી પાસે છે. થોડો ઠુંગો કરીએ.'

રામસિંહે 'હા' કહી. સાધુ પોતાના ઝોળામાંથી દાબડો કાઢી લઇ આવ્યો. રામસિંહ અને વીરસીંગ ઠુંગો કરવા લાગ્યા. ઠુંગો થઇ રહ્યા પછી પાણી પી, પરવારી બેઠા. ચલમની અસર થવા લાગી. રામસિંહે કહ્યું:

'સાધુબાબા! ફરી ચલમ ભરો. જરા ટટારી આવે.'

સાધુરામે ચલમમાં જરા ગાંજો અને તમાકુ ભર્યાં. ઉપર કાથાની દોરડી વીંટાળીને મૂકી અને તેને સળગાવી રામસિંહને આપી. રામસિંહે બે ચાર દમ મારી તે વીરસિંહને આપી. અને વીરસિંહે સાધુને આપી. સાધુ સુલફી બદલી પીવા લાગ્યો. રામસિંહે પૂછ્યું:

'સરયૂદાસજી કોણ છે?'

'એ એક ફરતારામ સાધુ છે. રામાયણની કથા અમારા ગામમાં
ાતુર્માસમાં સમજાવતા હતા.'

'અરે, હા, ઓળખ્યા. એમણે તો સારા જયપુર રાજ્યમાં ભ્રમણ
રેલ છે. એમને કોણ નથી ઓળખતું!'

'હું તો એમને ઘણા વખતથી ઓળખું છું. એ મહાત્મા છે.
યપૂર રાજ્ય તો શું પણ હિંદુસ્તાનની તીર્થયાત્રા એમણે પગે કરી છે.'

'સરયૂદાસજી! આપ ક્યાંથી આવો છો?' રામસિંહે પૂછ્યું.

'હું અયોધ્યા, વૈદ્યનાથ અને હરિદ્વાર થઇ આવી, આ બાજુ
ાવ્યો છું.'

'તો આપ હવે કેણી તરફ પધારવાના છો?'

'ગોકર્ણેશ્વર* જવા વિચાર છે.'

'ત્યાં થોડો સમય ગુજારવાના કે ત્યાંથી આગળ પધારવા વિચાર છે?'

'અમારા સાધુનું શું કહેવું! એકજ સ્થાનમાં રહેવું ઠીક નહીં.
હ્યું છે કે,

બહતાં પાણી નિર્મળાં; બંધા ગંધીલા હોય,
સાધુજન રમતાં ભલા, દાગ ન લાગે કોય.'

'બરાબર છે, સરયૂદાસજી!' રામસિંહ બોલ્યો.

'અમારે તો:—

ગલ તુલસીકી માલ, સમરની શ્યામકી,
ભોજન એકહી બેર, રટન ભગવાનકી,
યોં સંતનકી ભીડ, તીરથમેં ડોલણો,
ઇતરો દે કિરતાર ઓર નહીં બોલણો.'

'આપને માટે તો એ ઠીક છે, પણ અમને આટલું બસ્સ છે:–

નઈ મુંજરી ખાટ, ન ચુવે ટાપરી,
ભેસલડાં દો ચાર કે દુઝેં બાપડી,

---

* દક્ષિણમાં આવેલું 'ગોકર્ણેશ્વર'નું પ્રસિદ્ધ તીર્થસ્થાન છે તે નહીં, પણ
યપૂર રાજ્યમાં બનાસ અને ડાઇ નદીના સંગમ પર ગોકર્ણેશ્વર મહાદેવનું
ાન છે તે. જગા ઘણી રમણીય છે.

બાજર કે હદે રોટ દહીંમેં ઓલણો,
યાહી દે કિરતાર ઔર નહીં બોલણો.

અફિણના નશામાં વીરસિંહ બોલ્યો:
'એમ નહીં:
'શિરપે સુન્હેરી પાગ, ઓ દુપટ્ટા જરીકા,
ખોસી કમર કટાર, ઓ જૂતા નરીકા.
યોં કચ્છી* કી પીઠ, શિકારકા ખેલણો,
ઇતરો દે કિરતાર ઔર નહીં બોલણો.'

"એ તો બધી મિથ્યા વાત છે.' સરયૂદાસે કહ્યું. સંસારમાં જેને સુખ માનીએ છીએ, તે સુખ નથી. સુખનો આભાસ છે. જ્યેમ કોઇ મજૂર માથા પર ભારે બોજો લઇ જતો હોય અને રસ્તો લાંબો હોય, થાકી જાય ત્યારે રસ્તામાં કોઇ ઉંચા ઓટલા પર થોડી વાર તે બોજો ઉતારે અને 'હાશ' કરી સુખ માને. પણ બોજો તો પાછો ઉંચકવાનો છે જ. સંસારનું સુખ એવું છે. સંસારનો બોજો ભારે છે. પણ માનવી સમજતું નથી કે ખરૂં સુખ કયાં છે? ખરૂં સુખ તો તેની પાસે છે. માણસ ખાલી બહાર ભટકાં મારે છે. જ્યેમ કોઇ કસ્તુરિયો મૃગ કસ્તૂરીની વાસ માટે પહાડે પહાડે ભમે છે, પણ, તેને ખબર નથી કે કસ્તૂરી તો તેની નાભિમાં છે, તેનાં જેવો આ ઘાટ છે. માણસ પાસે આત્મધન સદૈવ છે. તેને શોધવા જવું પડતું નથી. દિલમાં જ તેની ખોજ કરવી પડે છે. એ આત્મધન આગળ રાજધન, ગોધન, રતનધન નકામાં છે. માટે આત્મધન મેળવવા પ્રયત્ન કરવો તે ઉત્તમ છે.'

'ઠીક છે, પણ અમો સંસારીથી એ બને કયેમ?' વીરસિંહ બોલ્યો.

'કયેમ ન બને? બની શકે છે. સદ્દગુરૂ માર્ગ બતાવે તો વાટ સરળ છે. ઠીક પણ આપ બધા કૃણીમેર પધારો છો?'

વીરસિંહ અને રામસિંહ એકમેકના સ્હામું જોવા લાગ્યા. સરયૂદાસજી સમજી ગયા કે કંઇ ભેદભરી વાત છે. આથી તેમણે કહ્યું;.

* કચ્છી—કચ્છી ઘોડો.

'તમારી ખાનગી બાબત હોય તો તે મારે જાણવાની ઇચ્છા નથી. હું તો સ્હેજ પૂછું છું. મને કંઇ જાણવાની ઇચ્છા નથી.'

'ના, ના એવું કંઇ નથી.' વીરસીંગે કહ્યું.

'તમારો અને અમારો રસ્તો તો એકજ છે.' રામસીંહ બોલ્યો.

'તો ઠીક રસ્તામાં મુકામ સાથે થશે.' સાધુરામે કહ્યું.

'સાધુ બાબા ! વાત એમ છે કે જાલિમસિંહે અમને એક કામ માટે મોકલ્યા હતા. જાલિમસિંહને તો તમે ઓળખો છો ને જાણો છો ?'

'હા. કયેમ નહીં, અમારે જવાનું છે ત્યાંથી આગળ ઉપર એમની જાગીર છે.' સાધુએ કહ્યું.

રામદઇએ બારણાની ફાટમાં કાન દઇ વાત સાંભળવા માંડી.'

'એમની જાગીરના એક ભાગ માટે બીજાની સાથે ઝઘડો પડયો છે. રાજ્ય તરફથી દાદ બરાબર મળી નહીં. આ કામ ઉદયમલજીને હસ્તક હતું. તેઓ ધારે તો એ જાગીર એમને મળે; પણ, એ કંઇ દાદ દેતા નથી. માટે જાલિમસિંહે એમની કન્યાનું અપહરણ કર્યું છે. તેમને કોઇપણ જાતની હેરાનગતિ પડે ત્યેમ નથી, પણ બધી જાતની સગવડ સાથે આ પર્વતમય પ્રદેશના એક કિલ્લામાં રાખશે, અને જાગીરના બદલામાં કુંવરીને સુખરૂપ પાછાં મોકલી આપવાની યુકિત કરશે, એવું સાંભળ્યું છે.'

'પણ આ કામ સારૂં કહેવાય નહીં' સરયૂદાસે કહ્યું.

'સારૂં તો નથી, પણ બીજો ઉપાય ન હોવાથી આ રસ્તો તેમણે લીધો. તેમનો સ્વભાવ તો જાણીતો છે. ઉદ્ધત છે અને જાલિમસિંહની ગણના ઉચ્ચ રજપૂતોમાં કયાં થાય છે?' વીરસિંહે કહ્યું.

'પણ, જો જો, કુંવરીની આબ્રુ ઇજ્જત અને માનમાં કંઇ વાંધો ન આવે. તમોને એ શોભે નહીં, એમને સલાહ આપજો કે સારી રીતે રાખે.'

'બરાબર ત્યેમ થશે, પણ આ વાત તમે કોઇને કહેતા ના.' વીરસિંહે કહ્યું.

'ત્યારે હું હવે એકાંતમાં બેસી જરા ભજન કરીશ,' કહી સાધુ આઘા ખસી ગયા. વીરસિંહ અને રામસિંહ ઝોકાં ખાવા લાગ્યા. સાધુરામ લલકારવા લાગ્યા કે:—

'હરિબિનુ કો અપનો સંસાર ।
માયામોહ બંધ્યો જગ બૂડત,
કાલ નદીકી ધાર ॥ ૧ ॥
જૈસે સંઘટ હોત નાવમેં,
રહત ન પૈલે પાર
સુત સંપતિ દારા સોં ઐસે
બિછુરત લગૈ ન વાર ॥ ૨ ॥
જૈસે સપને રંક પાય નિધિ
જાનૈ કછુ ન સાર
ઐસે છિન ભંગુર દેહીકે
ગરબહિ કરત ગંવાર' ॥ ૩ ॥

સાધુનો સ્વર રાત્રિના એકાંતમાં ગુંજવા લાગ્યો. વીરસિંહ અને રામસિંહ નિદ્રાને આધીન થઇ ગયા. રામદઇએ વાત સાંભળી અને કયાસ કર્યો કે ધારતીની એવું સંકટ નથી. રૂપાંનું દિલ પણ એ વાત સાંભળી શાંત થયું.

બીજે દિવસે સ્હવાર થતાં પ્રાતર્વિધિ સમાપ્ત કરી તે ટુકડી પોતાને માર્ગે ચાલી. સરયૂદાસજી પાછળ રહ્યા. તે પણ પોતાના નિત્ય નિયમથી પરવારી પ્રવાસે નીકળ્યા.

પ્રકરણ ૧૨ મું

યુદ્ધના ભણકારા

અંબરાધિપતિ આજ પ્રધાન, સામંતો અને સરદારો સાથે મહત્વની મંત્રણા માટે રાજમહેલમાં સભા ભરી બેઠા હતા. આજની સભા ખાનગી ન હતી. રાજ્યના સામંતો, સરદારો અને હિતેચ્છુઓએ તેમાં હાજરી આપી હતી.

પ્રતાપસિંહ ઉચ્ચ ગાદી પર સ્થિત હતા. તેની આસપાસ સરદારો અને સામંતો, જાગીરદારો અને કર્મચારીઓ, પોતપોતાના પદ પ્રમાણે ગોઠવાયા હતા. સભા ભરાતાં અંબરપતિએ બલુજીને વર્તમાન સ્થિતિ અને જયપુર રાજ્યપર ઝઝુમતા ભય વિષે સ્હમજણ આપવા સૂચના કરી.

બલુજીએ શિર ઝુકાવી નમન કરી કહ્યું:

"અંબર રાજ્યના સ્તંભો! અન્નદાતાની આજ્ઞા છે કે અત્યારની સ્થિતિ સંબંધી મારે આપની આગળ ખરી હકીકત રજુ કરવી. આપમાંના ઘણાકને માલૂમ હશે કે, આપણા રાજ્ય પર મરાઠાનું આક્રમણ થવાનો સંભવ છે. સંભવ નહીં પણ નિશ્ચિત છે. આપણા દૂતો ખબર લાવ્યા છે કે કિરોલીની હદ ઓળંગી મરાઠી ફોજ અંબર રાજ્યમાં દાખલ થઇ ચૂકી છે. અને જો તેનો વેળાસર અવરોધ નહીં કરીએ તો તે આગળ વધશે અને આપણા રાજ્યની ખરાબી કરશે, પ્રજાને પીડશે અને લૂંટશે, લોકોના પર જાતજાતના અત્યાચાર કરશે. અંબર રાજ્યની પ્રજાની દુર્દશા ન થાય અને તેઓ સુરક્ષિત રહે, તેને માટે આપણા અન્નદાતાએ અત્યારથી જ તૈયારી કરી રાખી છે. સરદારો! આપણે ભય

પામવાનું લેશ માત્ર કારણ નથી; પણ, એટલો ઇશારો કરવા ઇચ્છું છું કે, આપણે આપણા દેશની ખાતર, આપણા બાંધવોની ખાતર, આપણા સંતાનના હિતની ખાતર, આપણી મા બ્હેનોની રક્ષાની ખાતર, આપણે સર્વે એકત્ર થઇ આ દયાહીન લૂટેરુઓનું દમન કરવું જોઇએ.

'મરાઠા હિંદુ હોવા છતાં, પોતાના જાતિભાઇઓના પર આક્રમણ કરે છે અને આપણા ધર્મક્ષેત્રોને પણ લૂંટવામાં પાછા હઠતા નથી. મેવાડ રાજ્યની જે દશા તેમના લોભે કરી મૂકી છે, તે જોઇ આપણા દિલ કમકમી ઊઠે છે. આવી સ્થિતિ અંબર રાજ્યની ન થાય, તેને માટે આપણે કમર કસવાની છે. આપણે રજપૂતો રણભીરૂ નથી. રણમાં યુદ્ધ કરતાં મરવું, એ રજપૂતોને માટે પરમ મોક્ષ પામવાની વાત છે. આપણા કવિએ યથાર્થ કહ્યું છે કે:

અઠે સુજસ પ્રભુતા ઉઠે, અવસર મરિયાં આય
મરણો ઘરરો માંઝિઆ, જમ ન નરક લે જાય.

'આપણે રજપૂતોએ આ અવસર વધાવી લેવા જેવો છે. આપણા મહારાજે તેમના અવરોધ માટે યોગ્ય વ્યવસ્થા કરી છે. સૈન્ય તૈયાર થઇ ગયું છે. સરદારોએ અને સામંતોએ હવે પોતાના સૈનિકો સાથે આવીને સાથ આપવાની છે. પ્રજાજનોએ લેશ ગભરાવાની જરૂર નથી, પણ રાજ્યને બનતી સહાય કરવાની છે. આપણે આ વખતે એકલા લઢતા નથી. ખુશીની વાત એ છે કે, આપણી પડખે રાજપૂતાનાના એક ઉદાર રાજવી, જોધાણપતિ વિજયસિંહ તેમના સૈન્ય સાથે યુદ્ધમાં ઉતરશે. આ ઉપરાંત જૈપૂરની કુમકે બીજા પણ લઢનાર છે. ઇશ્વર કરશે તો આ વખતે રણની અંદર કછવાહ પોતાનું ખરૂં ખમીર બતાવશે અને લોભી લૂટેરાઓને પણ ખબર પાડશે કે રજપૂત પર વગર કારણે આક્રમણ કરવામાં શી હાનિ છે? બધે ફાવ્યા હશે પણ અંબરમાં ફાવવું કંઇ નાનાં બાળકનો ખેલ નથી.

'બન્ધુઓ! ટૂંકમાં કહેવાનું એટલું કે રાજ્ય પર આફત એ આપણા પર આફત છે. આપણે છીએ તો રાજ્ય છે. આપણી ફરજ

છે કે આપણે આપણા અન્નદાતાના દરેક પ્રયત્નને ઉત્સાહથી વધાવી લઇ, તેમનું કામ તે આપણું કામ લેખી, આપણી ભૂમિની રક્ષા માટે તત્પર થવું.'

ત્યાર પછી 'બારહકોટરી'-પ્રધાન બાર સામંતોએ અંબર નરેશના કાર્યમાં, અંતઃકરણપૂર્વક સહકાર આપવા ખુશી દર્શાવી. ગોગાવતની શાખાના સામંતે જણાવ્યું કેઃ—

'આપણે રાજ્યના અંગ કહેવાઇએ છીએ. જૂદાં જૂદાં અંગ મળીને શરીર થાય છે. શરીરથી અંગ છૂટું થતાં શરીર વિરૂપ થાય છે અને અંગ એ અંગ રહેતું નથી; માટે આપણે આ રાજ્યના અંગોએ, રાજ્યના આ રક્ષાના કાર્યમાં તન, મન અને ધનથી સહાય કરવી જોઇએ.'

આમ સર્વ સામંતોએ પોતપોતાનો ભાર ગ્રહણ કરવા સંમતિ દર્શાવી. ત્યાર બાદ, હલદિયાજીએ વસ્તુસ્થિતિની ચોખવટ કરતાં કહ્યું કેઃ,

'અન્નદાતા આગળ સરદારોએ પોતાની રાજભક્તિ દર્શાવી છે અને રાજ્યના અંગ તરીકે પોતાના કર્તવ્યનો ભાર પ્રસન્નતાથી સ્વીકાર્યો છે, એ અતિ આનંદની વાત છે. તેમના પૂર્વજોએ રાજસેવામાં રક્ત વહેવરાવ્યું છે, એ કહેવાની આવશ્યકતા નથી. અંબર રાજ્યમાં આપણા મહારાજાના આ પગલાથી સંતોષ થયો છે, અને પ્રજાજનોમાં ઉત્સાહ વ્યાપ્યો છે. યુદ્ધ ક્યારે થશે, એ કહેવું શક્ય નથી, પણ, થોડા જ દિવસમાં તે થયા વગર રહેવાનું નથી, તેથી અત્યાર સુધીમાં જે બંદોબસ્ત કરવામાં આવ્યો છે તેનું થોડું બ્યાન કરૂં છું.

'રાજ્યમાં અનાજનો સંગ્રહ કરવામાં આવ્યો છે. કોઠાર ભરવામાં આવ્યા છે. હાથી, ઘોડા, ઊંટ, બળદ એમને માટે ચંદીનો બંદોબસ્ત કરી દીધો છે. ઠેકાણે ઠેકાણેથી ઘાસ, અનાજ આવવા માંડ્યું છે. વણઝારાની પોઠોની આવ જા તો બધા જાણે છે. આ ઉપરાંત શસ્ત્રાગારમાં શસ્ત્રો અને વાહનોની દુરસ્તી થવા માંડી છે. આ કામને માટે કુશળ કારીગરો કામે લાગી ગયા છે. સૈન્યમાં માણસોની ભરતી થવા ઉપરાંત

તેમની તાલીમ પણ શરૂ થઇ ગઇ છે. નગરની રક્ષા માટે યોગ્ય માણસોને અધિકાર સોંપવામાં આવ્યો છે. ટૂંકમાં જે યોગ્ય વ્યવસ્થા થવી જોઇએ તે સર્વને માટે સુપ્રબંધ કરવામાં આવ્યો છે. આપણા નગરશેઠને પણ યોગ્ય અધિકાર આપવામાં આવ્યો છે. વધારે વિગતમાં હું અત્રે ઉતરતો નથી, પણ દુશ્મનને સ્હામી છાતીએ ભેટવા અને રજપૂતની સમશેરનું પાણી બતાવવા યથાયોગ્ય તૈયારી કરવામાં આવી છે. અંબરની પ્રજાએ કોઇ પણ પ્રકારની આશંકાને મનમાં સ્થાન આપવા જેવું નથી. આ ઉપરાંત યોગ્ય માણસોની સલાહ માટે પણ એક મંડળ સ્થાપ્યું છે. તેમાં જે કોઇને યોગ્ય લાગે તે સલાહ સૂચવી શકે છે. મારી સામંતોને, સરદારોને સવિનય પ્રાર્થના છે કે તેઓ વગર વિલંબે પોતપોતાનું સૈન્ય લઇ સત્વર ઉપસ્થિત થાય.'

અમાત્ય હલદિયાનું ભાષણ પૂરૂં થયા પછી જે જે સામંતોને સૈન્યના અમુક વિભાગના અધિકારી નીમ્યા હતા, તથા જૂદા જૂદા ખાતાંની દેખરેખ કોને સોંપવામાં આવી હતી તે જણાવવામાં આવ્યું.

આમ પ્રાથમિક કાર્યની વિગતો જણાવ્યા પછી દરબાર ખલાસ થયો. સામંતો પોતપોતાને ઉતારે ગયા. પ્રજાજનોમાં અપૂર્વ ઉત્સાહ ફેલાયો હતો. આ વખતે યુદ્ધને માટે અંબરની તત્પરતા અપૂર્વ હતી.

તે જ રાતના ખાનગી બેઠક મળી. ખાનગી બેઠકમાં માત્ર થોડાને જ પ્રવેશ હતો, કારણ એ હતું કે રાજ્ય મસલતની મંત્રણા દુશ્મનને કાને ન પહોંચે. આજની આ બેઠકમાં હંમેશના માણસોએ હાજરી આપી હતી. આ સભામાં, બલુજી, ઉદયમલ, માધોસિંહ, મેઘવાનજી અને કેટલાક સામંતો હતા. તેઓ પરસ્પર ભાવિ યુદ્ધ સંબંધી વાતચીત કરતા હતા, એટલામાં છડી પોકારાઇ કે 'નિગાહ રખ્ખો મહેરબાન.'

સરદારોએ ઊભા થઇ અંબરેશનું અભિવાદન કર્યું. નોકરોએ સુરાપાત્ર અને જામ લાવી રાખ્યાં. આજ્ઞા થતાંની વાર, નોકરોએ તે ભરીને પ્રત્યેકની આગળ રાખ્યાં. પશ્ચાત્ પ્રતાપે હલદિયાજીને પૂછ્યું:

'પ્રધાનજી! નવીન ખબર શી છે?'

'અન્નદાતા! મહાદજીનો દૂત અંતે આવી પહોંચ્યો છે, અને તેમનો પત્ર તે લઇ આવેલ છે. કાલે આપનાં દર્શન તે લેશે.'

'કંઇ વાતચીત થઇ ખરી કે?' પ્રતાપે પૂછ્યું.

'પત્રમાં માગણી આકરી કરી છે. એક કરોડનો આંકડો* છે.'

'એક કરોડ રૂપિયાની માંગણી!' બલુજી ચોંકીને બોલી ઊઠ્યા.

'તે તો ધારતા જ હતા ને! એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે?'

'પણ આ લૂટારા તો માઝા મૂકતા લાગે છે.' એક સામંત બોલી ઉઠ્યો.

'આપણા રાજ્યમાં લશ્કર લઇ પ્રવેશી ચૂકયા છે. થોડા દહાડામાં લાલસોટથી આગળ મુકામ કરશે.' હલદિયાએ કહ્યું.

'તો એમનો દાવ લડીને પણ લૂંટવાનો છે.' મેઘવાનજીએ કહ્યું.

'લઢીને તો એથી વધારે માંગણી કરશે. આ તો અત્યારે કરોડ રૂપિયા આપો, ન આપો તો લઢાઇ માટે સજ્જ થાવ અને હારો તો તે જેટલું લોહી ચૂસે તેટલું થોડું.'

'તો શું મહાદજી એમ ધારે છે કે રજપૂતોએ પોતાનું શૌર્ય ગુમાવ્યું છે? તેમણે તરવાર ત્યજી દીધી છે, અને હાથે કંકણ પહેર્યાં છે?' કુંભાવત શાખાનો સામંત બોલી ઉઠ્યો.

'ગમે ત્યેમ પણ મેવાડમાં ફાવ્યા છે. આપણા કુસંપનો લાભ લેવા ચૂકે એમ નથી.' બલુજીએ કહ્યું.

'કોઇ વખત એ ભારે પડી જાય. તો નવાઇ નહીં.' તરૂણ સરદારે કહ્યું.

વાર્તાનો પ્રવાહ આડો ફાટતો જોઇ પ્રતાપસિંહે પૂછ્યું:-

'જોધપૂરથી સૈન્ય કયારે આવનાર છે?'

'આઠ દશ દિવસમાં આવી જશે.'

'કેટલું સૈન્ય આવશે?'

---

* 'जयपुरकरावर बेरीज ती करोडाची घातली.'

जुओ। महादजी शिंदे यांचीं पत्रें नं. ४७० पृ. १०८

'પંચાશ હજાર રાઠોડો આવનાર છે.' હલદિયાજીએ કહ્યું.

'સેનાપતિ તરીકે કોણ આવે છે?' બલુજીએ પૂછ્યું.

'શોભારામજી.'

'વાહ, એ પણ કસાયેલ વીર છે. રાઠોડોનું પીઠબળ પ્રાપ્ત થવું અને તે પણ આવે વખતે એ એક ઈશ્વરી કૃપા છે. જોધાણપતિને શી સદ્બુદ્ધિ સૂઝી કે ભીડ વખતે ખાતાનું કામ કરવા તેથી તત્પર થયા છે.' બલુજી બોલ્યા.

'ઘાસ, ચંદી અને રસદની પૂરતી કાળજી રાખજો.'

'તેનો પૂરતો બંદોબસ્ત થઇ ચૂક્યો છે. વણઝારાની પોઠો આવવા લાગી છે અને બળરામસિંહના હાથમાં રસદ ખાતું સોંપી દીધું છે.'

'શસ્ત્રાગારમાં શસ્ત્રો પૂરતાં છે ને? બીજી સામગ્રીને માટે શો બંદોબસ્ત થયો છે?'

'બુંદીના માણસો આવી કામે લાગી ગયા છે. યુદ્ધ સામગ્રીમાં કંઇપણ ન્યૂનતા આવે એમ નથી. આ ઉપરાંત બીજા માણસોને પણ કામ પર યોજી દીધા છે. મ્હાવતો, નાળ બંદો, સાઇસો, સુતારો, લુહારો, સર્વ કામે લાગી ગયા છે. કુચ કરતી વખતે જનાવરોની માવજત-ભીસ્ત વગેરેનો પણ યોગ્ય બંદોબસ્ત થયો છે અને કામ ખાતાંવાર વ્હેંચાઇ ગયાં છે.'

'અન્નદાતા! બીજી વધામણી જેવી ખબર આવી છે?' બલુજીએ કહ્યું.

'શી?' પ્રતાપે પૂછ્યું.

'મહમદબેગ હમદાની પણ આપણા લશ્કર સાથે પોતાની સેના લઇ લઢશે.' બલુજીએ કહ્યું.

બધા આશ્ચર્યચકિત થયા. માત્ર પ્રતાપસિંહને અને બીજા થોડાને ખબર હતી કે, મહંમદબેગ હમદાની પાસે ખાસ માણસ મોકલવામાં આવ્યો હતો.

'આપણો માણસ પાછો આવી ગયો ?" પ્રતાપે પ્રશ્ન કર્યો.

'જી ! ઈશ્વરસિંહ આજે આવી પહોંચ્યા છે. અને તેમના તરફનો પત્ર અને તેમની સાથે થયેલી યોજના આપને જાતે આવી જણાવશે.'

'આ પણ ખુશીના સમાચાર છે. ભગવતી* શિલાદેવીની કૃપા અપાર છે.' મેઘવાનજી ગરજ્યા.

'હમદાની કસાયલો યોધો છે. મોગલોમાં અત્યારના સમયે કોઈ વીર બચ્યો હોય તો તે જ છે.' ઉદયમલે કહ્યું.

'એમાં કંઈ શક નથી.' બલુજીએ કહ્યું.

'પણ એ આપણો સાથ કરવા તૈયાર થયો એ નવાઈ છે !' એક સરદારે કહ્યું.

'એમાં નવાઈ જેવું કશું નથી. દીલ્હીના સમાચાર મળતા રહે છે, તેમાં ત્યાંના રાજકારણમાં એમ સમજાય છે કે અત્યારના નામના પણ મોગલ શાહેનશાહની મહાદજી પર કંઇ ખફગી થઈ છે. દીલ્હીથી એક પત્ર મહાદજીને મોકલવામાં આવેલ હતો અને તેમાં એમ જણાવવામાં આવ્યું હતું કે મહાદજી શાહેનશાહના હિતને લક્ષમાં લેતા નથી અને બીજી બાબતોમાં રોકાયેલ રહે છે. ઉપરાંત શાહેનશાહને આપવાની રકમ પણ પહોંચતી થઈ નથી, એમ સમજાય છે.' હલદિયાએ કહ્યું.

'જો આમ થાય તો કંઈ ઓર રંગ જામે. રજપૂતોનો રંગ રહે. મહાદજીની અતિશય લોભવૃત્તિ પર અંકુશ મૂકાય.' એક સરદાર બોલી ઉઠયો.

'વીર ખેતી રજપૂતરી વીર ન ભૂલે બાળ.' મેઘવાનજીએ લલકાર્યું.

'આ બાબતનો રંગ કંઈ ઓર છે એમાં તો તલભર સંશય નથી. રાઠોડોનો સાથ, હમદાનીનો સાથ, એમાં કંઈ દૈવી શક્તિ ભાસે

* અંબરની અધિષ્ઠાત્રી દેવી, જેનું મંદિર અંબરમાં છે, એના સુંદર સંસ્કૃત સ્તોત્રો, અંબરના વિદ્વાન્ કવિએ રચ્યા છે.

છે. કોણે ધાર્યું હતું કે આ અવસરે આવો સુયોગ પ્રાપ્ત થશે.' ઉદયમલે કહ્યું.

'અવશ્ય એ ખરેખર ઇશ્વરનો એક અનુગ્રહ જ છે કે સહસા આમ સઘળી બાજુએ આપણા નાખેલા પાસા પોબાર પડે છે. વિધિની અનુકૂળતાની એ સાક્ષી છે.

'મહાદજી પોતે રણકુશળ છે. પણ તેમને તેમના ફિરંગી સેના-પતિ દ બોએન પર વિશ્વાસ છે. તેમના સૈન્યની તાલીમ અને નેતૃત્વ તેમનું છે.' એક સરદારે પોતાનો અભિપ્રાય જણાવ્યો.

'તે ગમે તેમ હો. પણ હજી સુધી તો રજપૂતોનું વીરત્વ લોપ થયું નથી. એની પ્રતીતિ એ ફિરંગી સૈનિકને પણ છે.'

'તે ગમે તેમ હોય, પણ મહાદજી સમયને પિછાને છે. તેમણે નવી ઢબે સૈન્યને તાલીમ આપવામાં તો ડહાપણ જ વાપર્યું છે.' કોઇએ પ્રત્યુત્તર આપ્યો.

'સામંતો! આપણે આ વાતોમાં આપણું પ્રધાન કર્તવ્ય ભૂલી જઇએ છીએ.' બલુજીએ ઇશારો કર્યો.

એટલામાં સેવકે નિવેદન કર્યું કે શૂરસિંહ અંદર આવવાની આજ્ઞા માગે છે. 'તેને આવવા દો' એવો ઉત્તર મળતાં તે નોકર બ્હાર ગયો અને થોડીવારમાં શૂરે અંદર પ્રવેશ કર્યો. તેણે અંબર-પતિને અને સરદારોને નમન કર્યું. બલુજી તેની સ્હામું જોઇ રહ્યા અને નેત્રના ઇશારાથી પૂછ્યું કે 'ફતેહ કરી આવ્યો છું કે નહીં?' શૂરે પણ ઇશારાથી અને પોતાના પ્રસન્ન વદનથી હકારમાં જવાબ દીધો.

શૂરનો ઇશારો સમજી બલુજીએ કહ્યું:

'અન્નદાતા! એક વાતની આપની પાસે મારે ક્ષમા યાચવાની છે.'

'મારા રાજ્યના સ્તંભ! એ વળી નવું કૌતક શું કરો છો?'

'અન્નદાતા! સત્ય હકીકત એ છે કે આપની અનુમતિ લીધા વગર એક કાર્ય કરવાની મેં છૂટ લીધી હતી. આમ કરવામાં મારો હેતુ શુદ્ધ હતો, પણ તે પાર પડવાનો સંભવ ન હોવાથી આપને પ્રથમ નિવેદન કરી ન હતી.'

'પણ એ વાત શી છે તે તો જણાવો.' હલદિયાજીએ કહ્યું.

'આપણી અત્યારની પરિસ્થિતિ જોઈને મને એ સ્ફૂર્યું કે મહંમદ બેગ સિવાય અન્યને પણ આપણી કુમકમાં લઈએ તો કયેમ? આથી મેં ઇસ્માઈલ બેગને નાણી જોવા મારા ભત્રીજા શૂરને મોકલ્યો હતો. તે કાર્યમાં તે વિજય મેળવી આવ્યો છે. એટલે મોગલ પક્ષમાંથી મહાદજીને કોઈની સહાયની આશા નથી. આપણે અત્યારના બે પક્ષને સાંધી શકયા છીએ, એ પરમેશ્વરીની પરમ કૃપા છે.'

સઘળાના ચહેરા પર પ્રસન્નતા છાઈ, તેઓને યુદ્ધમાં કંઈ વીરરંગ જમાવીશું એની ખાત્રી થઈ. હલદિયાળજીએ કહ્યું:

'માત્ર નજફકુલીખાન અલગ રહેશે. તે કોઈને સાથ નહીં આપે.'

'એ પણ એક દૃષ્ટિએ લાભ જ છે.' ઉદયમલે કહ્યું.

'ત્યારે કાલ્યે મહાદજીનો પત્ર મળશે. જો તેમાં કહે છે તે પ્રમાણે માગણી હોય તો શું કરવું?' પ્રતાપે સભા સમક્ષ પ્રસ્તાવ મૂકયો.

તે સઘળાએ કહ્યું કે તે માગણીનો અસ્વીકાર કરવો. એમાં કંઈ વિચાર કરવાનું છે જ નહીં.

આમ વિચાર વિનિમય પછી રાજસભાની ખાનગી બેઠક પૂરી થઈ. સામંતો ઊઠી જવા લાગ્યા. જતાં જતાં ઉદયમલે બલ્લુજીને શોભ્યા અને તેમનો હસ્ત ગ્રહણ કરી કહ્યું કે:

'તમારો આ ભત્રીજો આગળ જતાં નામના મેળવશે. તેનામાં જેવી વીરતા છે, તેવી જ રાજનીતિની કુનેહ છે. તે તમે સોંપેલું કામ સરળતાથી સિદ્ધ કરી આવ્યો.'

બલ્લુજીના મ્હોં પર સ્મિત ફરકવા લાગ્યું.

પ્રકરણ ૧૩ મું

પિંજરબદ્ધ પંખિણી

યથા સમયે રૂપાં અને રામદઇ તે મોરગઢના કિલ્લામાં આવી પહોંચ્યાં. મોરગઢ અંબર રાજ્યના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં એક પર્વતમય પ્રદેશ પર આવેલ ગઢ હતો. એ ગઢ પુરાતન સમયમાં કોઈ પ્રસિદ્ધ સ્થળ હશે, પરંતુ, અમે જે સમયની વાત લખીએ છીએ તે સમયે આ દુર્ગ જાલિમસિંહની જાગીરમાં હતો. ત્યાં વસ્તી ન્હોતી, પણ સ્થાન ઘણું રમણીય હતું. ઉચ્ચ ભૂમિ પરથી સૃષ્ટિસૌંદર્ય મનોરમ જણાતું હતું.

જાલિમસિંહ પોતે નિકૃષ્ટ પણ રજપૂત વંશનો પોતાને લેખતો હતો. જ્યારે રજપૂતો તેને નિકૃષ્ટ જાતિનો લેખતા હતા. ખરી વાત એ હતી કે મીના જાતિ અને રજપૂતોના મિશ્રણથી ઉત્પન્ન થયેલ ઘણી જાતિઓ છે. આ જાતિમાં બાડોમ નામની જાતિનો જાલિમસિંહ હતો. જાલિમસિંહ બળવાન્ હતો. તેના જાગીરનો પ્રદેશ બુંદીની સીમા જયપુર રાજ્ય સાથે સંલગ્ન થાય છે, તેનાથી થોડે છેટે અંબર રાજ્યમાં હતો. જાલિમસિંહની જાગીરને અડોઅડ એક બીજા રજપૂતની જાગીર હતી. એને અને જાલિમને સીમા માટે બખેડો થતો હતો. જાલિમ ઘણી વાર પોતાના હરીફને સતાવતો હતો, અને જાગીરનો વિસ્તાર કરતો હતો. તેના હરીફે આખર કંટાળીને અંબરાધિપતિ આગળ અરજ ગુજારી. રાજ્ય તરફથી એક સરદારને ત્યાં મોકલવામાં આવ્યો. તેણે પોતાનો નિર્ણય હરીફના લાભમાં આપ્યો. આ કાર્યમાં તેનું માનવું હતું કે ઉદયમલજીની [redacted] તેથી તેણે પોતાના હકને માટે લડવાનો

માર્ગ છોડી ઉદયમલ પર ઉપકાર કે સતામણીનો માર્ગ સ્વીકાર્યો હતો. તેનો વિચાર આગળ જણાવ્યા પ્રમાણે રૂપાંને સતાવવાનો ન્હોતો પણ તેના પિતાને સંતાપી કન્યા સોંપી લાભ લેવાનો હતો. જો કે રૂપાંનુ અપહરણ તેણે કરાવ્યું હતું, પણ તેનો ડોળ એવો હતો કે જંગલી જાતિએ તેનું અપહરણ કર્યું હતું. તેણે તો તેમના હાથમાંથી તેમની કન્યાનો છૂટકારો કર્યો હતો. આ તેની યુકિત ને પ્રપંચજાળ તેવા પ્રકારની હતી. જે સમયની અમે વાત લખીએ છીએ તે સમયમાં આવા બનાવ રજપૂતોના પ્રદેશોમાં બનતા હતા.*

મોરગઢમાં જાલિમસિંહે, રૂપાંના અલ્પ આવાસ માટે યથોચિત તૈયારી કરી રાખી હતી. ભોજન, શય્યા, અને કુંવરીના આરામને માટે સુયોગ્ય પ્રબંધ કર્યો હતો. ગઢના પ્રવેશ દ્વાર આગળ થોડા રક્ષકો રાખ્યાં હતા અને રૂપાંની સેવાચાકરી માટે બે દાસીઓ પણ મૂકી હતી.

સાંજનો સમય હતો. ભગવાન્ ભાસ્કરના આથમતાં કિરણો એક વ્હેળાનાં પાણીના વક્ષઃસ્થળ પર ખેલતાં હતાં. કોઇ એકાદ પંખી

---

*In the hilly country to our west lived a tribe of people called Meenas, a most ferocious and misbegotten race of robbers. They were stout, desperate fellows armed with bows and arrows in the use of which they were uncommonly expert, and accompanied by many dogs of most savage yet sagacious breed........................They would swoop down on our villages and in a single night, carry off not only the cattle within compass of ten or twelve miles, but every child they could lay hands on (the girls to sell as slaves and the boys to breed up to their own devilish trade) and then to retreat to their fastness, in the hills where it was difficult and dangerous to persue them.

A Free-lance in a Far-land. P. 175

by Herbert Compton.

કલરવ કરતું સ્થાનની નિર્જનતાનો ભંગ કરતું હતું. રૂપાં દુર્ગના ઉચ્ચ ભાગ પર બેઠી બેઠી કુદરતની મનોહર લીલા નીરખી રહી હતી. દૂર લીસોટા જેવા દેખાતા રસ્તા પરથી ગાયભેંસના કે બકરાંના ટોળાં ભરવાડો ઘર પ્રતિ લઇ જતા હતા. પલટાતું સૃષ્ટિસૌંદર્ય તે એકલી જોઇ રહી હતી. એકાએક તેના મનમાં વિચાર સ્ફુર્યો કે સૃષ્ટિસૌંદર્ય જે રીતે પલટાય છે તે રીતે માનવજીવન પણ પલટો ખાય છે. માનવજીવનમાં પણ તડકો અને છાંયડો છે. રૂપાંને એમ થયું કે બાલ્યકાળનું જીવન કેટલું સુખમય હતું, તેમાં કેટલો આલ્હાદ હતો, કેટલી સ્ફૂર્તિ હતી અને કેવી નિર્દોષતા હતી ! તે બધી ક્યાં જતી રહી ? તે સુખ, તે આલ્હાદ પુનઃ પ્રાપ્ત થશે ખરાં ? વળી તેના મનના વિચાર બદલાયા. તેને શૂરનું સ્મરણ થયું. તેનો સુંદર પ્રસન્ન ચ્હેરો, શરીરનું સુગઠન, નમણી આંખ્યો અને તેની મીઠી વાતો તેના દિલમાં જાગૃત થઇ. તેના મનોમંદિરમાં શૂરની પ્રતિમાની તે પૂજા કરવા લાગી. વળી પુનઃ તેના વિચારે પલ્ટો આપ્યો. 'પિતાજી મારી માગણીનો સ્વીકાર કરશે ? મારી ઇચ્છા તૃપ્ત કરશે ખરા ? શા માટે નહીં ? હું શું તેમની એકની એક પુત્રી નથી ? તેમણે મને કોઇ દહાડે કોઇ પણ વસ્તુની ના પાડી છે ? પણ તેઓ કોણ હશે, તે પિતાજી પૂછશે તો શું કહીશ ? તેમનો પૂરતો પરિચય પામી હોત તો કેવું સારૂં થાત ! અરે ! પણ પરિચયની શી જરૂર છે ? તેમને જે કામ સોંપવામાં આવ્યું હતું, તે કાર્ય કોઇ સાધારણ આદમીને સોંપવામાં આવે ખરૂં ? પણ મારૂં મન શા માટે આમ છટફટ કરે છે ? વળી આશા તેને આશ્વાસન આપતી હતી કે, એ મને કદી નહીં ભૂલે ! વળી પુનઃ વિચારનો પ્રવાહ ફૂંટાયો. 'હું ક્યાં છું ? અહીંથી ક્યારે છૂટકારો થશે ? પિતાજીને મારી સ્થિતિની ખબર પડી હશે કે નહીં ? ક્યાંથી ખબર પડે ? તેઓ રાજકાર્યને માટે ક્યાંના ક્યાં ગયા હશે ? તો શું અહીં કેદીની હાલતમાં રહેવું પડશે ?'' 'પણ જો શૂરને ખબર પડે તો ! તો તરત જ છૂટકારો કરવા દોડી આવ્યા વગર રહે નહીં. આમ એક પછી એક વિચારના તરંગો તેના મનમાં ઉત્પન્ન થતા હતા. તે આ પ્રમાણે વિચારમાં ગર્ક

હતી. ત્યાં રામદઇ ધીમે પગલે ખંડમાં આવી. રૂપાંને તેની ખબર પડી નહીં. રામદઇએ પગ જરા ધમધમાવ્યો. રૂપાં ચોંકી. રામદઇ હસી પડી અને બોલી:

'કયેમ કુંવરીબા! શાનો વિચાર કરતાં હતાં?'

'શાના વિચાર કરે? આપણો હવે છૂટકારો ક્યારે થશે તેનો.'

'કુંવરીબા! તમે ખોટું બોલો છો.'

'હું ખોટું બોલું છું, એમ કે? તેં શાપરથી જાણ્યું કે હું ખોટું બોલું છું?'

'શા પરથી? તમારા ચહેરા પરથી.'

'તો તું ચહેરાની પારખનારી ક્યારથી બની?'

'જ્યારથી આપની સેવા સ્વીકારી ત્યારથી.'

'તો તું જ કહેને કે હું શા વિચાર કરતી હતી?'

'વિચાર તો'–આંખો મીંચી નાકે આંગળીઓ અડાડી રામદઇ બોલી: 'પેલા તરૂણ જેમણે તમને કામણ કર્યું છે, તેના વિચાર કરતાં હતાં.'

'જુઠ્ઠી, હું કંઇ એકલા એવા વિચાર કંઇ કરતી ન હતી.'

'બા સાહેબ! બીજા વિચાર કરતાં હશો પણ સાથે સાથે એમના વિચાર કરતાં હતાં, તે આપ કબૂલ કરો છો.'

'હું ક્યાં કબૂલ કરૂં છું? તારા મનથી તું એમ કહે છે.'

'હું મારા મનથી કહું છું? તમે ખરૂં કહો છો કે તમે તેમના વિચાર કરતાં ન હતાં?'

'જા, જુઠ્ઠી કંઇની, ગમે ત્યેમ બોલે છે.'

'હું ગમે ત્યેમ બોલું છું? મારૂં લોહી હલકું એટલે એમ જ કહોને.'

'રામદઇ! તું મારા કહેવાના અર્થનો અનર્થ કરે છે.'

'હું અનર્થ કરૂં છું કે તમે તમારા મનનો ભાવ છુપાવો છો?'

રૂપાં ચૂપ રહી. રામદઇએ પૂછ્યું:

'કયેમ કુંવરીબા! તમે ચૂપ કયેમ થઇ ગયાં?'

'તો શું કરું? તારી સાથે હું ફાવું એમ નથી.'

'હું જબરી છું એમ જ ને?' રામદઇએ કહ્યું.

'હું એમ કહેતી નથી. આ પણ તારા મનનો તર્ક છે.'

'આટલું આટલું કહું છું પણ તમે તમારા મનની વાત કહેતાં નથી.'

'તું એવી જબરી છે કે બળજબરીથી પણ કબૂલ કરાવશે.'

'હું બાઇ! શું કામ બળજબરી કરું? તમારે કહેવું હોય તો કહો.'

રૂપાં ચૂપ થઇ ગઇ. તેની આંખ્યોમાંથી દડ દડ આંસું સરવાં લાગ્યાં. જો કે તે ક્ષત્રિયની કન્યા હતી, ધીટ હતી પણ તેનું મન ગળગળું થઇ ગયું. તેની આ અવસ્થા જોઇ રામદઇ બોલીઃ

'આમ આંખ્યોમાંથી આસું પાડવાં એ આપને શું ઉચિત છે?'

રૂપાં જરા સ્વસ્થ થઇ. રામદઇએ પૂછ્યુંઃ

'તમો બાસાહેબ એ તો કબૂલ કરો છો ને કે હું મનને પારખનારી છું?'

'હા–હા, હા–' રૂપાં પોતાની પૂર્વ સ્થિતિમાં આવી બોલી.

'તો હું કહું છું કે આપણો છૂટકારો થશે અને જલ્દી થશે.'

'તું શા પરથી કહી શકે છે કે આપણો છુટકારો થશે?'

'કહ્યું કની કે મને મન પારખવાની શકિત છે.'

'પણ તું કોના મનનું પારખું કરી આવી?'

'ગમે તેના મનનું, તેની સાથે તમારે શું કામ છે? પણ આપણો છુટકારો શીઘ્ર થનાર છે.'

'તારા મ્હોંમાં સાકર; પણ તેં આ વાત જાણી શી રીતે?'

'શી રીતે? પેલા નોકરો વાતો કરતા હતા તે ભૂલી ગયાં? વારૂ, તે વાત જવા દો પણ મારૂં મન કહે છે કે આપણો છુટકારો થશે.'

'વારૂ બાઇ! તને શું ઇનામ આપીશ?'

'મારે તો કંઇ ઇનામ જોઇતું નથી. તમો સુખી થશો એટલે મારે ઇનામ જ છે! ને તમે જેના વિચાર કરતાં હતાં, જેને ઝંખતાં હતાં તે પણ મળશે.'

'તું મજાક ઉડાવે છે નહીં વારૂ?'

'મારી બાઇ! હું કંઇ મજાક ઉડાવતી નથી, પણ હવે ચૂપ બેસો. દાસી વાળુ કરવા માટે તેડવા આવશે.'

થોડી જ વારમાં એક દાસીએ આવીને કહ્યું કે:

'ભોજનનો સમય થયો છે.'

રૂપાં અને રામદઇ ઊઠયાં. તેની સાથે જઇ વાળુ કર્યું. ભોજન બાદ તેઓ પોતાના ખંડમાં પથારી પર પડયાં. રૂપાંએ રામદઇને એક વાત કહી સંભળાવવા કહ્યું.

'જેવી કુંવરીબાની આજ્ઞા' કહી રામદઇએ વાત શરૂ કરી.

ઘણા પ્રાચીનકાળમાં શ્રીવસ્તિ નામની એક નગરી હતી. એ નગરીમાં વણિકો, બ્રાહ્મણો, શેઠ શાહુકારો વસતા હતા. શ્રીવસ્તિથી સાત યોજન ઉપર સાકેત નામનું નગર હતું. આ નગરમાં ધનંજય નામનો એક વિદ્વાન્ માણસ રહેતો હતો. તે સમર્થ વેપારી હતો. જેવી તેની પાસે ધનસંપત્તિ હતી તેવી જ તેની માનસિક સંપત્તિ હતી. તેને એકની એક કન્યા હતી. કન્યા ઘણા લાડમાં ઉછેરી હતી. અને તેના પિતાએ તેને કેળવણી આપવામાં કસૂર કરી ન હતી. જેવી તે બુદ્ધિશાળી હતી તેવી જ તે રૂપમતી હતી. તેના સૌંદર્યની કીર્તિ બીજા ગામોમાં પણ ફેલાઇ હતી. તેનું નામ વિશાખા હતું.

શ્રીવસ્તિમાં મિગાર શેઠ નામે એક ધનવાન શેઠ હતા. શેઠની પ્રતિષ્ઠા નગરમાં ઘણી સારી હતી. તેમને પૂર્ણવર્ધન નામે દીકરો હતો. ધનંજયે પોતાની દીકરીનાં લગ્ન પૂર્ણવર્ધનસાથે કર્યાં.

જ્યારે વિશાખાને સાસરે વળાવી ત્યારે ધનંજય શેઠે જ્ઞાતિના આઠ કુળવાન ગૃહસ્થોને બોલાવી પોતાના વેવાઇની સમક્ષ કહ્યુ કે, જો મારી પુત્રીનો કંઇ દોષ જણાય તો તમારે તેની યથાર્થ ખાત્રીપૂર્વક તપાસ કરીને મને ખબર આપવી.

વિશાખા બૌદ્ધ ધર્મ માનતી હતી. તેનો સસરો નિગ્રંથશ્રમણો-(નાગા સાધુ)ને માનતો હતો.

એક દિવસ મિગાર શેઠ ભોજન કરી રહ્યા હતા. સેવાપરાયણ પુત્રવધૂ વિશાખા પંખાથી પવન નાંખતી એક બાજુએ ઊભી હતી. એવામાં ભોગજોગે બારણે એક બૌદ્ધ ભિક્ષુ આવ્યો. મિગાર શેઠે તેના તરફ બિલકુલ લક્ષ આપ્યું નહીં અને ભોજનમાં નિમગ્ન રહ્યા.

વિશાખાએ તે ભિક્ષુકને ઉદ્દેશી કહ્યું કેઃ–

હમ્હારા સસરાજી વાસી ભોજન ખાય છે, માટે આપ અહીં ઊભા ન રહેતાં આગળ વધો.'

પુત્રવધૂના મુખમાંથી આવા શબ્દો સાંભળી મિગાર શેઠના ક્રોધનો પાર રહ્યો નહીં. તેણે પુત્રવધૂને ઘરમાંથી હાંકી કાઢવા નોકરોને હુકમ કર્યો. વિશાખાનું તેજ એવું હતું કે કોઇને તેના શરીરને હાથ લગાડવાની મગદૂર ન હતી. વિશાખાએ સ્પષ્ટ રીતે પોતાના સસરાને કહ્યું કેઃ–

'વગર વાંકે મારા પર ક્રોધ કરવો એ ઇષ્ટ નથી. આપની આંખ્યોમાં મારો વાંક વસતો હોય, તો મારા પિતાજીએ નીમેલા તે આઠ પ્રતિષ્ઠિત માણસોને બોલાવી મારો ન્યાય કરાવો.'

મિગાર શેઠે તે વાત પ્રથમથી જ કબૂલ કરી હતી. એટલે તરત જ આઠ માણસોને બોલાવવામાં આવ્યા. તેમને આદરપૂર્વક બેસાડયા. મિગાર શેઠે જે બની હતી તે હકીકત તેમને કહી સંભળાવી.

તેઓએ વિશાખાને પૂછ્યું કેઃ–

'તારા સસરા વાસી અન્ન ખાય છે, એમ તેં કહ્યું હતું ખરૂં?'

વિશાખાએ કહ્યું: 'હા'

'તેં એમ શા માટે કહ્યું કે તેઓ વાસી અન્ન ખાય છે?'

'મારા સસરાજી જૂના પુણ્ય ઉપર નિર્વાહ કરે છે અને નવીન પુણ્ય સંપાદન કરતા નથી, એમ મારા કહેવાનું તાત્પર્ય હતું.' આવેલા આઠ જણાએ પરસ્પર વિચાર કરી નિર્ણય આપ્યો કે,

'વિશાખાનું કહેવું સત્ય હતું. એણે કંઇ ઉદ્ધતાઇ કરી નથી માટે તેને ઘરમાંથી કાઢી ન મૂકાય.'*

* બુદ્ધ લીલા સાર સંગ્રહ પરથી.

'વિશાખાની જીત થઇ ત્યારે.' વાત પૂરી થયા પછી રૂપાં બોલી.

'થાય જ ને, કેવી બુદ્ધિશાળી અને ચતુર હતી તે તમારા જેવી.' રામદઇ બોલી.

'હું બુદ્ધિશાળી છું નહિ વારૂ. તું પણ મારી મજાક ઉડાવે છે ને.'

'હું શું કરવા મજાક ઉડાવું! હું તો તમારી સેવા કરૂં છું.'

'આમ ખોટું બોલીને કે?'

'ખોટું શું કહું છું? તમે બુદ્ધિશાળી નહીં તો શું મૂર્ખ છો?'

'જે મૂર્ખ ન હોય તે બધાં બુદ્ધિશાળી એમ તું કહે છે?'

'કુંવરીજી! આમ વાત વાતમાં તો તમે મને પકડો છો અને તમે કહો છો કે હું બુદ્ધિશાળી નથી, એ શી રીતે બને?'

'તું ખરેખર જબરી છે, રામદઇ!'

'હું જો જબરી હોત તો અહીં રહત શી રીતે?'

'ન રહત તો ક્યાં જાત?'

'બીજે કંઇ ચાલી જાત,' રામદઇ બોલી.

'બીજે ક્યાં જવાની હતી તું? મને છોડીને જાત?'

'તમને છોડીને ક્યાં જઉં? તમારૂં હેત મને જવા દે ખરૂં'.

રૂપાંનું મન પોચું બની ગયું. રામદઇના સહૃદય વ્યવહારે, તેની મમતાએ તેના અંતરને હચમચાવી મૂકયું. એક દાસી, પણ તેનામાં કેટલા ઉમદા ગુણો! ઉચ્ચ કુળના કહેવાતા મનુષ્યોમાં આવા ગુણ ભાગ્યે જ જોવામાં આવે છે. ખરેખર! કુલીનતા ઇશ્વરદત્ત છે. સંસ્કારિતા આપોઆપ જન્મે છે કે માણસ જન્મતાં સાથે લઇને આવે છે. આગળ જતાં તેનો વિકાસ થાય છે. ભલે માણુસ ઉચ્ચ કુળમાં અવતર્યો હોય, પણ જે જેનામાં ન હોય તે ક્યાંથી આવે?

પળવાર પછી સ્વસ્થ થઇ તેણે કહ્યું:

'રામદઇ! આપણે અહીં કેટલો કાળ ગાળવો પડશે?'

'હું કંઇ જોષ જોનારી થોડી છું કે ફટ કરીને કહી દઉં.'

'ના, ના, પણ તને શું લાગે છે?'

'મને તો એમ લાગે છે કે ઠાકોરશ્રીને ખબર પડતાં તમારી તપાસ કરવાને માટે અસ્માન પાતાળ એક કરશે અને શૂરસિંહને જો ખબર પડી તો લાખ કામ મૂકી તમારી રક્ષા માટે દોડી આવશે.'

'એ પણ રક્ષા માટે દોડી આવશે! શા માટે?'

'શા માટે, તે તમારા મનને પૂછો. તમને નથી લાગતું કે તમારા પર આપત્તિ આવતાં એ એમને એમ બેસી રહે?'

'પણ એમને ખબર પડે તો ને?'

'હાસ્તો, તે તો ખરૂં. ખબર ન પડે તો? કંઇ પરમેશ્વર થોડા સુઇને બેઠા છે કે એમને એમ ખબર પડે.'

'પણ આપણી ખબર આપશે કોણ?'

'એ જણા. એક તો આપણને કેદ કરનારા પણ આપશે. અને ઠાકોરજી કંઇ કર્યાં વગર થોડા બેસશે?'

'આમ તો દહાડા કેમ જશે?'

'કુંવરીબા! વિચાર કરો. દ્રૌપદી જેવીએ વનવાસમાં અને વિરાટ રાજ્યમાં, દિવસો કયેમ કાઢયા હશે? સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ, એમ એક પછી એક આવ્યા કરે છે. આપણે જે થાય તે બબડાટ વગર સહન કરવું. તમે તો ક્ષત્રિયાણી છો. વિપત્તિથી ડરવું એ આપણું કામ નહીં. વિપત્તિની સ્હામે થવું, પડવું અને ઊઠવું. ફરી પડયાં તો ઊઠવું, એમ પ્રયત્ન કરતાં રહેવું. રજપૂતભાણ રાણાજી પ્રતાપે કેટલાં દુઃખો સહન કર્યાં હતાં? ધૈર્ય રાખો ને હવે શાંત ચિત્તે સુઇ જાવ.'

રૂપાં સુઇ ગઇ. રામદઇ પણ ખંડના બારણાને અંદરથી સાંકળ મારી પથારી પર પડી. બીજે દહાડે સ્હવારે બન્ને જણ ઊઠયાં. પ્રાતર્વિધિનો સામાન, દાતણ પાણી આપવા માટે આજ બીજીજ દાસી આવી હતી. તે રૂપાં સ્હામું જોઇ રહી. બાદમાં રામદઇને જોતાંજ તે ચોંકી. રામદઇએ તેને ઓળખી અને નાકપર આંગળી મૂકી ચૂપ રહેવા ઇશારત કરી, અને ફરી મળવા કહ્યું. સ્નાન માટે તૈયારી કરી છે, તે કહેવા માટે તે દાસી પુનઃ ત્યાં આવી. રામદઇએ તેને પૂછયુંઃ

'માની! તું અહીં ક્યાંથી!'

'આજે ઠાકોરની દાસી માંદી થઇ ગઇ છે. એટલે મને બોલાવવામાં આવી. એમના કામની ના કંઇ કહેવાય!'

'પણ રામદઇ! તું અહીં ક્યાંથી?'

'અહીં આ કુંવરીબાની સાથે આવી છું. જ્યાં એ ત્યાં હું.'

'કુંવરીબા અહીં કયેમ પધાર્યાં છે?' માનીએ પૂછ્યું.

'તને ખબર નથી?" રામદઇ બોલી.

'ના રે ના, મને કંઇજ ખબર નથી. કહ્યું કની પેલી દાસી એકાએક બિમાર પડી એટલે તત્કાળ મને કામ સંભાળી લેવાનું કહ્યું. એમ પણ કહ્યું કે, થોડા દહાડા માટે છે અને જરૂરનું છે.'

'તારાં ઘરનાં બધાં ખુશીમાં છે?

'બધામાં કોણ? મારો એક આઠ વર્ષનો છોકરો છે અને મારાં સાસુ ને એ.'

'તારા 'એ' શું કરે છે?' રામદઇ બોલી.

'શું કરે? ખેતી છે. થોડી જમીન છે. નિર્વાહ ચાલે છે.'

'માની! આપણે નાનાં હતાં ત્યારે ગામમાં કેટલું તોફાન કરતાં હતાં તે તને સાંભરે છે?'

'શા માટે ન સાંભરે? પણ બાળપણનો વખત ફરી ક્યાં આવે છે?'

'પણ તે સમયનો આનંદ કંઇ ઓર હતો. આપણે ખેતરોમાંથી ફળ તોડી ખાતાં હતાં. મારથી પણ બ્હીતાં નહતાં.'

'એ બધું સંભારે શું વળે? અત્યારે સખ્ત કામ કરવું પડે છે.'

'તમારે ખેતી કેટલી છે?'

'બે ચાર વિઘાં, વધારે નથી. એમાં બધું પૂરૂં કરવાનું.'

'હું તને પુષ્કળ જમીન મળે એમ કરૂં તો?'

'તું?' આશ્ચર્યચકિત સ્વરે માનીએ પૂછ્યું.

'હા, જો તું આ કુંવરીબાનું કામ કરે તો ન્યાલ કરી આપશે, પણ તે ખાનગી છે.'

'એવું ખાનગી શું છે?'

રામદઇએ, માનકોરને વીતેલી હકીકત જણાવી, અને સાથે સાથે તેને ચેતાવી દીધી કે, 'તારે અને મારે ઓળખાણ છે એ વાત અહીં કોઇને જાણવા દેવી નહીં. તું તારા ધણીને કોઇ બ્હાને જયપૂર મોકલી અમારો સંદેશો કહું ત્યાં પહોંચાડે તો તને પુષ્કળ જમીન કુંવરીના બાપ પાસેથી અપાવીશ. પણ તું આટલું કામ કર.' માનકોર લોભી હતી, અને તેને કંઇ જાલિમસિંહની એટલી બ્હીક ન્હોતી તેથી તે આ કામ કરવા તત્પર થઇ. પણ તેને એક અડચણ જણાઇ. તેણે કહ્યું.

'એમને અહીં આવવા નહીં દે.'

'એમને અહીં આવવાની જરૂર નથી. માત્ર હું તને કહું તે સંદેશો અને આપું તે વસ્તુ તે આદમીને પહોંચાડે એટલે બધું કામ સરશે.'

માનકોર સંમત થઇ.

રામદઇએ બરાબર ઠેકાણાસર પત્તો અને મુદ્રિકા, માનકોરના સ્વામી સાથે જયપૂર મોકલી આપી.

પ્રકરણ ૧૪ મું

મદદે દોડયો

જયપુરમાં ભાવિ યુદ્ધને માટે તડામાર તૈયારી ચાલી રહી હતી. ઉદયમલજી ખંડેલાના બખેડાનો સંતોષજનક નિકાલ કરી આવ્યા હતા. તેઓ પોતાના સ્થાનમાં બેઠા હતા ત્યાં તેમના ગામથી એક માણસ આવ્યો. તેણે તેમને કુંવરીના અપહરણની હકીકત નિવેદન કરી. પોતાની ગંભીર મુખમુદ્રા પર કોઇ પણ જાતનો વિકાર ન દાખવતાં તેમણે પૂછયું.

'કયારે અપહરણ થયું ? કોણે કર્યું ?'

'સરકાર ! કોણે કર્યું તે ખબર નથી. જો તે ખબર હોત તો ત્યેમ થવા દેત જ નહીં. અથવા તો કોઇ પણ પ્રકારે તેમનો પીછો પકડયો હોત ?'

'ત્યારે અપહરણ શી રીતે થયું ?'

'સોમવારને દિવસે પ્રદોષવખતે ઋણમુકતેશ્વરનાં દર્શને કુંવરીબા ગયાં હતાં. સાથે ચાર પાંચ સેવકો અને બે ગાડીઓ હતી. આરતી થયા પછી કુંવરીબા અને રામદઇ નદી કિનારે એકલાં બેઠાં હતાં. ત્યાંથી એકાએક ગુમ થયેલાં જણાયાં. ઘણી વાર થતાં નોકરોને એમ થયું કે, 'કુંવરીબા કયેમ ન પધાર્યાં' અને તપાસ કરવા ગયા તો ન મળે કુંવરીબા કે ન મળે રામદઇ !'

'પછી તમોએ શું કર્યું ? શોધ કરવાને માટે કંઇ પ્રબંધ કર્યો ?'

'અન્નદાતા ! રાત્રેજ માણસોને જુદી જુદી વાટે મોકલ્યાં પણ હજી સુધી તેમનો પત્તો લાગ્યો નથી.'

'મારી ગેરહાજરીમાં મારા અનુચરો લક્ષ તો બહુ સારું રાખે છે?'

'અન્નદાતા! બાસાહેબ અને કુંવરીબા નદી કિનારે હતાં. અમે દૂર પણ ન હતાં. જો કોઈએ ધાક બતાવી હોય કે ડર દાખવ્યો હોય તો રામદઈ બૂમ માર્યા વગર રહે નહીં. આ બનાવ શી રીતે બન્યો તે જ સમજાતું નથી.'

'શોધ કરવા ગયેલામાંથી કોઈને કંઈ ભાળ કે પત્તો મળ્યો છે ખરો?'

'ના, સરકાર! હજી સુધી તો કંઈ પત્તો મળ્યો નથી.'

'વારુ, બીજા કંઈ ઉપાય યોજ્યા છે ખરા?'

'બીજા ઉપાય તો શું યોજીએ, પણ હા, અમે જોષીને બોલાવી પ્રશ્ન પૂછ્યો હતો? પ્રશ્નનો જવાબ એવો આવ્યો કે કુંવરીબા આગ્નેય દિશામાં છે. જ્યાં છે ત્યાં સુખરૂપ છે અને સુખરૂપ પાછાં ફરશે.'

આ સમાચાર સાંભળી તેમનું મન ઉદ્વિગ્ન થયું. તેઓ કાંઈ બોલ્યા કર્યા નહીં. તેઓ અશ્વપર બેસી રાજમહેલમાં ગયા. ત્યાં જઈ અંબરેશ્વર પાસેથી પોતાની જાગીરે કંઈ આવશ્યક કામે જવા માટે તેમની અનુમતિ મેળવી અને અલ્પ સમયમાં પાછા ફરવાનું અભિવચન આપ્યું.

× × × ×

તરત જ તેઓ જયપુરનું કામ પતાવી પાલગઢ જવા ઉપડયા.

આજ બલુજીને ત્યાં સરદારોની ખાનગી સભા હતી. સભામાં આવનારા દરેક જણે હાજરી આપી હતી. શૂર પણ ત્યાં હાજર હતો. તેણે આજની સભામાં ઉદયમલજીને જોયા નહીં. તે મનમાં જરા આશ્ચર્ય પામ્યો એટલામાં એક સામંતે પ્રશ્ન કર્યો કેઃ

'આજ ઉદયમલજી કયેમ ઉપસ્થિત નથી?'

'તેમને અત્યંત આવશ્યક કામ હોવાથી એકાએક પાલગઢ ચાલી જવું પડયું છે; એમ તેમણે મને કહાવ્યું છે.' બલુજીએ પ્રત્યુત્તર આપ્યો.

આ જવાબ સાંભળી શૂરની શંકા ટળી પણ એવું આવશ્યક કામ શું હશે, તેની તેને કલ્પના કયાંથી હોય? શા માટે તેઓ ચાલી ગયા તે જાણવાની જિજ્ઞાસા થઈ પણ સ્પષ્ટ તેનાથી તે પૂછાય તેમ નહતું.

'આપણે અહીં જે કામ છે તે શું ઓછું આવશ્યક છે?" તે સામંતે પુનઃ પ્રશ્ન કર્યો.

'આપણું કામ તો અતિ આવશ્યક છે. રાજ્યના જીવન મરણનો પ્રશ્ન છે.'

'તો પછી આવા નાજુક પ્રસંગે જાગીર પર જવાની જરૂરિયાત?'

'પ્રિય સામંત! ઉદયમલજી કંઇ બાળક નથી. તેઓ રાજનીતિનિપુણ છે. તેઓની સ્વામીભક્તિ નિષ્કલંક છે. તેમનામાં જ્વલંત દેશભક્તિ છે. કયી વખતે શું બને અને શું નહીં એ કોઇ નિશ્ચિતતાથી કહી શકતું નથી. વળી એ પણ ખાત્રી છે કે પરમ આવશ્યક કાર્ય વગર ઉદયમલજી આવા સમયે પોતાની જાગીર પર જાય એ બનવા યોગ્ય નથી. તેઓ પોતે સમજે છે કે અત્યારે તેમની હાજરી પાટનગરમાં આવશ્યક છે. આટલું છતાં તેઓ પોતાના ગામે ઉપડી ગયા તો તેમાં કંઇ જરૂર ગૂઢ કારણ હોવું જોઇએ. કદાચ કંઇ રાજકીય કારણને માટે ગયા હોય તો તે પણ સંભવિત છે. તેમના એકાએક ગમન માટે શંકાને સ્થાન આપવું, એ તેમની બુદ્ધિની અવગણના કરવા બરાબર છે.' બલુજી બોલ્યા. અને તરત ઉમેર્યું કે, તેઓ કાર્ય સિદ્ધ કરી સત્વર પાછા ફરશે.'

'વારૂ ત્યારે આપણે આપણું કામ ચલાવીએ?' એકે કહ્યું.

'હા, લગભગ બધા આવી ગયા છે; કામ શરૂ કરવામાં કંઇ વાંધો નથી.' બલુજી બોલ્યા.

'તો પછી કિશનગઢનો શો મામલો છે?' મેઘવાનજીએ પૂછ્યું.

'કિશનગઢનો મામલો સમજાયો છે. હાલ તરતમાં તો કંઇ કરવા ઇચ્છતા નથી. માચેરીના રાવનું અને ખુશાલીરામજીનું ઐકય થતું નથી. તેમનો મતભેદ જાણે તીવ્ર થતો જાય છે. એટલે માનસિંહજી કિશનગઢમાં જ હમણાં આરામ લેશે. નજફકુલિખાં પોતાનું બળ વધારે છે. કીયા પક્ષમાં સાથ આપવો તે તેણે નક્કી કર્યું નથી. તેનો વિચાર એકેય પક્ષને મદદ ન કરવી એવો છે. તેઓ એમ માનતા

લાગે છે કે તટસ્થ રહેવામાં લાભ છે. વિજયીપક્ષને પછી કહી શકશે કે, મેં સ્હામા પક્ષને સહાય આપી નથી.' બલુજીએ ખુલાસો કર્યો.

'જો નજફકુલિખાં તટસ્થ વૃત્તિ સેવશે તો માચેરીના રાવને અન્ય કોઇ મદદ કરે એમ નથી.' એકે કહ્યું.

'આ ત્રણ જણનો તો એમ વિચાર લાગે છે કે શિકાર થયા પછી ભાગ વાટણી વખતે હાથ લંબાવવો.' એક વૃદ્ધ સરદારે અભિપ્રાય જણાવ્યો.

'ગમે ત્યેમ પણ દુશ્મનને તેઓ દેખીતી રીતે સાથ નહીં આપે.' મેઘવાનજીએ પોતાનો મનોગત વિચાર જાહેર કર્યો.

'એનો અર્થ એમ નથી કે આપણને તે સહાય કરવા માટે ત્યેમ કરે છે. એ તો પરસ્પર એકમત થઇ શકતા નથી.' કોઇક બોલી ઊઠયું.

'પણ એ વાત તો આપણે કાને આવી હતી કે, માનસિંહને લઇને તેઓ માધજી પાસે ગયા હતા.' પુનઃ વૃદ્ધ સરદાર બોલી ઊઠયો.

'હા, એ ખરી વાત છે. પણ ત્યાં કંઇ તેઓ નિર્ણય પર આવી શકયા નહીં. કાં તો શરતો તેમની માન્ય ન થઇ હોય કે ખુલ્લી દુશ્મનાવટમાં લાભ નથી, એમ તેમને લાગ્યું હોય. પણ ખરૂં કારણ તો એ જણાય છે કે કોને વિજય વરે છે તેની રાહ જોવી. જો માધજીનો વિજય થાય તો તેમની આગળ તેઓ પોતાની શરતો મૂકશે. માધજી પણ ચતુર છે. એકને કહેશે કે અમુક પક્ષ વધારે લાભ આપે છે. તમારૂં કહેવું એટલું લાભપ્રદ નથી. એમ એકની વિરૂદ્ધ એકને મૂકી ઓકી શકાય એટલા પૈસા ઓકાવશે.' બલુજીએ પોતાનો અભિપ્રાય વ્યકત કર્યો.

'આપનું કહેવું વાસ્તવિક જણાય છે, પણ આપણા બીજા સામંતોના કંઇ નિશ્ચયની ખબર પડી?'

'યુદ્ધની તૈયારી થઇ રહી છે. તેમણે પોતપોતાના માણસો સાથે નગરીમાં ઉપસ્થિત થવાનું છે. એ તેમને જણાવવામાં આવ્યું છે. અને લગભગ બધા સામંતો પોતપોતાનુ સૈન્ય લઇ જયપૂર આવી જશે. માત્ર માચેરી અલગ રહેશે.' બલુજી બોલ્યા.

'તે તો બધાય જાણે છે. અંબર રાજ્યની સ્હોડમાં એ શૂળ છે એ કોણ નથી જાણતું?' વૃદ્ધ સરદારે કહ્યું.

'સૈન્યને માટે બંદોબસ્ત થયો છે એ તો આપ સર્વ જાણો છો. જૂદા જૂદા વિભાગની વ્યવસ્થા કોને સોંપવી? પ્રધાન સેનાપતિ કોણ? એ રાજ દરબારમાં નક્કી થશે.'

'આપણે આ વખતે આશંકા રાખવાનું કંઇ કારણ નથી. ભાગ્યલક્ષ્મી અંબર પર તુષ્ટ છે. ભગવતી ભવાનીની મ્હેર છે. રાઠોડ કુલાવતંસ વિજયસિંહે સહાય આપવા વચન આપ્યું છે. વીર હમ[illegible]ની પણ આપણો સાથી બને છે. બેગ પણ મદદે આવી પહોંચશે. પછી વિજય આપણને જ વરવાનો.' મેઘવાનજી હર્ષમાં આવી બોલ્યા.

'વાહ કવિરાજ! વાહ. ઇશ્વર કરે ને તમારી વાણી સત્ય નીવડે!'

'અમે કવિઓ, ભવાનીના ભક્ત છીએ. અમે સત્યવક્તા છીએ. અમારૂં બોલ્યું ભગવતીની કૃપાથી મિથ્યા ન ઠરે!' મેઘવાનજી બોલ્યા.

'હવે આપણે ફરી મળશું ત્યારે કદાચ યુદ્ધની ભેરી વાગી હશે. આપણે સૈન્યવિભાગમાં શું શું કરવાનું છે તેનો નિર્ણય દરબારમાં થઇ જશે. એટલામાં ઉદયમલજી પણ આવી જશે. આ વખતે સામંતોનો સંપ અંબર માટે નવી આશા ઉપજાવે છે.' બલુજીએ કહ્યું.

આ પ્રમાણે પ્રકીર્ણ કામ કરી સામંતો પોતપોતાને સ્થાને ગયા.

× × × ×

શૂર પોતાના ખંડમાં જઇ ઉદયમલજીના જવા માટે તર્કવિતર્ક કરવા લાગ્યો. થોડીવાર થઇ એટલામાં એક નોકરે આવીને કહ્યું કેઃ—

'આપને કોઇ મળવા આવેલ છે '

'કોણ છે તે?' શૂરે પૂછયું.

'તે જયપૂરનો માણસ નથી. રાજ્યના દક્ષિણ ભાગમાંથી આવેલ છે.'

'તે શું કહેવા માગે છે?' શૂરે પુનઃ પૂછયું.

'કુંવરજી! તે કહે છે કે મારે તો શૂરસિંહને જ મળવું છે. વધારામાં તે જણાવે છે કે કંઇ ખાનગી અને જરૂરી કામ માટે આવેલ છે.'

'વારૂ, તો તું એને અંદર મોકલ.'

આવનાર માણસ શરીરે કદાવર હતો. તેના પહેરવેશ પરથી તે રજપૂત ન હતો એ સ્પષ્ટ જણાતું હતું. શૂદ્ર જાતિનો કે કૃષિકાર જેવો તે જણાતો હતો. તેણે અંદર આવતાંની વાર નમીને શૂરને નમન કર્યું અને ઊભો રહ્યો. કેટલીક ક્ષણ સુધી શૂરના સ્હામું એકટશે જોઈ રહ્યો. આમ જોઈ શૂરે તેને પૂછ્યું:—

'તમારે કોનું કામ છે? મને મળવું છે?'

'જી, મ્હને શૂરસિંહજીને મળવા માટે મોકલ્યો છે.'

'મારૂં જ નામ શૂર છે. જે કહેવું હોય તે કહે.'

'આપને જ્યારે રસ્તામાં અકસ્માત થયો ત્યારે આપને કોણ લઈ ગયું હતું?'

'તેની તારે શી પંચાત છે? તું કોણ છે? શા માટે આવેલ છે?' અધિકારના સ્વરે શૂરે પૂછ્યું,

'આપને ક્રોધ કરવાની કંઇ આવશ્યકતા નથી. મારૂં કાર્ય તો તે તરૂણ સરદાર સાથે છે, અને તેમનો સંદેશો ખાનગી હોવાથી, હું કોની સાથે વાત કરી રહ્યો છું તે જાણવાની મને પરમ આવશ્યકતા છે, તેથી મેં આપને પ્રશ્ન કર્યો.'

'હું પોતે જ શૂરસિંહ છું, એની ખાત્રી મારા માણસો આપી શકશે.'

'પણ શૂરસિંહ નામ તો ઘણાનાં હોય છે?'

'પણ તું કોને ત્યાં આવ્યો છું, તેનું નામ તો તને આપ્યું હશેને?'

'જી, સામંત શ્રી બલુજીને ત્યાં.'

'તો પછી તારે આટલી ચોકસી કરવાનું કારણ?'

'પણ સરકાર! અહીં પણ બે શૂરસિંહ હોવાનો શું સંભવ નથી?' શૂર તે બોલનારનો ઝોક કંઈક કળી ગયો.

તેણે જરા ઠંડા સ્વરે કહ્યું:

'મને જ અકસ્માત થયો હતો. પાલગઢમાં શ્રી ઉદયમલજીને ત્યાં મારે આશ્રય ગ્રહણ કરવો પડ્યો હતો.'

'વારૂ, તો [redacted] આપ રામદઈ કોણ છે તે જાણો છો?'

આ શબ્દો સાંભળતાંની વાર શૂર ચોંક્યો. તેને લાગ્યું કે જરૂર રૂપાંએ કંઇ સંદેશ મોકલાવ્યો હશે. તેણે તરત જવાબ આપ્યો કે,

'ઉદયમલજીનાં કુંવરીબાની દાસી. તું ત્યાંથી આવે છે?'

આવનારની ખાત્રી થઇ કે આજ શૂરસિંહ છે. વળી તેના શરીરનું વર્ણન જે તેને આપવામાં આવ્યું હતું તે બરાબર મળતું આવતું હતું. તેણે કહ્યું:

'મારી આટલી ચોકસાઇ માટે મને ક્ષમા કરજો પણ મારે તેમ કર્યા વગર છૂટકો ન હતો. કારણ કે આપનો સંદેશો બીજાને કાને જાય તે કોઇ પણ પ્રકારે ઇષ્ટ નથી. ઊલટું અહિત થવાનો સંભવ હતો. વારુ, કુંવરસાહેબ! આ વસ્તુ લ્યો, આપ તેને પિછાણો છો?' એટલું કહી પોતાના કટિ ભાગના વસ્ત્રમાંથી એક મુદ્રિકા કાઢી શૂરના હાથમાં મૂકી.

શૂરે તે મુદ્રિકા ઓળખી. તે દિવસે એકાએક રૂપાંની કોમળ કરાંગુલિ પરથી સરી પડી હતી, તે તેણે હાથમાં લઇ પુનઃ રૂપાને આપી હતી. તે ક્ષણનું તેને સ્મરણ થયું. તેણે તે મુદ્રિકાને પવિત્ર વસ્તુની માફક ચક્ષુએ લગાડી કહ્યું:

'આ તો રૂપકુંવરીની મુદ્રિકા છે.'

'તેમણે જ મને આપની પાસે આ મુદ્રિકા લઇ મોકલ્યો છે.'

'શા માટે મોકલ્યો છે?' શૂરે પ્રશ્ન કર્યો.

આવનારે ટુંકમાં હકીકત જણાવી કે: 'કુંવરીબાના પૂજ્ય પિતાશ્રીને કંઇ રાજકાર્ય માટે જયપુર જવું પડયું. ત્યાં તેમનું રોકાણ થયું. કુંવરીબા ઘેર એકલાં હતાં. સોમવારે પ્રદોષ સમયે તે ઋણમુક્તેશ્વર મહાદેવના દર્શનાર્થે ગયાં. સાથે તેમની દાસી અને પાંચ છ માણસો હતાં. દર્શન કર્યા પછી થોડીવાર કુંવરીબા અને રામદઇ બન્ને નદી કિનારે થોડીવાર બેઠાં હતાં. નોકરો મંદિરમાં હતા. ત્યાંથી તેઓ અચાનક અદૃશ્ય થઇ ગયાં.'

શૂર ચોંકયો, તે એકદમ બોલી ઉઠયો:

'શા રીતે અદશ્ય થઇ જાય? કોઇ તેમને ઉપાડી ગયું કે શું?'

'કુંવર સાહેબ! જરા ધૈર્ય ધરો, હું બધી હકીકત આપને નિવેદન કરૂં છું.'

'પણ તે સુખરૂપ છે ને?' શૂરે વચ્ચે જ અધીરાઇથી પૂછ્યું.

'જી, ત્યેમ ન હોય તો તેમનો સંદેશો લઇ આપની પાસે શી રીતે આવી શકું?'

સુખરૂપ છે સાંભળી શૂર શાંત થયો. તે આવનારે કહ્યું:—

'અદશ્ય થયાં કહેવાની મતલબ એ છે કે, એક માણસે તેમનું અપહરણ કરાવી એક નિર્જન કિલ્લામાં તેમને કેદ કર્યાં છે.'

શૂરની આંખ્યોમાંથી ક્રોધના તણખા ઝરવા લાગ્યા. તેની મુખમુદ્રાપર ક્રોધની છાયા વ્યાપી. પણ તે કંઇ બોલ્યો નહીં.

'આ અપહરણ કોણે કરાવ્યું તે કુંવરીબાના પિતા કે બીજાને અવગત નથી. જાલિમ નામનો એક ઠાકુર છે. તેની જાગીર રાજ્યના દક્ષિણ ભાગમાં છે. તે હલકી જાતિનો રજપૂત છે. જાગીરના થોડા ભાગ માટે તેને તેના હરીફ સાથે કંઇ ઝઘડો થયો. તેનો નિર્ણય રાજ્ય તરફથી ઉદયમલજીને કરવાની આજ્ઞા થઇ. તેમણે તેમનો ફેંસલો તેના હરીફના લાભમાં આપ્યો. જાલિમસિંહ માને છે કે તેને અન્યાય થયો છે. તે પર લક્ષ ખેંચવા માટે તેણે આ અઘટિત પગલું લીધું છે. કુંવરીબા અને રામદઇ મોરગઢના કિલ્લામાં કેદ છે. તેમને અતિ સન્માનથી રાખ્યાં છે. કુંવરીબાને પાછાં સોંપી તે પોતાનું કાર્ય સાધવા ઇચ્છે છે. કુંવરીબાને કંઇ કષ્ટ નથી, પણ કેદમાં છે.'

'વારૂ, પણ તેં આ હકીકત શી રીતે જાણી?'

'જે બે દાસીઓને કુંવરીબાની તહેનાતમાં જાલિમસિંહે રાખી છે, તેમાંની એક દાસી એકાએક સખ્ત બિમાર પડી ગઇ. મારી સ્ત્રીને તેનું સ્થાન ગ્રહણ કરવું પડ્યું. પણ સંજોગ એવો બન્યો કે રામદઇ અને મારી પત્ની એક જ ગામનાં છે. ન્હાનપણમાં સાથે ખેલેલાં છે. આથી રામદઇએ મારી સાથે આપને સંદેશ મોકલ્યો છે અને ખાત્રી માટે આ મુદ્રિકા આપી છે.' એટલું કહી તે આવનાર ચૂપ રહ્યો.

શૂર એકાએક બોલી ઊઠયો:—

'યોગ્ય કાર્યને માટે અયોગ્ય પગલાં લેવાં એ કોઇ પણ પ્રકારે ઇષ્ટ નથી.'

'કેટલાકનું એથી ઉલ્ટું માનવું છે?'

'એટલે?' શૂરે પૂછ્યું.

'કાર્ય સિદ્ધિ સાથે જેને કામ છે તેને સાધનોનું શું? ગમે તેવા સાધનો લે. ફળ તોડવું છે તો પછી તે પત્થરથી તોડે, લાકડીથી તોડે, કે વૃક્ષ પર ચઢીને તોડે. સાધનો ગમે તે લ્યે.'

શૂરે કંઇ જવાબ આપ્યો નહીં. તે તત્ક્ષણ ઊભો થયો. એક નોકરને હાક મારી. નોકર હાજર થતાં આવનારને માટે ખાનપાનનો બંદોબસ્ત કરવા કહ્યું. આવનારને ઉદ્દેશી તે બોલ્યો:

'તમો સ્નાન ભોજનાદિ કરો. હું આને માટે વ્યવસ્થા કરૂં છું.'

તે નોકર અને આગંતુક ત્યાંથી ચાલી ગયા.

શૂરને મનમાં ક્રોધ વ્યાપ્યો હતો. તે મદદે દોડવા અધીરો બન્યો હતો. તે સીધો બલુજીના ખંડમાં ગયો. શૂરને અંદર પ્રવેશ કરતો જોઇ, તેમણે તેના સ્હામું જોયું–તેમને તેની મુખમુદ્રા પર ખિન્નતા સ્પષ્ટ જણાઇ. તેમણે પૂછયું:–

'કયેમ બેટા શૂર! શું છે? તું આમ કાવરોબાવરો કયેમ જણાય છે?'

'બાપુ! ઉદયમલજી, અહીંથી એકાએક પાલગઢ ચાલી ગયા તેનું કારણ આપે જાણ્યું?'

'ના બેટા! તેનું કારણ તેઓ કહી ગયા નથી. પણ કંઇક ખરા અગત્યના કારણસર તેઓ જયપુર છોડી ગયા હોવા જોઇએ.'

'હું તે કારણ સદ્‌ભાગ્યે જાણી શકયો છું. આપ પણ મને જવાની આજ્ઞા આપો.'

'તે કારણ શું છે? તારે ત્યાં જવાની અગત્ય?'

'હું કોની નિઃસ્વાર્થ મમતાથી બચવા પામ્યો હતો અને પાલગઢ કયેમ રહેવું પડયું હતું, તે તો મેં આપને નિવેદન કર્યું છે.'

'હા, બેટા! તેં જ મ્હને જણાવ્યું હતું કે ઉદયમલજીની કન્યાએ તારી શુશ્રૂષા કરી હતી, અને બહુ મમતા દાખવી હતી.'

'તેમની કુંવરીનું અપહરણ કરી તેમને એકાંત કિલ્લામાં કેદ કર્યાં છે.'

'ઉદયમલજીની કન્યાનું અપહરણ! કોની તાકાત છે કે એવું અધમ કામ કોઇ કરે? વળી ઉદયમલજીનો એવો કોઇ વેરી નથી.'

'જાલિમસિંહ કરીને કોઇ ન્હાનો ઠાકોર છે. જાગીર માટે તેને અન્યની સાથે ઝઘડો થતાં, રાજ્ય તરફથી ઉદયમલજીને નિર્ણયનું કામ સોંપવામાં આવ્યું. તેમણે પોતાનો નિર્ણય તેના હરીફના લાભમાં આપ્યો. તેથી તેણે આ કૃત્ય આદર્યું છે.'

'તેં આ હકીકત શી રીતે જાણી બેટા?'

'કુંવરીએ એક માણસ સાથે સંદેશો કહાવ્યો છે.'

'આ માણસના કહેવા પર ભરોસો મૂકી શકાય એમ તને લાગે છે?'

'તેમણે પોતે એક નિશાની મોકલી આપી છે. એથી મારી પૂરી ખાત્રી થાય છે.'

'ઉદયમલજીને આ બાબતની ખબર છે ખરી?'

'ના, અપહરણની કદાચ ખબર હશે. પણ અપહરણ કોણે કર્યું છે અને ક્યાં તેમને રાખ્યાં છે, તેમની ખબર નથી. એ હોત તો તેમને ખબર પડત.'

'જાલિમસિંહની તો જાગીર દૂનિની પાસે છે એ જ ને?'

'હા, એમણે જ અપહરણ કરી, કુંવરીને નિર્જન કિલ્લામાં કેદ કર્યાં છે.'

'તો તું અહીંથી ઉપડવાની તૈયારી કર. ઉદયમલજીને આપણે સહાય કરવી જોઇએ. કિલ્લામાં કેટલાં માણસો છે.'

'કિલ્લામાં માત્ર બે ચાર રક્ષકો, કુંવરી અને દાસીઓ તથા નોકરો છે.'

'માત્ર ચાર પાંચ રક્ષકો! શું કહે છે?'

'હા જી, તેનો ઇરાદો કિલ્લામાં કોઇ વસતું નથી એમ જણાવવાનો છે. કુંવરીઆને ત્યાં ગુપ્ત રાખ્યાં છે. અન્યાય પ્રત્યે ધ્યાન ખેંચવા જ માત્ર આમ કર્યું છે.'

'તો તું એક કામ કર.'

'શું?' શૂરે પૂછયું.

'એક માણસની ટૂકડી લઇ હમણાં ને હમણાં અહીંથી કુચ કર. સાથે એકાદ બે બેલગાડી પણ લઇ લેજે.'

'બેલગાડીથી જલ્દી પહોંચવામાં વિલંબ થશે. ને તે તો પાસેના ગામમાંથી જરૂર પડે મંગાવી શકાશે.'

'વારૂ ત્યારે પચાશ કે સો સ્વારો લઇ તું ઉપડ.'

'જેવી આજ્ઞા' કહી શૂર બલુજીને પગે પડયો.

'જા બેટા! ફતેહ કર. ભગવતી ચિલા તારૂં કલ્યાણુ કરો.'

શૂર તે ખંડમાંથી બ્હાર નીકળ્યો. તેણે પોતાના નોકરને હાક મારી અને ઘોડેસ્વારના નાયકને તેડી મંગાવ્યો.

થોડીવાર પછી નાયક ત્યાં ઉપસ્થિત થયો. શૂરે પોણોસો માણસ સાથે કુચ કરવાનો હુકમ આપ્યો. તે નાયક તે કામે લાગ્યો. પેલો આવનાર જમી કરી શૂર પાસે ગયો. શૂરે તેને જણાવ્યું કે આજે જ આપણે કુચ કરનાર છીએ.

પ્રકરણ ૧૫ મું

છુટકારો

શૂરસિંહ અને તેની ન્હાની ટુકડીના માણસો મજલ કાપતા તે સંદેશવાહકના ગામની નજીકમાં આવી લાગ્યા. તે સંદેશવાહકે દૂરથી પોતાનું ગામ જણાતાં શૂરને કહ્યું:

'સરકાર! પેલું જે જણાય છે તે મારૂં ગામ છે.'

'અહીંથી મોરગઢ કેટલું દૂર છે?' શૂરે પૂછ્યું.

'ગામથી દોઢેક કોશ પર અગનોતરે મોરગઢ છે.'

'ત્યારે અમે તારા ગામની નજીકમાં મુકામ કરીએ છીએ. તું ઘેર પહોંચી તારી સ્ત્રીને મોરગઢ મોકલી આપ. ત્યાં જઇ કોઇ ન જાણે એમ ટુકડી આવી પહોંચી છે, એના સમાચાર તે કુંવરીને આપે.'

'એટલું જ, બીજું કંઇ આપને કહેવાનું છે?'

'બીજું કહેવાનું તો કંઇ નથી, પણ પાછા ફરતાં કિલ્લામાં નવા માણસોની ભરતી થઇ છે કે નહીં? જાલિમસિંહ આવેલ છે કે નહીં? અને ક્યારે આવનાર છે તે પણ બને તો જાણી લઇને આવે.'

'જેવી આજ્ઞા. આપનો વિચાર ઉત્તમ છે.'

'વિચાર ઉત્તમ છે, એમ શા માટે કહે છે?'

'આપની દીર્ઘદૃષ્ટિ વખાણવા જેવી છે. દુશ્મન પર હુમલો કરતાં પહેલાં તેનું સ્થાન, અને બળનું માપ કાઢી લેવું જોઇએ.'

'એ તો ઠીક છે; પણ અચાનક હુમલાથી સ્ત્રીવર્ગ ગભરાટમાં ન પડે અથવા દુશ્મનના કે પોતાના માણસો છે, તે સમજી શકે માટે આટલી સાવધાની જરૂરની છે.'

ગામની સીમથી થોડે છેટે શૂરની ટુકડીએ પડાવ નાંખ્યો. ઘોડાને ઘાસ ચંદી અને પાણી નીરું. કોઇ આરામ કરવા લાગ્યા. કોઇ આમતેમ ઝાડીમાં ભટકવા ચાલ્યા. કાંઇ શિકાર મળે તો તેની શોધમાં ગયા. આમ સહુ પોતપોતાને કામે લાગી ગયા. શૂર એકલો બેસી વિચાર કરવા લાગ્યો.

સંદેશવાહક પોતાને ઘેર પહોંચ્યો. સદ્ભાગ્યે તેની સ્ત્રી કંઇ કામ માટે ઘેર આવેલ હતી. પોતાના પતિને પાછો ફરેલ જોઇ તે હર્ષથી બોલી ઊઠી:—

'આવી પહોંચ્યા! કામનું શું કર્યું?'

'કામનું શું કર્યું? તને એમ લાગે છે કે હું ખાલી હાથે પાછો ફર્યો છું?"

'ના, ના, તમારો હસતો ચહેરો જ કહી આપે છે કે તમે કામ પાર પાડીને આવ્યા છો.'

'હું એકલો નથી આવ્યો. સાથે કુંવરજી અને તેમની ટુકડી પણ આવી છે.

'ત્યારે તો તેઓ કુંવરીબાને છોડાવી લઇ જશે' મેં કહ્યું હતું કની કે રામદઇ બડી હોંશિયાર છે.'

'હોંશિયાર ન હોય તો આવી હિમ્મત કરે ખરી?'

'વારૂ, પણ આપણને એથી લાભ છે.'

'લાભ ન હોત તો આ કામ કરવા જાત શાનો?'

'સારૂં થયું કે કામનો બદલો મળશે.

'તને મળશે અને મને નહીં મળે?'

'તમો ને હું કયાં જુદાં છીએ?' સ્ત્રીએ કહ્યું.

'જુદાં નથી એ તો ઠીક પણ કુંવરસાહેબ મને પણ સારૂં ઇનામ આપશે. પણ હવે એ બધી વાત પડતી મૂક. તું કિલ્લામાં જા. તારી રામદઇને ખબર આપ કે કુંવરશા આવી પહોંચ્યા છે. અને પાછી ફરતાં બરાબર ચોકસી કરતી આવજે કે કિલ્લામાં નવાં માણસોની ભરતી થઇ છે કે નહીં. પલા જાલિમસિંહ કયારે આવવાના

છે. તે પણ જાણતી આવજે. અને જોજે કુંવર સાહેબ આવી પહોંચ્યાની વાત રામદઇ સિવાય બીજા કોઇને કરતી ના. જા, વ્હેલી જા. હું પણ મોદીને ત્યાંથી સીધું વગેરે મોકલવાનું કહી આવું છું.'

સંદેશવાહક તેના કામે લાગ્યો. તેની સ્ત્રી મોરગઢ પહોંચી. કિલ્લામાં ગયા પછી તે સીધી રામદઇ અને રૂપાં જે ખંડમાં હતાં તે ખંડમાં ગઇ. તેને જોતાં રામદઇએ પૂછ્યું.

'કેમ માની! તારા ધણીના કંઇ સમાચાર?'

'સમાચાર ખુશીના, બીજા શા હોય?'

'શું કહે છે?' રામદઇ હર્ષથી બોલી ઊઠી.

'જરા ધીમેથી બોલ. ખબર આપું છું, પણ ઇનામ આપવું પડશે, જો.'

'હા, હા, કબૂલ. પણ ખબર તો કહીશ કે પહેલાં ઇનામ?'

'મારા ધરમાંથી આજે આવી પહોંચ્યા છે. સાથે કુંવરસાહેબ પણ સ્વારોની ન્હાની ટુકડી લઇને આવ્યા છે. સીમમાં મુકામ કર્યો છે. તને સંદેશો આપવા મને મોકલી છે ને બીજું ગઢમાં કંઇ નવાં માણસોની ભરતી થઇ છે કે નહીં, તે અને જાલિમસિંહજી ક્યારે આવવાના છે, તે પણ ખબર હોય તો જાણી લેવા ફરમાવ્યું છે.'

રૂપાંના મ્હોંપર હર્ષ નાચવા લાગ્યો. તેણે પોતાના અંગપરથી એક અલંકાર લઇ માનીને આપ્યો. રામદઇની આંખ્યો કૃતજ્ઞતાથી ચમકવા લાગી. તેણે માનીને ઉદ્દેશી કહ્યું:—

'કુંવરજીને કહેજે કે, જાલિમસિંહ આજે બે પ્રહરે આવે એમ લાગે છે.'

માની આ સમાચાર લઇ ઘેર પાછી ફરી અને તેના ધણીને હકીકત જણાવી. આ હકીકત માનીના પતિએ શૂરને જણાવી. શૂરે તે સંદેશવાહકને ખોબો ભરી મુદ્રા આપી. બાદમાં તે પોતાના કામે લાગ્યો. થાકેલ પ્રાણીઓને આરામ લેવા દઇ પ્રાતઃકાળે અચાનક કિલ્લા પર છાપો મારવાનો નિર્ણય કર્યો.

બરાબર સ્હવારના પોતાની ટુકડી સાથે શૂર કિલ્લા પર ધસ્યો. રક્ષણ માટે બે ચાર માણસો હતા. તેમને પકડી લીધા. જો કે તેઓ દ્વાર બંધ કરવા અને પ્રતિકાર કરવા તૈયાર થયા; પણ તેમનું ત્યેમ કરવું નિષ્ફળ હતું. શૂરે તે માણસોને ગઢના એક ખંડમાં પૂરવા હુકમ કર્યો કે તેમાંથી કોઇ છટકી પોતાના સ્વામીને ખબર આપે નહીં. ગઢમાં બે ચાર દાસીઓ હતી તે પણ એક ખંડમાં ભાગી જઇ બારણું બંધ કરી સંતાઇ ગઇ. રૂપાં અને રામદઇનો ખંડ ખુલ્લો હતો. શૂર બે અનુચરો સાથે ત્યાં આવી લાગ્યો. ખંડમાં દૃષ્ટિપાત કર્યો. તેણે નોકરોને કહ્યું. 'જુવો બીજા ખંડમાં કોઇ માણસો છે કે નહીં? દરવાજા પર માણસને કહો કે અંદરથી કોઇ સ્ત્રી કે પુરૂષને બ્હાર જવા ન દે.'

નોકરો ત્યાંથી ચાલ્યા ગયા. શૂર રૂપાંનાં ખંડ તરફ વળ્યો. અંદર જવું કે ન જવું એમ તેના મનને થયું. તે સ્હેજ ખચકાયો અને દ્વાર આગળ ઊભા રહી તેણે હાક મારી કે:—

'કોઇને કંઇ ભીતિ રાખવાનું કારણ નથી.'

શૂરનો અવાજ સાંભળી રામદઇ ઝટ બ્હાર આવી. શૂરની અને તેની આંખો મળી. શૂરના મ્હોં પર સ્મિત ફરક્યું. રામદઇએ અર્થ-સૂચક દૃષ્ટિ કરી કહ્યું કે 'અંદર પધારો.'

શૂર રામદઇની પાછળ તે કક્ષામાં પ્રવેશ્યો. રૂપાંએ ઊભે ઊભે તેને દષ્ટિથી વધાવી લીધો. તેની દૃષ્ટિમાંથી પ્રેમ, કૃતજ્ઞતા અને આનંદની ત્રિવેણીનો સ્રોત શૂરના હૈયાને તાણી જવા લાગ્યો. બન્ને એકમેકનાં સ્હામું જોઇ રહ્યાં. બન્નેનાં નયનો પ્રેમની અકથનીય કથા કહેવા લાગ્યાં. કેટલાય દિલના ઉભરાતા ભાવોની આપ લે કરી. આમ થોડી ક્ષણ મંત્ર-મુગ્ધ ઊભાં રહ્યા પછી શૂરે આત્મસંવરણ કરી કહ્યું:—

'આપને અહીં બહુ અગવડ તો નથી વેઠવી પડીને?'

'ના જી, અહીં કંઇ ખાસ અગવડ ન્હોતી. માત્ર આ સ્થાનમાં અમે બદ્ધ હતાં.' રામદઇ બોલી.

'ઇશ્વરકૃપાથી એનો પણ અંત આવી ગયો.'

'એ સર્વ આપની કૃપાને આભારી છે.'

'મારી કૃપાને નહીં, ઈશ્વરની ખરી કૃપાને પ્રતાપે આ યોગ બન્યો છે.'

'ઈશ્વરની કૃપા તો અવશ્ય જોઈએ. પણ ઈશ્વરે આપને નિમિત્ત બનાવ્યા છે.'

'નહીં, હું કોઈની પ્રેરણાનું નિમિત્ત બન્યો છું. રામદઈએ તે સંદેશો મોકલવાની યોજના ન કરી હોત તો?'

રામદઈએ કંઈ પ્રત્યુત્તર આપ્યો નહીં. રૂપાંએ રામદઈની સ્હામે જોઈ આંખ્યોનાં અણિયારાં હલાવ્યાં, જાણે કહેતી હોય કની કે લેતી જા.

'આપ થોડીવારમાં તૈયાર થઈ જાવ. આપણે પાલગઢ જવાનું છે. હું મારા માણસોને તૈયારી કરવાનું કહું છું. તમારે માટે ગાડીનો બંદોબસ્ત કર્યો છે.' એટલું કહી શૂરે ત્યાંથી પ્રસ્થાન કર્યું.

શૂરના ગયા પછી રૂપાં રામદઈને વળગી પડી કહેવા લાગી:

'રામદઈ! એમણે કહ્યું તે ખરું. આ બધું તારી યોજનાનું પરિણામ છે.'

'તમે પણ પાછાં ઘેલાં થયાં કે? મેં શું કર્યું છે? ઈશ્વરે સર્વ યોગાનુયોગ મેળવી આપ્યો.'

પ્રવાસની તૈયારી પૂરી થતાં, ટુકડીએ કુચ કરવા પ્રારંભ કર્યો. રૂપાં અને રામદઈ માટે ગામમાંથી એક સરસ બળદની જોડીવાળી ગાડી મંગાવી હતી. આમ રસ્તો કાપતાં એક ઘાટમાંથી રસ્તો જતો હતો. ત્યાં ઝાડીવાળા ભાગમાં ગાડીને થોભાવી. તેના રક્ષણ માટે માણસો રાખી બાકીનાને છુપાઈ રહેવાની આજ્ઞા કરી. શૂરનું અનુમાન હતું કે જો જાલિમસિંહ આવવા નીકળ્યો હશે તો તેને આ સ્થાને ઘેરવો સ્હેલ છે.

તેનું અનુમાન ખરું નીવડ્યું. તેને તેની બહુ લાંબીવાર સુધી રાહ જોવી પડી નહીં. આઠ ઘોડેસ્વાર દૂરથી આવતા જણાયા. પાસે આવતાં જ શૂરે ઇશારત કરી કે તેના માણસોએ તેમને ઘેરી લીધા. પાછા ફરવું કે આગળ વધવું તેમને માટે શક્ય ન હતું. જાલિમસિંહ પણ ખાંડયો જાય તેવો નહતો. તેણે તો પ્રથમ રુઆબના સ્વરે પૂછ્યું કે:—

'આમ અમારા પર આક્રમણ કરનાર કોણ છો? તમે જાણો છો કે આનું શું પરિણામ આવશે?'

'પરિણામ આવતાં વાર નહીં લાગે.' શૂરે કહ્યું.

'તમે જાણો છો કે હું કોણ છું?'

'બરાબર, ઠાકોર જાલિમસિંહ.'

આ શબ્દો સાંભળી જાલિમ ચોંકયો, પણ સમયાવધાન રાખી તેણે કહ્યું:

'આમ આક્રમણ કરવાનો હેતુ?'

'તમે પોતે જ તે વધારે સારી રીતે સમજી શકો છો?'

'ગમે તેમ પણ સાચો ક્ષત્રિય એક જણ પર સામટો હુમલો કરતો નથી.'

'સાચો ક્ષત્રિય નિરપરાધી અને અસહાય અબળાનું અપહરણ કરતો નથી.'

જાલીમ આ શબ્દો સાંભળી અવાક્ બની ગયો. તે ભીરૂ નહતો. તેણે પોતાની તરવાર કમરમાંથી ખેંચી કાઢી. શૂરે આ જોતાંની વાર પોતાની સમશેરને કોષમુકત કરી; તેણે કહ્યું:

'વીરત્વ હોય તો આવ મારી સાથે યુદ્ધ કર.'

શૂર અને જાલિમ વચ્ચે દ્વંદ્વ યુદ્ધ શરૂ થયું. રૂપાં ગાડીમાંથી આ સર્વ જોતી હતી. તેનો પ્રાણ પડીકે બંધાયો. રામદઇ મૂંગી મૂંગી દ્વંદ્વ નીરખતી હતી.

જાલિમ અસિ ચલાવવામાં નિપુણ હતો. શૂરના હાથની સફાઇ અને ચપળતા વધારે હતી. તરવારોનો ખણખણાટ થયો. જાલિમ ઝડી વર્ષાવવા લાગ્યો. શૂર તેના પ્રહારને ઝીલી અટકાવતો હતો. તેને થકવી યોગ્ય પળે નિઃશસ્ત્ર કરવા શૂર મથતો હતો. આમ કેટલોક સમય યુદ્ધ ચાલતાં જાલિમનો પ્રહાર છટકાવી શૂરે બળપૂર્વક એવો પ્રહાર કર્યો કે જાલિમના કાંડામાં લાગતાં તરવાર તેના હાથમાંથી છટકી ગઇ.

'ઠાકોર! તરવાર ફરીથી હાથમાં લ્યો અને યુદ્ધ કરો.'

જાલિમને તરવાર ફરી હાથમાં ગ્રહણ કરવાની છૂટ મળતાં તેણે કહ્યું;

'આપની ઉદારતા માટે હું કૃતજ્ઞ છું.'

એટલું કહી તેણે ફરી તરવાર પકડી યુદ્ધ કરવા માંડ્યું. જાલિમ એક સરખા વ્હાર કરતો હતો, તેથી તેનું જોર ખપી ગયું હતું. શૂર બચાવ કર્યે જતો હતો અને તક આવતાં તેનો લાભ લેતો હતો. આખરે શૂરે તેને નિઃશસ્ત્ર કર્યો. જાલિમે પોતાનો પરાજય સ્વીકાર્યો. અને કહ્યું:—

'તરુણ સરદાર! મને સમશેરબાજીમાં પરાસ્ત કરવો સ્હેલ નથી. પણ આપે અતિ સહજમાં મને પરાસ્ત કર્યો. આપ આપનો પરિચય મને આપવા કૃપા કરશો?'

'મને શૂરસિંહ કહે છે. હું સામંત બળવંતસિંહનો ભત્રીજો છું.'

'આપનું આ તરફનું આગમન શા નિમિત્તે થયું?'

'એક અસહાય કુંવરીને કારાવાસમાંથી મુકત કરવા!'

જાલિમ ચોંકયો. પણ વિના ક્ષોભે તેણે પૂછ્યું:—

'આપને એ હકીકત શી રીતે અવગત થઇ?'

'પાપ કદાપિ છાનું રહેતું નથી.' શૂરે કહ્યું.

શૂરના બોલ તીરની માફક તેના અંતઃકરણને વીંધવા લાગ્યા. તેણે ભગ્ન સ્વરે કહ્યું:

'તેમ કરવામાં મારો બૂરો હેતુ ન હતો. મારૂં મન નિર્મળ હતું.'

'આપનું મન નિર્મળ હશે પણ જે ઉપાય યોજ્યો તે તો યોગ્ય ન જ કહેવાય. સારા કામને સારા ઉપાયો યોજવા એ શ્રેયસ્કર છે. પણ આપનો હેતુ શું હશે, તે આપ જાણો.'

'હું યોગ્ય સમયે આપને તે જરૂર જણાવીશ.'

'તો ઠીક છે, પણ આપને અમારી સાથે આવવું પડશે.'

'મેં મારી હાર સ્વીકારી છે તો પછી આપની આજ્ઞા મારે માન્ય છે.'

'હું અત્યારે તો કુંવરીબાને તેમના પિતાને સોંપવા માટે પાલગઢ જઉં છું. તમારે મારી સાથે આવવું પડશે. સામંત શ્રેષ્ઠ શ્રી ઉદયમલજી તમારા અયોગ્ય કાર્યનો ઇન્સાફ કરશે. જો કે ત્યેમ કરવા માટે મને અધિકાર છે, પણ તે અધિકાર હું બજાવવા ઇચ્છતો નથી. આપે શા માટે આવો અઘટિત માર્ગ સ્વીકાર્યો તે હું જાણતો નથી, પરંતુ, આપ કહો છો ત્યેમ તમારૂં કારણ જો વ્યાજબી હશે તો મારી ખાત્રી છે કે તમને તેઓ સંતોષજનક ન્યાય આપશે. તમારા જેવા શૂર પુરૂષને માટે યોગ્ય શબ્દો હું પોતે જ કહીશ. પણ ઠાકોર! તમે જે રીત લીધી તે તમે કહો છે, તે પ્રમાણે તમારા નિર્મળ હેતુ કે કાર્યને હીણપ લગાડનાર છે.'

'આપ જે કંઇ કહો છો તે મને માન્ય છે. હું યોગ્ય વખતે શા માટે મેં આમ કર્યું તે સમજાવીશ.'

જાલિમને સાથે લઇ, સર્વ જણ પાલગઢ તરફ કુચ કરવા લાગ્યા. આમ તેઓ માર્ગ ક્રમણ કરતા હતા ત્યાં રસ્તામાં સામેથી આવતી બીજી ટુકડી જણાઇ. શૂરે એક સ્વારને કહ્યું: 'સામેથી કોણ આવે છે તે જલ્દીથી તપાસ કરી આવ તો.'

તે ઘોડેસ્વારે ઘોડો મારી મૂકયો. તે ટુકડી નજીક જઇ પહોંચતાં તપાસ કરતાં તેને જણાયું કે તે બીજું કોઇ નહીં પણ ઉદયમલજી પોતાના માણસો સાથે તપાસ અર્થે નીકળી પડયા છે. તપાસ કરવા મોકલેલ ઘોડેસ્વારનો તે પરિચિત માણસ હતો. તેણે તેને પૂછ્યું:—

'તમારી ટુકડી આ તરફ કેણીમેર નીકળી છે?'

'અમો કુંવરીબાને મોરગઢમાંથી છોડવી પાલગઢ જઇએ છીએ.'

આટલું કહી તે સ્વાર શૂરની પ્રત્યે વેગથી પાછો વળ્યો. તેના ગયા પછી તરત જ તે સમાચાર પેલા સ્વારે પોતાના સ્વામી ઉદયમલજીને કહ્યા. તેમણે પૂછ્યું:

'પણ એ છોડાવનાર કોણ છે?'

'સામંતશ્રી બલુજીના ભત્રીજા શૂરસિંહજી.'

ઉદયમલજીને અત્યાનંદ થયો. તેમણે પોતાની ટુકડીને ત્યાં જ થોભાવી. થોડી વાર પછી શૂરની ટુકડી ત્યાં આવી પહોંચી. ઉદયમલજી અને શૂર એકમેકને ભેટયા. એટલામાં રૂપાંની ગાડી પણ ત્યાં આવી પહોંચી. તે ગાડીમાંથી ઉતરી પિતાને પગે પડી. ઉદયમલજીના વદન પર પ્રસન્નતા છાઇ હતી. તેઓ બોલી ઉઠયા:—

'શૂર તેં એક વખતે મારા પ્રાણ બચાવ્યા છે અને બીજી વખતે આ પ્રાણથી પણ અધિક વ્હાલું ધન મને પાછું મેળવી આપ્યું છે.'

'આપના પ્રાણ આમણે બચાવ્યા?' રૂપાંએ પૂછયું.

'હા ખંડેલામાં હુમલા વખતે મારા પર ઘ્હાર કરનારને શૂરે એના ભાલાથી અશ્વપરથી ઉખેડી નાંખ્યો હતો. જો તેમ ન બન્યું હોત તો હું તારૂં મ્હોં જોવા પામત નહીં.'

'પણ મારા પ્રાણ કોણે બચાવ્યા તે આપ જાણો છો, વડીલ?'

'ના, તેની મને ખબર નથી.' ઉદયમલ બોલ્યા.

'મારી જીંદગી પણ આપની આ પ્રિય દિકરીને આભારી છે.'

'ચાલો, આપણે અહીંથી થોડે છેટે સુંદર સ્થાન છે ત્યાં મુકામ નાંખીએ.'

બન્ને ટુકડીએ પુનઃ કુચ આરંભી નિર્દિષ્ટ સ્થાન આવતાં ત્યાં મુકામ કર્યો. એક સુંદર સ્થળે જાજમ નાંખી ઉદયમલજી, શૂર અને બીજા બેચાર નાયકો બેઠા હતા. થોડે દૂર રૂપાં અને રામદઇ બેઠાં હતાં.

શૂરે ટૂંકમાં સઘળી હકીકત નિવેદન કરી. જાલિમને તેણે વચન આપ્યું હતું કે, એ ઝઘડાની ફરીથી તપાસ થશે. તેણે ઉદયમલજીને એમ પણ સૂચવ્યું કે જાલિમસિંહને યુદ્ધમાં કામે લગાડી શકાશે અને તેને ત્યારબાદ યોગ્ય લાભ કરી અપાશે.'

ઉદયમલજીએ કહ્યું.

'શૂર! તું કુલીન છે, વીર છે, તારો મારા પર ઉપકાર છે. તેં મારૂં આ—રૂપાં તરફ જોઇ—અમૂલ્ય ધન પાછું આપ્યું છે, તે હું તનેજ અર્પનાર છું. તારે જ એની સંભાળ લેવાની છે. હાલ તો તારે યુદ્ધના

કામે લાગવાનું છે, તે હું જાણું છું. તને રોકવો નકામો છે. હું પણ બે દિવસ બાદ જયપૂર આવી પહોંચીશ. તું અહીંથી રસ્તો ફંટાય છે, ત્યાંથી જાલિમને લઇ જયપૂર જા.'

આ વાતચીત થતી હતી ત્યાં રામદઇએ રૂપાંના કાનમાં કહ્યું કે; 'જોયું હું કહેતી હતી તે ખરૂં કની! બાપુએજ તમને આપી દીધાં.'

'તારૂં કહેવું કેંદાડે ખોટું હોય છે!' રૂપાં બોલી.

શૂરની ટુકડી અને જાલિમસિંહ પોતાને માર્ગે વળ્યા.

પ્રકરણ ૧૬ મું

જવાબ આવ્યો

મહાદજી સિંધિયા પોતાના ભવ્ય તંબૂની બેઠકમાં મસલતકારો સાથે મંત્રણા કરી રહ્યો હતો. થોડે છેટે તેમનો કારકુન બેઠો હતો. હલકારા દ્વારા જે પત્રો આવ્યા હતા, તે વાંચી જુદા જુદા રાખતો હતો. અમે અગાઉ જણાવી ગયા છીએ કે મહાદજી સિંધિયા ઘણો જ દક્ષ મનુષ્ય હતો અને ઘણા કાર્યોમાં તેની દીર્ઘદૃષ્ટિ જોવામાં આવે છે. તે પેશ્વા સાથે નિયમિત રીતે પત્રવ્યવહાર કરતો હતો અને પોતાની હિલચાલની નિયમિત રીતે ખબર આપતો હતો. આ સિવાય જુદા જુદા પ્રાંતો તરફની, દીલ્હીની, જાટોની, રજપૂતોની અને અંગ્રેજોની પ્રવૃત્તિ શી છે, તે પણ દૂતો દ્વારા જાણી લેતો હતો. કારકુનને કાગળો યથાસ્થિત ગોઠવી રહેલો જોઇ મહાદજીએ પૂછ્યું:—

'કોના કોના શા સમાચાર છે?'

'સરકાર! પહેલો પત્ર દીલ્હીના શહેનશાહ તરફથી આવેલ છે.'

'વાંચી સંભળાવ, શું લખે છે?'

કારકુને પત્ર વાંચી સંભળાવ્યો.

ત્યારે શહેનશાહને એમ ભાસે છે કે આપણે તેના હિતને લક્ષમાં રાખતા નથી એમ જ ને?

'લાગે છે તો એમ જ.' એક મસલતકારે કહ્યું.

'આપણી રકમ હજી મોકલાઇ નથી, તેથી કદાચ આટલી છાતી કાઢીને કહેવાની હિમ્મત આવી જણાય છે!' બીજાએ પોતાનો વિચાર જણાવ્યો,

'મને તો એમ જણાય છે કે રજપૂતોએ સામું માથું ઊંચક્યું છે, તેના સમાચાર દીલ્હી પહોંચ્યા હોવા જોઇએ.' પહેલાએ કહ્યું.

'પણ તેથી શું?' તુકદેવ બોલ્યો,

'તેથી શું કેમ? પડોશમાં જો બધાય આપણી સ્હામે થાય તો પછી શહેનશાહ પણ શા માટે તેમ ન કરે?* 'બૂમ ભેગો ચીસ,' હરિએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

'વારૂ, તેનો આપણે યોગ્ય જવાબ આપીશું. પછી?'

'પછી, રાયજી જવાબ લઇને આવેલ છે. જયપુરવાળાનું શું કહેવું છે તે જણાવું?'

મહાદજીએ ડોકું ધુણાવ્યું. કારકૂને કાગળ વાંચી સંભળાવ્યો–મહાદજીએ મસલતકારો તરફ નજર કરી, અને તેઓનો અભિપ્રાય જાણવાની ઇચ્છા મૌનવડે વ્યક્ત કરી.

'જયપુરનો પત્ર જોરમાં લાગે છે.' એક જણે કહ્યું.

'લાગે જ ને, શા માટે ન લાગે?' બીજો બોલ્યો.

'શા માટે લાગે! એવું શું સામર્થ્ય છે કે આપણી માગણીનો ઇન્કાર કરે?' માનાજીએ કહ્યું.

'હમણાં જોધપુરવાળાની મદદ મળવાની છે ને?' હરિ બોલ્યો.

'તો જોધપુરના જોર પર કછવાહ કૂદે છે એમ જ ને!' રઘુજીએ કહ્યું.

---

*The Musalman courtiers at Delhi rejoiced at the rebuff of their heathen master; even the feeble old Emperor manifested hostility; while at the same time, he raised open complaints of the arbitrary conduct of his protector, and alleged himself to be ill-treated and unadequately supplied with money."

Madhavrao Sindhia. p. 123
by. H. G. Keene.

'કછવાહાને આપણે તો એક વખત પાણી બતાવી આપ્યું છે, છતાં, તેઓની સાન ઠેકાણે આવી હોય એમ લાગતું નથી.' માનાજીએ કહ્યું.

'એમ કંઇ છેક રજપૂતપણું, ગુમાવી બેઠા નથી. એ કબૂલ કરીએ તો પણ તેઓ પોતાના કરાર મુજબ ચાલવાને બંધાયલા છે.'

'પણ આપણે કરારથી વધારે માગ્યા છે, એવું જયપુરકરને ના કહેવા નિમિત્ત મળશે ને?' હરિએ ઉમેર્યું.

'આપણે તો જયપુરકરને આપણી માગણી જણાવી છે. તેનો જવાબ આજકાલમાં આવવો જોઇએ. પણ તે જવાબ આવે ત્યાર પહેલાં તે સંબંધી વિચાર કરવાની જરૂર નથી.' મહાદજીએ વાતને આડે માર્ગે જતી અટકાવતાં ઉમેર્યું.

લખનોથી ખબર આવી છે કે કંપનીના નવા અધિકારી કાર્નવાલીસ સાહેબ આવેલ છે. ત્યાં કેટલાકનો મત પામર* સાહેબને મળતો થયો જણાય છે. પામર સાહેબનું કહેવું છે કે દિલ્હીના પાદશાહની સત્તા નબળી પડતી જાય છે. તેઓ વૃદ્ધ છે. માટે આપણે તેમના વતી અહદ†નો પક્ષ લઇ તેમના પર આપણો પ્રભાવ જમાવવો કે એ નામે આપણે બીજાને આપણી મરજીને અનુકૂળ કરી શકીએ. જો દીલ્હી પર આપણો પ્રભાવ પડશે તો મરાઠાનું જોર નરમ પડશે. આ મતને ટેકો આપનારા ઘણા જણ છે. પણ નવા ગવર્નર કાર્નવાલીસ સાહેબનો મત તેમને મળતો થતો નથી. તેમનો મત એવો છે કે જે સમયે મોગલ સત્તા નાશ થવાની તૈયારીમાં છે, જે ઘડીકમાં એક પક્ષને પકડે છે અને તરત જ બીજા પક્ષને ગ્રહણ કરે છે, જે એકના હાથમાંથી છૂટવા માટે બીજાનું શરણ લે છે, તેના પક્ષનો અંગીકાર કરી, નકામી જવાબદારી માથે વ્હોરવાથી શો લાભ છે? આમ કરવાથી કદાચ આપણે વિગ્રહમાં ઊતરવું પડશે. માટે અત્યારના પ્રસંગે

* પામર. લખનૌના રેસીડેન્ટ. † પાટવી કુમાર.

કોઇ પણ પક્ષને આપણે સક્રિય સાથ આપવો નહીં.* કારકુને પત્રનો મજકુર કહી સંભળાવ્યો.

'આથી જ ત્યારે શાહજાદા જવાંબખ્તને દિલ્હી મોકલ્યો નહીં હોય.' હરિએ કહ્યું.

'એમ જ લાગે છે. વળી ખંડણી આપવાનો પણ સાફ ઇન્કાર કરે છે.' માનાજીએ ઉમેર્યું.

'ઔંધમાં નવ્વાબ પર કંપનીએ અસર જમાવી છે અને તે કહે એટલું પાણી તે પીએ છે.' હરિએ અભિપ્રાય આપ્યો.

'એ તો ઠીક પણ પચાવેલા મુલ્ક પરથી હક ઉઠાવવાની ના કહે છે.' એકે અભિપ્રાય આપ્યો.

'મતલબ એ છે કે ફિરંગી સરકાર તટસ્થ રહેવાનો દાવો કરી આપણા કામમાં અંતરાય નાંખે છે. જે સમયે આપણને નાણાની અગત્ય છે, તે સમયે દિલ્હીને ખંડણી આપવી નહીં એનો અર્થ એટલોજ કે આડકતરી રીતે આપણો વિરોધ.' હરિએ કહ્યું.

'આડકતરી રીતે વિરોધ શાનો ? આપણને કનડગત કરવાનો ચોખ્ખો વિચાર. બાદશાહને પણ એમ જણાય કે આપણે કંઇ કરી શકતા નથી.' માનાજીએ કહ્યું.

'એટલું જ નહીં પણ આમાં કંઇ ઊંડો ભેદ મને તો જણાય છે.' તુકદેવ બોલ્યો.

'શો ભેદ ?' એકે ઔત્સુક્ય દાખવ્યું.

---

* "Many have urged the necessity of upholding the Mogol influence to counterbalance the power of the Hindus; but this should seem bad policy; as we should causelessey become obnoxious and involve ourselves in the interest of a declining state."

Calcultta Gazette. 8th Mareh 1787.

'પડતાના પક્ષે ઊભા રહેવું નથી, તેમને આપવાને કબૂલ કરેલી ખંડણી આપવી નથી, અને ચિત્તાની માફક ત્રાપ મારી મુલ્ક હડપ કરી જવો, અને સબળ પક્ષને ઉપરથી દોસ્તી દેખાડવી. ખરેખર ફિરંગીઓ જબરા કપટકળાનિપુણ છે.' હરિએ કહ્યું.

'અત્યારે તો આપણે ફિરંગીઓને છેડવાની જરૂર નથી. આ તરફ આપણે પહેલાં આપણાં દુશ્મનો કે હરીફોને દબાવવા દો, પછી દિલ્હીનું પ્રકરણ હાથમાં લઇ આપણે ફિરંગીને પૂછીશું કે કોની સત્તાને આધારે એમ કરે છે? ઘણીવાર દીલ્હીના બાદશાહના નામનો ખોટો ઉપયોગ કર્યો છે, અને ચઢેલી રકમ ભરવાને ના પાડી છે. પણ હાલ તુરત તો આ પ્રકરણમાં આપણે માથું મારવાની અગત્ય નથી. જે સમયે એકસામટા બે કે ત્રણ દુશ્મનો સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે ઠેરઠેર આગ લગાડવી ઇષ્ટ નથી.' મહાદજીએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

'આમ કરવામાં તેઓ આપણી નબળાઇ તો નહીં લેખેને?' ચિમનાજી જે અત્યાર સુધી મસલતમાં ભાગ લેતો ન્હોતો તે બોલી ઊઠયો.

'નબળા લેખીને શું કરવાના છે?' હરિએ સ્હામો પ્રશ્ન પૂછ્યો.

'કોઇ પક્ષમાં ભળે તો?' ચિમનાજીએ પૂછ્યું.

'ત્યેમ બનવું શકય નથી. કારણ કે, તેમનું લક્ષ તો અત્યારે ઔંધ તરફ છે. તેઓ આ તરફ શું બને છે તે જોઇ રહ્યા છે. દિલ્હી કેવો પલ્ટો ખાય છે તેના પર તેમનો આધાર લાગે છે. દિલ્હીના બાદશાહને નામે જે હુકમ મોકલાય છે તેની ચોખ્ખી અવગણના કરે છે. અને ખંડણી આપવાની ના કહે છે; કારણ કે દિલ્હીને નામે હાલ કોઇ એણીમેર જાય એમ નથી. એટલે તે તરફની ધાસ્તી હાલમાં નથી. તેઓની કનગડત છે અને તે ખંડણી બદલ?' જોઇ લેવાશે. હરિએ વસ્તુસ્થિતિ વધુ સ્પષ્ટ કરી બતાવી.

'રઘુગઢ* તરફના કંઇ સમાચાર આવ્યા છે?' મહાદજીએ પૂછ્યું.

'મહંમદ બેગના ત્યાંથી નીકળવા પછી ખાસ સમાચાર નથી, પણ, જયસિંહ છૂટાછવાયા પ્રયત્ન કરી રહ્યો છે.' હરિએ કહ્યું.

'એ એના બાપના જેવો ડાહ્યો લાગતો નથી.' ચિમનાજી બોલ્યો.

'બાપ તો નમી ગયો અને જયપુરમાં જઇ રહ્યો; પણ જુવાન છોકરો સમજતો નથી.' હરિ બોલ્યો.

'શાનો સમજે? વૃદ્ધ માણસનું શાણપણ એનામાં ક્યાંથી હોય? એને તો એમ જ લાગે ને કે મારી જાગીર શા માટે જતી કરૂં?' ચિમનાજીએ જવાબ આપ્યો.

'ન જતી કરે તો તે પણ મરાઠાના હાથનો સ્વાદ ચાખશે એટલે ખબર પડશે.' હરિએ કહ્યું.

'પણ હાલમાં તો એ એના પ્રયત્નો ચાલુ રાખશે; કારણ કે, મહંમદ બેગને આપણે સાથે તેડ્યો છે, એટલે એને હમણાં કોઇનો ભય નથી.' ચિમનાજીએ કહ્યું.

---

* One of the very first cares of Sindhia was to provide a safe road from his southern estates in Malwa via Gwalior to Delhi; and one of the strongholds on the way was the fort of Ragugarh, belonging, as it still does, to the Kechi clan of Chauhan Rajputs.

Madhavrao Sindhia. P. 113 by. H. G. Keene.

* આ રઘુગઢ પર સિંધિયાની હાનત હતી. ત્યાંનો રાજા બલવંતસિંહ ચોહાણવંશનો ખીચી જાતનો રજપૂત હતો. મહાદજી સાથે તેને ઝઘડો થયો અને તેને કેદ કરવામાં આવ્યો હતો. પાછળથી તેને છોડવામાં આવ્યો હતો પણ આબાજી ઇંગળેએ તેનો ગઢ ખંડણીના બહાનાથી પાછો લઈ લીધો. બળવંતસિંહ, સાધન વિનાનો બની, જયપુર રાજ્યમાં રહેવા લાગ્યો અને ત્યાંજ મરણ પામ્યો. પણ તેનો દીકરો (જયસિંહ) રઘુગઢ માટે ઝઘડતો હતો. તેની સામે સિંધિયાએ મહંમદ બેગને મોકલ્યો હતો, પણ જયપુરપર ચઢાઈ માટે તેને (મહંમદ બેગને) સિંધિયાએ બોલાવી લીધો હતો.

આમ વાતચીત થતી હતી ત્યાં પહેરેગીરે આવી કહ્યું કે 'કોઇ હલકારો, જરૂરના સમાચાર લઇને આવી પહોંચ્યો છે. આજ્ઞા હોય તો હાજર કરું.'

'આવવા દે એને' હરિએ મહાદજી સ્હામું જોઇ તેના મનનો ભાવ પારખી જવાબ આપ્યો.

હલકારાએ અંદર આવી નમન કર્યું અને પોતાના વસ્ત્રમાંથી એક ખરીતો કાઢી આગળ ધર્યો. એક નોકરે લઇ સિંધિયાને આપ્યો. સિંધિયાએ સદાશિવને પત્ર વાંચી સંભળાવવા આજ્ઞા કરી. સદાશિવે કાગળ વાચી સંભળાવ્યો. એમાં સમાચાર એવા હતા કે ગ્વાલિયરની સીમાની ઉત્તરે શિખ લોકોની ચઢાઇની* ધાસ્તી હતી. આ સમાચાર સાંભળી બધા આશ્ચર્યમાં પડી ગયા. સિંધિયાએ પૂછ્યું:

'શું કરીશું? આ અણધારી પીડા ઊભી થઇ આવી.'

'તેને અટકાવવા માટે કંઇ બંદોબસ્ત તો કરવાજ પડશે ને?' હરિએ પોતાનો અભિપ્રાય જણાવ્યો.

'અને મોકા પર આપણે જ્યારે જયપુર પર ચઢવાની તૈયારી કરીએ છીએ ત્યારે જ આ બનવા પામે છે, એ પણ નવાઇ છે ને?' ચિમનાજીએ કહ્યું.

'એ તો ઠીક, પણ આપણે એનો જલદી બંદોબસ્ત કરવો જોઇએ.' હરિ બોલ્યો.

'આપણામાંથી કોઇએ થોડું સૈન્ય લઇ ત્યાં દોડી જવું જોઇએ.'

'સરકાર! કોને મોકલીશું, તેની આજ્ઞા આપો.' ચિમનાજીએ કહ્યું.

'આવા તો પ્રસંગ ઊભા થાય, તેથી કંઇ ડરવાનું નથી. મને લાગે છે કે રાણેખાનને મોકલું; પણ એ તો મારી સાથે રહે તેજ ઠીક છે. આબાજીને ત્યાં મોકલી આપવો ઠીક થઇ પડશે.' સિંધિયાએ કહ્યું.

'આપનો વિચાર ઉત્તમ છે.' હરિએ જણાવ્યું.

---

* "In this general adversity, and when all his resources appeared likely to be insufficiant to conduct a successful campaign in Rajputana, Sindhia suddenly found himself forced to detach two strong bodies of troops to encounter the cursion of Sikhs to the northward of the capital."

Madhavrao Sindhia. by. H. G. Keene. p. 123

'આબાજી રણચતુર અને પ્રસંગને ઓળખનાર છે. તેમણે આવા કંઇક પ્રસંગ જોયા છે અને શૌર્ય અને ડહાપણથી સામનો કર્યો છે. માટે તેમનેજ મોકલી આપવા એ ઉત્તમ છે.'

'ત્યારે આબાજીને તેડાવો.' સિંધિયાએ કહ્યું.

એક હજુરિયો આબાજીના તંબૂમાં ગયો. થોડી વારમાં આબાજી ઈંગળે ત્યાં આવી લાગ્યા. સિંધિયાએ તેમને આવેલા કાગળની હકીકતની સમજણ પાડી અને જણાવ્યું કે:

'તમારે જાતે એ મોટી ટુકડી લઇ રવાના થવું અને શિખોના આક્રમણનો અટકાવ કરવો. જો તેઓ આપણી સરહદમાં આવવા ન ઇચ્છતા હોય એમ તમને જણાય કે દૂત દ્વારા ખબર પડે તો તેમને હમણાં છેડવાની જરૂર નથી.'

'જેવી સરકારની આજ્ઞા,' કહી ઇંગળે ત્યાંથી પોતાના તંબૂમાં જઇ તૈયારી કરવા લાગ્યા.

એટલામાં હજુરીઆએ જણાવ્યું કે, 'એક માણસ જયપૂરકરનો જવાબ લઇ આવેલ છે. હજુરની આજ્ઞા હોય તો અંદર આવવા દઉં.' સિંધિયાએ સંમતિ દર્શાવી.

થોડીવારમાં એક રજપૂતે ત્યાં પ્રવેશ કર્યો, અને વિનયપૂર્વક નમન કરી એક થેલી રજુ કરી. થેલી ઉઘાડી તેમાંથી કાગળ કાઢી વાંચવામાં આવ્યો. તે પત્રમાં સિંધિયાની માગણીનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

'હું કહેતો હતો ને કે રજપૂત આ વખત હઠે ચઢયો છે, તે નહીં માને.' ચિમનાજીએ કહ્યું.

'નહીં માને તો તો આપણા બાહુદંડમાં જોર હશે તો મનાવીશું.' હરિ બોલ્યો.

'આપણે એટલા માટે તો નીકળ્યા છીએ. મરાઠાનું પાણી બતાવી દઇશું કે ખબર પડે.' માનાજી મૂછે તાલ દઇ બોલ્યો.

'આપણે હવે જયપુર પર ચઢાઇ કર્યા વગર છૂટકો નથી. સઘળી તૈયારી કરેલીજ છે. આવેલા દૂતને જવાબ મોકલી આપો કે અમે યુદ્ધ કરી અમારી માગણી કબૂલ કરાવશું.' સિંધિયાએ આજ્ઞા આપી–બાદ સર્વ છૂટા પડયા.

પ્રકરણ ૧૭ મું

યુદ્ધની તૈયારી

જયપુરના રાજ પ્રાસાદ પરના ટકોરખાના પરથી બિભાસના સ્વર પ્રાતઃકાલની સૂચના કરતા હતા. પ્રભાતના શાંત વાતાવરણમાં શરણાઇના સ્વર કાનને કંઇ ઔર મીઠાશ આપતા હતા. રાજમહેલમાં આજે કંઇ ઔર પ્રકારની તૈયારી થઇ રહી હતી. દરરોજના કરતાં આજે કંઇ વિશેષ ધામધૂમ જણાતી હતી. પ્રાસાદના પ્રાંગણમાં ગાયો લાવી ઉભી રાખી હતી. શય્યામાંથી ઊઠતાંની વાર બારીમાંથી રાજાએ ગોદર્શન કર્યું, બાદમાં બ્રાહ્મણોને દક્ષિણા આપી. પ્રાતઃકાલનો શૌચવિધિ આટોપી લીધા પછી રાજા સ્નાનાગારમાં ગયો. રૂપાની ગાગરોમાં ગરમ જળ હતું, તે લઇ રૂપાની કુંડીમાં નાંખ્યું. તેમાં પવિત્ર ગંગા જળ અને ગુલાબજળ નાંખી દાસીઓએ કળશીમાં લઇ રાજાના શરીર પર રેડી તેને સ્નાન કરાવ્યું. ત્યાર પહેલાં શરીર પર સુગંધી દ્રવ્યનું લેપન કર્યું હતું. ઉષ્ણ સુગંધી પાણીથી શરીર સ્વચ્છ કર્યા પછી નોકરોએ રાજાના શરીરને વસ્ત્રથી લુંછી નાંખ્યું. આછું વસ્ત્ર ધારણ કરી, અંગ સંસ્કાર કરવાના ઓરડામાં આવ્યો. અહીં રાજાના શિરના વાળ વિન્યસ્ત કરી તેમાં સુગંધી તેલ નાંખી હોળવામાં આવ્યા. કપાળમાં તિલક કર્યું. વસ્ત્રો પરિધાન કરાવ્યાં. પછી આછા અલંકાર અને શિર પર પાઘ ધારણ કર્યો. આ પ્રમાણે તૈયાર થઇ પ્રતાપ દિવાનખાનામાં આવ્યો. અહીં કેટલાક સામંતો તૈયાર થઇ ઊભા હતા. તેમની સલામી લઇ, પ્રાસાદના પ્રાંગણમાં આવ્યો. અહીં તે ઉત્તમ ગજ-પર સ્વાર થયો. સાથે દિવાન પણ ગજ પર આરૂઢ થયો. સામંતો પોતાના અશ્વો પર બિરાજ્યા. ગજ પરની ઝુલતી પાલક પરથી સેવકો

મોરછલ તથા ચમર ઢોળતા હતા. રાજા પોતાના સામંતો સાથે શ્રી શિલા દેવીના પૂજન માટે અંબર જવા નીકળ્યા.

અલ્પ સમયમાં મહારાજા અને રસાલો અંબર આવી પહોંચ્યો. રાજભવનમાં શ્રી શિલામયીનું મંદિર છે. આ મૂર્તિ બંગાળથી મહારાજા સવાઇ મદનસિંહે મંગાવી સ્થાપના કરી હતી. તેની પૂજા માટે એક વિદ્વાન્ બ્રાહ્મણને બુંદીના રાજા બુધીસિંહજી પાસેથી માગીને આણ્યો હતો. તેણે સંસ્કૃતમાં ઉત્તમ શક્તિ સ્તોત્રો રચ્યાં છે.

મહારાજા હાથી પરથી ઉતર્યા. સામંતો સાથે ચાલવા લાગ્યા. ભગવતી શિલાદેવીના મંદિરમાં પ્રવેશ્યા. દેવીને નમન કર્યું, ભેટ ધરી પૂજારીએ પૂજાનો આરંભ કરી ગાયું કેઃ

ઉમેશ્વરે ઉમામયી, રસેશ્વરે રસામયી
ગિરીશ્વરે પ્રમામયી, ક્ષમામયી ક્ષમાવતામ્
સુધાકરે સુધામયી, ચરાચરે વિધામયી
ક્રિયાસુ સંવિધામયી, સ્વધામયી સ્વધાવતામ્
જગત્સુ ચેતનામયી, મનઃ સુવાસનામયી
કવીન્દ્રભાવનામયી, પ્રભામયી પ્રભાવતામ્
ધનેષુ ચંચલામયી, કલાવતાં કલામયી
શરીરિણામિલામયી 'શિલામયી' સદાવતામ્.

ભગવતીની સ્તુતિ, પૂજા થઇ રહ્યા પછી આરતી ઉતારવામાં આવી. આરતી ઉતરી રહ્યા પછી રાજાએ આશકા લીધા, નમન આંખે લગાડ્યું. થોડી વાર સુધી એકાગ્ર ચિત્તે પ્રાર્થના કરી. ત્યારબાદ પૂજારીને દક્ષિણા અને ભેટ આપી. આ પ્રમાણે પોતાની કુલદેવીનું પૂજન કરી રાજા પ્રતાપ પોતાના મહેલમાં પાછો આવ્યો.

રાજમહેલમાં આવી ભોજન લીધું. ત્યાર બાદ થોડી વિશ્રાંતિ લીધી અને સ્હાંજના રાજભવનમાં મહત્વના કાર્યની મંત્રણા માટે સભા હતી ત્યાં રાજાએ હાજરી આપી.

ખાનગી કક્ષામાં સામંતો, સરદારો અને કર્મચારિયો ભેગા મળ્યા હતા. રાજા ઉચ્ચ ગાદી પર બેઠો હતો. સામંતો, સરદારો અને કર્મચારિયો યથાસ્થાને ગોઠવાયા હતા. બાંદીઓ અને નોકરો આમંત્રિત માણસોના આસન માટે રોકાયલાં હતાં. રાજાને શિરે છત્ર ઢાળતા હતા. જ્યારે કેટલાક મોટો પંખો લઇ પવન ઢાળતા હતા. સભા ભરાયા પછી પ્રધાને સભાને ઉદ્દેશી કહ્યું:

'અંબર રાજ્યના સ્વામિભકત સામંતો! સરદારો! આપણે મરાઠાને જે જવાબ મોકલ્યો છે, તે પરથી યુદ્ધની નોબત વાગી ચૂકી છે. એનો સ્પષ્ટ અર્થ એ છે કે આપણે યુદ્ધ કરવા તૈયાર છીએ, આ વાત મહાદજી જેવા દક્ષ માણસની સમજમાં ન આવે એમ નથી. તેણે પણ અંબર રાજ્યને ઉધ્વસ્ત કરવાનો અને બળજબરીથી ખંડણીને બ્હાને અર્થપિપાસા પોષવાનો નિશ્ચય કર્યો છે, એ વાત પણ ખાનગી નથી. બારાકોટરીના પ્રધાન સામંતો પોતાની સેના સાથે જયપુરમાં પધાર્યા છે, એ હર્ષની વાત છે. આપણા રાજવી પ્રત્યે આપની અસીમ સ્વામિભકિત તે જણાવે છે. અંબર રાજ્યના સ્તંભો! આપને એ જણાવવાની જરૂર નથી કે આપણે સહુ ક્ષત્રિય છીએ. ક્ષાત્ર લોહી આપણી નસોમાં વહે છે. આપણા પૂર્વજોએ કેવા મહાન્ પરાક્રમો કર્યાં છે, તે કહેવાની અગત્ય નથી. આપણા પૂજ્ય પૂર્વજોએ પોતાના બાહુબળથી રાજ્યો મેળવ્યાં છે. શત્રુઓનું દમન કર્યું છે. આપણે જો આપણો ક્ષાત્ર ધર્મ ભૂલી જઇશું તો ધરા આપણી રહેશે નહીં. આજે આપણે એકને નમતું આપ્યું તો કાલ્યે બીજાને નમતું આપવું પડશે, અને એમ કરતાં આપણું રાજપાટ પરવારી જવાનો વખત આવી પડે, આપણું ક્ષાત્ર તેજ હણાય, આપણે નિર્માલ્ય બની જઇએ. આપણા સંતાનો આપણને કાયર તરીકે ઓળખે અને શ્રાપ આપે. ભાવિપ્રજા આપણા નામ પર થુંકે. આપણે આપણા પૂર્વજોને કલંકિત કરીએ. ક્ષત્રિય માટે કહ્યું છે કે:—

न बिभेति रणाद्यो वै संग्रामेऽप्यपराङ्मुखः ।
धर्मयुद्धे मृतो वापि तेन लोकत्रयं जितम् ॥

અર્થાત્ કે 'જે ભયક્રાંત થઇને રણમાંથી પાછા ફરતા નથી, જેઓ ધર્મયુદ્ધ કરતાં મૃત્યુને પામે છે, તેમણે ત્રણે લોકને જીત્યાં છે.' વીર પુરુષો જેઓ રણમાં હત થાય છે, તેઓ જ સૂર્ય મંડળને ભેદી શકે છે.

'આપ કદાચ પ્રશ્ન કરશો કે રાજનીતિજ્ઞ પુરૂષે, સામ, દામ, ભેદ આદિ નીતિનો આશ્રય લેવો; તો તેના જવાબમાં જણાવવાનું જે આપણા નરેન્દ્રે તે માટે બનતા પ્રયત્ન કર્યા. મરાઠાઓની જો વ્યાજબી માગણી હોત તો તેનો સ્વીકાર કરવામાં આવત, પણ, તેમની માગણી તદ્દન ગેરવ્યાજબી હતી. તેમની માગણી સ્વીકારવી એ અપમાનજનક હતું. તેમની માગણી કબૂલ કરવી, એટલે આપણી નિર્બળતા બતાવવા સમાન છે, આપણી કીર્તિને કલંકિત કરવા જેવું છે, આથી તેમની માગણી તરછોડવામાં આવી અને એમ કરવું એજ ક્ષત્રિયને શ્રેયસ્કર છે. આપણે સર્વેએ અંતિમ નિર્ણય કર્યો છે અને ક્ષત્રિયોને યોગ્ય નિર્ણય કર્યો છે. આપણે આપણા આમેરનું રક્ષણ કરવું, પ્રાણ જાય તો ભલે પણ મરાઠા લૂટારૂના ભયને દાદ આપવી નહીં, યુદ્ધ કરવું અને વિજય વરવો. આપ અંબર રાજ્યના આધાર છો. આપને મારે ઝાઝું કથવા જેવું નથી, કારણ કે, આપના વડવાઓએ રણમાં નામના મેળવી, અંબરની કીર્તિને ઉજમાળી છે. આપે અંબર રાજ્યને માટે, રાજ્યના હિતને માટે કમર કસી છે. રાજ્યના હિતમાં આપનું હિત છે. આપ સહુ રાજ્યના અંગ છો. એક અંગને હાનિ થવાથી આખા શરીરને હાનિ થાય છે; માટે આપણે આપણો કૃત નિશ્ચય ફેરવવાનો નથી. સૈન્યની વ્યવસ્થા સંબંધી કંઇ વિશેષ કહેવાનું નથી. આપણા સેનાનાયક તે તમને જણાવશે.'

સેનાનાયકે કહ્યું: 'આપણું સૈન્ય પંચાવન હજારનું છે. એની અગિયાર ટુકડીઓ જૂદા જૂદા સામંતોના હાથ નીચે વ્યવસ્થિત છે. આટલું જ સૈન્ય રાઠોડોનું આવી લાગવાની તૈયારીમાં છે. તોપો, ગારડો-(ગાર્ડો)ની બધી ગોઠવણ થઇ ગઇ છે. શોભારામજી કાલ્ય સ્હવારે

આપણા સૈન્યને રાઠોડોની સેના લઈ ભેટશે. રસદ પહોંચાડવાનું, ચંદીનું કામ વ્યવસ્થિત છે. હાથીઓ અને મ્હાવતો સર્વ તૈયારીમાં છે. કોણ કોણ સામંતો કયી ટુકડીના પર છે તે તો આપ જાણો છો. આથી વધારે કહેવાની જરૂર નથી. સર સેનાપતિ એક અંબરનો અને બીજો રાઠોડોનો સહકારથી કામ કરશે. સૈન્યની વાટણી, તેના પર યોગ્ય અધિકારીઓની નિમણૂક અને આ વખતનો ઉત્સાહ મને આશા આપે છે કે રજપૂતો જરૂર રણમાં વીરતા દાખવી વિજયશ્રીને વરશે.'

આ પ્રમાણે સેનાનાયકે સ્થિતિ જણાવી. ત્યાર પછી મુખ્ય બાર સરદારોમાંના એક બલભદ્રોત શાખાના સામંતે કહ્યું:

'પ્રતાપી અંબરનરેશ અને શૂરા સામંતો! આપણી આગળ આ યુદ્ધના કારણનું દિગ્દર્શન યથાર્થ રીતે કરવામાં આવ્યું છે. આપણા શાંતિપ્રિય નરેશે તે અટકાવવા યોગ્ય યત્ન પણ કર્યો છે, તે આપણે સહુ જાણીએ છીએ. અસભ્ય અને મર્યાદાહીન લોભને વશ થયેલ મરાઠા સરદાર ધર્મને અવગણી કેવળ સ્વાર્થ અને તે પણ નીચ સ્વાર્થની ખાતર પોતાના બંધુઓને દુઃખ દે છે, તેમની પ્રજાને લૂંટે છે અને ગરીબોના શ્રાપને વ્હોરે છે. તેમણે આપણા રાજપૂત પ્રદેશને વેરાન બનાવી દેવાનો જ જાણે નિશ્ચય કર્યો હોય તેમ લાગે છે. શિશોદિયાકુળભૂષણ રાણાના રાજ્યના શા હાલ કર્યા છે, પ્રજાની કેવી કનડગત થઈ છે, તે તમો ક્યાં નથી જાણતા! માટે આપણે યુદ્ધ કરવું, કરવું ને કરવું જ.' સર્વેએ હર્ષનાદનો પોકાર કર્યો.

સભા બરસ્ખાસ્ત થવાની તૈયારી હતી ત્યાં સમાચાર આવ્યા કે રાઠોડ સૈન્ય આવી પહોંચ્યું છે. આ સમાચારે હાજર રહેલા સર્વના મનમાં કંઈ ઓર જુસ્સો ઉત્પન્ન કર્યો.

સભા બરખાસ્ત થઈ. રાજા અને કેટલાક સામંતો હલદિયાજી, બળવંતસિંહજી વગેરે ત્યાં હતા, તેઓ પરસ્પર વાતો કરતા હતા, તેવામાં એક અનુચર ત્યાં આવ્યો અને સમાચાર નિવેદન કર્યા કે:—

'જોધપુરથી જીવાનદાસજી પધાર્યા છે.'

હલદિયાજી ઊઠીને સ્હામે તેને લેવા ગયા. પળવાર પછી જુવાનદાસ અને હલદિયાજી અંદર આવ્યા. રાજાએ તેનો સત્કાર કરતાં પૂછ્યું:

'જોધાણપતિ કુશળ છે?'

'જી! ઈશ્વરની કૃપાથી અને પૂર્વજોના આશિષથી જોધપુરનું શિરછત્ર કુશળ છે.'

'જોધાણરાજની કર્તવ્યપરાયણતા, દેશદાઝ, અને સ્વભૂમિ અને સ્વજાતિ માટે કલ્યાણની ઇચ્છા, રજપૂતોને માર્ગદીપકનું કામ સારે છે.'

'કચ્છવાહકુલભૂષણ! આપ તો ચતુર છો. ભૂમિનું રક્ષણ કરવું, પ્રજાનું પાલન કરવું, તેમના સુખને માટે કટિબદ્ધ થવું, સંતાન માફક તેમને રાખવા એ રાજાનું કર્તવ્ય છે. રાજાએ પોતાની શક્તિને ક્ષીણ થવા દેવી નહીં. કહ્યું છે કે: शक्तिर्यस्य जनैः स एव नृपत्तिः शेषाः परं पार्थिवाः'

'વાસ્તવિક છે. રાજા ખરો તો તે જ કહેવાય!' હલદિયાજી બોલ્યા.

'આપણે આપણા પરસ્પરના વેરથી છિન્નભિન્ન થઇ ગયા છીએ. બુંદી અને કોટાને કુસંપ, અંબર અને જોધપૂરમાં ઐક્ય નહીં, ઉપરાંત પૂજ્ય શિસોદિયાની પણ ઉપેક્ષા કરીએ, એકમેકનું અહિત વાંછીએ, પરસ્પરના ઝઘડાને માટે આપણે આપણા દુશ્મનને ઘેર તેડીએ, એનું પરિણામ શું આવે? દુશ્મન સોયની પેઠે ગરી જઇ, આપણું જ નુકશાન કરે. જો રજપૂતોમાં સંપ હોત તો કોની મગદૂર છે કે રાજપુતાના પર કોઇ આંગળી ચીંધે! કોનું સાહસ છે કે આપણી સ્હામે શસ્ત્ર ઉગામે! મોગલોનો ગૌરવરવિ આથમ્યો છે. જે રજપૂતોના બળ પર મોગલો સત્તા ચલાવતા હતા, જેના પરાક્રમ પર રાજ્યનો વિસ્તાર કરતા હતા, તે રજપૂતોના આંતરકલહે, તેમને શૌર્યહીન બનાવ્યા છે. નહિં તો રજપૂતો આ તકનો લાભ લઇ પોતાનું શ્રેય ન સાધે? જ્યારે જાટ અને હળ ખેડનારા બાદશાહની નબળી અવસ્થાનો લાભ લઇ પોતાની ઉન્નતિ કરે, ત્યારે ક્ષત્રિયો ઘરના ખૂણામાં બેસી રહે કે પોતપોતામાં કલહનો અગ્નિ પેટાવે, એ ખરેખર ક્ષત્રિયોને કલંક છે.' જુવાનદાસે પોતાનો જુસ્સો ઠાલવ્યો.

'વાસ્તવિક છે.' બલુજીએ કહ્યું: 'પણ સદ્ભાગ્યે એ અવસ્થામાં હવે ફેરફાર થવા માંડ્યો છે. જોધાણ નરેશે આ વિષયમાં રાજપુતાનાના

રાજાઓને માર્ગ બતાવ્યો છે. અંબર અને મારૂ દેશના નૃપતિનું ઐક્ય અને દેશકલ્યાણની પ્રવૃત્તિ બીજાઓને પણ એ માર્ગે જવા પ્રેરશે એમ આશા લાગે છે. ભગવતીની કૃપાથી દેશમાં ફરીથી અરૂણોદય થવા માંડયો છે અને ક્ષત્રિય તેજનો ભાસ્કર અલ્પ સમયમાં ઉદિત થશે.'

'આપ કેટલું સૈન્ય લઇ પધાર્યા છો?' હલદિયાજીએ પૂછ્યું.

'પંચાવન હજાર રાઠોડો રણભૂમિમાં ઉતરશે. તેના પ્રમાણમાં હાથી, ઘોડેસ્વાર અને તોપખાનું છે.'

''આપણું એકત્ર બળ સિંધિયાને ભારે પડી જશે.'

'એમાં શંકાને સ્થાન જ નથી. જ્યાં સંપ છે ત્યાં જંપ છે. અને ક્ષત્રિયોએ તો જય કે પરાજયની વાત છોડી પોતાનો ધર્મ બજાવવાનો છે, અને શુદ્ધ નિષ્ઠાથી કર્તવ્ય કરવામાં શ્રેય તો છે જ.' જુવાનદાસે કહ્યું.

'અવશ્ય, અવશ્ય. આ વખતે મહાદજી પાસે એટલું સૈન્ય નથી.' હલદિયાજીએ ટકોર કરી.

'પ્રધાનજી! એમાં સંખ્યાનો સવાલ નથી. મૂઠીભર રજપૂતોએ મોટી સંખ્યાને ત્રાહ ત્રાહ પોકરાવી છે. હલ્દીઘાટને સ્મરણ કરો, એ જ પ્રમાણે મહાદજીને પણ. આપણા અલ્પ માણસોએ કયાંય હાર ચાખી નથી.'

'આ તો દુશ્મન પક્ષની વસ્તુસ્થિતિ જણાવું છું. ઉત્તર તરફથી શિખોનો ઉપદ્રવ થવાથી મહાદજીને એક સરદારના હાથ નીચે ટુકડી ત્યાં મોકલવી પડી છે.'

'સૈન્ય ગમે તેટલું હો, પણ જો રજપૂતો પોતાનું શૌર્ય દાખવે તો મોટા સૈન્યની પણ વિસાત નથી કે રાજપુતાનાના બે પ્રમુખ રાજ્યોના એકત્ર બળની સ્હામે ટકી શકે! સમુદ્રે જાણે માઝા મૂકી છે એવા કચ્છવાહ અને રાઠોડના સૈન્યનો અવરોધ કરવો, એ ફિરંગીના કેળવાયલા લશ્કરને પણ ભારે પડી જાય એમ છે. રાઠોડોનું તોપોનું બળ એવું યોજ્યું છે કે ડીબોયેન પણ દાંતમાં આંગળાં કરડશે.' જુવાનદાસે કહ્યું.

'આપના સૈન્યનો ભાર કોના પર છે?' બલુજી બોલ્યા.

'શોભારામજી અને મારા પર' જુવાનદાસે કહ્યું.

'બહુ ઉત્તમ વાત છે. આપ જેવા કુશળ વીરના હાથમાં સંચાલન સોંપ્યું છે, એ આપના માહરાજનો તમારામાં કેટલો વિશ્વાસ છે, તે દાખવે છે. આપના પરાક્રમથી અમે પણ વાકેફ છીએ." હલદિયાજીએ કહ્યું.

'અન્નદાતાની મારાપર કૃપા છે. તેમના વિશ્વાસને યોગ્ય થવું એ મારું કર્તવ્ય છે.'

"પણ માહરાજ ગુણ વગર આપને આવા પદ પર યોજે નહીં. કહ્યું છે તે યથાર્થ છે કેઃ गुणिनि गुणज्ञो रमते.' બલુજીએ પ્રશંસા કરી.

જુવાનદાસ પોતાની પ્રશંસા થતી જોઇ ચૂપ રહ્યો. બલુજીનું પણ કહેવું યથાર્થ હતું કે શ્રી વિજયસીંગે પૂરી પરીક્ષા કરીને તેને ઉચ્ચ પદ આપ્યું હતું. વાત આમ આડી ફેલાતી જોઇ અંબરનરેશે કહ્યું:

'અમાત્યજી! આપ આ વીર તરૂણને આપણે અત્યાર સુધી શું કર્યું છે, તેની અને સિંધિયાના ફોજની સ્થિતિનો ખ્યાલ આપી, આપણે હુમલો કયેમ કરવો અને રચના શી કરવા તેનો ભાર આપણા મુખ્ય સેનાપતિ, શોભારામજી, જુવાનદાસજી કરી લેશે. ઉદયમલજી વૃદ્ધ છે. તેઓ સૈન્ય સાથે સામેલ નહીં થાય પણ યોગ્ય સૂચના આપી શકશે.'

'રાઠોડોનું અને કચ્છવાહનું એકત્ર સૈન્ય એક લાખ ઉપર થશે. આપણી પાસે ચારસો તોપો છે. સિંધિયાનું લશ્કર આપણાથી ઓછું છે; પણ રણચતુર ડીવોયેનને હાથે કેળવાયલું છે. આપણે ભીતિનું કારણ નથી. મોગલો સિંધિયાને છોડી આપણી કુમકે આવશે એવો બંદોબસ્ત થઇ ગયો છે. જો કે પ્રથમ તેઓ સિંધિયાની સાથે હશે. બીજી વિગતો આપણે સાંજે નક્કી કરીશું. કાલે કુચ કરવાનું મૂહૂર્ત છે. અત્યારે આપ સ્નાન ભોજન સાથે જ લેજો.'

ત્યાર પછી સભા બરખાસ્ત થઇ.

પ્રકરણ ૧૮ મું

મીઠી વ્યથા

જયપુરમાં યુદ્ધની તડામાર તૈયારી થતી હતી. સામંતો અને સરદારો પોતાનાં ગામ છોડી સૈન્યમાં જોડાયા હતા. ગામેગામથી રજપૂતો રાજનગરીમાં આવતા હતા. જાગીરદારની જાગીરોમાં માણસો પહેલાં જેવાં રહ્યાં ન હતાં કે ન હતો તેમનો પહેલાંનો દોરદમામ; જુવાન અને સશક્ત માણસોએ તો યુદ્ધની હાકલને વધાવી લીધી હતી. જાગીરના ગામોમાં માત્ર વૃદ્ધ પુરૂષો અને સ્ત્રીઓ તથા દાસીઓ જ રહી હતી. આ ઉપરાંત ગામની રક્ષાને માટે થોડા માણસો હતા. જે સ્થિતિ અંબર રાજ્યનાં બીજાં ગામોની હતી, તેવી જ સ્થિતિ પાલગઢની હતી. ઉદયમલે પણ પોતાની ગેરહાજરીમાં પ્રથમના જેવો કંઇ અનુચિત બનાવ બનવા ન પામે તેને માટે યોગ્ય બંદોબસ્ત કર્યો હતો. મકાનમાં રૂપાં, રામદઇ, કેટલીક દાસીઓ અને વૃદ્ધ નોકરો હતા.

એક દિવસે કુંવરી રૂપાં પોતાની કક્ષામાં પડી પડી કંઇ વિચાર કરતી હતી. શાના વિચાર કરતી હતી? જુવાન માણસો જેના વિચાર કરે છે, તેના જેવા વિચાર તે પણ કરતી હતી. ભૂતકાળના બનાવો એક પછી એક તેની નજર આગળ ખડા થતા હતા; તો ઘડીમાં બીજા જ વિચાર ઉત્પન્ન થતા હતા. પણ વિચારનો વિષય એનો એજ રહેતો હતો. 'શૂર ક્યારે પાછા આવશે? લડાઇ બંધ થાય ત્યારેસ્તો. પણ લડાઇ ક્યારે બંધ થશે? તે શું કહેવાય? થોડા દિવસમાં પણ તે બંધ થાય અને વર્ષ દહાડો કે તેથી વધારે પણ ચાલે: અને લડાઇનું પરિણામ! તે પણ કયેમ કહી શકાય? આ વખતે તો રજપૂતો જરૂર ફાવશે. કચ્છ-

વાહ અને રાઠોડો એકત્ર થઇ શત્રુની સ્હામે થયા છે તો પછી રજપૂતો આ લડાઇમાં તો વિજય મેળવશે અને જો વિજય મળ્યો તો થર અહીં વ્હેલા આવશે. એ સારૂં થયું કે બાપુએ એમના વિચારો સ્પષ્ટપણે જણાવ્યા છે.' પાછું ભૂતકાળના બનાવો પર તેનું મન દોડવા લાગ્યું.

'જ્યારે તે ઘવાયેલ સ્થિતિમાં હતા ત્યારે કેવા દેદીપ્યમાન દીસતા હતા! આજ ઓરડામાં તે સૂતા હતા. આજ પલંગ, તે માથાપર બાંધેલી પટી, આછું પહેરણ, તેમાંથી ડોકિયું કરતું તેમનું વિશાળ વક્ષ:સ્થલ, તેમનો સુંદર શરીરબાંધો, જાણે કોઇ રણવિજયી વીર જેવા જણાતા હતા! અને તેમના બોલવાની મીઠાશ પણ કેવી હતી! તેમાંથી ઝરતી પ્રેમની ઝલક મારા હૈયામાંથી સોંસરી આરપાર જતી હતી. તેમનું એક એક વાકય હૈયામાંથી ખસતું નથી. અને તેમની સ્વામિભક્તિ પણ કેવી ઉચ્ચ છે! તેઓ ઘવાયલા હતા, છતાં અહીંથી રાજધાનીમાં જવા તલપી રહ્યા હતા. આખરે ગયા. ... પણ, હા, તેમણે જાણ્યું કે હું કિલ્લામાં બંદિની અવસ્થામાં છું; ત્યારે કેવા દોડતા મને છોડાવવા આવી પહોંચ્યા. જો તેમનો મારા પર પ્રેમ ન હોય તો આવે ખરા? કહેતા હતા કે 'બદલો કયારે વાળીશ' તે તેવો પ્રસંગ પણ ઈશ્વરે તેમને આપ્યો. કેવા રૂઆબથી ગઢમાં આવ્યા. અધિકાર પોતાનો હોય ત્યેમ બધાંને મુકત કર્યાં. રસ્તામાં જાલિમસિંહ મળ્યો તો તેને પટ સરખો કેદ કરી લીધો. કેદ કર્યો તો કર્યો, પણ પાછો છોડી પણ દીધો. તેને કોઇ પણ જાતની શરત વગર સ્વાતંત્ર્ય આપ્યું. એવાને તો દંડ આપવો જોઇએ કે મુકિત? પણ તે કંઇ કાચા છે! દક્ષ છે—દક્ષ. કંઇ કારણુસર તેને મુકિત આપી હશે: કહે છે કે 'क्षमा वीरस्य भूषणम्.' હશે, પણ તે પાછા કયારે આવશે? જલદી આવે તો સારૂં. મારો સ્વીકાર કરશે? શા માટે નહીં? જરૂર કરશે. તેમનું મન મારા પર છે. એ તો સ્પષ્ટ વાત છે. શા માટે મારો સ્વીકાર ન કરે! એ ક્ષત્રિય છે. કોણ કહે છે કે એ ક્ષત્રિય છે.' એમ વિચાર કરતાં જરા મ્હોટેથી ગુંજવા લાગી કે:

"હોય ક્ષત્રિય જાયો વીર નડે નહીં અમને રે!
આંખ્યો મીચું તોયે રોજ સતાવે છે સમણે રે!
તેણે તોડયો લાજનો કોટ નેણુને બાણે રે,
આંખ્યો મીચ્ચું તોયે રોજ આવે પરાણે રે!"

આમ પોતાના તાનમાં કવિતા મ્હોટેથી ગુંજતી હતી, ત્યાં રામદઇ આવી, પછાડી ઊભી રહી. રૂપાંને તેની ખબર પડી નહીં. તેણે કહ્યું:

'કોણે કોટ તોડયો? કયારે? અને કોની લાજનો? ઝટ કહી નાંખો કે પિતાને કહી એ નફટને સજા કરાવું, અને તે પણ એવી કે જીવન પર્યંત યાદ કરે.'

'રામદઇ! તું આવી! કયારે આવી?'

'તમે જોઇ ત્યારે, પણ મને ઝટ જવાબ આપો.'

'શાનો જવાબ, તું કંઇ ઘેલી થઇ છે?'

'કોણ છે એવો નફટ—લાવો તેની ખબર લઇ નાંખું.'

"કોની ખબર લઇ નાંખવાની છે અને તું ખબર લેવાની?'

'હા, હા, મને કંઇ તમે નબળી બબળી જાણો છો?'

'ના, મારી બાઇ! તને નબળી કોણ કહે?'

'તો પછી ઝટઝટ કહી નાંખો કે લાજનો કોટ તોડનાર એવો કોણ છે?'

'એ તો હું એક કવિતાની કડી ગાતી હતી.' વાત ઉડાવતાં રૂપાંએ કહ્યું.

'તો તે કવિ તમારા મનની વાત જાણવા આવ્યો હશે?'

'મારા મનની વાત જાણવા એ કયાંથી આવે?'

'ત્યારે જાણ્યા વિના ફાવે ત્યેમ કવિઓ કવતા હશે, નહીં વારૂ?'

'ફાવે ત્યેમ તો શું, પણ પારકાના મનની વાત કયાંથી જાણે? એ તો કલ્પનાની પાંખ પર ઊડે.'

'પણ આજે એ કવિતા કયાંથી સાંભરી?'

'અમુક કવિતા અમુક વખતે સાંભરવી જોઇએ, એને માટે કંઇ નિયમ છે ખરા કે?'

'હા, કુંવરીબા! એવો નિયમ છે ખરો.'

'કોણે બાંધ્યો છે એવો નિયમ?'

'કોણે બાંધ્યો છે, એ હું જાણુતી નથી, પણ નિયમ છે ખરો.'

'હશે, પણ હું નથી જાણુતી.'

'બા સાહેબ! તમે નથી જાણુતાં તેથી કંઇ નિયમ નથી, એમ ઠરતું નથી. વારૂ આપ નિયમ બહાર છો, એમ કહેવા ઇચ્છો છો?'

'તું તારો તે નિયમ જણાવ એટલે હું નિયમ બહાર છું કે નહીં, તે કહીશ.'

'એમ!' રામદઇએ આંખ્યોના અણિયારાં નચાવતાં કહ્યું.

'હા—હા—એમ. અક્ષરો પીસીને રૂપાંએ જવાબ આપ્યો.

'નિયમ તો એવો છે કે આપણું મન આનંદમાં હોય તો એવા ગીતોનું સ્મરણ થાય. આપણું મન અવસાદને પામ્યું હોય તો કરૂણ ભાવવાળાં ગીતો સ્ફુરે કે એવા વિચારો આવે.'

'ધાર કે આનંદ પણ નથી ને અવસાદ પણ નથી તો?'

'જો એમ ન હોય તો મનમાં કંઇ કવિતા સ્ફુરે નહીં. માટે આ બે સ્થિતિમાંથી એક સ્થિતિ હોવી જોઇએ.'

'ત્યારે તું એમ કહે છે કે આ બે સ્થિતિમાંથી એક હોવી જોઇએ.'

'હાસ્તો. જરૂર એમાં કંઇ શક છે? કાંઇ ત્રીજી સ્થિતિ જાણવામાં નથી.'

'તો હું એમ કહું છું કે મને આનંદ પણ નહતો અને વિષાદ પણ નહતો.'

'તો તમારૂં મન નિર્વિકાર હતું શું?'

'હા, હા, નિર્વિકાર હતું. જરૂર નિર્વિકાર હતું.'

'તો કુંવરી બા! તમે ખોટું કહો છો.'

'રામદઇ! તું મારા પર ખોટું આળ મૂકે છે.'

'વારૂ જો હું આપનું કહ્યું માનું તો કુંવરીબા આપ કોઇ મહાન યોગિની હોવાં જોઇએ.'

'વારૂ, પાછી તું ચગી કે ?'

'હું કંઇ ચગી નથી, પણ એટલું જાણું છું કે નિર્વિકાર મન યોગીઓનાં હોય છે. તેમનાં મનમાં વિચારની લહરી પણ ઊઠતી નથી.'

'વારૂ તો તું એમ માની લે. એથી શું ?

'એથી શું એમ કયેમ? તમે જો યોગિની હો તો પછી તમારે સંસાર સાથે શું કામ છે ? કારણ કે નિર્વિકલ્પ સ્થિતિ તો યોગીની કે યોગિનીની હોય છે. તમે પણ જો એમ કહો કે મારૂં મન નિર્વિકાર છે તો કોણ માને ?"

'કયેમ ન માને ?'

'શી રીતે માને મારી બાઇ! જેનું ચિત્ત નિર્વિકાર છે, તેને લાજ શી ? લાજના કોટ શા? તેને તોડવાનું કયાંથી? યોગિનીઓને તો સંસારની કામના હોતી નથી.'

'રામદઇ! તું બડી જબરી છે, મારી પાસે પરાણે વાત કબૂલ કરાવવા માંગે છે ?'

'ના, કુંવરીબા! હું કંઇ પરાણે તમારા મનનું કપાટ ઉઘડાવવા માંગતી નથી. મારૂં તો એટલું કહેવું છે કે આપ યોગિની નથી અને યોગિની હો તો સંસારી નથી. આ બે સ્થિતિ એકી સાથે સંભવતી નથી.'

'લે ત્યારે હું કબૂલ કરૂં છું કે હું યોગિની નથી, ને મારે થવું પણ નથી.'

'આ વાત યથાર્થ છે. હવે કુંવરીબાનું કહેવું માનવા યોગ્ય છે.'

'હવે કયેમ માનવા યોગ્ય છે ?'

'કારણ કે હવે કુંવરીબા પોતાને શાણાં સંસારી કબૂલ કરે છે. વારૂ, એક વાત કબૂલ કરી તો હવે બીજી પણ કબૂલ કરોને ?'

'બીજી કયી વાત, તું બધું કબૂલ કરાવવા માંગે છે ?'

'કબૂલ કરવું કે ન કરવું એ તમારા અધિકારની વાત છે, પણ હું એમ પૂછું છું કે, એ લાજના કોટને તોડવાની હિંમત કોણે કરી ?'

'નથી, કહેતી જા, ચબાવલી કહીં ની!'

'એમ ન કહો તો તમારી મરજી. કહેશો તો તમને લાભ છે?'

'મને લાભ છે—? શાનો?'

'શાનો કયેમ, એવી અયોગ્ય વર્તણુક કરનારને ઠાકોરને કહી એવી સજા કરાવીશ કે જીંદગીભર યાદ કરે.'

'મારે તો કંઇ સજા કરાવવી નથી!'

'એમ કયેમ, સજા કરાવ્યા વગર ચાલે ખરૂં? જોઉં તો ખરી કે કુંવરીબા પર એવી નજર સુદ્ધાં કરવાની કોની તાકાત છે?'

'પણ કહ્યું કની મારે કોઇને સજા કરાવવી નથી.'

'તમારે નહીં કરાવવી હોય, પણ એવું કોઇનું ગેરવર્તન ચલાવી લેવાય ખરૂં કે? આજે તો કોઇ એમ કરે ને કાલ્યે કોઇ કંઇ બીજું કરે તો?'

'તો, કોની એવી હિંમત છે કે મારી સામે આંગળી ઊંચી કરે?'

'બરાબર છે, કોઇની હિંમત નથી. ત્યારે એ કોટને તોડનાર કોણ હતો?'

'તું હવે મારો કેડો મૂકીશ.'

'મેં બાઇ! ક્યાં તમારો કેડો લીધો છે?'

'વારૂ ત્યારે, એ નફ્ફટ માણસનું નામ હું કહું?' રામદઇ બોલી.

'તું શી રીતે કહેવાની છે?'

'તેનું બા સાહેબ! તમારે શું કામ છે? તમે આજ્ઞા કરો તો કહું.'

'મારે તો કંઇ આજ્ઞા કરવી નથી.'

'વારૂ ત્યારે રહેવા દો. હુંજ ઠાકોર પધારશે ત્યારે એ આદમીને કડક સજા કરવા વિનવીશ.'

'પણ એ આદમી છે કોણ?'

'તમેજ કહો છો કે રહેવા દે અને પાછાં મને પૂછો છો?'

'રામદઇ! તું ખરેખર બડી ચબરાક છે.'

'ચબરાક હોવું એ કંઇ દોષ નથી.'

રૂપાં ચૂપ રહી. દાસી ચતુર હતી. રૂપાંના મનની વાત કઢાવી તેને સાંત્વન આપવા ઇચ્છતી હતી; તેથી તેણે કહ્યું:—

'વારૂ ત્યારે ઠાકોરજી પધારે ત્યારે એ નાલાયકને સજા કરવાને પ્રાર્થના કરૂં કે નહીં?'

'તું કોની વાત કરે છે, રામદઇ?'

બીજા કોની, તમારી લાજનો કોટ નયનબાણુથી તોડનારની?'

'તું શી સજા કરાવવાની છું?'

'શી કયેમ, એમને કારાગૃહમાં નાંખવાની?'

'કારાગૃહમાં નાંખવાની?'

'હા, હા, હા, કયેમ એ સજા હલકી છે?'

'કીયા કારાગૃહમાં? તું પણ ઘેલી થઇ છે કે શું?'

'કિયા કયેમ, તમારા અંતરના કારાગૃહમાં'

'તું પણ મારા માથાની છે. હું એમનાજ વિચાર કરતી હતી.'

'કોના?' રામદઇએ હસતાં હસતાં પૂછ્યું.

'તેં, મને મુકત કરવા જેમની મદદ યાચી હતી તેમના. બોલ, હવે કંઇ તારે કહેવું છે?'

'ના, કુંવરીબા! મારે કંઇ કહેવું નથી; પણ તમે એમને દોષ શાના દો છો?'

'શા માટે એમણે મારૂં દિલ ચોરી લીધું?'

'એમણે ચોરી લીધું? કયારે? એ કંઇ ચોર જેવા દેખાતા નહતા.'

'વારૂ બાઇ, હું ગુમાવી બેઠી, થયું?'

'તમે ગુમાવી બેઠાં હો તો તેની શોધ કરો. જ્યાં આગળ ગુમાવ્યું હોય, ત્યાં તપાસ કરો તો કદાચ મળી આવશે.'

'કોઇ ઉપાડીને લઇ ગયું હોય તો?'

'એમ શું તમારૂં દિલ રઝળતું હતું કે રખડતું હતું કે, કોઇ લઇ જાય?'

'એ એની મેળે ચાલી ગયું. મને ખબર પણ ન પડી.'

'એવું કેવું તમારૂં દિલ કે એમને એમ ચાલી ગયું? વગર પૂછે, વગર કહે?'

'તું મારો પીછો છોડવાની છું કે નહીં?'

'જુઓ કુંવરીબા! કોઇના પર મિથ્યા આળ ચઢાવવું એ ઠીક નહીં. તમે જાણો છો કે શૂરસિંહ કોણ છે? સામંત બલુજીના ભત્રીજા છે. એમને હાથે કંઇ અયોગ્ય કામ થાય ખરૂં કે?

"હું કયાં કહું છું અયોગ્ય? પણ સખી, દિલ તો ગુમાવી બેઠી છું.'

'હં: તમે તમારી ગુમાયલી વસ્તુની વાત કરો છો પણ પારકાની વાત કરતાં નથી.'

'પારકાની? કોણ પારકું છે?'

'વળી પાછાં ભાનભૂલાંની માફક વાત કરો છો, નહીં વારૂ?'

'ભાનભૂલાંની માફક! રામદઇ! તું શું કહે છે?'

'હું એ કહું છું કે તમે પણ બડાં જબરાં છો હો!'

'શી રીતે જબરી છું, તે કહીશ?'

'તમે કોઇ બીજાનું દિલ લીધું છે કે નહીં, તે કહેશો કે?'

'અરે! ખરેખર, રામદઇ તને પહોંચાય એમ નથી.'

'તમે દિલ સાટે દિલ દીધું અને તમે કહો છો કે ખોવાઇ ગયું, કોઇ લઇ ગયું, એ કયાંની વાત?'

'બાઇ, તને તો પરમેશ્વરથી પણ ન પહોંચાય.'

'પણ, કુંવરીબા! વાંક તમારો ને દોષ બીજાને દ્યો, એ કંઇ તમારા જેવાં માટે સારી વાત કહેવાય ખરી કે?'

'પણ મેં કયાં ચોરી કરી છે?'

'હું કયાં કહું છું કે ચોરી કરી છે? એ તો દિલની અદલાબદલી અને એકના બદલામાં એવી જ બીજી ચીજ લેવી, એ ચોરી ન કહેવાય. વારૂ પણ તમે સ્વપ્નની વાત કરતાં હતાં તે શું હતી?'

'હ: તું ઊભી ઊભી અહીં બધું સાંભળતી હતી, નહિ વારૂ? તું કયારનીયે અહીં આવી ઊભી હોવી જોઇએ. તું પણ છાનચોરીઓ કરતાં કયારથી શીખી?'

'હું કયાંથી શીખી? તમે જ શીખવ્યું મને!'

"મેં શીખવ્યું તને, નહિ વારૂ? મેં કોઇ દહાડો કંઇ ચોરી કરી છે ખરી કે?'

'વાહ, કુંવરીબા! તમે પારકાનું દિલ લીધું તે ચોરી છુપીથી કે સ્હામી ચઢાઇ કરીને?'

'મારી પાસે કંઈ હથિયાર છે ખરાં?'

'એમ કયેમ! એ જો 'નયનનાં બાણુ' રાખે તો તમારી બુંદીની કટારી* કયાં કમતી છે?'

'વારૂ, તારી સાથે વાદમાં હું જીતું એમ નથી. તું કહે તે બધું કબૂલ, પણ મને સતાવ ના. મને કંઇ ગમતું નથી.' રૂપાં સ્હેજ ગળગળી થઇ ગઇ.

'કુંવરી બા! ક્ષત્રિયાણી થઇને, આમ નબળાં પોચાં મનના બનો એ શું તમને ઘટે છે? તમારા મનની વ્યથા ખોટી છે. શૂરનું દિલ તમે લીધું છે, તે હવે કયાં જનાર છે? તમો કેદ છો જાણી કેવા દોડી આવ્યા હતા? વળી ઠાકોરે જ્યારે તમારો હાથ સમર્પવાની વાત કરી ત્યારે તેઓ કેવા પ્રસન્ન જણાયા હતા? તમારી ખોવાયલી ચીજ જરૂર પાછી મળશે. લઢાઇ પૂરી થઇ કે શૂરસિંહજી તમને લઇ જશે અને હું એકલી અહીં દુઃખમાં દિવસ કાઢીશ.'

'તને પણ અહીં કોણ રહેવા દેશે? હું જાચીને સાથે લઇ જઇશ.'

'મને લઇ જઇ શું કરશો?'

'મારા રાજ્યની દિવાન.'

રામદઇ હસી પડી. કુંવરીના નિર્મળ સ્નેહે તેના દિલને પણ મૃદુ બનાવી દીધું. તેણે કહ્યુંઃ

'ચાલો હવે મોં ધોઇ, નવાં કપડાં ધારણ કરી બેસો. જાણો છો ને કે આજ ફુલકુંવરબા મળવા આવવાનાં છે?'

રૂપાં ઊઠી અને મ્હોં ધોઇ કપડાં પહેરી સજ્જ થઇ, ફુલકુંવરની વાટ જોવા લાગી.

---

* નયનને બુંદીની કટારી સાથે કવિઓ સરખામણી કરે છે.

પ્રકરણ ૧૯ મું

(લાલસોટનું) તુંગાનું યુદ્ધ

આંબેરની રાજધાનીની આસપાસ જાણે કોઇ નવું મહાન નગર ન રચાયું હોય, તેવો દેખાવ થઇ રહ્યો હતો. સૈનિકોના ડેરાતંબૂ, સૈનિકોના ઝુંડેઝુંડ જ્યાં ત્યાં જણાતાં હતાં. હાથીઓ, ઊંટ, બળદ, ખચ્ચરનો સમુદાય પણ જબરો હતો. હાથીઓના મ્હાવતો, સાઇઓ, ભીસ્તીઓ, નોકરો પણ સંખ્યાબંધ હતા. હથિયાર ઘસનાર, દુરસ્ત કરનાર, તથા જાતજાતના સામાન વેચનાર પણ ત્યાં ઉતરી પડયા હતા. પ્રત્યેકના મનમાં રણોત્સાહ જાગૃત થયો હતો. જ્યાં ત્યાં યુદ્ધની જ વાતો થતી હતી. શૂરાને રણરંગ ખેલવા અભિલાષા ઉત્પન્ન થઇ હતી. રણબંકા રાઠોડ અને કચ્છવાહ એકત્ર મળી, યુદ્ધમાં સંચરનાર છે એ બીના સર્વત્ર પ્રસરી ગઇ હતી. શહેરમાંથી નાગરિકોના ટોળાં દેખાવ જોવા બહાર નીકળતા હતા. કોઇ જગ્યાએ હયનો હણહણાટ, હાથીઓના હુંકાર, અને ઊંટના ભેંખાર સંભળાતા હતા. તોપખાનાના ગારદીઓ તોપને વ્યવસ્થિત કરતા હતા. કોઇના ઘોડા પર રણપાખર ચઢાવવામાં આવ્યું હતું, તો કોઇએ હાથીને શણગારી તેના મસ્તક પર બખ્તર અને દંતશૂળ પર અણીદાર હથિયાર ચઢાવ્યું હતું. કોઇ ઘોડાને દોડાવતા હતા, કોઇ ઘોડાને ખરેડા કરતા, કોઇ ઘાસ પાણી નીરતા જણાતા હતા. લશ્કરની પાસે જ ન્હાનું બજાર પણ હતું.. એ લશ્કરની સાથે સાથે કુચ કરતું હતું.

આજ લશ્કરની કુચ થવાનું મુહૂર્ત હતું. પેશખેમા તો રવાના થઇ ચૂકયો હતો. ટકોરખાનાની શરણાઇની સુર લહરીએ પ્રભાતના આગમનની

સૂચના કરી. અંબરનરેશે શયનકક્ષામાંથી પ્રાંગણમાં આણેલી ગૌના દર્શન કર્યાં. સ્નાન કરી અંબરાધિપતિએ હોમ કર્યો. બ્રાહ્મણોએ વેદમંત્ર ઉચ્ચારી આશીર્વાદ આપ્યો, પછી ખડ્ગની પૂજા કરી, બાદમાં હાથીનું પૂજન કર્યું. તોપોની પણ સૈનિકોએ પૂજા કરી. નારિયળ વધેર્યું. સર્વને પ્રસાદ વહેંચાયો.

યોગ્ય સમયે રાજા કુચ કરવા માટે પ્રાસાદમાંથી બ્હાર નીકળ્યા. તેમણે સફેદ વસ્ત્ર અને ફુલની માળા ધારણ કરી હતી. નીકળતી વખતે કુમારિકાએ તેમના કપાળમાં ચાંલ્લો કર્યો. ગોરે આશીર્વાદ આપ્યો. પોતે હાથીપર બિરાજી બ્હાર પડયા. લોકોએ જયજયકારના અવાજ કર્યા. કેટલાકે પુષ્પવૃષ્ટિ કરી. સૈન્ય એકત્ર થઇ ચાલવા માંડયું. તેમાં ભાલાધારી દળ, હાથીપર વિરાજેલા સરદાર, ઊંટ પર આરૂઢ થયેલા ગોલંદાજો, રાજપતાકાધારી અશ્વારોહીઓ, ડંકા, નિશાન—તોપખાનું આદિ સાથે સૈન્ય કુચ કરવા લાગ્યું. એ સૈન્યનો દેખાવ ભવ્ય હતો. જાણે માનવસમુદ્રના મોજાં આવતાં હોય એમ જણાતું હતું. કુચ કરતાં લશ્કર પહેલી મજલે આવી પહોંચ્યું.

ડેરા તંબૂ ઠોકાયા. સામંતો, સરદારોના જૂદા જૂદા તંબૂ હતા. ન્હાની રાવટીઓ ઘણી હતી. એક પ્રશસ્ત તંબૂમાં અંબરાધિપતિ પોતાના સામંતો, સેનાધિપતિ અને મસલતકારો સાથે બેઠા હતા. યુદ્ધની જ વાતો થતી હતી. દુશ્મનની હીલચાલ જોવા માણસો મોકલ્યાં હતાં તે પણ સમાચાર લઇને આવવાના હતા. આ તંબૂમાં ઉપસેનાનાયકો, અને યુદ્ધમાં પ્રમુખ કાર્યનો ભાર જેમના શિરપર હતો, તે સર્વ હાજર હતા. જોધપૂરના શોભારામજી, જુવાનદાસ, તોપખાનાનો ઉપરી પણ હાજર હતા. તેઓ યુદ્ધના વ્યૂહની ચર્ચા કરતા હતા. કોણે શું કરવું તેનો નિર્ણય થઇ ગયો, એટલામાં મંત્રીએ આવી નિવેદન કર્યું કે 'બે માણસો લાલસોટથી આવેલ છે અને મળવાને માટે ઇચ્છા જણાવે છે. તેઓ ગુપ્ત સંદેશ લઇને આવેલ છે એમ તેમનું કહેવું છે. એકનું નામ દિલેરખાન છે. બીજાનું નામ રણમલ છે. આજ્ઞા હોય તો અંદર આવવા દઉં.'

અંબરાધિપતિએ ડોકું ધૂણાવી તેમને અંદર આવવાની સંમતિ સૂચવી.

થોડી વારમાં બે માણસો અંદર આવ્યા. તેમણે જમીન સુધી નમીને સલામ કરી. તેઓ ઊભા રહ્યા. બલુજીએ આવનાર મુસલમાનને પ્રશ્ન કર્યો:–

'આપનું આવવાનું ક્યાંથી થાય છે?'

'મહંમદબેગ હમદાની તરફથી.' દિલેરે જવાબ આપ્યો.

'શું કંઇ સંદેશો કહાવ્યો છે?'

'જી, એક ખરિતો આપ્યો છે. જે હું આપને પેશ કરૂં છું અને તે વાંચ્યા બાદ આપને જે કંઇ પૂછવું હોય તે પૂછજો.' એટલું કહી તેણે એક થેલી બલુજીના હાથમાં મૂકી. બલુજીએ દિલેરને તેમજ બીજા માણસને બેસવાની સૂચના કરી. બાદમાં તે થેલી તેણે શૂરને આપી. શૂર થેલી ઉઘાડી તેમાંથી કાગળ કાઢી વાંચવા લાગ્યો. કાગળનો મજકુર એવો હતો કે, મહંમદબેગ હમદાની યુદ્ધની શરૂઆતમાં જ સિંધિયાના પક્ષનો ત્યાગ કરી, પ્રતાપના સૈન્યની સાથે લઢશે. આ બાબતમાં કંઇ આશંકા રાખવાનું કારણ નથી. છેવટે તેમાં તેણે ઉમેર્યું હતું કે:–

'હું તેમ જ મારો ભત્રીજો ઇસ્માઇલબેગ આ યુદ્ધમાં તમને સાથ આપીશું. હમને અત્યારે તેમની સાથે રહેવાથી સ્પષ્ટ જણાય છે કે શાહી લશ્કરની વાત કરી મહાદજી પોતાનું કામ કાઢવા માંગે છે. દિલ્હીના શાહ પ્રત્યે તે વફાદાર નથી, એના ઘણાં પ્રમાણો મળી આવ્યાં છે. ખુદ બાદશાહની આગળ તે પેશ કરવામાં આવ્યા છે. બાદશાહ સલામત આગળ કબૂલ કરેલી રકમ તે મોકલી આપવા સમર્થ ન હોવાથી બાદશાહ સલામતના વકિલે મુલ્લક તરીકે ખંડણી ઉઘરાવવા માંડી છે. આમાં બાદશાહ સલામતની મંજૂરી લીધી નથી. એટલું જ નહીં પણ હજુરેવાલા રજપૂતોના આ પગલાંથી ખુશ થયા છે. દિલ્હીમાં મહાદજીનું પહેલાંનું માન સચવાય તેવો સંભવ નથી. મોગલ સરદારો તેની મતલબ કળી ગયા છે. મહાદજીનો મન-

સૂબો ઉત્તરમાં બળવાન રાજ્ય સ્થાપી, પોતાને તે સત્તાના સ્વામી બનવું છે* પણ ખુદા તેને આ કામમાં નાકામયાદ બનાવશે.'

કાગળ વંચાઇ રહ્યા પછી બલુજીએ કહ્યું:

'આપ ભોજન લઇ આરામ કરો. કાગળનો જવાબ લખી આપવામાં આવશે.'

'મને સત્વર જવાબ લઇ પાછા ફરવાની આજ્ઞા છે.'

'તમે ભોજન લઇ તૈયાર થાવ તેટલામાં જવાબનો કાગળ તમને મળી જશે.'

એક નોકર દિલેરને જ્યાં ભોજનની વ્યવસ્થા હતી ત્યાં લઇ ગયો. બાદમાં બલુજીએ બીજા આવનારને પૂછ્યું:

'તમે કોની તરફથી આવો છો ?'

'જી, મને મારા માલેકે આપના સરદાર માટે સંદેશો લઇ મોકલ્યો છે.'

'તમારા માલેકનું નામ ?'

'જી, જાલિમસિંહ. મારો સદેશો શૂરસિંહજી માટે છે.'

બલુજીએ શૂરસિંહની સ્હામે જોયું. શૂર તેમનું કહેવું સમજી ગયો અને તેણે આગળ આવી પૂછ્યું:-

'જાલિમસિંહજીએ શું કહાવ્યું છે ?'

'એ જ કે આપે સોંપેલી કામગિરી સારી રીતે બજાવી છે.'

'અત્યાર સુધીમાં તેમણે શું કર્યું છે ?' શૂરે પૂછ્યું.

'લશ્કરને માટે જે કરવાનું કહ્યું હતું, તે બરાબર રીતે થાય છે. આપણી યોજના ઉત્તમ રીતે પાર પડે છે.'

---

* Sindhia was already planning a great scheme of which these foreigners in Bengal were only so far apart as he might utilise them to his purpose. That purpose was the creation for himself a position of paramount power on the ruins of Moghal Empire.

Madhavrao Sindhia, by Keene. p. 80.

'શી યોજના છે શૂર! તેં તો કંઇ તે જણાવી નથી' બલુજીએ પૂછ્યું. શૂરે ઇશારતમાં સમજાવ્યું કે પછીથી નિવેદન કરીશ. રણમલ્લ તરફ જોઇ પૂછ્યું:

'ખાસ કામ શું શું થયું છે?'

'શત્રુના લશ્કરનો રસદનો સામાન ટુકડીઓ લૂંટે છે. ફોજમાં ઘણીવાર હાહાકાર મચી રહે છે. લશ્કરના આવારા માણસોને ભગાડે છે. કોઇવાર ઘાસચંદી સફાચટ થઇ જાય છે. કોઇ વાર લશ્કરના પાછળના ભાગનો સામાન ગુમ થતો દેખાય છે. રાત્રે બંદોબસ્ત છતાં લશ્કરમાં લૂંટ થાય છે.'

'સારી વાત છે. બીજું લશ્કર આવવાનું હતું તે આવી પહોંચ્યું કે?'

'બુંદેલખંડમાંથી બોલાવેલ ટુકડી સાથે અપ્પા ખંડેરાવ આવી પહોંચેલ છે.'

'ઠીક છે, પણ આ વખતે સિંધિયાનું લશ્કર જોઇએ તેટલું નથી.' શૂરે કહ્યું.

'સંખ્યામાં એટલું છે, પણ ફિરંગી ડીબોવાંએ તાલીમ ઠીક આપી છે અને તોપખાનું તેના હાથ નીચે સારૂં કામ કરી બતાવશે એમ લાગે છે. બાકી પાયદળ અને ઘોડેસ્વાર બહુ જોમ નહીં દેખાડી શકે; પછી તો યુદ્ધનું કામ છે.'

'વારૂ. બીજી કામગિરી શી કરી?'

રણમલ્લ કહેતાં જરા અચકાયો. તેના મનની સ્થિતિ શૂર પામી ગયો અને કહ્યું:

'આ બધાં આપણાં જ માણસો છે. કહેવામાં કંઇ વાંધો નથી.'

'બીજી કામગિરી બહુ સારી રીતે પાર પડશે. અત્યારથી જ હિંદુસ્તાનીઓમાં કચવાટ પેદા થવા લાગ્યો છે. ચઢેલો પગાર મળ્યો નથી. અને તેઓ ફ્તવો ઉઠાવશે.'

'બીજું કંઇ વિશેષ કહાવ્યું છે?'

'ના, સરદારજી! જાલિમસિંહજીને જે કાર્ય સોંપવામાં આવ્યું છે તે બહુ જ ઉમદા રીતે થતું જાય છે: પહેલાં એમ ધારવામાં હતું કે

આ કાર્યમાં વિઘ્ન કદાચ આવશે, પણ તેવું કંઇ બન્યું નથી. હિંદુસ્તાનીઓ જાલિમસિંહજીને પોતાના માણસ લેખે છે અને બધા તેમની આજ્ઞા પ્રમાણે વર્તે છે. મારે પણ જલ્દીથી પાછું ત્યાં પહોંચવાનું છે.'

'આપ ત્યારે અહીં ભોજન કરી સત્વર પાછા ફરો. જાલિમસિંહને જણાવજો કે અહીંની પણ તૈયારી પૂરી છે. કોઇ જાતની આશંકા વગર તેઓ તેમનું કાર્ય કર્યે જાય.'

રણમલને ભોજનને માટે મોકલવામાં આવ્યો, અને હમદાનીને માટે જવાબ તૈયાર કરવામાં આવ્યો. આટલું થયા પછી શૂરસિંહે જણાવ્યું કે; 'જાલિમસિંહ અને મીણાઓ અહીંથી રવાના થયા છે તે સિંધિયાનાં લશ્કરનો રસદ લૂંટે છે અને રાત્રે છાપો મારી કનડગત કરી ભાગી જાય છે.'

બલુજી અને અંબરેશ્વર આ બીના જાણી જરા આશ્ચર્ય પામ્યા અને કંઇક હર્ષ થયો. તેમણે પૂછ્યું: 'આ યોજના કોણે કરી છે?'

'મેં એમ કરવાની હિંમત આપણા ઉદયમલજી સાથે મસલત કરી કરેલ છે.'

'વાહ, તરૂણ સરદાર! તારૂં શાણપણ પણ પ્રશંસનીય છે. મીણાઓનો ઉપયોગ તેમને લાયક કામ આપી ઠીક કર્યો છે. બલુજી! આ તમારો તરૂણ ભત્રીજો આગળ જતાં નામના કાઢશે.'

'આપની કૃપા છે રાજન્!' બલુજીએ કહ્યું.

તે દિવસે બાકીનું કાર્ય પૂરૂં કરી જયપૂર સૈન્યે કુચ કરી. રજપૂતો યુદ્ધે ચઢે ત્યારે ભાટચારણોને સાથે રાખે છે. તેઓ વીરરસનાં કાવ્યો સંભળાવી તેમને કર્તવ્યનું ભાન કરાવે છે. આ પ્રમાણે અંબરનું સૈન્ય રાઠોડોની સાથે લાલસોટ આગળ આવી લાગ્યું.

મરાઠાનું સૈન્ય લઢાઇ માટે સજ્જ હતું. મરાઠી લશ્કરના નાયકો ડી બોવાં, અંબાજી ઇંગળે, વિઠ્ઠલ બાપુ, આપાજી ખંડે વગેરે હતા. અંબરસૈન્યના સેનાનાયકોમાં શ્રી નંદરામ હળદિયા, બલુજી, શરુસિંહ વગેરે હતા. રાઠોડોમાં શોભારામજી અને જીવાનદાસ હતા.

ઢોલ, અને રણભેરીના તુમુલ નાદ થયા. રજપૂતોએ મરાઠા પર આક્રમણ કર્યું. મરાઠાઓએ વળતો જવાબ આપવો શરૂ કર્યો ડી બોવાં-એ પોતાની ટુકડીને પોકળ ચતુષ્કોણમાં ગોઠવી મધ્ય ભાગમાં તોપો છુપાવી હતી. રજપૂતોનું આક્રમણ જોસભેર હતું. આ અરસામાં મહંમદબેગ હમદાની જયપૂરના સૈન્યને મળવા ચાલ્યો. મરાઠાનો સાથ ત્યજી દીધો. ભાઇ રાણેખાને તોપનો મારો ચલાવતાં એક ગોળો લાગવાથી વીર હમદાનીનું મૃત્યુ થયું. તેનું સૈન્ય ભાગવાની તૈયારીમાં હતું ત્યાં ઇસ્માઇલબેગે આવીને તેની જગા સંભાળી અને મરાઠાના ઘોડેસ્વાર પર એવું આક્રમણ કર્યું કે તેઓ નાસવા લાગ્યા.*

આણી તરફ રાઠોડોએ ડી બોયેનની ટુકડી પર વીરતાથી આક્રમણ કર્યું:

ચાલી નૃપ ભીમપૈં કરાલી નૃપ ભીમ ચમૂ,
નક્રમુખી તોપનકે ચક્ર ચરરાટે હોં.
આપનો રૂ ઓરન કો સોર ન સુનાદ દોર,
ઘોરન કી પોરન કો ઘોર ધરરાટે હોં.
મીર હમગીરનકી તીર તરરાટે વર,
વીરન વપુચ્છેદ કે બાજ બરરાટે હોં.
હૂર હરરાટે ધર, ધૂજ ધરરાટે શેષ,
સીસ સરરાટે કોલ કંધ કરરાટે હો. †

* But at this juncture Ismail Beg came to the rescue. Rallying his uncle's wavering soldiery he placed himself at their head and charged Maharatta Cavalry with such impetuous gallantry that he drove them back in disorder.

Military Adventures in Hindustan
by Compton. p. 35.

† સ્વામી શ્રી ગણેશપુરીજી.

રાઠોડો મદમસ્ત હાથીની પેઠે ઝઝૂમવા લાગ્યા. પાયદળ માળા છોડી એકમેકની સામે, ઝગડતા હતા. તરવારો ચમકતી હતી. જાણે શરીરમાં ચંડીનો આવેશ થયો હોય એમ રાઠોડો તોપોની સામે ધસ્યા જતા હતા. માનવસમુદ્રનું મ્હોટું મોજું જાણે સર્વનો ગ્રાસ કરશે કે શું એમ લાગતું હતું. તે ફિરંગી સેનાનાયકની છુપાવેલી તોપો રાઠોડોના કચ્ચરઘાણ કરવા લાગી. રણબંકા રાઠોડોનું શૌર્ય જોઇ તે પણ આભો બની ગયો. રાઠોડોના મુડદાનો ઢગલો થવા લાગ્યો. આ વખતે જુવાનદાસે આગળ આવી એવી સફાઇથી તોપોનો મારો ચાલુ કર્યો, કે દુશ્મન પર તેણે સરસાઇ કરી. મરાઠાના મુડદાં પડવા લાગ્યાં. રાંગડા*ઓને હંફાવવા મરાઠાઓએ હામ ભીડી હતી પણ આજે તેમનું જ ઠેકાણું ન હતું. અને આજે જીત મેળવવી દુર્લભ થઇ. મરાઠા વિમાસણમાં પડયા. ફિરંગી સેનાનાયકે પળવાર તો રાઠોડોને પણ સ્તંભિત કરી દીધા. રાઠોડોની અપૂર્વ વીરતા જોઇ તે મુગ્ધ બન્યો. તેણે રાઠોડોની સ્થિતિ જોઇ. તેણે બીજી ટુકડીને આગળ વધી ધસારો કરવા હુકમ કર્યો પણ કોઇ આગળ વધ્યું નહીં. એટલામાં વરસાદે આવી ભંગાણ પાડયું. મરાઠા સૈન્યની સ્થિતિ વિષમ થઇ પડી. જ્યારે રજપૂતોને પાણીનું સુખ હતું, ત્યારે મરાઠાને પોણા કોશ દૂર નદી હતી ત્યાંથી પાણી લાવવું પડતું હતું. ઘોડાને પાણીની ટંચાઇ પડી. અડચણવાળી જગામાં ભરાઇ રહેવું પડયું.

બીજે દિવસે પુનઃ યુદ્ધનો આરંભ થયો. મરાઠાઓ નિસ્તેજ હતા, પણ યુદ્ધ આપવા તૈયાર હતા. પુનઃ

ગજ-ઘણ્ટ ઠનંકીય, ભેરી ભનંકીય
રંગ રનંકીય કોચ કરી,
પખરાત ઝનંકીય, બાન સનંકીય
ચાપ તનંકીય તાપ પરી,

* રાંગડા ગુજરાત અને મેવાડ વચ્ચેના પ્રદેશના વતનીને મરાઠાઓ 'રાંગડા' જંગલી કહેતા હતા.

ધમચક્ક રચક્કન, લગ્ગિ લચક્કન
કોલ મચક્કન તોલ કઢયો,
પખરાલન ભાર, ખુભી ખૂરતાલન
વ્યાલ કપાલન સાલ બઢયો.
ડગમગ્ગિ શિલોચ્ચય-શૃંગ ડુલે
ઝગમગ્ગિ કૃપાનન-અગ્ગિ ઝરી,
બજિ ખલ્લત બલ્લન હલ્લ ઉઝલ્લન
ભૂમ્મિ હમ્મલ્લન ધુમ્મિભરી.*

રજપૂતોમાં અપૂર્વ શૌર્ય વ્યાપ્યું હતું. દુશ્મનની ખબર બરાબર લેતા હતા. કચ્છવાહ અને રાઠોડો દુશ્મન દળનો ઘાણ કાઢતા હતા. સામે દોડતા યોદ્ધાઓની તીક્ષ્ણ તરવારો દુશ્મનના લોહીથી ખરડાયલી સુશોભિત જણાતી હતી. ત્રણ દિવસના તુમુલ યુધ્ધમાં વિજયશ્રી રજપૂતોને વરી સૈન્યનો સામાન મૂકી માધજી યુદ્ધભૂમિમાંથી પલાયન કરી ગયો !

* પ્રસિધ્ધ કવિ શિરોમણી, મિશ્રણ સૂર્યમલ્લજી-વંશભાસ્કર.

પ્રકરણ ૨૦ મું

મહાદજીની મુશ્કેલી

મારવાડ અને અંબરના સાહસિક રજપૂતોના શૌર્ય આગળ મરાઠાનું બળ ટકાવ ધરી શકયું નહીં. ત્રણ દિવસના યુદ્ધ પછી મહાદજીને ભાસ્યું કે, यः पलायति स जीवति. આથી તેણે રણ ત્યાગી ભાગવાનો નિશ્ચય કર્યો. દ બોયેનને ફરીથી હુમલો કરવાની સલાહ આપી પણ તેણે તે માન્ય કરી નહીં.

મહાદજીની છાવણીમાંની હિંદુસ્તાની ટુકડીમાં ખળભળાટ મચી રહ્યો હતો. દશ હજાર માણસો એકત્ર થયા હતા. વરસાદે તેમના બેહાલ કર્યા હતા. રસદ લૂંટાતો હતો. ઠંડીમાં તેમની મુશ્કેલી પાર-વિનાની હતી. તેમાંય પણ તેમને સાત આઠ મહિનાનો પગાર મળ્યો ન હતો. આ ટુકડીમાં ભૈયા, મુગલો અને બીજા હતા. પગારને માટે શું કરવું? તેનો વિચાર ચાલતો હતો. રામચરણ, દયારામ, હરદત્ત વગેરે એકઠા મળી, શું કરવું તેને માટે ટુકડીના માણસોની સલાહ પૂછતા હતા. રામચરણે કહ્યું:–

'ભાઇઓ! આપણી સ્થિતિ વિષમ છે. આપણે ઘણું જોર માર્યું. પણ કંઇ વળતું નથી. આપણી પાસે પૂરતો ખોરાક નથી. આપણી સગવડનો કોઇ વિચાર કરતું નથી. આપણે આપણી તોપોથી લશ્કરને મદદ કરીએ છીએ, પણ આપણને હજી સુધી સાત આઠ મહિનાનો પગાર સુદ્ધાં મળ્યો નથી. આમ આપણે કયાં સુધી બેસી રહીશું? આપણાં બૈરી છોકરાં ઘેર ભુખે મરે છે: અને અહીં આપણને પૂરતું ખાવાનું પણ મળતું નથી. જો ફતેહ થઇ હોત તો કંઇ

દુશ્મન પાસેથી પણ મળત, પણ હવે તેની પણ આશા રહી નથી. માટે આવી સ્થિતિમાં આપણે શું કરવું, તેનો વિચાર કરો.'

'આપણે મહાદજી પાસે જઇ આપણો પગાર ચુકતે કરી આપવાની માગણી કરીએ તો કયેમ?' એક પ્રશ્ન કર્યો.

'આપણે પગાર તો માગવા જઇશું, પણ જો તે સાફ ના કહેશે તો શું કરીશું?' બીજાએ શંકા ઉપસ્થિત કરી.

'ના, શા માટે કહેશે? આપણે આઠ આઠ મહિના સુધી નોકરી નથી કરી? એમની તરફથી લઢવામાં કચાશ કરી છે? અમારી તોપો, અમારાં માણસ અને અમારી ચાકરી, એ બધાંનું કંઇ નહીં?'

'પણ કહેશે કે હમણાં પૈસા નથી. કુચ કરી સદર મુકામે પહોંચ્યા પછી આપીશું તો?'

'એમ કહે એ કયેમ ચાલે? આપણે આપણી જાનને જોખમમાં નાંખીએ છીએ, તે શા માટે? આપણે આપણો દેશ છોડી અહીં આવ્યા છીએ, તે શા માટે? આપણે આપણી ચાકરીના પૈસા માગીએ છીએ, કંઇ મહેરબાની કરવાનું કહેતા નથી.' એક જણ વચ્ચે બોલી ઊઠયો.

સામટા બધા બરાડા પાડી બોલી ઊઠયા કે, 'બરાબર છે, દુરસ્ત છે.'

'એ તો ઠીક પણ આપણને માધજી એવો જવાબ આપે તો શું કરવું?' પહેલાએ કહ્યું.

'કેવો જવાબ આપે?' એક વચ્ચેથી તડુકયો.

'કેવો કયેમ? એ તદ્દન નફટાઇનો જવાબ આપે કે હમણાં મારી પાસે કંઇ નથી. તો આપણે શું કરવું, તેનો વિચાર કરવો જોઇએ ને?' પહેલાએ કહ્યું.

'ખરી વાત છે. જો પગારના નાણાં અત્યારે આપવાની ના કહે તો આપણે શું કરવું?' ભેગા થયેલામાંનો એક બોલ્યો.

'બોલો ભાઇઓ! તમારો જે વિચાર હોય તે સ્પષ્ટ કહો.' ભેગા થયેલામાંનો એક નાયક બોલ્યો.

'હા, આપણા બધાનો જે વિચાર નક્કી થાય તે ત્યાં જઇ કહેવો. ત્યાં ગયા પછી એક આમ કહે છે ને બીજો આમ કહે છે, એવી

ભાંજગડ ત્યાં ન હોવી જોઇએ. આપણે છેવટનો નિર્ણય કરી પછી આપણી માગણી તેની આગળ રજુ કરવી; નહિ તો પછી તે મરાઠો આપણને એકમેકની સાથે અથડાવી મૂકશે.'

'તો પછી આપણો છેવટનો વિચાર શો છે?'

'એ જ કે પગાર ચૂકવી આપો એમ કહેવું.'

'તે તો ઠીક પણ કહેશે હમણાં નથી, તો? આપણે થોડો પગાર હમણાં જ ચૂકવી આપો, તે વગર કંઇ ચાલશે નહીં, એમ કહેવું કે નહીં?'

'હા, કહેવું એમાં શો વાંધો છે, જે હાલ આપે તે લઇ લેઇ પછી જોઇએ તો કહેવું કે બાકીનો પગાર આપી દો, નહિ તો અમે કંઇ વધવાના નથી. અમે અમારો સામાન લઇ ચાલી જઇશું.'

'બોલો ભાઇ! તમારો શો વિચાર છે?'

'બરાબર છે. એમ કરવું એ ઠીક છે. જે નીકળે તે કઢાવી લેવું અને પછી ન આપે તો ચાલ્યા જવું?'

'બધા કબૂલ છો? જો–જો ત્યાં ગયા પછી કોઇ ફરી જશે તો બાજી બગડી જશે. હું પહેલેથી જ કહું છું. આપણે મક્કમ હોઇશું તો મરાઠાનું કંઇ ચાલશે નહીં.'

બધાએ સંમતિસૂચક અવાજ કર્યા.

બાદમાં દયારામ, હરવંશ, પ્રભુદયાલ, રોશનઅલિ વગેરે ટુકડીના નાયકો સિંધિયાના તંબૂ તરફ વળ્યા.

આણી તરફ માધજી સિંધિયાને પણ આ વાતનો સુગાવો લાગ્યો હતો. તે વિચાર કરતો હતો કે આનો નિકાલ શી રીતે આણવો? તેણે પોતાના મસલતકારોને તંબૂમાં તેડયા. તે આવતાં પરસ્પર વિચાર કરવા લાગ્યા. તેઓ વિચાર કરતા હતા ત્યાં સાત હજાર માણસનો જમેલો આવી લાગ્યો. તે લોકોના કોલાહલથી સિંધિયા સમજી ગયો કે હિંદુસ્તાનીઓ પગાર માગવા આવ્યા છે. એટલામાં પહેરેગીરે આવીને કહ્યું કે:—

'સરકાર! બહાર હજારો માણસો એકઠા થયા છે. આપને કંઇ તે વિદિત કરવા ઇચ્છે છે.'

માધવજી અને તેમની સાથે મરાઠી સરદારો હતા તે બધા બહાર આવ્યા. નોકર એક સતરંજી અને ગાદીતકિયા લઇ આવ્યો. તેને તંબૂ બહાર પાથરી, બીજી જાજમ પણ સામે બીછાવવામાં આવી. માધવજીએ તે ટોળાંના આગેવાનોને બેસવા કહ્યું, ટોળાંના નાયકોએ વિનયથી કહ્યું: 'અમે ઊભેલા ઠીક છીએ.'

માધવજીએ પૂછ્યું: 'આ બધી ધાંધલ શાની છે?'

'જી, સરકાર! આપ જાણો છો કે અમને સાત આઠ મહિનાનો પગાર મળ્યો નથી. અમે સહુ પેટને માટે અહીં આવેલ છીએ. અમારાં બાળબચ્ચાં દેશમાં છે. જો અમે પગારની રકમ ત્યાં ન મોકલી આપીએ તો તેમના કેવા હાલ ત્યાં થતા હશે? આપ તો ચતુર રાજનીતિજ્ઞ છો. આપને સમજાવવું નકામું છે. આપ સર્વ સ્થિતિ જાણો છો. અડધું વર્ષ ઉપર થઇ ગયું. આમ ક્યાં સુધી અમારો કારભાર નભે? આપ અમારા પર કૃપા કરી અમારો પગાર ચૂકતો કરી આપવા આજ્ઞા કરો.' દયારામે કહ્યું.

'બરાબર છે. તમારી માગણી વ્યાજબી છે. એમાં ના કયેમ કહેવાય? ચઢેલો પગાર પાઇએ પાઇ આપી દેવો જોઇએ. અમારો તો એવો વિચાર હતો કે જયપુર સર કરી પગાર તો શું પણ પગાર ઉપરાંત તમને લૂંટમાંથી ઇનામ આપવાનો હતો; પણ બાજી પલટાઇ ગઇ છે. પણ હજી સુધી કંઇ નહીં પહોંચી વળાય એમ નથી. આ રજપૂતોને શિકસ્ત આપી તમારો બધો પગાર ચૂકતે કરી આપવામાં આવશે.'

'એ ખરૂં, પણ આપ જ વિચાર કરી જુવો કે એમ પારકી આશા પર ક્યાં સુધી બેસી રહેવાય? લગભગ પોણું વર્ષ થવા આવશે. એમ કંઇ ચાલે? કદાચ અમે માનીએ પણ આ માણસો માને એમ નથી. આપ ચતુર સરદાર છો. આપ જ એનો તોડ કાઢો.' દયારામે કહ્યું.

'પણ અત્યારે દુશ્મનની સાથે લઢાઇ કરવાની છે ત્યાં આ બધી ભાંજગડની પતાવટ શી રીતે થાય?' માધવજીએ કહ્યું.

'તો પછી સરકાર! એ નહીં માને. માટે કંઇ પતાવટ કરો તો ઠીક, નહીં તો પછી અમને દોષ દેતા ના.'

આમ રકઝક થયા પછી દક્ષ માધજીએ એનો તોડ કાઢયો. સ્ત્રીઓના કીંમતી અલંકાર અને થોડા નક્કર પૈસા આપવાની વ્યવસ્થા કરી*

પણ આટલેથી કામ પત્યું નહીં. ઉશ્કેરાયલા લોકોએ પગાર ચૂકવવા હઠ કરી. કંઇ થોડાં નહીં પણ સાત હજાર માણસોનો જમેલો હતો. બધા એક જાતિના ન હતા. તેમની પાસે સવાસો તોપો અને દારૂગોળો હતો. તોપનું મ્હોં ફેરવી તેમણે કહ્યું કે, 'અમારો પગાર ચૂકવી આપો ને આપો.' તેમને સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ તેઓ એકના બે થયા નહીં અને તોપો, દારૂગોળો લઇને ગાડીવાન, ગોલંદાજ ચાલ્યા ગયા.

માધજીએ શિવાજી પંત, બાપુ અને રાણેખાન અને બધા સરદારો એકઠા કરી સલાહ લીધી. લશ્કરમાં બંડ જાગ્યું હતું. આવે વખતે લઢાઇ કરવી યોગ્ય ન લાગી. મરાઠા સિવાય બાકીના પણ ફિતુર ન જગાવે તેની ખાત્રી શી? આ પ્રમાણે લઢાઇ ન કરવાનો નિશ્ચય કર્યો. એટલામાં ખબર આવી કે અંબરનું લશ્કર આવી પહોંચે છે. દોલતરામ હલદિયા અને પહાડસિંગ આગળ કૂચ કરે છે. માધજીએ સમયનો પલટો જોઇ કહ્યું કે, 'સમય પાણીપતનો પ્રાપ્ત થયો છે.† આજ રાતે તેઓ આપણા પર ધસી આવ્યા તો આપણું મોતજ સમજવું.'

આખરે પાછા ફરવાનો નિશ્ચય કર્યો. સાંઢણી સ્વાર મોકલી, લાલસો-

---

* छ १४ शव्वाल सोमवारचे दिवशीं सारे पलटणांनीं तलब आमची सात आठां महिन्यांची चुकुन द्या, ह्मणून बोलणें नेटाचें घालून मलई केली. सात हजार माणूस एके जागीं जाहलें वरकड आपलाले जागां बईदा करून बसले. बाबांनीं बहुता प्रकारच्या तोडीजोडी त्यांसी मध्यस्थाकडून बोलविल्या. शेवटीं सो. बायां वरील वस्ता टेऊन तुह्मास तीन रोजमरे यांचा ऐवज देऊं; वरकड हिशेब लढाई आखर झाल्यानंतर देऊं. कांही नख्त ही द्यावयास लागलें.

महादजी शिंदे ह्यांचीं कागदपत्रें प नं. ५०३

†समय पाणिपता सारखा प्राप्त झाला. आज रात्रीस ते चालून येते ह्मणजे मरणें प्राप्त. उद्या प्रातःकाळीं कछवे राठोड ह्यांचे तमाम फोजा चालून येणार.

महादजी शिंदे ह्यांचीं कागद पत्रें पृ. ६९५

ટથી ચાર પાંચ કોશ લશ્કરની ટુકડી હતી તેને પાછી ફરવા હુકમ કર્યો. સાથેના લશ્કરનો થોડો ભાગ પણ પાછો ફેરવવાનો નિશ્ચય ઠર્યો. એટલામાં એક કમનસીબ બનાવ એવો બન્યો કે દારૂની પેટી હતી તેને કોઇએ આગ પેટવી. આમ થતાંની વાર તેના અગ્નિથી પાસેની બીજી પેટીઓ પણ સળગી ઊઠી. ભયંકર પ્રકાશ અને કાન ફાડી નાંખે તેવા અવાજ થવા લાગ્યા. લશ્કરમાં ભારે ગભરાટ ફેલાયો. સૈન્યના માણસોએ ધારી લીધું કે દુશ્મનની તોપ મારો ચલાવે છે. લોકો આમ તેમ નાસવા લાગ્યા. જીવ લઇને દોડભાગ શરૂ કરી.

સામાન જ્યાંનો ત્યાં રહી ગયો. મરાઠાઓ *'બજારમાંનું કાપડ, બીજો સામાન કોઇની રાવટી, તંબૂ, ફરાસખાનાનો સામાન સુદ્ધાં જેમનો તેમ મૂકી જીવ લઇ ન્હાસવા લાગ્યા.' લશ્કર અસ્તવ્યસ્ત થઇ ગયું. સર્વ કોઇ પોતપોતાનો જાન બચાવવાની પેરવીમાં પડયા હતા. આ પ્રમાણે સૈન્યની ગભરાટ જોઇ માધવજીએ કહાવ્યું કે: 'જે કોઇને કંઇ ઉપયોગી જણાય તે બેલાશક લઇ જાય.' બાકીનો જરૂરી સામાન સાંઢણી પર નાંખી રવાના કર્યો. આ ગેરબંદોબસ્ત! સિંધિયાએ પણ હિંમત ગુમાવી નહીં. જે કંઇ લેવા જેવું બાકી હતું તે હાથી પર મોકલી ચાર ઘટકા ત્યાં રહ્યા.

જ્યાં પીછેહઠ થવા માંડી ત્યાં દયારામ પૂરવીઓ બે પલટણો લઇ આડે આવી ઊભો. તેણે પુનઃ કહ્યું કે:

'તમે સામાન લઇ જાવ છો તો અમારો પગાર ચૂકતો કરવાને શો વાંધો છે?'

'અહીં આવી સ્થિતિમાં પગાર લાવવો કયાંથી? અને હોય તો પણ અત્યારે અપાય શી રીતે?' સિંધિયાના અધિકારીએ કહ્યું.

'શી રીતે કેમ? રકમ આપી દો. નહીં તો અમે નહીં આવીએ.'

'નહીં આવો તો ફાવે તેમ કરો.' રાણેખાન બોલ્યો.

'એમ છે તો પછી અમે પણ પૂરવીઆ છીએ.'

* સૈન્ય કૂચ કરે ત્યારે તેની સાથે બજાર ભરાતું. વેપારી માણસો સૈનિકોને જરૂરનો સામાન વેચતા હતા.

મામલો ગંભીર બનતો જતો જોઇ હરિએ તેમને શાંત પાડયા. આમ પળતું સૈન્ય સોળ કોશની મજલ મારી પિપળાઇ પહોંચ્યું; ત્યાં પણ આવા જ પ્રકારની માંગણી અને અડચણ ઊભી થઇ. દયારામની પલટણ દમ આપવા લાગી. ભાઇએ–રાણેખાને માધજીને અને થોડા લશ્કરને આગળ વિદાય કર્યું: માધજીને કાનમાં સૂચના કરી હતી કે, તમે આગળ પહોંચો, હું એને જોઇ લઇશ; કાં તો ટુકડીને કાપી નાંખીશ. આમ કરતાં આ ન્હાસતું લશ્કર ખુશાલગઢ પહોંચ્યું.

રસ્તામાં જ્યાં જ્યાં મુકામ થતો હતો, ત્યાં ત્યાં રાત્રે પીંઢારી અને મીણા લૂંટ ચલાવતા હતા. રસદ બચ્યો હતો જુજ, તેમાં આ લૂંટફાટ. આ લૂંટારાઓ માલ લૂંટી જતા એટલું જ નહીં પણ ખાધ ખોરાક અને ઘાસચારો મળતો અટકાવતા હતા. તેમનો આવા પ્રકારનો ત્રાસ હતો અને ખુશાલગઢમાં મુકામ હતો ત્યારે બૂમ પડી કે રજપૂતો આવી પહોંચ્યા છે. ફરીથી તોપોના અવાજ થવા માંડયા. લશ્કર-માંથી પ્રાણ ઊડી ગયા હતા, પહેલાની હિંમત રહી ન હતી, સામાન લૂંટાતો હતો. ઘાસચારાના અભાવે જાનવરો મરવા લાગ્યાં હતાં. ત્યાં રજપૂતો અને ઇસ્માઇલ બેગના આવાગમનની વાતે વધુ ગભરાટ ફેલાયો. ધડાધમ ત્યાંથી ન્હાસભાગ શરૂ થઇ. જયેમ આવે ત્યેમ માણસો ન્હાસવા લાગ્યા. ખુશાલગઢમાં એક બે તોપો અને ફરાસખાનાનો સામાન છોડી લશ્કર જીવ લઇને નાઠું. આમ દરેક મજલે જાતજાતની કનડગત ભોગવતું, માણસો અને સામાન તથા જાનવરોની ખુવારી ખમતું આખરે સિંધિયાનું લશ્કર ચંબળ ઓળંગી ગયું. હવે તેમના જીવમાં જીવ આવ્યો.

પોતાની હદની બહાર દુશ્મનને ભાગી ગયેલો જોઇ, તેમની પૂંઠ પકડનારા નાયકો વિચાર કરવા બેઠા. આમાં, ઇરાની વીર ઇસ્માઇલ બેગ, હલદિયા, પહાડસીંગ, જુવાનદાસ, શૂરસીંગ વગેરે હતા.

હલદિયાએ પૂછ્યું કે.

'બોલો, હવે આપણે શું કરવું છે?'

'શુ કરવું છે શું ? દુશ્મનને હંમેશને માટે દાબી દેવો. તેનો કાંટો કાઢી નાંખવો. બીજું શું હોય ?'

જુવાનસીંગે અને શૂરે પણ આ વાતને ટેકો આપ્યો. હલદિયાજીનો વિચાર તેવો ન હતો. તેમણે અંબરેશની સલાહ મંગાવી. શૂર અને જુવાનદાસ સિવાય બધાનો મત એવો પડ્યો કે, આપણી હદ છોડયા પછી પાછો લેવો શ્રેયસ્કર નથી. વીર ઇસ્માઇલ બેગે ઘણું સમજાવ્યું કે સપડાયલા સાપને છોડવો શ્રેયસ્કર નથી, પણ તેમનું કોઇએ માન્યું નહીં. એકલો ઇરાની વીર લશ્કર એકઠું કરી સિંધિયાની પૂંઠે પડ્યો. રજપૂતોએ ઘણી ગંભીર ભૂલ્ય કરી, જેનું ભારે પરિણામ તેમને સોસવું પડ્યું.

પ્રકરણ ૨૧ મું

લગ્ન

બાલસોટ પાસે તુંગાના રણક્ષેત્રમાં રજપૂતોએ મરાઠા પર અપૂર્વ વિજય મેળવ્યો. આ વિજય અપૂર્વ એટલા માટે હતો કે, માધજી જેવા રણનીતિનિપુણ સેનાધિપતિને રણક્ષેત્રમાંથી પોતાની સર્વ સામગ્રી પડતી મૂકી પલાયન કરવું પડયું. મહાન્ માધજીએ પોતે સ્વીકાર કર્યું છે કે, 'બીજો પાણીપતનો સમય હતો.' રજપૂતો હર્ષમાં આવી ગયા. પોતે ઉચ્ચ ક્ષત્રિયકુલોત્પન્ન હોવાથી તેમણે માધજીની પૂંઠ પકડી નહીં કે સમયનો લાભ લઇ તેના મુલક પર આક્રમણ કર્યું નહીં.

રજપૂતો પોતાની રાજધાનીમાં આવ્યા. રાઠોડો જોધપૂર ભણી ચાલ્યા ગયા. શત્રુપર આવો મહાન્ વિજય મળવા માટે સર્વત્ર આનંદોત્સવ થવા લાગ્યો. ઇતિહાસમાં ઉલ્લેખ છે કે, અંબરનરેશ પ્રતાપસિંહે આ વિજયોત્સવમાં ચોવિશ લાખ રૂપિયા ખરચ્યા, ગરીબોને દાન ધર્મમાં વાપર્યા.

જયપૂરના એક વિશાળ ભવનમાં ટકોરખાનાનો અવાજ લગ્નના શુભ પ્રસંગ સૂચવે છે. આ વિશાળ ભવનમાં આજે માણસોની અવર જવર અને ભારે ધમાલ જણાય છે. આ ભવનના પ્રવેશદ્વારમાં દાખલ થયા પછી ડાબી બાજુએ પ્રશસ્ત પ્રાંગણમાં એક મ્હોટો માંડવો બાંધવામાં આવ્યો છે. કોઇ ઉમરાવને ત્યાં લગ્નની ધમાલ જણાય છે. આ ધમાલ સામંત ઉદયમલજીને ત્યાં છે. તેમનો વિચાર લગ્ન કાર્ય પાલગઢમાં કરવાનો હતો, પણ અંબરેશ્વરની ઇચ્છાને માન આપીને કાર્ય તેમણે રાજનગરીમાં કરવા ઉચિત લેખ્યું. ઉદયમલજીની એક મોટી કોઠી જયપૂરમાં પણ હતી. ખુદ અંબરાધિપતિ લગ્ન પ્રસંગે હાજરી આપવાના

હતા, એથી આજની ધમાલનો કંઇ પાર નહતો. પ્રાંગણમાં મંડપ નાંખ્યો હતો, તેમાં લગ્નવિધિ થતો હતો.

બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરતા હતા. રજપૂત રમણીઓ મોટે સ્વરે લગ્નનાં ગીત ગાતી હતી. નોકરો આમતેમ ફરતા હતા અને પરોણાની સરભરાની વ્યવસ્થા કાળજીપૂર્વક કરતા હતા. લગ્નમંડપથી થોડે અંતરે એક વિશાળ માંડવો નાંખ્યો હતો. મંડપને માથે ચંદરવા બાંધ્યા હતા અને તેમાં થાંભલા પર રંગબેરંગી કપડાં સુંદર રીતે લપેટવામાં આવ્યાં હતાં. લંબચોરસ માંડવામાં એક ઉચ્ચસ્થાન પર સિંહાસન ગોઠવવામાં આવ્યું હતું. તેની આજુબાજુમાં ઊંચી ગાદીઓ બિછાવવામાં આવી હતી. મધ્યભાગમાં નકસીદાર ગાલીચા બિછાવવામાં આવ્યા હતા. પાન, ગુલાબ અત્તરનો મધમધાટ સર્વત્ર ફેલાતો હતો. સેવકો મોટા પંખા હાથમાં લઇ પવન નાંખતા હતા.

અંબરાધિપતિના આવાગમન પૂર્વે ઘણા સરદારો અને સામંતોએ ત્યાં હાજરી આપી હતી. તેઓ સમાજમાં પોતાના સ્થાન પ્રમાણે ગોઠવાયા હતા. સિંહાસનની ડાબી અને જમણી બાજુએ જગા છોડી કેટલાક સામંતો, સરદારો અને શ્રીમંતો બેઠા હતા. તેઓ પરસ્પર વાતો કરતા હતા, કારણ કે રાજાજીને પધારવા હજી સમય હતો. વાતનો પ્રસંગ છેલ્લું યુદ્ધ હતું.

'આપણો ભાગ્યરવિ મધ્યાકાશે લાગે છે. અંબરે અત્યાર સુધીમાં ઘણી જીત મેળવી છે; પણ આ જીત તો કોઇ ઓર જ પ્રકારની છે. રણકુશળ કચ્છવાહોએ પોતાનું ખમીર બતાવી આપ્યું.' સુજનસિંહે કહ્યું.

'એ ખરી વાત છે, પણ કચ્છવાહોની સાથે રણબંકા રાઠોડોએ પણ પોતાની કીર્તિ ઉજમાળી. જો બન્ને સાથે ન મળ્યા હોત તો વિજય મેળવવો ભારે થઇ પડત.' એકે પ્રત્યુત્તર આપ્યો.

'રાઠોડોનું શું કહેવું. એ તો 'રણબંકા રાઠોડ' કહેવાય છે. તે શું ખોટું છે? રાઠોડો જેવા યોધા વિરલ છે.' એકે જવાબ આપ્યો.

'એ ખરી વાત છે, પણ પેલા ફિરંગીની સ્હામે તોપોનો ભડીમાર કરનાર જીવાનદાસની શૂરતા જોઇ દુશ્મનો પણ અવાક્ બની ગયા. વાહરે રણુ દીપક વાહ!' એક ચારણ ઉદ્ગાર્યો.

'દુશ્મનના પગ ભાંગી ગયા છે. અને તેને હવે પાછો ટટાર થતાં વાર લાગશે.' જીવાનમલ બોલ્યો.

'એમ માનવું મને તો ભ્રામક જણાય છે. કોણ જાણતું હતું કે પાણિપતના રણક્ષેત્રમાં સજ્જડ હાર અને પ્રાણહાનિ સહન કરી મરાઠાઓ જોતજોતામાં પાછા ટટાર થશે?' રણધીરે કહ્યું.

'વાત તો ખરી છે. દુશ્મનના પગ ભાંગ્યા, પણ એથી તે ઊભો નહીં થાય એમ માનવું ખોટું છે. એ તો છંછેડાયલા સાપને જતો કર્યા જેવું છે. કોણ જાણે કયારે દંશ દેશે તે ન કહેવાય. રાજનીતિ તો સ્પષ્ટ કહે છે કે, સર્પનો વિષદંત કાઢી નાંખ્યા વગર તેને જતો કરવો નહીં.' એક ચારણે કહ્યું.

'યથાર્થ છે. ઘવાયલો વાઘ અને માનખંડિત થયેલો દુશ્મન ફરી તક મળતાં વેર લીધા વગર રહે નહીં.' રણધીરે પૂર્તિ કરી.

'દુશ્મનને સ્હેજમાં જતો કરવામાં આપણે ડહાપણ વાપર્યું નથી. એનો પીછો લઇ એને દાબી દેવો હતો કે ફરીથી ઊભો થવા ન પામે અથવા તો એની પાસે સંધિ કરાવી લેવી જોઇતી હતી.' એક વૃદ્ધ સરદારે કહ્યું.

'વીર ઇસ્માઇલની તો એવી જ સલાહ હતી અને તે ઉચિત હતી પણ આપણે રજપૂતો અન્યને અને આપણા દુશ્મનોને આપણા જેવા ઉદાર દિલના લેખીએ છીએ અને આ પણ આપણો એક ભ્રમ છે. આપણે આથી ઘણી વાર માઠાં પરિણામ સોસવાં પડયાં છે. આપણો પહેલાંનો ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે. મહંમદ ગીઝનીથી માંડી અત્યાર સુધીમાં આપણે આ નીતિથી પુષ્કળ હાનિ સોસી છે.' રણજીતે ટેકો આપતાં સૂર પૂર્યો.

'ખરી વાત તો એ છે કે સપડાયલા દુશ્મનને જતો કરવો નહીં. દંડ તો દેવો જ અને નીતિવચન પણ એવું છે કે, દુષ્ટં દુષ્ટે સમાચરેત્ ।

'પણ આપણે ક્યાં તેને એમને એમ છોડયો છે? એને રણમાં હાર આપી છે. તેને પોતાનો સામાન મૂકી રણમાંથી પલાયન કરવું પડયું, એ શું થોડી અપકીર્તિ છે?' જુવાનમલે કહ્યું.

'ખરી વાત, પણ અપકીર્તિ જે માનતું હોય તેને ને? અને બીજું એ છે કે આપણે આ તકનો જોઇએ તેવો લાભ પણ લીધો નહીં. એ સ્વીકાર કરીએ કે આપણે આપણા બળનો સ્વાદ ચખાડયો છે, પણ તેથી તે ફરીથી આક્રમણ નહીં કરે, એની શું ખાત્રી? જો ફુવારાને દાબી દેવામાં આવે તો તેનું પાણી બમણા જોરથી ઉછળે છે, તેની માફક તે સુસંધિની રાહ જોઇ ફરી વાર રાજપૂતાના પર આક્રમણ નહીં કરે એની ખાત્રી શી?' રણજીતે કહ્યું.

'એ ખરૂં, પણ આપણે અન્યના મુલકમાં જઇ વિના કારણ આક્રમણ કરવું, એ કોઇ પણ પ્રકારે આપણને ઉચિત નથી. રજપૂતો બીજા રાજ્યો પર રાજ્યવૃદ્ધિના લોભથી આક્રમણ કરતા નથી. એમને તેમનો પ્રદેશ સુખથી ભોગવવા દે છે. આપણે રાજવી છીએ. આપણે લુટારા નથી. પારકાની જમીન પચાવી પાડવા ઇચ્છતા નથી. નબળા પાસેથી બળજબરાઇથી તેમના ગઢ ઝુંટી લેવાની અભિલાષા સેવતા નથી. આપણે પારકાના ગામો પર ધાડ નાંખી પ્રજાનું લોહી પીવા કે તેમને પીડવા ઇચ્છતા નથી. આપણે રાજવી છીએ, ધાડપાડુ નથી. તેથી જો આપણે પણ તેમની માફક વર્તીએ તો રાજા કહેવાઇએ નહીં. રાજા પ્રજાનો રક્ષક છે, ભક્ષક નથી. અનુશાસન પર્વમાં કહ્યું છે કે, 'વૃદ્ધ, બાળક, અંધ અને દીન મનુષ્યના ધનની રાજાએ યત્નપૂર્વક રક્ષા કરવી. પ્રજાને આડ કુવાઆદિ ખોદાવી તેનો કર લેવો નહીં. ઘણી જ ગરીબ સ્ત્રીઓ પાસેથી કર ગ્રહણ કરવો નહીં. દીન મનુષ્યો પાસે અલ્પ માત્ર ધન હોવાથી, તેમાંથી જો કર ગ્રહણ કરે તો રાજાનું રાજ્ય અને રાજશ્રી નષ્ટ થઇ જાય છે.'* વૃદ્ધ ચારણે રાજાએ ભરેલાં પગલાંનું સમર્થન કરતાં કહ્યું.

* મહાભારત, અનુશાસન પર્વ—૬૧. ૩૦૮૯

'એ પણ યથાર્થ વાત છે. રાજા અને લૂંટમાર વચ્ચે ભેદ રહેવો જ જોઇએ. આપણે ઉચ્ચ ક્ષત્રિયકુલોત્પન્ન છીએ. આપણા પૂર્વજોએ આપણે માટે ઉચ્ચ આદર્શો આપણી સમક્ષ રાખ્યા છે. રઘુકુળ-ભૂષણ શ્રી રામચંદ્ર, નળ, હરિશ્ચંદ્ર, દિલીપ, આદિ રાજાઓનો આદર્શ આપણે માટે છે. લૂંટારૂઓ લૂંટ કરે, પ્રજાપીડન કરે, પ્રજાને મારફાડ કરે, અનેક રીતે દમે, કષ્ટ આપે, એ આપણા ક્ષત્રિયોનું ભૂષણ નથી.' મેઘવાનજીએ શૂરમાં આવી રજપૂતોના ગૌરવગાન કર્યાં.

'ઠીક છે. અને જો એમ કરતાં ફરીથી સાપ જો ફુંફાડો કરશે તો તેની ફેણુને દબાવવા રજપૂતોમાં સામર્થ્ય છે. તેઓ એવા બ્હીકણુ કે નામર્દ બની બેઠા નથી. એ તો આપણે તુંગાના મેદાનમાં સિધ્ધ કરી બતાવ્યું છે.' જુવાનદાસ બોલી ઊઠ્યો.

'આજ કારણથી આપણા નરેશે વીર હમદાનીની સલાહ માની નહીં હોય. તેણે તો વિજયનો લાભ અને હાથમાં આવેલી તક ન ગુમાવવા આગ્રહ કર્યો હતો.'*

'કદાચ એમ પણ હોય, પણ વીર ઇસ્માઇલ બેગ જેવો રણુનીતિ-નિપુણ છે તેવોજ રાજનીતિચતુર અને મુત્સદ્દી છે. એની સલાહની ઉપેક્ષા કરવામાં આપણે ડહાપણ કર્યું નથી. અત્યારના સમયમાં તે ધુરીણ રાજનીતિજ્ઞ છે. તેની સાથે તે ઉદાર અને નિષ્કપટ છે. અત્યારના સમયમાં તેના જેવા વીર પણ થોડા છે. ડગમગતા દિલ્હીના રાજમુકુટને ટકાવવા તેના જેવો શ્રમ કોઇ ભાગ્યે જ લેતું હશે? તેના ડહાપણની દુસ્મનો પણ તારીફ કરે છે. શૌર્યમાં પણ તેવો જ છે. આવા પ્રથમ

* Ismail Beg at once prepared to follow, but his Rajput allies, having satisfactorily asserted their exemption from tribute, and recovered their lost province of Ajmer (which the Maharathas were obliged to abandon), declined to take up another's quarrel and withdrew into their own territories.

European Military Adventures in Hindusthan. p. 37.

પંક્તિના મુત્સદ્દીની સલાહ ન માનવામાં આપણે એક પ્રકારની ગંભીર ભૂલ્ય કરી છે, એમ મને તો ભાસે છે. અને એમ પણ લાગે છે કે જે સમય જાય છે તેટલામાં સિંધિયા ફરીથી તૈયાર થઇ રાજપુતાના પર પુનઃ આક્રમણ કરે તો નવાઇ નથી.' તે વૃદ્ધે પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કરી બતાવ્યો.

'રજપૂતોએ પોતાની ભાવનાપ્રધાનતાને લઇને ઘણી ઘણી ભૂલ્યો કરી છે, એક વખત નહીં પણ અનેક વખત. વીર ચઝહાણ, નર કેસરી પૃથ્વીરાજે પણ સમયને પારખ્યો હોત, ઉદારતા ન દાખવી હોત, વિશેષ દક્ષતા પરરાજ્યોના વ્યવહાર પરત્વે રાખી હોત, તો આજે હિંદના ભાગ્યમાં કંઇક ઓર જ લખાતે!' રણધીરે કહ્યું.

'પણ દુશ્મનોના સૈન્યમાં કુશલતા કોણે દાખવી?' એકે પૂછ્યું.

'તે ફિરંગી દ બોવાંયેને.' કોઇએ જવાબ આપ્યો.

'તો બસ્સ થયું. આપણી પહેલી ભૂલ્ય એ શું નથી થઇ કે આપણે એને અહીંથી કાઢયો. એ તો જાણીતી વાત છે કે આપણા નરેશ પ્રતાપસિંહજીએ તેને માસિક બે હજાર રૂપિયાના વેતનથી લશ્કર અને પાયદળ કેળવવા રાખ્યો હતો. પણ મરાઠાઓએ સાલબાઇની સુલેહ કર્યા પછી એને અહીંથી રજા આપવામાં આવી.*' રણધીર બોલ્યો.

* Little did the Jaipur ruler suspect what a disastrous effect upon his future fortunes was to follow this decision, or he would never have permitted the departure from his service of a man who was to become his scourge and dictator in future. It is idle to speculate on what might-have-beans of History, yet it is undisputable that, but for the failure of De Boigne's negotiations with Chattrasing and Partabsing, he would have been arrayed in the field of battle against Madhoji Sindhia, instead of on his side, and this circumstance must in all human probabality, have changed the course of central and upper Indian History for the next twenty years.

Europeon Military Adventures of Hindusthan. p. 29.

'એ તો એમજ બને. જો એ ફિરંગીને હાથે રજપૂતોને તોપખાનાની તાલીમ મળી હોત અને અહીં પણ ગોળાનું કારખાનું ખોલ્યું હોત તો રજપૂત શૌર્ય કંઇ ઓર દીપી નીકળત. તો કોઇની પણ તાકાત ન હતી કે આપણી સામે માથું ઉચકે.' જુવાનદાસ બોલ્યો.

'બનવાનું હોય તે બને છે. એમાં કોઇનું કંઇ ચાલતું નથી. ભવિષ્યમાં શું બનવાનું છે, તેની કોને ખબર છે? આમ હોત તો આમ થાત, એ કથવું નકામું છે; પણ એ વાત તો માન્ય કરવા જેવી છે કે આ ફિરંગીને આપણે રોકયો હતો તો તેની પાસેથી કંઇ કામ કરાવી લીધું હોત તો તેથી આપણને લાભ થાત.' તે વૃદ્ધ બોલ્યો.

'હજી પણ શું વહી ગયું છે? બીજાઓને ત્યાં ફિરંગીઓ કયાં નથી? આપણે પણ તેમ ધારીએ તો કરી શકીએ. એમ તો ઉદયપુરમાં એક અંગ્રેજ છે પણ તેની પાસેથી યોગ્ય કામ લેવામાં આવતું નથી.' રણધીરે કહ્યું.

'આપણે માત્ર બચાવ કરવા પૂરતું ધ્યાન આપીએ છીએ. એ વાતનો આપણે સ્વીકાર કરીએ કે આપણે બીજાના મુલક પર આક્રમણ કરવું નથી. આપણે ક્ષત્રિય પ્રજાપાલક છીએ. પણ પ્રસંગ આવ્યે આપણામાં એટલું તો બળ હોવું જોઇએ કે ગમે ત્યાં કૂચ કરી આપણા હાથનો પ્રસાદ અન્યને બતાવી શકીએ. સંચિત કરેલું ધન અને બળ યોગ્ય સમયે કામ આપે છે.' તે વૃદ્ધ ચારણ બોલ્યો.

'ખરૂં છે. જો આમ આપણે બચાવ પૂરતું બળ રાખીશું તો પ્રસંગ આવતાં ભારે થઇ પડશે. મને તો લાગે છે કે આપણી નીતિમાં આપણે ફેરફાર કરવાની અગત્ય છે. જો એમ નહીં કરીએ તો આપણે સ્હામાની સાથે ટકાવ નહીં ધરી શકીએ. જેવો દુશ્મન તેવો દાવ.' રણજીત બોલ્યો.

'આ બાબતનો વિચાર આપણા સામંતોએ કરવાનો છે. આ પ્રસ્તાવ [illegible] મૂકે અને બીજા રાજ્યોની પણ સલાહ

લઇ તે પ્રમાણે કંઇ યોગ્ય વ્યવસ્થા થાય તો ભાવિમાં આપણે શત્રુના હુમલાને પહોંચી વળીએ, એટલું જ નહીં, પણ તેની સાથે આપણે કડક રીતે વર્તી શકીએ.' જુવાનદાસ બોલ્યો.

'જો આ લૂંટારા આપણી પાસે રકમો માંગે છે તો આપણે તેમને પરાસ્ત કરી ત્યેમ ન કરી શકીએ ?'

'રજપૂતોએ એક બીજી ભૂલ્ય કરી છે. પહેલાં દિલ્હીની બાદશાહી પર આપણો પ્રભાવ હતો. આપણા બળ પર તેઓ ઝઝુમતા હતા. દિલ્હીમાંથી જ્યારથી રજપૂતોની વગ ઘટી; કે આપણે ડગમગતી પાદશાહીમાંથી પગ ખસેડયા ત્યારથીજ બીજાઓ માથું મારવા લાગ્યા છે અને બાદશાહના નામે દોરદમામ દાખવે છે.' એક વૃદ્ધ બોલ્યો.

'હજી પણ વાત હાથમાંથી ગઇ નથી. દિલ્હીના અમીર ઉમરાવનો સાથ રજપૂતોને છે, અને ધારે તો તેનો ઉપયોગ તેઓ પોતાના લાભમાં યોજી શકે, પણ ત્યેમ કોઇ કરતું નથી. બાદશાહની નબળી હાલતનો લાભ બીજા લે છે. રજપૂતો હવે તે તરફ લક્ષ દોડાવતા નથી.' એકે કહ્યું.

'તેઓની 'ઘરની આગ' હોલવાય તો બીજે લક્ષ આપે ને ? તેઓના આંતર કલહનો અંત આવતો નથી. જેણે પારકાને સુધારવા છે તેણે પોતે પહેલાં સુધરવું જોઇએ.' મેહવાન ગર્જ્યા.

એટલામાં મંગળ વાદ્યનો ધ્વનિ જોરથી સંભળાયો. વાતચીત બધી બંધ થઇ ગઇ. લગ્ન મંડપમાં વરવધૂ ભંવરી લઇ રહ્યાં હતાં—મંગળ ફેરા ફરી રહ્યાં હતાં. બ્રાહ્મણોના મંત્ર ઘોષ સંભળાવા લાગ્યા.

એટલામાં 'નિગાહ રખો મહેરબાન' એવો છડીદારનો શબ્દ કાને પડયો. રાજાજી પધારે છે એની સૂચના થતાં જ બધા ઊભા થઇ ગયા. ઉદયમલજી અને બન્નુજી તેમને સામા લેવા ગયા. યોગ્ય અભિવાદન કરી તેમને આસન સુધી લઇ આવ્યા.

રાજાજી સિંહાસન પર સ્થિત થતાં સર્વ જણ બેસી ગયા. નાચનારીએ નાચ શરૂ કર્યો. બાદમાં ગાનારીએ એક વધાવો અને એક

ગાળી* ગાઇ. એક ચારણે પ્રસંગોચિત કવિતા લલકારી. પેલી મેર બાઇરાંઓ પણ જોરથી ગીત ગાતાં હતાં.

રાજા તરફથી ભારે શિરપાવ અને આભૂષણ નજરાણા તરીકે આપવામાં આવ્યાં હતાં. કન્યાને માટે હીરાજડિત રત્નહાર, અને શૂરને માટે કિંમતી શિરપેચ અને મૂલ્યવાન્ મોતીની માળા હતી.

લગ્નવિધિ પૂરો થયા બાદ પરિણીત યુગલ મંડપમાં આવ્યું. સર્વેએ તેમનું અભિવાદન કર્યું. બાદમાં સહુ ત્યાંથી વિસર્જન થયા.

રામદઇએ રૂપાંને કહ્યું કેઃ

'આજ તો તમારી ખોવાયલી ચીજ મળી ને?'

'ક્યારે ખોવાયલી હતી?'

'તે તો તમે જાણો બા!'

'પાછી તું ફગી, નહીં વારૂ?'

આમ વાતચીત પછી રૂપાં અને શૂર દેવમંદિરે પગે લાગવા ગયાં.

---

* આપણે ત્યાં ગુજરાતમાં બૈરાં ફટાણાં ગાય છે ત્યેમ ઉત્તર હિંદુસ્તાનમાં અને મારવાડમાં લગ્ન પ્રસંગે ગાળી ગાય છે. વસંતમાં અને લગ્ન વખતે ફાગ સાંભળવામાં તેઓ શ્રેય માને છે.

પ્રકરણ ૨૨ મું

વિજયોત્સવ

આજ જયપૂરમાં અપૂર્વ ધામધૂમ છે. મરાઠાઓ પર મહાન્ વિજય પ્રાપ્ત કરવાથી આજે અંબરેશ્વરે વિજયોત્સવ મનાવ્યો છે. ઇતિહાસમાં ઉલ્લેખ છે કે આ વિજય માટે અંબરનરેશે ૨૦ લાખ રૂપિયા દાનધર્મમાં ખરચ્યા હતા. આજે નગરીમાં ધજાપતાકા ફરફરે છે, નગરના રસ્તા શણગાર્યા છે, મકાનો પર વાવટા ફરકે છે. ધોળમંગળ ગવાય છે. મંદિરોમાં મહાપૂજા હતી. વાદ્યયંત્રોના ધ્વનિથી મંદિરો ગુંજતા હતા.

પ્રાતઃકાળમાં પ્રતાપસિંહ ઊઠયા; ઊઠતાંની વાર માનમાં તોપ ફોડવામાં આવી. પ્રભાતમાં ગોદર્શન કરી, બ્રાહ્મણોને દાન આપ્યાં. પછી સ્વારીસહિત મહારાજા અંબર પધાર્યા. નગરમાંથી નીકળેલી સ્વારીને લોકો હર્ષનાદથી વધાવતા હતા. કેટલાક પુષ્પહાર અર્પણ કરતા હતા. એક સ્થળે સ્વારીને ઊભી રાખી. ગૌરીઓએ–કન્યાઓએ રાજનને તિલક કર્યું અને ફુલહાર અર્પ્યા. આમ પ્રજાજનોનો સત્કાર ગ્રહણ કરતી સ્વારી, અંબર આવી પહોંચી.

મહારાજે અને સામંતોએ પાદત્રાણ કાઢી પ્રથમ કિલ્લામાંના મહાદેવના મંદિરમાં પ્રવેશ કર્યો. બ્રાહ્મણોએ તેમનો સત્કાર કર્યો. દરેકના હાથમાં બિલી અને પુષ્પો આપ્યાં, પછી મંત્રોચ્ચાર કરી ભગવાન્ આશુતોષની સ્તુતિ કરી. મંત્રપુષ્પાંજલી ભણી બિલી તથા પુષ્પો મહાદેવ પર ચઢાવ્યાં. પુનઃ મંત્રોચ્ચાર કરી નમણ રાજા અને તેની સાથે આવેલા ઉમરાવ વર્ગને આપ્યું. તેમણે તેને હાથમાં લઇ આંખ્યે અને માથે લગાડયું. મહારાજાએ મંદિરને ભેટ ધરી. પૂજારીઓને પ્રત્યેકને સારી દક્ષિણા આપી.

પછી મહારાજ અને સામંતો શ્રી શિલાદેવીના મંદિરમાં પધાર્યા. ષોડશોપચારથી પૂજા થઇ; આરતી થઇ. બ્રાહ્મણો વેદમંત્ર ભણવા લાગ્યા. અહીં પણ અંબરેશ્વરે ભગવતીનું પૂજન કરી મંદિરને ભેટ અને બ્રાહ્મણોને ભૂયસી દક્ષિણા આપી.

મંદિરમાંથી રાજસ્વારી પુનઃ મહેલમાં પધારી. સરદારો સામંતો પોતપોતાને સ્થાને ગયા. બાદ ગામમાં ગરીબોને ભોજન અને દાન અપાયાં. ત્યાર પછી રાજાએ થોડી વાર વિશ્રાંતિ લીધી.

સ્હાંજના દરબાર ભરાયો. આ દરબારનો ઠાઠ અપૂર્વ હતો. રાજપ્રાસાદના દિવાનખાનાને સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. આસોપાલવના તોરણો અને પુલના તોરણો બાંધ્યાં હતાં. ભીંતો પર આકર્ષક રીતે પુલના વર્તુલો અને ચોરસ આકૃત્તિઓ મનોરંજક રીતે ગોઠવી હતી. તે લંબચોરસ દિવાનખાનામાં ભીંતથી થોડે છેટે ઉચ્ચ સિંહાસન હતું. સિંહાસન પાછળ છત્ર, ચામર, મોરછલ, ધારણ કરનાર અનુચરોને માટે જગા હતી. સિંહાસનની જમણી અને ડાબી બાજુએ સામંતો અને ઉમરાવોને માટે તેમની યોગ્યતાનુસાર ગાદી તકીયા બિછાવેલા હતા. આજનો દરબાર મ્હોટો હતો. લગભગ સર્વ સામંતો અને સરદારો હાજરી આપવાના હતા.

દરબાર ભરાવાના વખત અગાઉ રાજ્યમહેલની પાસે હાથી, ઘોડા, વાહનોની હાર લાગી. કોઇ હાથી પર તો કોઇ તાવદાનમાં બેસી ઉમરાવો સર્વ આવવા લાગ્યા. સહુ પોતપોતાને સ્થાને ગોઠવાવા લાગ્યા. જોતજોતામાં તે વિશાળ ભવન માણસોથી ચિકાર ભરાઇ ગયું. જમણી બાજુએ, કલ્યાણોત, બલભદ્રોત, સુરતાનોત, ખૂંબાની, શિવબરન, બનવીર આદિ બાર કોટડીના સામંતો હતા. ડાબી બાજુએ પણ એવા બીજા સામંતો અને ઉમરાવો હતા. ઉપરાંત રાજકર્મચારીઓ પણ પોતપોતાને સ્થાને સ્થિત હતા. આ સભામાં રાજપુરોહિત, પ્રધાનચારણો પણ ઉપસ્થિત હતા. તેઓ પોતાના પાસે બેઠેલાની સાથે મંદ સ્વરે વાતો કરતા હતા અને રાજાના આગમનની રાહ જોતા

હતા. યથા સમયે 'નિગાહ રખ્ખો મહેરબાન, કછવાહ કુલાવતંસ શ્રી પ્રતાપસિંહ મહારાજકી–' ઉચ્ચાર કાને પડતાં જ સહુ 'જય' પુકારી ઊભા થયા. ઊભા થઈ મહારાજાનું અભિવાદન કર્યું. પ્રથમ રાજપુરોહિતે મંત્ર ભણ્યો કેઃ–

"स्वस्ति प्रजाभ्यः परिपालयन्तां
न्याय्येन मार्गेण महीं महीशाः ।
गोब्राह्मणेभ्यः शुभमस्तु नित्यं
लोकास्समस्ताः सुखिनो भवन्तु ॥"

મંત્ર ભણી રાજા પ્રજાને સુખી રહે એમ આશીર્વાદ આપ્યા. પછી ચારણ કવિએ પ્રસંગોચિત રચેલું કવિત ગાઈ સંભળાવ્યું.

પલઈ તે હિંદનાથ, શ્રી પ્રતાપ કરવાત ઝાલે
ઉત્તે સાથસાથ ઝોલે આસમાન ભીરેસે.
મહાઘોર વીર જૂંઝ, ઊંચી કર નૈન લાભે,
કુચ કરી નૈન કાયર અધીરેસે.
કટિગે કટીલે જેત્તે, રાવત હરીલે રૂકે,
સટિગે સદલસે 'પટેલ' મુય પીરેસે.
મારે ખડ્ગ ઈન સુભટ્ટન કે ટટ્ટે પડે.
મૂંડ મરહટ્ટન કે ખેતમાં મતીરેસે.*

મહારાજે પ્રસન્ન થઈ કવિરાજને દશ હજાર મુદ્રા અને સરપાવ આપ્યો. બાદમાં જેઓએ યુદ્ધમાં અપૂર્વ કામગીરી કરી હતી અને શૌર્ય દાખવ્યું હતું તેમને સરપાવ આપવા શરૂ થયો. કોઈને હાથીનો, કોઈને પાલખીનો, કોઈને ઘોડાનો, સોનાનાં કડાં, મોતી, દુશાલાના સરપાવો થયા. શૂરને દુહેરી સરપાવ મળ્યો. દુહેરી સરપાવમાં સરદારને આવતી વખતે અને પુનઃ જતી વખતે તેવું જ માન મળે છે.

* જયપુરના વિદ્યા વ્યાસંગી પં. હરિ નારાયણ પુરોહિત, બી. એ., એમના હસ્તલિખિત ગ્રંથમાંથી પ્રાપ્ત "કચ્છવાહાકી વંશાવલી."

સંશોધક વર્ષ ૧૨. અં. ૩. તા૦ ૩૦ સપ્ટેમ્બર ૧૯૪૩ ના અંક પરથી.

થર ઊભો થયો. રાજાના પગે હાથ મૂકી તેણે પોતાની તરવાર રાખી અને ઘુંટણને ચુંબન લીધું. અંબરેશ્વરે ઊભા થઇ તેના ખભા પર હાથ રાખ્યો અને જાહેર કરવામાં આવ્યું કે એક મોટી જાગીર અને પાંચ હજાર અશ્વારોહીનો ઉપરી મનસબદાર તેને બનાવવામાં આવ્યો છે. જાલિમસિંહે પણ ઉમદા કામ બજાવ્યું હતું. તેના કામનો બદલો તેને મળ્યો. તેને તેની જાગીર ઉપરાંત સિમાં પ્રાંતની જાગીર અને હાથીનો સરપાવ મળ્યો. ન્હાના મ્હોટાં માણસોને તેમની યોગ્યતા પ્રમાણે ભેટ ઇનામ મળ્યાં. જે કર્મચારીઓએ સારો બંદોબસ્ત રાખ્યો હતો તેમને પણ તેમની યોગ્યતા પ્રમાણે ઉપહાર મળ્યા. ભાટ, ચારણો, અશ્વપાળ, ગજપાળ, ગૃહકાર્યના અધિકારીઓને પણ તેમની સેવાનાં ફળ મળ્યાં. આમ પહેલા દરબારમાં ઘણો સમય વ્યતીત થયો. સ્હાંજના નાચ મુજરાના દરબાર માટે સભાજનો વિખરાયા.

રાત્રિના દરબારનો ઠાઠ પણ અનેરો હતો. દરબાર વિશાળ ચંદ્ર મહેલમાં ભરવામાં આવ્યો હતો. આ દરબારમાં સામંતો, સરદારો, માનવંત નાગરિકો ઉપસ્થિત હતા. ચંદ્ર મહેલની રોનક કંઇ ઓર હતી. દીપમાળા ઝગઝગતી હતી. સરદારોના જરીનાં વસ્ત્રો પર તેની દ્યુતિ ચમક ચમક કરતી હતી. કોઇના રત્નાલંકાર પર કિરણો રમતાં હતાં. સ્થાને સ્થાને સેવકો પંખો નાખતા ઊભા હતા. નેકી પુકારાઇ. રાજા પ્રતાપની પધરામણી થઇ. સહુએ ઊભા થઇ અભિવાદન કર્યું.

ગાનારીઓ તથા નાચનારીઓ પણ જરિયન પેશવાઝ પહેરી હાજર હતી. રાજા સિંહાસને બેસતાંની વાર ગાનારીઓએ પ્રથમ એક વધાવો ગાવો શરૂ કર્યો.

"બધાવન ગાવો એ...........
બધાવન ગાવો એ...........
સબ સખિયન મિલ મંગલ ગાવો.
શ્રી પરતાપ વિજય બધાયે......"

ગીત સમયોચિત હતું. ગાનારીએ રામકળી ઢબમાં તેને ગાવા માંડયું. આ રાગને તેને મળતા રાગથી અલગ કરવા માટે બે મધ્યમ વચ્ચેની 'રિકતા' તેમજ બે ધૈવત વચ્ચેની 'રમ્યા' શ્રુતિનો પ્રયોગ કરતી ત્યારે જીગર પર જાદુઇ અસર જમાવતી હતી. આ રાગમાં વળી તે કોમળ નિષાદને પણ ભેળવતી જણાતી હતી, અને જ્યારે તેનું ખાસ અંગ વ્યકત કરવા 'મગ, મમ. મરેઃ સાની' તાન લેતી ત્યારે અપૂર્વ માધુર્ય ભાસતું હતું.

અંબરનરેશે ગાવાવાળીને ખોબો ભરી મુદ્રા અર્પી, જે તેણે ઘુંટણે પડી ગ્રહણ કરી.

પછી નૃત્યની વારી આવી. જયપૂરનો ખાસ નાચ ઘુમ્મરનો છે, તેમાં નાચવાવાળીઓએ પ્રેક્ષકોને રંગમાં તરબોળ કર્યા. બાદમાં એક નાચવાવાળી ઊભી થઇ. નાચનારી પોતાની કળામાં ઘણી જ કુશળ હતી. પ્રથમ નાચ શરૂ કરતાં સલામીના નાચ પછી તે ફરફર ફરવા લાગી. તેના પગ જમીનને સ્પર્શે કે નહીં, તે અદ્ધર હવા પર તો ધીમેથી ઊડતી નથી, એવો ભ્રમ પ્રેક્ષકોના મનમાં થયો; પણ ઘુઘરીનો અવાજ, તાલબદ્ધ ફરવું, તેનો અંગમરોડ, અને ભાવ–અભિવ્યંજના અનન્ય હતાં. તેણે કુવામાંથી દોરડાંવતી પાણી ભરવાનો ભાવ વિવિધતાથી રજુ કર્યો. તે પછી ગાગર શિર પર લઇ જતાં, માર્ગમાં શ્યામની ભેટ થઇ. તેણે નેત્રના અણિયારાથી લોકોની લાજ, જોનારનો ભય અને તેને ન છેડવાની વિનતિ શ્યામને કરી અને આ સર્વ અંગમરોડ, હસ્તવિક્ષેપ અને મુખ-મુદ્રા અને નયનકટાક્ષથી દાખવ્યું. શ્યામની છેડ પણ ભાવવ્યંજનાથી દાખવી. અંતે ગાગર લઇ જમીનપર પછડાઇ. ગાગર માથે એમની એમ હતી—ન છલકાઇ કે ન ઢળી.

તેનું અપૂર્વ કૌશલ્ય જોઇ સભાજનોએ હર્ષના પુકાર કર્યા. આ નાચનારીને પણ મુદ્રા અને વસ્ત્રો ઇનામમાં મળ્યાં.

પુનઃ ગાવાવાળીની વારી આવી. ગાનારીએ મારૂ દેશમાં પ્રચલિત માંડને છેડયો. પણ માંડના બે પ્રકારમાં આ બીજા પ્રકારનો માંડ હતો.

ખાસ પ્રચલિત માંડમાં બન્ને નિખાદનો પ્રયોગ થાય છે જ્યારે આ માંડમાં બન્ને ગાંધાર અને નિખાદનો પ્રયોગ થાય છે.

સ્વર મળ્યા—આલાપ શરૂ કરી ગાનારીએ લલકાર્યું કેઃ

મારો મન રીઝોરે ક —લાલ—મારો.
મારો મન રીઝોરે ક —લાલ (૨) મારો,
મૃગ નેણી જોવા થાકી બાડ —મારો
ઉંચીસી અટારી રે, ક —લાલ
હેલા દે દે હારી રે, ક —લાલ
થારી મારી જોડી રે, ક —લાલ
જોડી મત તોડો રે, ક —લાલ-મારો—

જ્યારે તે પંચમથી નિખાદ પર મુકામ કરી, પુનઃ પંચમ ધૈવતને આંદોલનથી લેતી ત્યારે હૃદયના તારને ઝણઝણાવી મૂકતી હતી. સભા રસમાં તરબોળ બની. બાદમાં ગાનારીઓએ ઉતરાંગ પ્રધાન રાગનું ગીત છેડયું.

મ્હાનેહી ખુ......લા...વે.
દા વ ર નૈ ણી રો, મા ણી ગ ર...મ્હા ને હી !
મ્હૈં કંઇ જાણ્યા મ્હારા મનડો લગ્યો છે.
પોઢી માને મનરંગ આન જગાવે—
દાવર નૈણી રો, માણીગર......મ્હાને...

સોહનીની ચીજને ગાનારી તાર ષડ્જ પર ચમકાવતી હતી. ગીતનો મનોહર ભાવ, નવોઢાના દીલનું આકર્ષણ, તેમાંથી વહેતો પ્રેમ અને 'રે રે, સાંનિસા, નિધ નિધ, મધ, ધનિસા, નિધ'—નિખાદ પર મુકામ દિલમાં નશ્તરનું કામ કરતું. સભા ગાનપ્રમત્ત બની ગઇ હતી. શ્રોતા રસમાં તરબોળ બન્યા હતા—સમય પ્રાતઃકાલ નજીક પહોંચવા આવ્યો હતો. આખરે સભાના આગ્રહથી ગાનારીએ એક ઓર ન્હાની ચીજ છેડી.

ઢોલન મેરે ઘર આયા.
ઢોલન મંડે ઘર આયા.
મેં કાય કરાં મિજવાની ઢોલન.

પરજ રાગને ગાનારીએ એવી ઢબથી ગાયો કે સાંભળનારાનાં મન આનંદકલ્લોલમાં વહેવા લાગ્યા. ગાનારી રાગને વસંતથી બચાવવા ષડ્જ પર થોભી, નિખાદ પરથી પંચમ પર જલદ ગતિએ જતી ત્યારે સંગીતમર્મજ્ઞોને ઓર મઝાહ આવતી હતી. તેણે રાગને ખૂલાવટથી ગાયો. સભા ગાન નિશામાં મસ્ત બની ગઇ હતી, સ્હવારનો સમય થવાને થોડી વાર હતી, તે સમયે આજનો મહાન દરબાર ખલાસ થયો. ગાનારીઓ અને નાચનારીઓને ઉત્તમ નવાજેશ થઇ. પ્રસન્ન ચિત્તે સર્વ પોતપોતાને સ્થાને ગયા. પ્રતાપસિંહ પોતાના શયનાગારમાં ગયો. ઘણા દિવસો સુધી વિજયોત્સવની વાતો લોકોના મ્હોંએ રમતી હતી.

જયપુરે આ પ્રમાણે વિજયોત્સવ મનાવ્યો.

સમાપ્ત

ઉપસંહાર

ઘરની આગ

તુંગાના વિજયનો લાભ રજપૂતો લઇ શકયા નહીં. તેમણે બીજી પણ કેટલીક તકો ગુમાવી. અનુભવી વીર સૈનિક ઇસ્માઇલ બેગની ઉચિત સલાહની ઉપેક્ષા કરી, સિંધિયાની પૂંઠ પકડી નહીં, એનાં માઠાં ફળ જયપુરીયાંને ભોગવવાં પડ્યાં. રણચતુર મહાદજીએ પોતાની સેના પાછી સુવ્યવસ્થિત કરી. પુનાથી પણ સહાય મેળવી ત્રણ વર્ષ પછી, પુનઃ મારવાડ પર આક્રમણ કર્યું અને સમરક્ષેત્રમાં તેને કલંકની ઘોર કાલિમા લાગી હતી, તે ધોઇ નાંખવા ઉદ્યત થયો. વીરવ્રતાવલંબી રાઠોડો આને માટે તૈયાર જ હતા. સિંધિયા મારવાડમાં આવે ત્યારપહેલાં તેનો મુકાબલો કરવા જયપૂર અને જોધપુરની એકત્ર સેના રણનાદ કરતી પ્રયાણ કરવા લાગી. જયપુરના તોરાવટી પ્રાંતના વીરોએ પાટણ આગળ મહારાષ્ટ્રીયોનો મુકાબલો કર્યો. આ વખતે જોધપૂરના કવિએ જયપુર વિષે એક કવિતા ગાઇ કે,

ઉદલતી આમેર રાખી રાઠોડાં ખરી*

આથી કચ્છવાહ સૈનિકોને માઠું લાગ્યું. તેમનો અપમાનાગ્નિ ભભૂકી ઊઠયો અને ગુપ્તરીતે મરાઠાને મળી ગયા અને ખાત્રી આપી કે જયપુરની સેના રાઠોડોની સાથે મળીને નહીં લઢે અને તટસ્થ રહેશે. રાઠોડોને પોતાના ભાઇઓના આ પ્રપંચની ખબર ન હતી. તેઓ ધારતા હતા કે પોતાના બંધુઓ પોતાની સાથે કાંધ ભીડાવી લઢશે; એમ ધારી

---

* કોઇ કોઈ 'ઉદલતા ઈન અંબરાશં રાઠોરાણ' આ દૂહો આ પ્રમાણે પણ આપે છે:–

ઊપ્પર કરવાં આવિયાઁ, ધુમરસલ ઘોડાંહ
ઉલટતી આમેરને રાખી રાઠોડાંહ.

રણભેરી વગાડી. વીરશ્રેષ્ઠ રાઠોડોએ પોતાની હંમેશની તેજસ્વિતાથી મહાસમુદ્રના મોજાંની પેઠે આક્રમણ કર્યું. તોપોનો મારો ચલાવી તેમને છિન્નભિન્ન કરવા લાગ્યા અને થોડીવાર તો તેમણે મરાઠાનો પુષ્કળ સંહાર કર્યો, પણ અલ્પ સમયમાં પોતાના જાતિભાઈઓની ઇર્ષ્યાની આગથી, દુશ્મનોના હાથે ઘેરાઇ ગયા અને રણભૂમિનો ત્યાગ કર્યો.

જયપુરના કવિઓ ગાવા લાગ્યા કેઃ—

ઘોડા, જોડા, પાગડી, મુટચા ખડગ મારવાડ
પાંચ રકમે મેલ લિદા, પાતનમેં રાઠારિ.*

* ख्यातोंमें लिखाहै कि यद्यपि राठोडोंने जयपुर का पक्ष लेकरही मरहटोंसे युद्ध किया था, और इन्हीकी सहायतासे उस समय जयपुर की रक्षा हुईथी, तथापि कछवाहोंके चित्तमें अपनी निर्बळता प्रकट हो जानेके कारण ईर्ष्या स्थान ग्रहण कर लियाथा, और वे एक बार राठोडों कोभी नीचा देखाने को तुले हुए थे।

मारवाडका इतिहास. भा. १ पृ. ३८८ नं. ९ कर्ता श्रीविश्वेश्वरनाथरेउ

It has been stated that a secret understanding existed between Lakwa and Partabsingh, by which the latter agreed to stand aloof during the fight, on condition his territory of Jaipur adjoining the Maratha boundaries should not be devastated.

European Military Adventures of Hindusthan. p. 50.

મરાઠી ફોજે અજમેરથી કુચ કરી અને 'આલણિયાવાસ' એ ગામ આગળ મુકામ કર્યો. આ સમયે ચોમાસાના દિવસો હોવાથી મરાઠાની કંઈ તોપો લુણી નદીના કિચડમાં ફસાઇ પડી અને મરાઠા વિમાસણમાં પડયા. રાઠોડોને આ બાતમી મળતાં તેમણે આ તકનો લાભ લઇ મરાઠા પર હુમલો કરવાનું નક્કી કર્યું. પણ આ હુમલો કયાંથી, કેવી રીતે અને કોણે કરવો, આ વિચારમાં જ કેટલાક દિવસ નીકળી ગયા અને 'મારવાડ મનસૂબે ડૂબી' આ ઉક્તિ ખરી ઠરી.

મારવાડ કા મૂલ ઇતિહાસ. કર્ત્તા પંડિત રામકૃષ્ણ. પૃ. ૨૫૦—૨૫૧

આટલું છતાં રાઠોડોએ પોતાનું જાતીય ગૌરવ ગુમાવ્યું ન હતું. પાટણનું કલંક ધોઇ નાંખવા રાઠોડ સેના તૈયાર થઇ. આહોયાના સામંતે પ્રતિજ્ઞા કરી હતી કે, શત્રુઓના કરાલ ગ્રાસમાંથી જન્મભૂમિનું રક્ષણ કરીશ, નહિ તો યુદ્ધમાં પ્રાણાર્પણ કરીશ. મનુષ્ય ધારે છે એક અને બને છે બીજું. અહીં પણ ઘરની આગે પુનઃ દેખા દીધી. મારવાડ નરેશ સૈન્યમાં ઉપસ્થિત ન હતા અને તેમને બદલે મંત્રી ભીમરાજ ત્યાં હાજર હતો. દુર્ભાગ્યવશાત્ દ બૌઆનની તોપો રણની રેતીમાં ખૂંપી ગઇ હતી અને આથી બીજી મરાઠી સેના પર આક્રમણ કરવાનો સુઅવસર હતો. સઘળાઓએ આક્રમણ કરવાનો વિચાર કર્યો, પણ ભીમરાજે બીજા મંત્રી ખૂમચંદનો કાગળ બતાવી કહ્યું કે, જ્યાંસુધી ઇસ્માઇલ બેગ આવે નહીં ત્યાંસુધી આક્રમણ કરવું નહીં.

વહેતી ગંગામાં ન્હાવાનું પુણ્ય મળ્યું નથી. તે ફ્રેન્ચવીરે પોતાની તોપો યુક્તિથી કાદવમાંથી કાઢી, પણ જે તક ગઇ તે મળી નહીં. રાઠોડો વીરતાથી લઢયા પણ પરાભવ પામ્યા. આત્મસમર્પણ કર્યું, પણ વ્યર્થ.

બીજીવાર પણ એ જ ઘરની આગે દગો દીધો. અને જ્યાંસુધી ઘરની આગ હજી હોલવાઇ નથી ત્યાંસુધી ઉન્નતિની આશા ફોકટ છે.

કવિની ઉકિત સત્ય નીવડી કેઃ—

દિલકે ફફોલે જલ ઉઠે સીને કે દાગસે
ઈસ ઘરકો આગ લગ ગઇ ઘરકે ચિરાગસે.

પરિશિષ્ટ

મરાઠાઓનું પ્રધાન ધ્યેય, પરધર્મી પરદેશીઓથી દેશને મુક્ત કરી, હિન્દુઓનું સંગઠન કરવા કરતાં, જ્યાંત્યાં લૂંટફાટ કરવી, એ હતું. જેનો ઇતિહાસમાં ઉલ્લેખ છે, તેમાંથી થોડા અત્રે આપ્યા છેઃ—

(૧)

શ્રી નાથદ્વારાની લૂંટ

'પોતાની આશા પૂર્ણ નહિ થવાથી હોલ્કર હતાશ થઇ પુણ્ય-તીર્થ નાથદ્વાર પહોંચ્યો. પોતાનો ઉદ્દેશ પાર નહિ પડવાથી તે અત્યંત મર્મપીડિત થયો હતો, તો પણ તેણે ધૈર્યવાન્ અને સહનશીલ બની હૃદયમાં પ્રદીપ્ત થએલા ચિંતાગ્નિને દબાવી રાખ્યો. થોડી વારમાં તેનું ધૈર્ય ખૂટી ગયું અને હૃદયમાં રહેલો દુઃખાગ્નિ એકદમ ભડકી ઊઠયો. આ અગ્નિની ભયંકર જવાળાથી હોલ્કરનું ચિત્ત ભ્રમિત થઇ ગયું. નાથ-દ્વારાના પવિત્ર મંદિરમાં ભગવાન્ શ્રીકૃષ્ણની પવિત્ર મૂર્તિને તેણે શતશઃ ધિક્કાર આપ્યા અને તે શ્રીકૃષ્ણ ભગવાનને દુર્વચનો કહેવા લાગ્યો. વળી તેણે ભયંકર સ્વરૂપ ધારણ કરી નાથદ્વારાના પુરોહિત તથા પૂજા-રીઓની પાસેથી ત્રણ લાખ રૂપિયા ખુંચવી લીધા. જેણે તેની ઇચ્છાનો અવરોધ કર્યો તેના પર તેણે અત્યંત અત્યાચાર કર્યો. તે પૂજારીઓને પોતાના શિબિરમાં લઇ ગયો અને જ્યાંસુધી તેમણે પૈસા આપ્યા નહિ, ત્યાંસુધી તે તેમને સતત સતાવતો રહ્યો.

'નાથદ્વારાના પ્રધાન પૂજારી દામોદરે ધાર્યું હતું કે, હોલ્કર હિંદુ છે, તેથી તે દેવતા પર અને દેવભૂમિ પર આવો અત્યાચાર કરશે નહિ, પરંતુ થોડીવારમાં જ તેની આ ધારણા ખોટી પડી અને તેણે (દામોદરે) જાણ્યું કે હવે નાથદ્વારા નિરાપદ નથી. જે કોઇ દુષ્ટ અહીંઆ આવશે તે શ્રી કૃષ્ણભગવાનનું અપમાન કરશે અને પૂજારીઓ પર તથા યાત્રાળુઓ પર

અત્યાચાર કરશે, માટે હવે શ્રીકૃષ્ણભગવાનની મૂર્તિને એકાદ સુરક્ષિત સ્થળે લઇ જવી જોઇએ. દામોદરે નાથદ્વારાના ઠાકોર કોટારિયા સરદારની સલાહ લીધી. અંતે તેઓ એવા નિર્ણય પર આવ્યા કે દેવમૂર્તિને રાખવાને માત્ર ઉદયપુરજ નિરાપદ સ્થાન છે. ત્યારપછી દેવભોગ્ય સર્વ દ્રવ્યાદિસહિત દેવ-મૂર્તિને ઉદયપુરમાં મૂકવાને માટે ગયો. કોટારિયા સરદાર વીસ સ્વારોને પોતાની સાથે લઇ અતિ દુર્ગમ અને ધાડા જંગલોમાં થઇ તેને નિર્વિઘ્ને રાજધાનીમાં પહોંચાડી ગયો. જે વખતે કોટારિયા સરદાર આ કાર્ય સમાપ્ત કરીને પોતાના નગરની છેક નિકટ આવી પહોંચ્યો, તે સમયે હોલ્કરના થોડા સિપાઇઓએ તેની ગતિ રોકીને કહ્યું:–'તમે તમારા ઘોડા અમને આપો, નહિ તો તમને શિક્ષા કરવામાં આવશે.' 'શું પૃથ્વીરાજ ચૌહાણના વંશજ માત્ર થોડાક મહારાષ્ટ્રીય ચોરોની ભ્રૂકુટી જોઇને ભીતિ પામશે? શું સિંહના ઉચ્ચ કુળમાં જન્મીને કોઇએ શૃગાલને પોતાનું મસ્તક નમાવ્યું છે?' હોલ્કરના સિપાઇઓનાં આ અપ-માનકારક વચનો સાંભળી કોટારિયા સરદારને અંત્યત ક્રોધ ઉત્પન્ન થયો અને તેણે તત્કાળ પ્રતિજ્ઞા કરી કેઃ–

'પ્રાણ જવાના હોય તો ભલે જાઓ, પરંતુ આ નીચ લોકોને ઘોડા આપીને હું કદી પણ અપમાન સહન કરીશ નહિ.' આ પ્રતિજ્ઞાનું તેણે યથાર્થ રીતે પાલન કર્યું. તેણે પોતાના અશ્વપરથી નીચે ઉતરી હાથમાં નગ્ન તલવાર પકડી અને પોતાના સ્વારોને પણ તેમ કરવાની આજ્ઞા કરી. પછી તેઓ સર્વ પોતાના શત્રુઓની ઉપર તૂટી પડયા અને તેમની સાથે લડતાં લડતાં પ્રાણાર્પણ કર્યું. કોટારિયાના ચૌહાણ રાજપૂતોની વીરતા તથા નીડરતાનાં અનેક પ્રમાણો મેવાડના ઇતિહાસમાં ઉપલબ્ધ થાય છે. કોટારિયા સરદારનું મૃત્યુ થતાં શ્રીનાથદ્વારાનું રક્ષણ કરી શકે એવો કોઇપણ વીર રહ્યો નહિ. હિંદુકુલકલંક હોલ્કરે તે અરક્ષિત તીર્થક્ષેત્રમાં પ્રવેશ કરી ત્યાંની સર્વ સંપત્તિ લૂંટી લીધી.

'તે નરાધમે દેવસંપત્તિ લૂંટવામાં પણ ત્રુટિ કરી નહિ. તેના પૈશાચિક અત્યાચારોથી નાથદ્વારાના લોકો અત્યંત દુઃખી થયા અને તે નગરને છોડીને ન્હાસી ગયા. આથી તે પવિત્ર સ્થાન શીઘ્ર સ્મશાન-

સમાન ભયંકર બની ગયું. વિષ્ણુભક્ત અને શુદ્ધ હૃદયના યાત્રાળુ-ઓના આવાગમનથી જે સ્થાન નિરંતર પરમ સુંદર જણાતું હતું, વૈષ્ણવોનાં સુંદર ભજનોથી જે સ્થાન ગુંજી રહેતું હતું, તે આ વખતે નિર્જન બની ગયું, આ વખતે તેની શોચનીય સ્થિતિ થઇ ગઇ.'

કર્નલ જેમ્સ ટાડ કૃત 'રાજસ્થાનનો ઇતિહાસ' ખંડ ૫. પૃષ્ઠ ૩૦૫-૩૦૬.

(૨)

મારવાડમાં અત્યાચાર

'આ શત્રુઓ બીજા કોઇ નહિ પરંતુ મહારાષ્ટ્રીઓ હતા. મહારાષ્ટ્રીઓ પોતાનો અધિકાર સ્થાપિત કરી મારવાડ તથા રાજસ્થાનના ઇતર સર્વ ભાગોમાંથી ચોથ ઉઘરાવી તે દેશનું ધન લૂંટી મદોન્મત્ત બની ગયા. તેમણે પુનઃ રાજપૂતોમાં કલહ ઉત્પન્ન કર્યો. ગમે તે પક્ષનું અવલંબન કરી તેઓ પોતાનો સ્વાર્થ સાધી લેતા હતા. આ વિજાતીય અત્યાચારથી મારવાડમાં ચોતરફ ઘોર અશાન્તિ પ્રસરી ગઇ. આ અરાજકતા અને અત્યાચારથી કૃષિકારો કૃષિકર્મ મૂકી પોતાના પ્રાણની રક્ષા કરવાને માટે ચારેતરફ નાસી જવા લાગ્યા.'

ટાડકૃત રાજસ્થાનનો ઈતિહાસ ખંડ ૬. પૃ. ૧૫૧.

(૩)

એંસી રાજપૂતોનું બલિદાન

'જ્યારે મહારાષ્ટ્રીઓના નેતાના તાબાના ફ્રેન્ચસેનાપતિ ડિવાઇનને મેડતાના યુદ્ધમાં વિજય પ્રાપ્ત થયો ત્યારે તેના હાથ નીચેના મહારાષ્ટ્રીઓએ કેટલાંક દલોમાં વિભક્ત થઇને શેખાવાટીમાં લૂંટફાટ કરવા માંડી. તેઓ પ્રત્યેક દુર્બલ સામંત અને તેમના પુત્રોને બંદીવાન કરીને લઇ જવા લાગ્યા. આથી સામંતો પોતાનું સર્વસ્વ વેચી મહારાષ્ટ્રીઓને ધન આપવાનો સ્વીકાર કરતા. કેટલાક સામંતો મહારાષ્ટ્રીઓને દ્રવ્ય આપવાને અશક્ત હોવાથી તેમને બંદીખાનામાં જ રહેવું પડયું હતું; પરંતુ પાછળથી મહારાષ્ટ્રીઓને તેમને સંભાળવામાં વિશેષ કષ્ટ પડતું હોવાથી તેમને પણ છોડી દેવામાં આવ્યા હતા.

'મહારાષ્ટ્રીઓના અત્યાચારની નિમ્નલિખિત વાતપરથી તેઓ કેવા ક્રૂર હતા તેનું અનુમાન પાઠકો સારી રીતે કરી શકશે. મેડતાનું યુદ્ધ થયા પછી મહારાષ્ટ્રીય દલે શેખાવાટીમાં જઈ સૌથી પહેલાં બીબાઇ ઉપર આક્રમણ કર્યું. ત્યાંના રહેવાસીઓ આ નરરાક્ષસોના ભયંકર પંજામાંથી બચવાનો કાંઇપણ ઉપાય નહિ જોઇ પોતપોતાની સંપત્તિ લઇ આસપાસનાં મુખ્ય નગરોમાં નાસી જવા લાગ્યાં. કેવળ ૮૦ રાજપૂતવીરો જાતીયગૌરવની રક્ષા કરવાને માટે બીબાઇના કિલ્લામાં થોભી શત્રુઓની પ્રતીક્ષા કરવા લાગ્યા. મહારાષ્ટ્રીઓએ બલપૂર્વક તે કિલ્લા પર પોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો; પરંતુ ઉક્ત ૮૦ રાજપૂતોમાંથી એક પણ નાસી ગયો નહિ. તેઓ શત્રુઓની સામે લડતાં લડતાં એક પછી એક મરણશય્યાપર શયન કરવા લાગ્યા. આ રીતે તે સમસ્ત રાજપૂતોએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું. મહારાષ્ટ્રીઓ તે કિલ્લાપર પોતાનો અધિકાર સ્થાપિત કરીને ખંડેલા તરફ કૂચ કરવા લાગ્યા. તેમણે માર્ગમાં અત્યાચાર કરવામાં કાંઇપણ ત્રુટિ કરી નહિ.

હુક્કો ખુંચવી અપમાન કર્યું

'તેમણે ખંડેલાથી બે કોશના અંતરપર આવેલા હોદીગાંગ નામના સ્થાનમાં જઇ ત્યાં પોતાની છાવણી નાખી. ત્યાંથી તેમણે દૂત મોકલી ખંડેલાઅધીશ્વર નરસિંહ તથા ઇંદ્રસિંહની પાસેથી વીસહજાર રૂપિયાની ખંડણી માગી. મહારાષ્ટ્રીય દૂતદ્વારા* આ સમાચાર સાંભળી નરસિંહ તથા ઇંદ્રસિંહે તેમની સાથે પોતાના બે બુદ્ધિમાન સામંતોને મહારાષ્ટ્રીય નેતાની સાથે સંધિ કરવાને માટે મોકલી આપ્યા. આ સામંતોનાં નામ નવલસિંહ તથા દલેલસિંહ હતાં.

ઉક્ત ઉભય સામંતો પોતાની સાથે નરસિંહ તથા ઇંદ્રસિંહના બે રાજકર્મચારીઓને પણ લઈ ગયા હતા. જ્યાંસુધી ઉપરોક્ત રકમ

* મહારાષ્ટ્રીય લૂંટારાઓના નેતાના મંત્રી તથા દૂત તરિકે કેવળ બ્રાહ્મણો જ નિયુક્ત થતા હતા. બ્રાહ્મણો જેમ ચતુર હોય છે તેમ પ્રયોજન હોય ત્યારે અસીમ સાહસિકતા પણ પ્રદર્શિત કરે છે. દૂતતરિકે કામ કરવામાં બ્રાહ્મણો સર્વથી ચતુર હોય છે. તેઓ વિખ્યાત પાશ્ચાત્ય રાજનીતિજ્ઞ મશીયાવલીને પણ હઠાવે એવા હોય છે.

વસુલ થાય નહિ ત્યાંસુધી તે રાજકર્મચારીઓને પણ જામીનગીરીમાં મહારાષ્ટ્રીયોની પાસે રાખવાના હતા. ઉક્ત સામંતોએ મહારાષ્ટ્રીય-નેતાની સાથે વાતચીત કરી ખંડણી તરિકે વીસ હજાર રૂપિયા આપવાનો સ્વીકાર કર્યો અને જ્યારે તેઓ ઉક્ત રાજકર્મચારીઓને ત્યાં જ છોડી નગરમાં જવાને તૈયાર થયા, ત્યારે મહારાષ્ટ્રીય નેતાએ તેમને કહ્યું કેઃ–"તમારે સ્વયં અહીંઆં રહેવું પડશે." આ વચનથી પોતાનું મહાઅપમાન થયેલું ગણી તેમાંના એક જણે કહ્યું: "એમ કદિ પણ બનશે નહિ," એમ કહી તે સામંત પોતાના નોકરની પાસેથી હુક્કો લઇ પીવા લાગ્યો. આ ઘટના જોઇ એક અસભ્ય દક્ષિણીએ ઉક્ત સામંતના હાથમાંથી બલપૂર્વક તે હુક્કો ખુંચવી લઇને ફેંકી દીધો. એ સામંત આ અપમાન સહન કરી શક્યો નહિ. તેમણે તરત જ મ્યાનમાંથી તલવાર કાઢી તે દક્ષિણીનું મસ્તક છેદવાનો પ્રયત્ન કર્યો; પરંતુ એટલામાં મહારાષ્ટ્રીય નેતાએ પિસ્તોલના બારથી તેનું મસ્તક ભેદી નાખ્યું. દલેલસિંહની સાથે જે સેવકો હતા, તેઓ આ ઘટના જોઇ અત્યંત ક્રોધિત થયા અને તેઓ પોતાના સ્વામીનું વૈર લેવાને ઉદ્યત થયા; પરંતુ મહારાષ્ટ્રીયોએ એકે એકને કાપી નાંખ્યા.'

ટૉડકૃત રાજસ્થાનનો ઇતિહાસ, ખંડ પ. ૪૯૨–૪૯૩.

---

(૪)

સૂરતની લૂંટ

'તા૦ ૫ મી જાન્યુઆરી સન ૧૬૬૪ ના રોજ શિવાજી એકદમ સુરત પહોંચ્યો અને એ શહેરની અપાર સંપત્તિ તેણે છ દિવસ સુધી નિરાંતે લૂંટી.

'સન ૧૬૬૪ માં ત્યાં બે વેપારી એટલા સધન હતા કે પૃથ્વી પર તેમનો જોટો નહતો. એક હિંદુ વેપારી પાસે આઠ કરોડ રૂપિયા હતા. શિવાજીને એક ઘરમાંથી ૨૨ શેર વજનનો મોતીનો કંઠો મળ્યો.'

ગોવિંદ સખારામ સરદેશાઈ કૃત મરાઠી રિયાસત પૂર્વાર્દ્ધ, પૃ. ૨૫૦–૨૫૫

(૫)

શ્રી શંકરાચાર્યના મઠ લૂંટયા અને બાળ્યા

'शंकराचार्यांचे मठांचा विध्वंस पेशव्यांचे सरदारांनीं केला याविषयीं ऐतिहासिक पुरावा आतां वासुदेव शास्त्री खेर यांनीं छापलेल्या ऐतिहासिक लेखसंग्रहांत प्रसिद्ध झाला आहे. हरिपंत फडक्यांच्या सैन्यानें द्वारकामठ सन १७७५ सालीं लुटला, आणि कान्हेरराव पटवर्धनांनीं करवीरमठ सन १७७६ सालीं जाळून टाकला. परशुराम भाऊंनीं सन १७९१ सालीं टिपुच्या स्वारींत म्हैसुरांतील कुडलगी मठाचा नाश केला, व त्याच वेळीं रघुनाथराव पटवर्धनांच्या लमाणांनीं श्रृंगेरी मठाचा विध्वंस केला. ज्या श्रृंगेरी मठाला टिपुसुलतानानेंही देणग्या व जहागिरी दिल्या त्या मठाचें सर्वस्व—हरण ब्राह्मण पटवर्धन सरदारांनीं करावें हे उद्वेगजनक आहे.'

श्रीशंकराचार्य व त्यांचा संप्रदाय. पृ. २०—२१.

---

(6)

દિવાને આમનું રૂપાનું છત્ર ગાળ્યું

"The folly and perversity of Bhau did not end there. The gilded silver ceiling of the Diwan-i.Am, beautifully inlaid with jewels, attracted the greedy eye of the rude Southerner. At heart he deliberated: "Here is this ceiling; I shall strip it off and melt it to pay my troops."

History of Jats p. 131.
by. K. R. Quango. M.A.

---

(7)

પવિત્ર મંદિરના વાસણોનો નાશ

"What shocked the Jat prince (Surajmal) was this: They (the Maharathas) stripped the Imperial Hall of Audience of its wainscoting which was of silver,

elegantly enamelled, and had sent it to the mint; without any respect for things held sacred by mankind, they had laid their sacriligeous hands upon the gold and silver vessels consecreted to the use of Mosoleum of saint Nizam-ud-din."

Siyar–ul Mutakann III; pp 385–386

(8)

ફારૂકુર પડાવાનો યત્ન

"Sindhia with his accustomed preference for intrigue tried at first to corrupt the following of the Moghal nobles but failing in the attempt, detached an army from his camp at Mattra, under the command of Lakwa Dada and De Boigne to punish the rebel and crush the Rajput princes"

European Military Adventures of Hindustan
by H. Compton p. 50

(9)

રણબંકા રાઠોડ

"The Rathors of Jodhpur were the very flowers of Rajput bravery, and celebrated throughout for their splendid courage and handsome mien. They were a warrior clan whose past achievements had marked them out as the first and finest of all the fighting races of the East, and won for them the proud distinction of being without fear."

European Military Adventures of Hindusthan
by Compton. p. 35

શરદી અને સંધીવાના દુખાવાનાં દરદો માટેનો ખાત્રી ભરેલો ઈલાજ

ઓડમેનનો

સાયપ્રસ સાલ્વ

(રજીસ્ટર્ડ) (પેન બામ)



શરદીની કદી અવગણના કરશો નહી ! ખાત્રી લાયક રાહત માટે આ તેજદાર, આરામદાયક મલમ ગળાપર, છાતીપર અને ખભા વચ્ચે મસળો, દરદની શરૂઆતમાં નાકની દાંડી પર મલમ ધીમેથી લગાડો અને તેની સ્વચ્છતા આપનારી, જંતુનાશક સુગંધ શ્વાસમાં લ્યો. દુખાવાનાં દરદોના ખાત્રીલાયક ઈલાજ તરીકે દરદવાળા ભાગ પર તે લગાડો. ચામડીમાં ઉતરવાની અને રૂઝ લાવવાની સાઈપ્રસ સાલ્વની શકતી દુખાવા અને અકડાપણામાંથી તાત્કાલીક રાહત આપશે. દરેક ઠેકાણે વેચાય છે.

કીંમત ચીનાપોટ
એક રૂપીઓ.

બે આનાના સ્ટેમ્પ મોકલીને ખાત્રી માટે મફત નમુનો મંગાવો.



The Anglo-Indian Drug & Chemical Co.,
285 Jumma Musjid, P.O. Box No. 2082 Bombay, 2.

ધી એંગ્લો ઇન્ડીઅન ડ્રગ એન્ડ કેમીકલ કું. મુંબઇ ૨.

વાપરેલી ટપાલની ટીકીટો

નીચે દર્શાવેલા દેશાવરોની ટીકીટો કાયમ નીચે જણાવેલા ભાવે ખરીદીએ છીએ.

ઇન્ડીયા સીલ્વર જ્યુબીલી મોટી ૧૦૦ ના ૧૨ આના.

ઈન્ડીયા બીજી કોઇ પણ જાતની ૧ પૈસાથી ૧ રૂપીઆ સુધીની ૧૦૦૦ નો રૂા. ૧-૪-૦.

એડન ૧/૨ આનાથી રૂ. ૧ સુધી ૧૦૦ નો રૂ. ૧-૮-૦

આફ્રીકા, કેન્યા, યુગાન્ડા, ટાંગાનીકા, સાઉથ આફ્રીકા, બી. ઈસ્ટ આફ્રીકા ટ્રાન્સવાલ, ન્યાસાલેન્ડ, ઝાંઝીબાર વિગેરેના ૧ સેન્ટથી ૧ શીલીંગ સુધીના કોઈ પણ ૧૦૦ નો રૂા. ૧-૦-૦.

બરમા હોંગકોંગ, મલાયા, સોમાલીલેન્ડ, માડાગાસ્કર, બેલ્જીઅમ, કાંગો, પોર્ટુગીઝ આફ્રીકા, ફીજી વિગેરે દેશાવરોની દર ૧૦૦ ટીકીટના રૂા. ૧૦-૦-૦.

તે સિવાય જુનાગઢ, ગ્વાલીઅર, પતિઆલા, નાભા, ઇડર, ભોપાલ, જયપુર, ઇન્દોર, ત્રાવણકોર, કોચીન. નિઝામ વગેરે સ્ટેટોની ૧૦૦૦ ના રૂ. ૪-૦-૦.

ઇંગ્લંડ, જરમન, જાપાન, અમેરિકા ૧૦૦૦ ના રૂ. ૧-૪-૦.

કોઇ પણ સ્ટેમ્પ જરા પણ ફાટેલ ન હોવી જોઇએ. સ્ટેમ્પો રજીસ્ટર્ડ પારસલથી મોકલાવી આપવા, સ્ટેમ્પો મળ્યેથી નાણાં તુરત મોકલી આપીશું. વધુ પત્રવ્યવહાર માટે ૧।। આનાની સ્ટેમ્પ બીડો.

ધી કોરોનેશન સ્ટેમ્પ કું.

(સ્થાપના સને ૧૯૩૫) ૩૦૩, ડંકન રોડ, મુંબઇ ૪.

બ્રાન્ચ :

કેપીટોલ સીનેમાની બાજુમાં, મરઝબાન રોડ, કોટ, મુંબઇ.
